મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِي الدِّيْنِ

# بہارِ شریعت

# બહારે શરીઅત

## (ભાગ-૨)

:: ઉર્દૂમાં મૂળ લેખક ::

હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, કાદરી રઝવી رحمۃ اللہ علیہ

:: અનુવાદકો ::

હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નકશબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)

**પ્રકાશક**


**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**

કિતાબનું નામ : **બહારે શરીઅત**
(ભાગ બીજો)

ઉર્દૂમાં મૂળ લેખક : *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* **મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, કાદરી રઝવી** رحمۃ اللہ علیہ

અનુવાદકો : (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ
પીર કમરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

(૨) મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા
નકશબંદી, મુજદિદી (મોડાસ્વી)

પેજીસ : ૧૦૦ ★ કિંમત : ★ નકલ : ૨૦૦૦

પ્રકાશન વર્ષ : ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦
અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર

પ્રાપ્તિસ્થાન : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# બહારે શરીઅત ભા-૨

## (ગુજરાતી)

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (૧) તમહીદ | ૨ |
| (૨) કિતાબુત્તહારત | ૪ |
| (૩) વુઝુનું બયાન | ૬ |
| (૪) વુઝૂના ફિકહી અહકામ | ૯ |
| (૫) મુખ ધોવું-(૧) | ૧૦ |
| (૬) હાથ ધોવું-(૨) | ૧૧ |
| (૭) માથાનો મસોહ-(૩) | ૧૧ |
| (૮) બંને પગ ધોવા-(૪) | ૧૨ |
| (૯) વુઝૂની સુન્નતો | ૧૩ |
| (૧૦) વુઝૂના મુસ્તહબ્બાત | ૧૫ |
| (૧૧) વુઝૂનાં મકરૂહો | ૧૭ |
| (૧૨) વુઝૂનાં વિવિધ મસાઈલ | ૧૭ |
| (૧૩) વુઝૂ તોડનારી ચીઝોનું બયાન | ૧૯ |
| (૧૪) વિવિધ મસાઈલ | ૨૩ |
| (૧૫) ગુસ્લનું બયાન | ૨૫ |
| (૧૬) ગુસ્લના મસાઈલ | ૨૮ |
| (૧૭) ગુસ્લની સુન્નતો | ૩૦ |
| (૧૮) ગુસ્લ કઈ ચીઝોથી ફર્ઝ થાય છે ? | ૩૧ |
| (૧૯) પાણીનું બયાન | ૩૭ |
| (૨૦) કયા પાણીથી વુઝૂ જાઈઝ છે અને કયાથી નહીં ? | ૩૮ |
| (૨૧) કુવાનું બયાન | ૪૨ |
| (૨૨) આદમી અને જાનવરોના અજીઠાનું બયાન | ૪૭ |
| (૨૩) તયમ્મુમનું બયાન | ૪૯ |
| (૨૪) તયમ્મુમની મસાઈલ | ૫૦ |
| (૨૫) તયમ્મુમના સુન્નતો | ૫૮ |
| (૨૬) કયી ચીઝથી તયમ્મુમ જાઈઝ છે અને કયીથી નથી ? | ૫૮ |
| (૨૭) તયમ્મુમ કયી ચીઝથી તુટે છે ? | ૬૦ |
| (૨૮) મોઝાઓ પર મસાહનું વર્ણન | ૬૨ |
| (૨૯) મોઝાઓ પર મસોહ કરવાના મસાઈલ | ૬૨ |
| (૩૦) મસાહનો તરીકો | ૬૫ |
| (૩૧) મસોહ કયી ચીઝથી તુટે છે ? | ૬૬ |
| (૩૨) હૈઝનું બયાન | ૬૭ |
| (૩૩) હૈઝના મસાઈલ | ૬૯ |
| (૩૪) નિફાસનું બયાન | ૭૩ |
| (૩૫) હૈઝ તથા નિફાસ વિષેના અહકામ | ૭૫ |
| (૩૬) ઈસ્તેહાઝાના અહકામ | ૭૯ |
| (૩૭) નજાસતોનું બયાન | ૮૧ |
| (૩૮) નજાસતો વિષે અહકામ | ૮૨ |
| (૩૯) નાપાક ચીઝોને પાક કરવાની રીત | ૮૭ |
| (૪૦) ઈસ્તનજાનું બયાન | ૯૩ |
| (૪૧) ઈસ્તનજા વિષેના મસાઈલ | ૯૬ |

نحمدہ و نصلی و نسلم علی رسولہ الکریم

بسم اللہ الرحمن الرحیم

અલ્હમ્દો લિલ્લાહિલ-વાહેદિલ-અહદિસ્સમદ, અલમુતફર્રદો ફી ઝાતેહિ વ સિફાતેહિ, ફલા મિસ્લ લહુ વલાઝિદ્દ લહુ, વલમ યકુલ-લહુ કુફુવન અહદ. વસ્સલાતો વસ્સલામુલ-અતમ્માનિલ-અકમલાન, અલા રસૂલેહિ વ હબીબેહિ સૈયેદિલ-ઈન્સે, વલ-જાન્ન. અલઝી અન્ઝલ અલૈહિલ કુર્આન. હુદલલિન્નાસે વ બૈયેનાતિમ-મિનલ હુદા વલ-ફુર્કાન. વ અલા આલેહિ વસહબેહિ માતઆકબલ-મલ્વાન. વ અલા મન તબેઅહુમ બેએહસાન. ઈલા યૌમિદ્દીન

લાસીય્યમલ-અઈમ્મતુલ-મુજતહેદીન. ખુસુસન અલા અફઝલેહિમ વ અઅલમેહિમિલ-ઈમામિલ અઅઝમ વલ-હુમામુલ-અફખમ. અલઝી સબક ફીમિઝમારિલ-ઈજતેહાદે કુલ્લ-ફારેસિન વ સદક અલૈહે "લવકાનલ ઈલ્મો ઈન્દસ્સુરૈયા લનાલાહુ રજોલુન મિન અબ્નાએ ફારસા." સૈયેદોના અબી હનીફતા અન્નુઅમાન બિન સાબિત. સબ્બતન-લ્લાહો બેહિ બિલકૌલીસ્સાબિતે ફીલ-હયાતિદદુન્યા વફીલ-આખેરતે વઅતાનલ-હુસ્ના વ ઝેયાદતુન ફાખેરહ. વ અલૈના લહુમ વ બેહિમ યા અર્હમર્રાહેમીન. વલ-હમ્દો લીલ્લાહે રબ્બિલ-આલામીન....

# તમહીદ : ( ભૂમિકા )

એક એ જમાનો હતો કે, દરેક મુસલમાન એટલો ઈલ્મ ધરાવતો હતો, જે તેની જરૂરીઆત માટે કાફી હોય. તેજમાનામાં અલ્લાહ ત્આલાના ફઝલથી ઉલમાઓ અધિકતાથી મોજુદ હતા. લોકોને જે વાતની ખબર ન હોય તેમને સરળતાથી પૂછી પણ લેતા. ત્યાં સુધી કે, હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહો અન્હોએ હુકમ આપી દીધો હતો કે, **"અમારા બજારમાં એજ લોકો ખરીદ-વેચાણ** (નો ધંધો) **કરે જે દીનમાં 'ફકીહ'** (શરીઅતના જાણનાર) **હોય."** (હવાલો, તિરમિઝીશરીફ)

પછી જેટલા પ્રમાણમાં નુબુવ્વત યુગથી છેટુ પડતું ગયું એટલા જ પ્રમાણમાં ઈલ્મનીકમી (ઉણપ) થતી રહી. હવે એ જમાનો આવી ગયો કે, અવામ તો અવામ, કેટલાએ તે જે ઉલ્મા કહેવાય છે, તે પ્રતિદિન (નિત્ય)ના જરૂરી જુઝિયાત (જરૂરી જાણકારી), ત્યાં સુધી કે ફર્ઝો તથા વાજિબોથી (પણ) અજાણ છે અને જેટલું જાણે છે તેના ઉપર પણ અમલ કરવાથી વિમુખ છે. કે તેમને દેખીને અવામ (સામાન્ય લોકો) ને શીખવા અને અમલ કરવનો મોકો-પ્રસંગ મળતો. એજ ઈલ્મની ઊણપ તથા બેપરવાઈનું પરિણામ છે કે, કેટલાએ એવા મસાઇલ કે જેનાથી તેઓ વાકેફ નથી, (એ કારણે) ઈન્કાર કરી બેસે છે. જોકે ન પોતે ઇલ્મ ધરાવે છે કે જાણી શકે, ન શીખવનો શોખ કે જાણવાવાળાઓને પુછે, ન ઉલ્માની ખિદમતમાં હાજર રહે છે કે, તેમની સોહબત બરકતના કારણરૂપ પણ છે, અને (તેઓ) મસઅલા જાણવાનું માધ્યમ પણ છે.

ઉર્દુમાં (તથા ગુજરાતીમાં પણ) કોઈ એવી કિતાબ કે જે સરળ-સુગમ અને વિશ્વાસ પાત્ર હોય, હજી સુધી પ્રકાશિત થઇ નથી, કેટલીક કિતાબોમાં બહુ થોડા મસાઈલ કે નિત્યની જરૂરી વાતો પણ તેમાં પુરતા પ્રમાણમાં નથી, અને કેટલીકમાં ભૂલોની ભરમાર છે, આથી એક એવી કિતાબની અનહદ જરૂરત છે કે, ઓછું પઢેલા (અને ઓછું ભણેલાએ) પણ તેનાથી લાભ ઉઠાવે, આથી આ ફકીર (લેખક) મુસલમાનોની ભલાઇને નજર સમક્ષ રાખી, અલ્લાહ પર ભરોસો કરીને આ મહત્વના તથા મહાનતમ કાર્ય તરફ ધ્યાનિત થયો. જોકે હું સારી રીતે જાણું છું કે, ન મારો આ મનસબ (હોદો-લાયક) છે. ન હું આ કામને યોગ્ય છું. ન એટલી ફુરસદ છે કે, તેના માટે પુરતો સમય આપીને આ કાર્યને પરિપૂર્ણ કરી શકું. વ **હસ્બોનલ્લાહો વનેઅમલ વકીલ. વલાહૌલ વલાકુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીયીલ અઝીમ.**

**(૧) આ કિતાબમાં** યથાશક્તિ એ પ્રયત્ન કરવામાં આવશે કે, ઇબારત (લખાણ) બહુ જ સરળ હોય કે, સમજવામાં મુશ્કેલી ન પડે, અને અલ્પજ્ઞાની અને સ્ત્રીઓ અને બાળકો પણ તેનાથી ફાયદો ઉઠાવે. તે છતાં પણ ઈલ્મ બહુ જ મુશ્કેલ ચીઝ છે, એ શક્ય નથી કે, ઈલ્મી મુશ્કેલીઓ સાવ મટી જાય. કેટલાએ પ્રસંગો જરૂર એવા આવશે કે વિદ્વાનો પાસેથી તેને સમજવાની આવશ્યકતા રહેશે. હા, ઓછામાં ઓછું એટલો લાભ જરૂર થશે કે, તેનું બયાન-વર્ણન તેમને સાવચેત કરશે અને (તેનું) ન સમજવું, સમજવાવાળાઓની તરફ રજુ કરવાનું ધ્યાન દોરશે.

**(૨) આ કિતાબમાં** મસાઈલની દલીલો લખવામાં આવશે નહી. કેમકે પ્રથમ તો દલીલોનું સમજવું દરેક વ્યક્તિનું કામ નથી. બીજું દલીલોના લીધે અકસર એવી ઉલઝનો ઉભી થઈ જાય છે કે, મસઅલાના હાર્દને સમજવું દુષ્કર થઈ જાય છે. જેથી દરેક મસઅલામાં શુદ્ધ સ્પષ્ટ હુકમ બયાન કરી દેવામાં આવશે. અને જો કોઈ સાહેબને દલીલોનો શોખ હોય તો, તે **"ફતાવારિઝવિયા"** નો અભ્યાસ

કરે. કે કારણ તેમાં દરેક મસ્અલાનું એવું સંશોધન (તહકીક) કરવામાં આવ્યું છે કે જેનું ઉદાહરણ-દષ્ટાંત આજે જગતમાં ઉપલબ્ધ નથી. અને તેમાં હજારો એવા મસ્અલાઓ મળશે જેનાથી ઉલ્માઓના કાન પણ પરિચિત નથી.

(૩) આ કિતાબમાં યથાશક્તિ ઇખ્તેલાફાત (મતભેદોનું) વર્ણન ન હશે, કે અવામની સમક્ષ જ્યારે એ વિભિન્ન વાતો રજુ થાય તો બુદ્ધિ ચકિત થશે કે, કોના પર અમલ કરવો, અને કેટલાયે મનેચ્છાઓના બંદાઓ એવા પણ હોય છે કે જેમાં પોતાનો લાભ દેખે છે તેને ધારણ કરી લે છે. એવું સમજીને નહીં કે, એજ હક્ક-સત્ય છે, બલ્કે એ ખ્યાલ કરીને કે તેમાં પોતાનો મતલબ-સ્વાર્થ પ્રાપ્ત થાય છે. પછી જ્યારે પણ બીજામાં પોતાનો લાભ દેખ્યો તો તેને ધારણ કરી લીધો. આવી રીતે આ નાજાઈઝ છે. કારણ કે તેમાં શરીઅતનું અનુસરણ નથી, બલ્કે નફસ (મન)નું અનુસરણ છે. આથી દરેક મસ્અલામાં સાફ હુકમ બ્યાન કરી દેવામાં આવશે. (કૌલ-કથન બયાન કરવામાં આવશે) જો કોઈ ભાઇને દલીલો જાણવાનો શોખ હોય તો તે 'ફતાવા રિઝવીય્યહ'નો અભ્યાસ કરે. અલ્લાહ તઆલા તૌફીક આપે અને મુસલમાનોને તેનાથી ફાયદો પહોંચાડે અને આ નિર્ધન વ્યક્તિની કોશીશ કબુલ ફરમાવે.

**વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહે, અલૈહે તવક્કલતો વ ઇલૈહે ઓનીબ. વસલ્લલ્લાહો તઆલા અલા હબીબેહિલ-મુખ્તાર, વ આલેહિલ-અત્હાર વ સહબેહિલ-મુહાજેરીના વલ-અન્સાર વ ખુલ્ફાએહિલ-અખ્તાન મિનહુમ વલ-અસ્હાર. વલહમ્દો લિલ્લાહિલ-અઝીઝીલ-ગફફાર વ હા, અના અશ્રઓ ફીલ-મકસૂદે બે તૌફીકીલ-મલેકીલ-મઅબૂદ.**

અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ઇરશાદ ફરમાવે છે : **વમા ખલકતુલ જિન્ન વલ ઈન્સ ઇલ્લા લે યઅબુદુન.** (અર્થ જિન અને આદમીયોને મેં એટલા માટે પેદા કર્યા કે, તેઓ મારી ઈબાદત કરે,) દરેક થોડી બુદ્ધિ રાખવાવાળો પણ જાણે છે કે જે વસ્તુ જે કામ માટે બનાવવામાં આવે, જો તે કામમાં ન આવે તો તે બેકાર-નિરર્થક છે તો જે માનવી પોતાના ખાલિક તથા માલિકને ન ઓળખે, તેની બંદગી તથા ઈબાદત ન કરે, તે નામ માત્રનો આદમી છે, વાસ્તવમાં આદમી નથી બલ્કે એક બેકાર વસ્તુ છે. તો સમજાયું કે ઈબાદતથી જ આદમી, આદમી છે અને તેનાથી જ લૌકિક સફળતા તથા આખિરતની મુક્તિ છે. જેથી દરેક મનુષ્ય માટે ઈબાદતના પ્રકાર તથા અરકાન તથા શરતો તથા અહકામનું જાણવું જરૂરી છે કે, જ્ઞાન વગર અમલ અશક્ય છે. એજ કારણે (દીની) ઈલ્મ શીખવું ફર્ઝ છે. ઇબાદતનું મૂળ ઈમાન છે. ઈમાન વગર ઈબાદત બેકાર છે કે મૂળ જ ન રહ્યું તો પરિણામ કયાંથી નીકળશે. વૃક્ષ એજ વખતે ફળ-ફુલ આપે છે કે, તેના મૂળિયાં મજબુત હોય. મૂળીયાં કપાઈ ગયા પછી તે વૃક્ષ અગ્નિનો ખોરાક બને છે. એવી જ રીતે કાફિર કેટલીએ ઈબાદત કરે તેનું સઘળું કર્યું-કરાવ્યું ધુળધાણી અને તે જહન્નમનું એંધણ બનશે.

અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફરમાવે છે : **વ કદિમ્ના ઈલા મા અમેલૂ મિન અમલીન ફ જઅલ્નાહો હબાઅમ-મન્સૂરા.**

(અર્થ : કાફિરોએ જે કાંઈ (કર્મ) કર્યા અમોએ તેની સાથે એવી રીતે વર્તણુંક કરી કે તેને વિખરાએલા રજકણોની જેમ કરી દીધા.) જ્યારે માણસ મુસલમાન થઈ ગયો તો તેના માથે બે પ્રકારની ઇબાદતો ફર્ઝ થઈ. એક, તે જે જવારેહ : (હાથ, પગ અને બીજા અવયવો) સાથે સંબંધિત છે. બીજું જેનો સંબંધ હૃદય સાથે છે. દ્વિતીય પ્રકારના અહકામ તથા તરીકા સુલૂકના ઈલ્મમાં બ્યાન થાય છે અને પ્રથમ પ્રકારથી ફિકહ ચર્ચા કરે છે. અને હું આ કિતાબમાં પ્રથમ પ્રકારનેજ વર્ણવવા

ઈચ્છુ છું. પછી જેને જવારેહ અર્થાત જાહેરી શરીર સાથે સંબંધ છે તે બીજો પ્રકાર છે અથવા તે માંમલો કે જે બંદા અને ખાસ તેના રબ્બ વચ્ચે છે. બંદાઓના પારસ્પરિક કોઈ કામનું ઘડતર તથા બગાડ નથી, સામાન્યત દરેક માનવી તેની અદામાં દૃઢ હોય, જેવું કે પાંચે વખતની નમાઝ તથા રોઝો કે દરેક બીજાની શિરકત વગર તેને અદા કરી શકે છે, ભલે બીજાઓના સંમેલનની આવશ્યકતા હોય. જેવું કે જમાઅતની નમાઝ તથા જુમ્આ તથા ઈદોમાં કે જમાઅત વગર અશક્ય છે. પરંતુ તેનાથી સૌનું ધ્યેય કેવળ અલ્લાહની ઈબાદત છે. પરસ્પરના કોઈ કામને બનાવવું ધ્યેય નથી. બીજો પ્રકાર તે છે કે, બંદાઓના પારસ્પરિક સંબંધોની જ સુધારણા તેમાં નજર સમક્ષ છે. દા.ત. નિકાહ અથવા ખરીદ-વેચાણ વિગેરે. પહેલા પ્રકારને ઈબાદતો અને બીજા પ્રકારને "માંમલાત" કહે છે. પહેલા પ્રકારમાં જોકે કોઈ દુન્યવી ( ભૌતિક ) લાભ પ્રકટ રૂપે સંગ્રહિત ન હોય અને માંમલાઓમાં જરૂર (ભૌતિક) ફાયદા ઉપસ્થિત છે. બલ્કે એજ પાસું ઉપરવટ છે, પરંતુ ઈબાદત બંને છે, કે મઆમલાત પણ જો ખુદા તથા રસૂલના હુકમ અનુસાર કરવામાં આવે તો અધિકાર યાચના સવાબ છે. નહીતો ગુનાહ, અને અઝાબના કારણરૂપ.

પહેલો પ્રકાર અર્થાત ઈબાદતો ચાર છે, (૧) નમાઝ (૨) રોઝા (૩) હજ્જ અને (૪) ઝકાત. આ સૌમા મહત્વની તથા મહાનતમ ઈબાદત નમાઝ છે. આ ઈબાદત અલ્લાહ ને બહુ પ્રિય છે. જેથી આપણે સૌથી પહેલાં તેનેજ બયાન કરીએ. પરંતુ નમાઝ પઢવાથી પહેલાં નમાઝીનું તાહીર ( પવિત્ર ) અને પાક થઇ જવું જરૂરી છે. કારણકે તહારત નમાઝની કુંચી છે. જેથી પ્રથમ તહારત ( પાકી-ગુસ્લ વુઝુ વિગેરે. ) ના મસાઈલ બયાન કરવામાં આવે. પછી નમાઝના મસાઈલ બયાન થશે (ઇન્શાઅલ્લાહ)

# કિતાબુ ત્તહારત :

## ( તહારત પ્રકરણ )

નમાઝ માટે તહારત ( પવિત્રતા વુઝુ ગુસ્લ વિગેરે ) એવી જરૂરી વસ્તુ છે કે, તેના સિવાય નમાઝ થતી જ નથી. બલ્કે જાણી જોઇને બેતહારત ( નાપાકી ( જનાબત ) ની હાલતમાં અથવા વઝુ વગરની હાલતમાં ) ( નોટ : બેતહારત એટલે તહારત વગર એટલે જેના પર ગુસ્લ વાજિબ હોય અને તે ગુસ્લ કર્યા વગર જ નમાઝ પઢવા શરૂ કરીદે અથવા કોઈનું વુઝૂ તુટી ગયું હોય અથવા મૂળમાં વુઝૂ જ ના હોય અને તે એ હાલતમાં નમાઝ શરૂ કરી દે. અથવા પાણીની ગેર મોજુદગીમાં તયમ્મુમ કર્યા વગર નમાઝ શરૂ કરીદે. આ બધી બાબતો 'તહારત' થી સંબંધ ધરાવે છે. અનુ. ) થી નમાઝ અદા કરવા ને ઉલમાઓ કુફ્ર લખે છે. કારણકે આ બે વુઝૂ અથવા ગુસલ કર્યા વગર નમાઝ પઢનારે ઇબાદતની બે અદબી અને અપમાન કર્યું છે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, **"જન્નતની ચાવી નમાઝ છે અને નમાઝની ચાવી તહારત છે."** આ હદીસને ઈમામ અહમદે, જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે. એક દિવસ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફજરની નમાઝમાં સૂરએ રૂમ પઢતા હતા ત્યારે આપને મુતશાએહ ( શંકાસ્પદ ) લાગ્યું. નમાઝ પછી આપે ફરમાવ્યું : "તે લોકોનો શું હાલ છે જે અમારી સાથે નમાઝ પઢે છે અને સારી રીતે તહારત કરતા નથી." તેઓના લીધે જ ઇમામને કિરઅતમાં શંકા થાય છે. આ હદીસને નિસાઈએ શબીબ બિન અબી રૂહથી, અને તેમણે એક સહાબીથી રિવાયત કરી છે. જ્યારે પરિપૂર્ણ તહારત વગર નમાઝ પઢવાનો આ વબાલ છે, તો

તહારત વગર નમાઝ પઢવાની નહૂસતનું શું પુછવું ?

એક હદીસમાં ફરમાવ્યું : "તહારત અર્ધું ઈમાન છે." આ હદીસને તિરમિઝીએ રિવાયત કરી છે. અને કહ્યું કે, આ હદીસ હસન છે. તહારતના બે પ્રકાર છે (૧) સુગરા અને (૨) કુબરા. તહારને-સુગરા વુઝૂ છે અને તહારતે કુબ્રા ગુસ્લ છે. જે વસ્તુઓથી કેવળ વુઝૂ લાઝિમ થાય છે, તેને **"હદસે અસગર"** કહે છે અને જેનાથી ગુસ્લ ફર્ઝ થાય છે તેને, **"હદસે અકબર"** કહે છે. આ સઘળાનું અને તેમના સંબંધેનો વિગતપૂર્ણ ઉલ્લેખ કરવામાં આવશે.

**ચેતવણી :** કેટલીક જરૂરી પરિભાષાઓ ઉલ્લેખ ને પાત્ર છે. કે તેમનું દરેક સ્થળે કામ પડે છે.

**એ'તેકાદી ફર્ઝ :** ફર્ઝ એઅતેકાદી તેને કહે છે, જે કતઈ દલીલથી સાબિત હોય. (અર્થાત્ એવી દલીલથી જેમાં કોઇ આશંકા ન હોય.) તેનો ઈન્કાર કરનાર હનફી ઈમામોની નજરમાં મુત્લક (સર્વથા) કાફિર છે, અને જો તેનું દીને ઈસ્લામનું ફરજપણું આમ તથા ખાસ લોકો પર સ્પષ્ટ રોશન મસઅલો હોય ત્યારે તો તેના મુનકીરના કુફ્ર પર સર્વથા સર્વ સંમતિ છે. એવું કે જે તે મુનકિરના કુફ્રમાં શંકા કરે તે ખુદ કાફિર છે. અને વસ્તુત જો કોઈ એ'તેકાદી ફર્ઝને સહીહ શરઈ કારણો વગર ઈરાદાપૂર્વક એક વાર પણ છોડી દે તો તે ફાસિક તથા કબીરા ગુનાહનો આચરનાર તથા જહન્નમના અઝાબનો અધિકારી છે. દા. ત. નમાઝ, રૂકૂઅ, સૂજુદ વિગેરે, (ને છોડી દેનાર).

**અમલી ફર્ઝ :** તે જેની સાબિતી તો એવી કતઇ (નિશ્ચિત) ન હોય, પરંતુ મુજતહિદ (મહાનતમ ફકીહ)ની નજરમાં શરઈ દલીલોના હુકમથી જઝમ (અટલ) છે કે, તેને અદા કર્યા સિવાય આદમી ભાર મુકત ન થશે, ત્યાં સુધી કે જો કોઇ ઈબાદતની અંદર ફર્ઝ છે તો તે ઇબાદત તેના વગર બાતિલ તથા કલ-અદમ (વિલુપ્ત) થશે. તેનું વિના કારણે ઈન્કાર કરવું ફિસ્ક તથા ગુમરાહી છે. હા, જો કોઈ વ્યકિત કે તે શરઈ દલીલોમાં નઝર (દષ્ટિ) નો પાત્ર છે. શરઈ દલીલ દ્વારા તેનો ઈન્કાર કરે તો કરી શકે છે. દા. ત. મુજતહિદ ઈમામોના મતભેદો. કે એક ઈમામ કોઇ ચીઝને ફર્ઝ કહે છે અને બીજો ઈમામ તેને (ફર્ઝ) ના કહે છે. દા. ત. હનફીઓની નઝદીક માથાના ચોથા ભાગનો મસોહ વુઝૂમાં ફર્ઝ છે અને શાફેઇઓની નઝદીક એક બાલનો મસોહ ફર્ઝ છે. અને માલિકીઓની નજદીક આખા માથાનો મસહ ફર્ઝ છે. હનફીઓમાં વુઝુમાં **'બિસ્મિલ્લાહ'** કહેવું અને નિય્યત સુન્નત છે. અને હંબલીઓ તથા શાફેઇઓમાં એ ફર્ઝ છે. અને તે ઉપરાંત બીજી કેટલીએ મિસાલો (દષ્ટાંત) છે. આ અમલી ફર્ઝમાં દરેક વ્યકિત તેની પેરવી કરશે જેનો તે મુકલ્લિદ છે. પોતાના ઈમામની વિરૂધ્ધ શરઇ જરુરત વગર બીજાઓની પેરવી જાઈઝ નથી. (નોટ : **'અઇમ્મએ મુજતહેદીન'** એટલે ઇમામે આઝમ અબુહનીફા, ઈમામ શાફેઈ, ઈમામ હમ્બલ, ઈમામ માલિક.-અનુવાદકો )

**એઅતેકાદીવાજિબ :** તે છે કે **'ઝન્ની'** (અનુમાનિત) દલીલથી તેની જરૂરત સાબિત થાય. અમલી ફર્ઝ તથા અમલી વાજિબ તેના જ બે પ્રકારો છે. અને તે એજ બેમાં જ મર્યાદિત છે.

**અમલી વાજિ :** તે એતેકાદી વાજિબ છે કે તેના કર્યા સિવાય પણ ભારમુકત થવાની સંભાવના હોય. પરંતુ ગાલિબઝન્ન (ચોકકસપણા તરફ દોરી જતો ગુમાન) તેની જરૂરત પર છે. અને જો કોઈ ઇબાદતમાં તેનું બજાવી લાવવું આવશ્યક હોય તો તેના સિવાય, ઇબાદત નાકિસ (અપૂર્ણ) રહે છે, પરંતુ અદા થઈ જાય છે. **"મુજતહિદ"** શરઈ દલીલથી વાજિબનો ઈન્કાર કરી શકે, કોઇ વાજિબનું એક વાર પણ ઇરાદાપૂર્વક છોડવું સગીરો ગુનોહ છે. અને અનેક વાર તર્ક કરવું (છોડવું) કબીરો ગુનોહ છે. (**'મુજતહિદ'** માટે કુર્આન, હદીસ, ઉસુલે ફિકહ, ઇલ્મે હદીસ તથા તફસીર વિગેરે દીનીયાતનો ઘણો

જ અને અગાધ ઈલ્મ હોવો જરૂરી છે. મહાન વલીયો જે મહાન આલિમ હોવા છતાં કોઈને કોઈ ઈમામના જરૂર મુકલ્લિદ બન્યા. દા. ત. હુઝુર ગૌસેપાક, હુઝૂર બાયઝીદ બુસ્તામી, હઝરત શહાબુદ્દીન સુહર્વર્દી, હઝરત બહાઉદ્દીન નકશબંદ, મુજદ્દિદે અલ્ફેસાની વિગેરે. (રહેમતુલ્લાહેતઆલા)-(અનુવાદકો.)

**સુન્નતે મોઅક્કદહ :** તે છે જેને હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે નિત્ય કર્યું હોય. અલબત્ત જવાઝના બયાન માટે કયારેક તરક પણ કર્યું હોય, અથવા એ કે તેના કરવાની તાકીદ કરી હોય, પરંતુ તરક પ્રત્યે સાવ નિરોધિત ન ફરમાવી દીધું હોય, તેનો ત્યાગ બુરૂં, અને કરવું સવાબ છે. કોઈક વાર ત્યાગ પર એતાબ અને તેની આદત પર અઝાબને પાત્ર થવાય છે.

**સુન્નતે ગૈર મોઅક્કદહ :** તે છે જે શરઈ નજરમાં એવી ઈચ્છીત હોય કે, તેના ત્યાગને નાપસંદ કરે, પરંતુ તે હદ સુધી નહીં કે, તેના પર અઝાબની ચેતવણી આપે. સામાન્યત રીતે કે હુઝૂર સૈયેદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેના પર નિરંતરતા કરી અથવા નહી કરી, તેનું કરવું સવાબ અને ન કરવું જોકે આદતન હોય અઝાબના કારણરૂપ નથી.

**મુસ્તહબ :** તે છે જે શરઇ નઝરમાં પસંદ હોય, પરંતુ તર્ક-ત્યાગ પર કાંઇ નાપસંદગી ન હોય, ભલે ખૂદ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેને કર્યું અથવા તેની પ્રેરણા આપી અથવા ઉલ્માએ કિરામે પસંદ કર્યું. જો કે હદીસોમાં તેનો ઝિક્ર (ઉલ્લેખ) ન આવ્યો હોય. તેનું કરવું સવાબ અને ન કરવા પર સર્વથા કાંઈ નથી. (એટલે કોઇ ગુનોહ નથી-અનુવાદકો).

**મુબાહ :** તે છે જેનું કરવું અને ન કરવુ બરાબર હોય.

**કતઈ હરામ :** એ ફર્ઝના મુકાબલામાં છે. તેનું એકવાર પણ ઇરાદા પૂર્વક કરવું **'ગુનાહે કબીરા'** તથા ફિસ્ક છે. અને તેનાથી બચવું ફર્ઝ તથા સવાબ છે.

**મકરૂહે તહરીમી :** એ વાજિબના મુકાબલામાં છે. તેને કરવાથી ઈબાદત નાકિસ (અધુરી) થઈ જાય છેઅને કરવાવાળો ગુનેહગાર થાય છે. જો કે તેનો ગુનોહ હરામથી ઓછો છે. અને તેનું અનેકવાર કરવું કબીરો ગુનોહ છે.

**ઈસાઅત :** જેનું કરવું બુરૂં હોય અને કયારેક તેને કરનાર એતાબ ને પ્રાત્ર છે અને એ દુષ્ટ કૃત્યની આદત બનાવી દેનાર અઝાબને લાયક બની જાય છે આ સુન્નતે મોઅક્કદહ ના મુકાબલામાં છે,

**મકરૂહે તન્ઝીહી :** જેનું કરવું શરીઅતને પસંદ નથી, પરંતુ તે હદ સુધી નહી કે, તેના પર અઝાબની ચેતવણી ફરમાવે. આ સુન્નતે ગૈરમોઅક્કદહ ના મુકાબલામાં છે.

**ખિલાફે ઉલા :** તે છે કે ન કરવું બેહતર હતું, પરંતુ કર્યું તો કાંઇ વાંધો અને એતાબ (ચેતવણી) નથી. આ મુસ્તહબના મુકાબલામાં છે. આના બયાનમાં વિવિધ ઈબારતો મળશે, પરંતુ એજ સંશોધનનો નિચોડ છે.

## વુઝુનું બયાન :

અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફરમાવે છે : **યા ઐયોહલ્લઝીન આમનૂ ઈઝા કુમ્તુમ ઈલસ્સલાતે ફગ્સેલૂ વોજૂહકુમ વ ઐદેયકુમ ઈલલ-મરાફેકે વમ્સહુ બે રોઊસેકુમ વ અર્જોલકુમ ઈલલ-કઅબૈન** (સુરએ માએદા. આયત. ૬)

( અર્થ : અય ઈમાન વાળાઓ ! જ્યારે તમે નમાઝ પઢવાનો ઈરાદો કરો ( અને વુઝૂ ન હોય ) તો પોતાના મૂખ અને કોણીઓ સુધી હાથને ધોઇલો અને માથા નો મસોહ કરો અને ઘુંટી સુધી પગ ધુવો. )

મુનાસિબ લાગે છે કે, વુઝૂના ફઝાઇલમાં કેટલીક હદીસોનો ઉલ્લેખ કરવામાં આવે. પછી તેના વિષે ફિકહી અહેકામનું બયાન કરવામાં આવશે.

**હદીસ :** (૧) ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈરશાદ ફરમાવે છે : કેયામત ના દિવસે મારી ઉમ્મત એ હાલતમાં બોલાવવામાં આવશે કે મુખ અને હાથ-પગ વુઝૂના ચિહ્નોથી ચમકતા હશે. તો જેનાથી થઇ શકે ચમક અધિક કરે. ( -બુખારી-મુસ્લિમ )

**હદીસ :** (૨) સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે, હુઝૂર સૈયેદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સહાબાએ કિરામથી ઈરશાદ ફરમાવ્યો : હું તમને એવી ચીજ ન બતાવી દઉં જેના કારણે અલ્લાહ તઆલા ખતાઓ મટાડી દે અને દરજ્જાઓ બુલંદ કરે ?" સહાબાઓએ અરજ કરી : હા યા રસૂલલ્લાહ ! (બતાવી દો). હુઝૂરે ફરમાવ્યું : જ્યારે વુઝુ અપ્રિય હોય છે ત્યારે કામિલ (મુકમ્મલ-પરિપૂર્ણ) વુઝુ કરવું અને મસ્જિદો તરફ કદમોની અધિકતા અને એક નમાઝ પછી બીજી નમાઝનો ઇન્તેઝાર (પ્રતીક્ષા) કરવું, તેનો સવાબ એવો છે જેવું કે કુફ્ફાર ની સરહદ પર ઈસ્લામી દેશની હિમાયત ( રક્ષા ) માટે ઘોડો બાંધવાનો ( સવાબ છે ) ( **મુસ્લિમ** )

**હદીસ :** (૩) ઈમામ માલિક તથા નિસાઈ, હઝરત અબ્દુલ્લાહ સનાબહી રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લા હો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, "મુસલમાન બંદો જ્યારે વુઝૂ કરે છે તો કુલ્લી (કોગળો) કરવાથી મુખના ગુનાહ ખરી જાય છે. અને જ્યારે નાકમાં પાણી નાંખી તેને સાફ કર્યું તો નાકના ગુનાહ નીકળી ગયા. જ્યારે મોઢું ધોયું તો તેના ચહેરાના ગુનાહ નીકળી ગયા, ત્યાં સુધીકે પાંપણોના ગુનાહ પણ નીકળી ગયા. અને જ્યારે હાથ ધોયા તો હાથોના ગુનાહ નીકળી ગયા, ત્યાં સુધી કે હાથોના નખોમાંથી પણ ગુનાહ નીકળી ગયા. જ્યારે માથાનો મસોહ કર્યો તો માથાના ગુનાહ નીકળ્યા, ત્યાં સુધીકે કાનોના ગુનાહ પણ નીકળી ગયા. જ્યારે પગ ધોયા તો પગોની ખતાઓ પણ નીકળી ગઈ, ત્યાં સુધી પગના નખોમાંથી પણ ખતાઓ નીકળી ગઈ. પછી તેનું મસ્જિદમાં જવું અને તદઉપરાંત નમાઝ. ( વિગેરે અદા કરવું, તેનો સવાબ વધુમાં અલગ મળેશે. ) ( **-માલિક** )

**હદીસ :** (૪) મુહદ્દિસ બઝઝારે, હસન સનદ સાથે, રિવાયત કરી કે, હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહો અન્હો એ પોતાના ગુલામ હિમરાન પાસે વુઝૂ માટે પાણી માંગ્યું અને શર્દી ( ઠંડી ) ની રાતમાં આપ બહાર જવા ઈચ્છતા હતા. હિમરાન કહે છે : હું પાણી લાવ્યો, તેમણે હાથ-મોઢું ધોયું, તો મેં કહ્યું : અલ્લાહ આપને કિફાયત કરે રાતનો બહુ ઠંડી છે. આપે કહ્યું : મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સાંભળ્યું છે કે, જે બંદો કામિલ વુઝૂ કરે છે, અલ્લાહ તઆલા તેના આગલા-પાછલા ગુનાહ બખ્શીદે છે.

**હદીસ :** (૫) મુહદ્દિસ તિબ્રાનીએ, ઓસતમાં હઝરત અમીરૂલ **મોમેનીન** મૌલાઅલી કર્રમલ્લાહો વજહહુલ કરીમથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે સખત (કડક) ઠંડીમાં કામિલ વુઝૂ કરે તેના માટે બમણો સવાબ છે.

**હદીસ** : (૬) ઈમામ અહમદ બિન હમ્બલે હઝરત અનસ રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરી છે કે, હુઝુર સયેદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે એક એક વાર વુઝૂ કરે તો એ જરૂરી વાત છે અને જે બે બે વાર કરે તેને બમણો સવાબ છે અને જે ત્રણ ત્રણ વાર ધુવે તો તે મારું અને આગલા નબીઓનું વુઝૂ છે ( -ઈમામ અહમદ )

**હદીસ** : (૭) સહીહ મુસ્લિમમાં ઉકબા બિન આમિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. જે મુસલમાન વુઝૂ કરે અને સારૂં વુઝૂ કરે, પછી ઉભો થાય અને બાતિન તથા જાહિરથી ધ્યાનિત થઈને બે રકઅત નમાઝ પઢે તેના માટે જન્નત વાજિબ થઈ જાય છે.

**હદીસ** : (૮) મુસ્લિમમાં હઝરત અમીરૂલમુમેનીન ફારૂકે આઝમ ઉમર બિન ખત્તાબ રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : તમારા પૈકી જે કોઈ વુઝૂ કરે અને કામિલ વુઝૂ કરે, પછી પઢે : **અશહદુ અલ્લાઇલાહા ઈલ્લલ્લાહો વહદહુ લા-શરીક લહુ વઅશહદો અન્ન મુહમ્મદન અબ્દોહુ વરસૂલોહ.**" તેના માટે જન્નતના આઠે આઠ દરવાજા ખોલી દેવામાં આવે છે. જે દરવાજાથી દાખલ થવું હોય, દાખલ થઈ જાય.

**હદીસ** : (૯) તિરમિઝીએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે માણસ વુઝૂ પર વુઝૂ કરે તેના માટે દસ નેકીઓ લખવામાં આવશે ( -તિરમિઝી )

**હદીસ** : (૧૦) ઈબ્ને ખુઝૈમહ પોતાની '**સહીહ**'માં રાવી કે, અબ્દુલ્લાહ બિન બુરૈદહ પોતાના વાલિદથી રિવાયત કરે છે. એક દિવસ સવારે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત બિલાલ ને બોલાવીને ફરમાવ્યું : અય બિલાલ ! કયા અમલના કારણે જન્નતમાં તમે મારાથી આગળ આગળ જઈ રહ્યા હતા ? હું રાત્રે જન્નતમાં ગયો ત્યારે તમારા પગોનો પગરવ મારા આગળ સાંભળ્યો. હઝરત બિલાલ રદીયલ્લાહો અન્હોએ અરજ કરી : યા રસૂલલ્લાહ ! હું જ્યારે અઝાન કહેતો તે પછી બે રકઅત નમાઝ પઢી લેતો અને મારૂં જ્યારે પણ વુઝૂ તુટી જતું ત્યારે વુઝૂ કરી લેતો, હુઝૂરે ફરમાવ્યું : આ કારણોસર ( તમે જન્નતમાં મારાથી આગળ ચાલતા હતા ).

**હદીસ** : (૧૧) તિરમિઝી, તથા ઇબ્ને માજા, સઈદ બિન ઝાદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જેણે બિસ્મિલ્લાહ ન પઢી તેનું વુઝૂ નથી. એટલે કામિલ વુઝુ નથી. તેનો અર્થ તે છે જે બીજી હદીસમાં ઈરશાદ ફરમાવ્યો.

**હદીસ** : (૧૨) દારેકુતની અને બયહકી પોતાની '**સુનન**' માં અબ્દુલ્લાહ બિન મસઊદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો કે, જેણે બિસ્મિલ્લાહ કહીને વુઝૂ કર્યું તો માથાથી પગ સુધી તેનું સઘળું બદન પાક થઈ ગયું અને જેણે બિસ્મિલ્લાહ વગર વુઝૂ કર્યું, તેનું એટલું જ બદન પાક થશે જેટલા પર પાણી પસાર થયું. ( દારેકુતની )

**હદીસ** : (૧૩) ઈમામ બુખારી તથા મુસ્લિમ, અબૂહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહ વસલ્લમ ફરમાવે છે : જ્યારે કોઈ નિંદ્રાથી (સુઈને) જાગૃત થાય તો વુઝૂ કરે, અને ત્રણ વાર નાક સાફ કરે કે શયતાન તેના નસકોરા પર રાત પસાર કરે છે.

**હદીસ** : (૧૪) તિબ્રાની, હસન સનદથી હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ : જો એ વાત ન હોત કે મારી ઉમ્મતને ભાર રૂપ થશે,

તો હું તેમને દરેક વુઝૂની સાથે મિસ્વાક કરવાનું હુકમ ફરમાવી દેત (અર્થાત ફરજ કરી દેત) અને કેટલીક રિવાયતોમાં "ફર્ઝ" શબ્દ પણ આવ્યો છે.

**હદીસ** : (૧૫) એજ તિબ્રાનીની એક રિવાયતમાં છે કે, સૈયેદે આલમ સલ્લાહો અલયહે વસલ્લમ કોઈ નમાઝ માટે ત્યાં સુધી તશરીફ ન લઈ જતા જ્યાં સુધી આપ મિસ્વાક ન કરી લેતા.

**હદીસ** : (૧૬) સહીહ મુસ્લિમમાં હઝરત આઈશા રદીયલ્લાહો તઆલા અન્હાથી રિવાયત છે કે, હુઝૂર જ્યારે બહાર થી ઘરમાં તશરીફ લાવતા ત્યારે આપનું સૌથી પહેલું કામ મિસ્વાક કરવાનું હોતું.

**હદીસ** : (૧૭) ઇમામ અહમદ, ઇબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, મિસ્વાક આવશ્યક ઠેરવીલો કે, તે મુખની સફાઈ અને રબ્બ તબારક વ તઆલાની રઝા ના કારણરૂપ છે. (દાતણ કરવાની આદત બનાવી લો. અનુ)

**હદીસ** : (૧૮) અબૂ નઈમ, જાબિર રદીયલ્લાહો અન્હો થી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ : જે બે રકઆતો મિસ્વાક કરીને પઢવામાં આવશે, તે મિસ્વાક વગરની (૭૦) સિત્તેર રકઆતો કરતાં અફઝલ છે.

**હદીસ** : (૧૯) અને એક રિવાયતમાં છે કે જે નમાઝ મિસ્વાક કરીને પઢવામાં આવે તે નમાઝ કે જે મિસ્વાક વગર પઢવામાં આવી, તેના કરતાં સિત્તેર (૭૦) ગણી અફઝલ છે.

**હદીસ** : (૨૦) મિશ્કાતમાં, હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે, દસ વસ્તુઓ ફિતરત પૈકી છે. (અર્થાત તેનો હુકમ દરેક શરીઅતમાં હતો.) (૧) મૂછો કતરાવવી (૨) દાઢી વધારવું (૩) મિસ્વાક કરવું (૪) નાકમાં પાણી નાંખવું (૫) નખ કાપવા (૬) બે આંગળીઓ વચ્ચેની જગ્યાને ધોવું. (૭) બગલના વાળ દૂર કરવા (૮) ડુંટી નીચેનાં વાળ મુંડવા (૯) ઇસ્તિન્જો કરવો (૧૦) કુલ્લી (કોગળો) કરવું.

**હદીસ** : (૨૧) હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, બંદો જ્યારે મિસ્વાક કરી લે છે, પછી નમાઝ પઢવા ઉભો થાય છે. ત્યારે ફરિશ્તો તેની પાછળ ઉભો રહીને કિરઅત સાંભળે છે. પછી તેનાથી નિકટ થાય છે, ત્યાં સુધી કે, પોતાનું મુખ તેના મુખ ઉપર મુકી દે છે. મશાઇખેકિરામ ફરમાવે છે કે, જે શખ્સ મિસ્વાકના આદતવાળો હોય, મૃત્યુ સમયે તેને કલ્મો પઢવું નસીબ થશે. અને જે અફીણ ખાતો હોય, મૃત્યુ સમયે તેને કલ્મો નસીબ થશે નહી. (અલ્લાહની પનાહ).

## વુઝૂના ફિકહી અહકામ :

તે આયતે કરીમા જે ઉપર લખવામાં આવી, તેનાથી સાબિત છે કે, વુઝૂમાં ચાર ફર્ઝ છે. (૧) મુખધોવું (૨) કહોણીઓ સમેત બંને હાથ ધોવા (૩) માથાનો મસહ કરવો અને (૪) ઘુંટી સમેત બંને પગ ધોવા.

**ફાયદો** : કોઈ અવયવને ધોવાનો એ અર્થ છે કે, તે અવયવના દરેક ભાગ પર ઓછામાં ઓછું બે ટીપાં પાણી વહી જાય. પલળી જવા અથવા તેલની જેમ પાણી ચોપડી લેવા અથવા એકાદ બુંદ વહી જવાને ધોવું કહેતા નથી. ન તેનાથી વુઝૂ અથવા ગુસ્લ અદા થયું. આ કાર્યનો લેહાઝ બહુજ

જરૂરી છે. લોકો તેના તરફ ધ્યાન આપતા નથી, અને નમાઝો અકારત જાય છે. શરીરમાં કેટલાંક સ્થળો એવા છે, કે જ્યાં સુધી તેનો ખાસ ખ્યાલ કરવામાં ન આવે તો તેમના પર પાણી વહેશે નહી. તેનું વિવરણ (જે તે) દરેક અવયવમાં બ્યાન કરવામાં આવશે. કોઈ સ્થળે હદસના સ્થાન પર તરી (ભીનાશ) પહોંચવા ને મસોહ કહે છે.

<u>(૧) મુખધોવું</u> : પેશાની (લલાટ) ના આરંભથી (અર્થાત જ્યાંથી વાળ જમવાનો અંત હોય) હડપચી સુધી લંબાણમાં અને પહોળાઈમાં એક કાનથી બીજા કાન સુધી મુખ છે. આ હદની અંદરની ચામડીના દરેક ભાગમાં એક વાર પાણી વહાવવું ફર્ઝ છે.

**મસ્અલો (૧)** : જેના માથાના આગલા ભાગના વાળ ખરી ગયા હોય અથવા ઉગતા નથી તેના પર ત્યાં સુધી મુખધોવું ફર્ઝ છે જ્યાં સુધી સામાન્યત : વાળ હોય (ઉગે) છે. અને જો આદતન (સ્વભાવત :) જ્યાં સુધી વાળ હોય છે, તેનાથી નીચે સુધી કોઇના વાળ ઉગે તો, તે વધારાના વાળોનું જડો સુધી ધોવું ફર્ઝ છે.

**મસ્અલો (૨)** : મૂછો અથવા ભમરો અથવા નીચેના હોઠ પાસેના વાળ ગાઢ હોય, કે ત્વચા સાવ દેખાય નહી તો, ત્વચાનું ધોવું ફર્ઝ નથી. વાળોનું ધોવું ફર્ઝ છે. અને જો તે સ્થળોનાં વાળ ગાઢ ન હોય તો ત્વચાનું ધોવું પણ ફર્ઝ છે.

**મસ્અલો (૩)** : જો મૂછો વધીને હોઠને ઢાંકીદે તો, જો કે ગાઢ હોય (તો પણ) મૂછો હઠાવી હેઠ ધોવું ફર્ઝ છે.

**મસ્અલો (૪)** : દાઢીના વાળ જો ગાઢ ન હોય તો ત્વચાનુ ધોવું ફર્ઝ છે અને જો ગાઢ હોય તો ગળા તરફ દબાવવાથી જેટલા પ્રમાણમાં ચહેરાની (ગિર્દ) ગોળાઈમાં આવે, તેનું ધોવું ફર્ઝ છે. અને જડોનું ધોવું ફર્ઝ નથી. અને જે તે ક્ષેત્રની નીચે હોય તેનું ધોવું જરૂરી નથી. અને જો કેટલાક ભાગમાં ગાઢ વાળ હોય અને કેટલાક ભાગમાં આંછા વાળ હોય તો જ્યાં ગાઢવાળ હોય ત્યાં વાળ અને જ્યાં આંછા વાળ હોય ત્યાં ત્વચા ધોવું ફર્ઝ છે.

**મસ્અલો (૫)** : હોઠોનો તે ભાગ જે સ્વભાવત : હોઠ બંધ કર્યા પછી બહાર ખુલ્લો રહે છે, તેનું ધોવું ફર્ઝ છે. તો જો કોઈ બહુ જોર કરી ને હોઠ બંધ કરી લે કે તેમાંનો અમુક ભાગ છુપાઈ ગયો કે તેના પર પાણી ન પહોંચ્યું, ન કુલ્લી કરી, કે ધોવાઈ જાતું, તો વુઝુ ન થયું. હા ! તે ભાગ જે સ્વભાવત: મુખ બંધ કરવામાં જાહેર નથી થતો, તેનું ધોવું ફર્ઝ નથી,

**મસ્અલો (૬)** : ગાલ અને કાનની વચ્ચે જે જગ્યા છે, જેને કનપટ્ટી કહે છે, તેનું ધોવું ફર્ઝ છે. હા, તે ભાગમાં જેટલી જગ્યાએ દાઢીના ગાઢ વાળ હોય, ત્યાં વાળોનું અને જ્યાં વાળ ન હોય, અથવા ગાઢ ન હોય, ત્યાં ત્વચા ધોવું ફર્ઝ છે.

**મસ્અલો (૭)** નથની (નાકમાં ઝેવર પહેરવા માટેનું કાણું)નું છિદ્ર જો બંધ ન હોય તો તેમાં પાણી વહાવવું ફર્ઝ છે, જો તંગ હોય તો પાણી નાંખવામાં વાળી ને હલાવે (ફેરવે). નહી તો જરૂરી નથી. (એટલે જો તંગના હોય તો વાળીને હલાવવાની જરૂર નથી.)

**મસ્અલો (૮)** : આંખોના પડળ અને પોપચાઓની અંદરનો ભાગ ધોવું કાંઈ જરૂરી નથી, બલ્કે ન ધોવું જોઈએ કારણ કે તે નુકશાન કારક છે.

**મસ્અલો (૯)** : મોઢું ધોતી વખતે આંખો જોરથી મીંચી લે કે પાંપણ નજીક એક અલ્પ જેવી રેખા બંધ થઈ ગઈ. અને તેના પર પાણી ન વહ્યું અને તે સ્વભાવન : બંધ કરવાથી પ્રગટ રહે છે, તો ( આવી હાલતમાં ) વુઝુ થઈ જશે, પરંતુ એવું કરવું જોઇએ નહી. અને જો કેટલુંક અધિક ધોવાથી ( બાકી ) રહી ગયું તો વુઝુ ન થશે.

**મસ્અલો (૧૦)** : આંખના ( ખૂણા ) પર પાણી વહાવવું ફર્ઝ છે. પરંતુ સુરમાની પોપડી ખૂણા અથવા પાંપણોમાં રહી ગઈ અને વુઝુ કરી લીધું, ખબર નપડી અને નમાઝ પઢી લીધી તો વાંધો નથી. નમાઝ થઈ ગઈ. વુઝુ પણ થઈ ગયું અને જો ખબર છે તો તેને વખોડી, પાણી વહાવવું જરૂરી છે.

**મસ્અલો : (૧૧)** પાંપણોનો દરેક વાળ સંપૂર્ણ ધોવું ફર્ઝ છે જો તેમાં કીચડ ( ચીપડાં ) વિગેરે કોઈ કઠણ ચીજ જામી ગઈ હોય તો તેને વખોડવું ફર્ઝ છે.

# (૨) હાથ ધોવું :

આ હુકમમાં કહોણીયો પણ શામેલ છે.

**મસ્અલો : (૧૨)** જો કોણીઓથી નખ સુધી કોઇ જગ્યા ઝર્રા ( કણ ) જેટલી પણ ધોવાથી રહી જશે તો વુઝુ ન થશે.

**મસ્અલો : (૧૩)** દરેક પ્રકારના જાઈઝ તથા નાજાઈઝ ઘરેણાં, છલ્લા, વિંટીઓ, પોંચીઓ, કંગન, કાચ લાખ વિગેરે ની બંગડીઓ, રેશમના લચ્છા વિગેરે જો એટલા તંગ ( ફીટ ) હોય કે, તેની નીચે પાણી વહે નહી, તો ( આવી હાલતમાં ) તેને ઉતારીને ધોવું ફર્ઝ છે. જો ફેરવીને ધોવાથી પાણી વહી જતું હોય તો, ફેરવવું જરૂરી છે. જો ઢીલા હોય કે વગર ફેરવે પણ તેની નીચે પાણી વહી જશે, તો ( હલાવવું ) કાંઈ જરૂરી નથી.

**મસ્અલા : (૧૪)** હાથોના આઠે ખાડા ( બેઆંગળીઓ વચ્ચેની જગ્યા વાળું ખાડું, અનુ. ) આંગળીઓના પાસા, નખોની અંદર જે જગ્યા ખાલી છે, કાંડાનો દરેક વાળ, મૂળથી અણી સુધી, આ સૌ પર પાણી વહી જવું જરૂરી છે. જો થોડુંક પણ રહી ગયું અથવા વાળોનાં મૂળ પર પાણી વહી ગયું અને કોઇ એક વાળની અણી પર ન વહ્યું, તો વુઝુ ન થયું. પરંતુ નખોની અંદરનો મેલ માફ છે.

**મસ્અલા** : (૧૫) જો પાંચ આંગળીઓના બદલે ( કોઇને ) છ આંગળીઓ છે તો સૌનું ધોવું ફર્ઝ છે. અને જો ( કોઈના ) એક ખભા પર બે હાથ નીકળે તો જે હાથ પુરો છે તેનું ધોવું ફર્ઝ છે. અને તે બીજાનું ધોવું ફર્ઝ નથી, બલ્કે મુસ્તહબ છે. પરંતુ તેનો તે ભાગ કે તે હાથના ફર્ઝ સ્થળની નિકટ છે, તેટલાનું ધોવું ફર્ઝ છે. ( એટલે જે જગ્યા ધોવાની ફર્ઝ હોય, તેને લગોલગ તે હાથનો કોઇ ભાગ ચોટેલો હોય તો તેને ધોવું ફર્ઝ છે. અનુ. )

**(૩) માથાનો મસોહ** : ચોથાઈ ૧/૪ માથાનો મસોહ ફર્ઝ છે.

**મસ્અલા** : (૧૬) મસોહ કરવા માટે હાથ તર (ભીનો) હોવો જોઇએ. ભલે ને અવયવો ધોયા પછી હાથમાં તરી રહી ગઈ હોય અથવા નવા પાણીથી હાથ તર કરી લીધો હોય.

**મસ્અલો** : (૧૭) કોઇ અવયવના મસાહ પછી જો હાથમાં તરી બાકી રહી જશે તો તે બીજા અવયવના મસાહ માટે કાફી થશે નહિ. (બીજા મસહ માટે કામ લાગશે નહિં.-અનુ.)

**મસ્અલા :** (૧૮) માથા પર વાળ ન હોય તો (માથાની) ચામડીની ચોથાઈ (૧/૪) અને જો વાળ હોય તો ખાસ માથાના વાળોની ચોથાઈનો મસોહ ફર્ઝ છે. (કારણ કે) માથાનો મસેહ તેનેજ કહે છે.

**મસ્અલા :** (૧૯) અમામા (સાફો), ટોપી, ઓઢણા ઉપર મસેહ કરી નથી. હા ! જો ટોપી, ઓઢણું એટલું બારીક હોય કે, તરી (ભીનાશ) તેમાં ફુટીને ચોથાઈ (૧/૪) માથાને તર કરી દે તો મસોહ થઈ જશે.

**મસ્અલા :** (૨૦) માથાના જે વાળ લટકી રહયા હોય તેના પર મસોહ કરવાથી, મસેહ થશે નહિ.

## (૪) ચોથું ફર્ઝ–બન્ને પગોને ઘુંટી સમેત એકવાર ધોવું :

**મસ્અલા :** (૨૧) છિલ્લા અને પગોના ઘરેણાંઓનો એજ હુકમ છે જે ઉપર બયાન કરવામાં આવ્યો.

**મસ્અલા :** (૨૨) કેટલાક લોકો કોઈ બીમારીના કારણે પગોના અંગુઠાઓમાં એટલા પ્રમાણમાં ખેંચીને દોરો બાંધી દે છે કે, પાણીનું વહેવું તો એક બાજુએ રહ્યું દોરાના નીચે તર પણ થતું નથી. તેમણે તેનાથી બચવુ લાઝિમ છે. કારણ કે આ હાલતમાં વુઝૂ થતું નથી.

**મસ્અલા :** (૨૩) ખાડાઓ અને આંગળીઓના પાસાઓ, તળવા, એડીઓને નીચે તે બધાનું ધોવું ફર્ઝ છે.

**મસ્અલા :** (૨૪) જે અવયવોનું ધોવું ફર્ઝ છે, તેના પર પાણી વહી જવું શર્ત છે. એ જરૂરી નથી કે સ્વેચ્છાએ પાણી વહાવે. જો ઈચ્છા તથા અખત્યાર વગર પણ તેમના પર પાણી વહી જાય દા. ત. વરસાદ થયો અને વુઝુના અવયવોના દરેક ભાગથી બે બે ટીપાં (કતરા) વરસાદના (પાણીના) વહી ગયા, તો તે અવયવ ધોવાઈ ગયા. અને જો માથાનો ચોથો (૧/૪) ભાગ પલળી ગયો અથવા કોઈ તળાવ–નદીમાં પડી ગયો અને વુઝુના અવયવો પર પાણી ફરી વળ્યું તો વુઝૂ થઈ ગયું.

**મસ્અલા :** (૨૫) જે વસ્તુની માણસને સામાન્યતઃ અથવા વિશેષત જરૂરત પડતી રહે છે અને તેની દેખરેખ તથા સાવધાનીમાં વાંધો હોય. નખોની અંદર અથવા ઉપર અથવા બીજી કોઈ ધોવાની જગ્યા પર તેના ચોંટી રહેવાથી જો કે જર્મદાર(અણુદાર) હોય, જોકે તેના નીચે પાણી પહોંચે નહી, જોકે સખત (કઠણ) ચીઝ હોય, વુઝુ થઈ જશે. જેવું કે રાંધવાવાળા–આટો ગુંદવાવાળાઓ માટે આટો, રંગરેજ માટે રંગના જર્મ (અણુ), સ્ત્રીઓ માટે મેંહદીના (જર્મ) અણુ, લખવાવાળા માટે શાહીના (જર્મ) અણું, મજુર માટે ગારો–માટી, આમ લોકો માટે આંખના કુએના જર્મ (આંખના ખૂણામાં ભેગા થતા ચીપડાં) અથવા પાંપણોમાં સુરમાનો અંશ, એવી જ રીતે બદનનો મેલ, માટી, કચરો, માંખી, મચ્છરની અઘાર વિગેરે. (જર્મ એટલે રંગ, મહેંદી વિગેરે જમતા જમતા પડ બની જાય છે તે. અનુ).

**મસ્અલા :** (૨૬) કોઈ જગ્યાએ ફોડલો હતો અને તે સુકાઇ ગયો, પરંતુ તેની ચામડી વિખૂટી ન પડી, તો ચામડી ઉખેડી પાણી બહાવવું જરૂરી નથી. બલ્કે એજ ફોડલાથી ચામડી પર પાણી વહાવી લેવું કાફી-પુરતું છે. પછી તેને વખેડી નાંખ્યું તો, હવે પણ તેના પર પાણી વહાવવું જરૂરી નથી.

**મસ્અલા :** (૨૭) માછલીનો છીલ્કો–ભીંગટો વુઝુના અવયવો પર ચોંટેલું રહી ગયો તો વુઝુ ન થશે. કારણ કે પાણી તેની નીચે વહશે નહી.

# વુઝુની સૂન્નતો :

**મસ્અલા :** (૨૮) વુઝુ પર સવાબ મેળવવા માટે હુકમે ઈલાહી બજાવી લાવવાની નિય્યતથી વુઝુ કરવું જરૂરી છે. નહીં તો વુઝુ તો થઈ જશે પરંતુ સવાબ ન મળશે.

**મસ્અલા :** (૨૯) "બિસ્મિલ્લાહ"થી શુરૂ કરે, અને જો વુઝુથી પહેલાં ઇસ્તિનજો કરે તો, ઇસ્તિન્જાની પહેલાં પણ 'બિસ્મિલ્લાહ' કહે. પરંતુ પાખાના (જાજરૂ)માં જાય તે પહેલાં અથવા બદન ખોલવાથી પહેલાં કહે. કેમકે નાપાકીની જગ્યાએ અને સતર ખોલવા પછી જીભથી ઝિક્રે ઈલાહી મના છે.

**મસ્અલા :** (૩૦) હાથોને ધોવાનો આરંભ એવી રીતે કરે કે, પ્રથમ હાથોને કાંડા સુધી ત્રણ ત્રણ વાર ધુવે.

**મસ્અલા :** (૩૧) જો પાણી મોટા વાસણમાં હોય અને કોઇ નાનું વાસણ પણ નથી કે તેમાં પાણી ઉંડેલી-રેડી હાથ ધુવે તો તેને જોઇએ કે ડાબા હાથની આંગળીઓ મેળવી, કેવળ તે આંગળીઓ પાણીમાં નાંખે. અને હથેળીનો કોઈ ભાગ પાણીમાં ન પડે. અને પણી કાઢી જમણો હાથ કાંડા સુધી ત્રણ વાર ધુએ પછી જમણા હાથને જ્યાં સુધી ધોયો છે, તેને નિસંકોચ પાણીમાં નાંખી શકે છે. અને તેનાથી પ.ણી કાઢી ડ.બો હ થ ધુવે.

**મસ્અલા :** (૩૨) આ તે હાલતમાં છે કે હાથમાં કોઇ ગંદકી લાગેલી ન હોય. નહી તો કોઈ રીતે ( ગંદકીવાળો ) હાથ નાંખવું જાઈઝ નથી. જો હાથ નાંખશે તો પાણી નાપાક થઈ જશે.

**મસ્અલા :** (૩૩) જો નાના વાસણમાં પાણી છે અથવા પાણી તો મોટા વાસણમાં છે પરંતુ ત્યાં કોઈ નાનું વાસણ પણ ઉપસ્થિત છે અને તેણે ધોયા વગરનો હાથ પાણીમાં નાંખી દીધો, બલ્કે આંગળીનું ટેરવું અથવા નખ નાંખ્યો તો તે સઘળું પાણી વુઝુના લાયક ન રહ્યું. મુસ્તઅમલ (વપરાયેલું) પાણી થઇ ગયું.

**મસ્અલા :** (૩૪) આ ત્યારે છે કે જેટલો હાથ પાણીમાં પહોંચ્યો, તેનો કોઈ ભાગ ધોયા વગરનો હોય. નહી તો જો પહેલાં હાથ ધોઇ લીધા હોય અને તે પછી હદસ (બેવુઝુ) ન થયું તો જેટલો ભાગ ધોયેલો હોય એટલો પાણીમાં નાંખવાથી મુસ્તઅમલ (વપરાયેલું) ન થશે, ભલે પછી કોણી સુધી હોય, બલ્કે જનાબત વગરનાએ (બેવુઝૂ માણસે)જો કોણી સુધી હાથ ધોઈ લીધો તો તે પછી બગલ સુધી નાંખી શકે છે. કારણ કે હવે તેના હાથ પર કોઈ હદસ બાકી નથી. હા ! જનાબતવાળો ( જેની પર ગુસ્લ કરવું ફર્ઝ હોય ) કોણીથી ઉપર એટલો જ ભાગ નાંખી શકે છે, જેટલો તેણે ધોઈ લીધો હોય,કેમકે તેના આખા શરીર પર હદસ (ગુસ્લ કરવું બાકી) છે.

**મસ્અલા :** (૩૫) જ્યારે સુઇ રહીને ઉઠે તો પ્રથમ હાથ ધુવે. ઇસ્તિનજાની પહેલાં પણ અને પછી પણ હાથ ધોઈ લે.

**મસ્અલા :** (૩૬) ઓછામાં ઓછું ત્રણ ત્રણવાર જમણા ડાબા, ઉપર-નીચેના દાંતોમાં મિસ્વાક કરે, અને દરેક વખતે મિસ્વાકને ધોઈલે, મિસ્વાક ન બહુ નરમ હોય ન બહુ કઠણ. અને પીલુંનું ઝાડ અથવા ઝયતુનનું ઝાડ અથવા લીમડાનું ઝાડ વિગેરે કડવી લાકડીનું હોય. મેવા અથવા સુગંધીદાર ફૂલના વૃક્ષનું ન હોય. ટચલી આંગળી જેટલું જાડું હોય અને વધારેમાં વધારે એક વેંત લાંબુ હોય. અને એટલું નાનું પણ ન હોય કે મિસ્વાક કરવું મુશ્કેલ (દુષ્કર) થાય. જે મિસ્વાક એક વેંત કરતાં

વધારે હોય તેના પર શયતાન બેસે છે. જ્યારે મિસ્વાક ઉપયોગ ને લાયક ન રહે તો તેને દફન કરી દો અથવા કોઇ સ્થળે સાવધાનીથી મુકી દો કે કોઇ નાપાક સ્થળે પડે નહી. કારણ કે એક તો તે સુન્નત અદા કરવાનું સાધન છે. એટલે તેનો આદર કરવો જોઇએ. બીજું મુસલમાનના મુખનું થુંક નાપાક જગ્યાએ નાંખવાથી પોતે સુરક્ષિત રાખવું જોઇએ. એટલા માટે જ જાજરૂમાં થુંકવાને ઉલ્માઓએ અયોગ્ય (ના મુનાસિબ) લખ્યું છે.

**મસ્અલા :** (૩૭) મિસ્વાક જમણા હાથથી કરો, અને એવી રીતે હાથમાં પકડો કે ટચલી આંગળી મિસ્વાકની નીચે અને વચ્ચેની ત્રણ આંગળીઓ ઉપર અને અંગુઠો મથાળે, નીચે હોય અને મુઠીવાળે નહી.

**મસ્અલા :** (૩૮) દાંતોની પહોળાઈમાં મિસ્વાક કરે, લંબાઈમાં નહી. ચિત સુઈ રહીને મિસ્વાક ન કરે.

**મસ્અલા :** (૩૯) પ્રથમ જમણી તરફના ઉપરના દાંતમાંજે, પછી ડાબી બાજુના ઉપરના દાંત, પછી જમણી બાજુના નીચેના, પછી ડાબી બાજુના નીચેના, (દાંત સફ કરે)

**મસ્અલા :** (૪૦) જ્યારે મિસ્વાક કરવું હોય ત્યારે તેને ધોઈ લે. એવી જ રીતે મિસ્વાક કરી લીધા પછી (મિસ્વાકને) ધોઈ નાંખે અને જમીન પર પડેલું ન રહેવા દે, બલ્કે ઉભું રાખે અને રેશાનો ભાગ ઉપર રહે તે રીતે રાખે.

**મસ્અલા :** (૪૧) જો મિસ્વાક ન હોય તો આંગળી અથવા જાડા કપડાંથી દાંત માંજી લે, એવી જ રીતે જો દાંત ન હોય તો આંગળી અથવા કપડું મસોડાઓ પર ફેરવી લે.

**મસ્અલા :** (૪૨) મિસ્વાક નમાઝ માટે સુન્નત નથી, બલ્કે વુઝૂ માટે સુન્નત છે. તો જે માણસ એક વુઝુથી અમુક નમાઝો પઢે, તેના માટે દરેક નમાઝ માટે મિસ્વાકનો આગ્રહ નથી, જ્યાં સુધી મોઢામાં દુર્ગંધ ફેલાઇ ગઇ ના હોય. નહી તો તેને દુર કરવા મુસ્તકિલ (દરેક વખત દાતણ કરવું) સુન્નત છે. અલબત જો વુઝુમાં મિસ્વાક કર્યું ન હતું તો હવે નમાઝ વખતે કરી લે.

**મસ્અલા :** (૪૩) પછી ત્રણ ચિલ્લુ પાણીથી ત્રણ કુલ્લીઓ કરે કે, દરેક વખત મુખના દરેક દરેક ભાગમાં પાણી વહી જાય અને રોઝો ન હોય તો ગરગરો કરે.

**મસ્અલા :** (૪૪) પછી ત્રણ ચિલ્લુથી ત્રણવાર નાકમાં પાણી ચઢાવે કે, જ્યાં સુધી નરમ હાડકું હોય છે. દરેકવાર તેના ઉપર પાણી વહી જાય અને રોઝાદાર ન હોય તો નાકની જડ સુધી પાણી પહોંચાડે અને આ બંને કામ જમણા હાથથી કરે. પછી ડાબા હાથથી નાક સાફ કરે.

**મસ્અલા :** (૪૫) મોઢું ધોતી વખતે દાઢીનો ખિલાલ કરે. એહરામની હાલતમાં ખિલાલ ન કરે. ખિલાલ એવી રીતે કરે કે, આંગળીઓ ગરદન તરફથી દાખલ કરે અને સામે કાઢે.

**મસ્અલા :** (૪૬) હાથ પગની આંગળીઓનો ખિલાલ કરે. પગોની આંગળીઓનો ખિલાલ ડાબા હાથની ટચલી આંગળીથી કરે. એવી રીતે કે જમણા પગમાં છેલ્લી આંગળીથી શરૂ કરે અને અંગૂઠા પર ખતમ કરે અને ડાબા પગમાં અંગૂઠાથી શરૂ કરીને છેલ્લી આંગળી પર ખતમ કરે. અને જો ખિલાલ કર્યા વગર પાણી આંગળીઓની અંદરથી વહેતું ન હોય તો ખિલાલ ફર્ઝ છે, અર્થાત ત્યાં પાણી પહોંચાડવું. (ફર્ઝ છે.) જોકે ખિલાલ વગર હોય. દા. ત. ખાડા ખોલીને ઉપરથી પાણી નાંખી દીધું અથવા પગ હોજમાં ડુબાડી દીધા.

**મસ્અલા :** (૪૭) જે અવયવો ધોવાના છે તેમને ત્રણ ત્રણવાર ધુવો. દરેક વખતે એવી રીતે ધુવો કે કોઈ ભાગ ધોયા વગરનો રહી જાય નહી. નહીં તો સુન્નત અદા થશે નહી.

**મસ્અલા :** (૪૮) જો એમ કર્યું કે, પહેલી વખતે થોડુંક ધોવાઈ ગયું અને બીજી વખતે થોડુંક અને ત્રીજી વખત થોડુંક, કે ત્રણ વખતમાં પુરૂં અવયવ ધોવાઈ ગયું તો એક જ વાર ધોવું થયું. અને વુઝુ થઇ જશે. પરંતુ તે ખિલાફે સુન્નત ગણાશે. આમાં ચિલ્લુની ગણત્રી નથી, બલ્કે પુરૂં અવયવ ધોવાની ગણત્રી છે, કે તે ત્રણવાર હોય. ભલે ગમે તેટલા ચિલ્લુઓથી ધોવાય.

**મસ્અલા :** (૪૯) આખા માથાનો એકવાર મસોહ કરવું અને કાનોનો મસોહ કરવું અને તરકીબથી કરવું કે પહેલાં મોઢું પછી હાથ ધુવો પછી માથાનો મસોહ કરો, પછી પગ ધુઓ. જો તરતીબ (ક્રમ) વિરૂદ્ધ વુઝૂ કર્યું અથવા કોઇ બીજી સુન્નત છોડી દીધી તો વુઝૂ થઈ જશે, પરંતુ એકાદવાર આવું કરવું બુરૂં છે. અને સુન્નતે મોઅક્કદાને ત્યજી દેવાની આદત પાડી તો ગુનેહગાર છે. અને દાઢીના જે વાળ મોઢાની હદથી નીચે છે તેનો મસોહ સુન્નત છે અને ધોવું મુસ્તહબ છે. બધા અવયવોને એવી રીતે ધોવા કે પ્રથમવાળો અવયવ સુકાઇ જાય નહી.

## વુઝૂના મુસ્તહબ્બાત :

કેટલાએ મુસ્તહબોનું આનુષંગિક રીતે ઉપર ઉલ્લેખ થઇ ગયો છે, કેટલાક બાકી રહી ગયા તે લખવામાં આવે છે.

**મસ્અલા :** (૫૦) જમણી બાજુથી શરૂઆત કરવું, પરંતુ બંને ગાલ કે આ બંનેને સાથે જ ધોવા. એવીજ રીતે બંને કાનોનો મસોહ સાથે જ થશે. હા, જો કોઇને એક જ હાથ હોય તો મુખ ધોવા અને મસોહ કરવામાં પણ જમણાને અગ્રીમતા આપે, આંગળીઓની પીઠથી ગરદનનો મસોહ કરવું. વુઝુ કરતી વખતે, કાબા તરફ ઊંચી જગ્યાએ બેસવું. વુઝુનું પાણી પાક સ્થળે પાડવું, અને પાણી વહાવતી વખતે અવયવ પર હાથ ફેરવવું. ખાસ કરીને શિયાળાની ઋતુમાં. પહેલાં તેલની જેમ પાણી ચોપડી લેવું, ખાસ કરીને શિયાળામાં. પોતાના હાથે પાણી ભરવું, બીજા સમય માટે પાણી ભરીને મુકી રાખવું. વુઝુ કરવામાં જરૂરત વગર બીજાની મદદ ન લેવી. વિંટીને ફેરવવું જ્યારે કે ઢીલી હોય, કે તેના નીચે પાણી વહી જવાની ખબર પડે. નહી તો, ફરઝ થશે. ઉઝ્ર (કારણ) વાળો ન હોય તો સમયથી પહેલાં વુઝુ કરી લેવું. ઇત્મીનાનથી વુઝુ કરવું. અવામ (લોકો)માં જે મશહુર છે કે વુઝુ જવાન જેવું અને નમાઝ ઘરડાઓ જેવી અર્થાત વુઝૂમાં ઉતાવળ કરો, એવી ઉતાવળ નહી કરવી જોઇએ કે, જેનાથી કોઇ સુન્નત અથવા મુસ્તહબ છુટી જાય. કપડાંઓને ટપકતા ટીપાંઓથી સુરક્ષિત રાખવું. કાનોનો મસોહ કરતી વખતે ભીની આંગળી કાનોના સુરાખમાં દાખલ કરવું. જે માણસ કામિલ રીતે વુઝૂ કરતો હોય કે કોઈ જગ્યા બાકી રહી જતી ન હોય. તેણે ખાડાઓ, ઘુંટીઓ, એડીઓ, તળવાઓ, કુંચાઓ, ખાઇઓ, કહોણીયોનો વિશેષત ખ્યાલ રાખવું મુસ્તહબ છે. અને બેપરવાઈ કરનારાઓને તો ફર્ઝ છે કે, અકસર જોવામાં આવ્યું છે કે આ ભાગો સુકા રહી જાય છે. આ તેમની બેખ્યાલીનું પરિણામ છે. એવું બેખ્યાન-પણું હરામ છે અને ખ્યાન રાખવું ફર્ઝ છે. વુઝુનું વાસણ માટીનું હોય તાંબા વિગેરેનું હોય તો પણ વાંધો નથી, પરંતુ કલઈ કરેલું જોઈએ. જો વુઝુનું વાસણ લોટાના પ્રકારનું હોય તો ડાબીબાજુએ

મુકો અને થાળીના પ્રકારનું હોય, જમણી તરફ મુકો. આફતાબામાં હાથો લાગેલો હોય તો, હાથા ને ત્રણ વાર ધોઈલો, અને હાથ તેના હાથા પર રાખો, તેના મોઢા ઉપર ન રાખો, જમણા હાથથી કુલ્લી કરવું, નાકમાં પાણી નાંખવું, ડાબા હાથથી નાક સાફ કરવું, ડાબા હાથની ટચલી આંગળી નાકમાં નાખવું. પગોને ડાબા હાથથી ધોવું, મુખ ધોવામાં માથાના છેડા ઉપર, એવું ફેલાવીને પાણી નાખવું કે ઉપરનો પણ કેટલોક ભાગ ધોવાઈ જાય.

**ચેતવણી :** કેટલાએ લોકો એમ કરે છે કે, નાક અથવા આંખ અથવા ભ્રમરો પર ચિલ્લુ ભરીને પાણી નાખીને સમગ્ર મોઢા પર હાથ ફેરવી લે છે અને એવું સમજે છે, કે મોઢું ધોવાઈ ગયું. જોકે પાણીનું ઉપર ચઢવું કાંઈ અર્થ ધરાવતું નથી. એવી રીતે ધોવાથી મોઢું ધોવાતું નથી. અને વુઝુ થતું નથી. બંને હાથોથી મોઢું ધોવું, હાથ પગ ધોવામાં આંગળીઓથી શરૂ કરવું. ચહેરા અને હાથ-પગની રોશની વિશાળ કરવું, અર્થાત જેટલી જગ્યા પર પાણી વહાવવું ફર્ઝ છે તેની આસપાસ થોડુંક વધારવું. દા. ત. અડધો હાથ તથા અડધી પિંડલી સુધી ધોવું. માથાના મસાહમાં મુસ્તહબ તરીકો એ છે કે અંગૂઠા અને કલમાની આંગળી સિવાય એક હાથની બાકીની ત્રણ આંગળીઓના છેડા બીજા હાથની ત્રણે આંગળીઓના છેડાથી મેળવે અને પેશાનીના વાળ અથવા ચામડી પર મુકી, ગુદી (ગર્દન ઉપરની જગ્યા : બોચી) સુધી એવી રીતે લઈ જાય કે હથેળીઓ માથાથી અળગી રહે. ત્યાંથી હથેળીઓથી મસોહ કરતા, પાછી લાવો અને કલમાની આંગળીના છેડાથી કાનના અંદરના ભાગમાં મસોહ કરે અને અંગુઠાની પીઠથી કાનના બહાર ભાગનો અને આંગળીઓની પીઠથી ગર્દનનો મસોહ કરે. દરેક અવયવ ધોઈને તેના પર હાથ ફેરવી દેવો જોઈએ કે ટીપાં શરીર પર કે કપડાંઓ પર ટપકે નહી. ખાસ કરીને જ્યારે મસ્જિદમાં જવું હોય કે ટીપાંઓનું મસ્જિદમાં ટપકવું **'મકરૂહે તહરીમી'** છે. બહુ ભારે વાસણથી વુઝૂ ન કરે. ખાસ કરીને કમજોર માણસ કે પાણી અસાવધાનીથી પડશે. જીભથી કહી લેવું કે વુઝૂ કરૂં છું. દરેક અવયવ ધોતી વખતે અથવા મસોહ કરતી વખતે વુઝુની નિય્યત હાજર રહેવું અને બિસ્મિલ્લાહ કહેવું અને દરૂદ અને **અશહદો અલ્લાઈલાહા ઇલ્લલ્લાહો વહદહુ લા શરીક લહુ વ અશહદો અન્ન સૈયેદના મુહમ્મદન અબ્દોહુ વ રસૂલુહ. (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)** અને કુલ્લી વખતે **અલ્લાહુમ્મ અએની અલા તિલાવતિલ કુર્આને વ ઝિકેરિકા વ શુક્રેકા વ હુસ્ને ઈબાદતિકા '** અને નાકમાં પાણી નાંખતી વખતે **અલ્લાહુમ્મ રૂમની રાએહતિલ જન્નતે વલા તુરિહની રાએહતિન્નાર.**

અને મોઢું ધોતી વખતે : **અલ્લાહુમ્મા બૈયિદ વજહી યૌમા તબયદ્દ વુજૂહુંવ વ તસ્વદ્દ વુજૂહ.**

અને જમણો હાથ ધોતી વખતે : **અલ્લાહુમ્મા અઅતિની કિતાબી બે યમીની વ હાસિબ્ની હિસાબંય યસીરા.**

અને ડાબો હાથ ધોતી વખતે : **અલ્લાહુમ્મા લાતુઅતિની કિતાબી બિશિમાલી વલામિંવ વરાએ ઝહરી.**

અને માથાનો મસોહ કરતી વખતે : **અલ્લાહુમ્મા અઝિલ્લની તહત ઝિલ્લે અરશેકા યોમા લાઝિલ્લા ઇલ્લા ઝિલ્લા અરશેકા.**

અને કાનોનો મસોહ કરતી વખતે : **અલ્લાહુમ્મજઅલની મિનલ્લઝીના યસ્તમેઉ નલ-કવલા ફ-યત્તબિઉના અહસન હુ.**

અને ગરદનનો મસેહ કરતી વખતે : **અલ્લાહુમ્મા અઅતિક રકબતી મિનન્નારે.** અને જમણો પગ ધોતી વખતે : **અલ્લાહુમ્મા સબ્બિત કદમી, અલસ્સિરાતિ, યોમા તઝિલ્લુલ અકદામો** : અને ડાબો પગ ધોતી વખતે : **અલ્લાહુમ્મજઅલ ઝમ્બી મગફૂરન વસઅયમ મશકૂરન વ તિજારતી લન તબુર.** પઢે. અથવા આ સઘળી જગ્યાએ દુરૂદ શરીફ જ પઢે. અને એજ અફઝલ છે. વુઝુથી ફારેગ થતાં જ આ દુઆ પઢે. **અલ્લાહુમ્મજઅલ્ની મિન તવ્વાબીના વજઅલ્ની મિનલ મુત તહહેરીન.** અને (વુઝૂનું) વધેલું પાણી ઉભા થઈને થોડુંક પીઇ લે. કારણ કે તે બીમારીઓ માટે શિફા છે. અને આકાશ તરફ મોઢું કરીને : **સુબ્હાનકલ્લાહુમ્મ વ બેહમ્દેક, અશહદો અલ-લાઇલાહા ઈલ્લા અન્ત અસતગફિરૂક વ અતુબો ઈલયક.** અને કલમએ શહાદત અને સૂરએ ઈન્ના અન્ઝલ્ના પઢે. વુઝુના અવયવો જરૂરત વગર લુછે નહી. જો લુછે તો જરૂરત. વગર સુકા ન કરે, થોડાક ભીના રહેવા દે કે, કેયામતના દિવસે હસનાત (નેકીઓ) ના પલ્લામાં તે મુકવામાં આવશે. અને હાથ ઝટકે (ખંખેરે) નહીં કે, (તેમ કરવું) શયતાનનો પંખો છે. વુઝુ પછી (લેંઘાની) મિયાની (ખિસ્સક) પર પાણી છાંટી લે, અને મકરૂહ સમય ન હોય તો બે રકઅત નિફલ નમાઝ પઢે. તેને "તહિય્યતુલ વુઝુ" કહે છે.

## વુઝુમાં મકરૂહો :

(૧) ઓરતના ગુસ્લ અથવા વુઝુ કર્યા પછીના વધેલા પાણીથી વુઝુ કરવું (૨) વુઝુ માટે નાપાક જગ્યાએ બેસવું. (૩) નાપાક જગ્યાએ વુઝુનું પાણી ઢેળવું. (૪) મસ્જિદની અંદર (જમાઅતખાનામાં અથવા સહેનમાં) વુઝુ કરવું. (૫) વુઝૂના અવયવો ઉપરથી લોટા (બદના) વિગેરેમાં પાણીના ટીપાં ટપકાવવું. (૬) પાણીમાં રીંટ અથવા ગળફો નાંખવું (૭) કિબ્લા તરફ થુંક અથવા ગળફો નાંખવું અથવા કુલ્લી (કોગળો) કરવું. (૮) જરૂરત વગર દુનિયાની વાતો કરવું. (૯) (જરૂરતથી) વધારે પાણી વાપરવું. (૧૦) એટલું ઓછું વાપરવું કે સુન્નત અદા ન થાય. (૧૧) મોઢા પર (જોરથી) પાણી મારવું અથવા (૧૨) મોઢા પર પાણી નાંખતી વખતે ફૂંકવું. (૧૩) એક હાથથી મોઢું ધોવું કે રાફજીઓ તથા હિન્દુઓની રીત છે. (૧૪) ગળાનો મસોહ કરવું. (૧૫) ડાબા હાથથી કુલ્લી કરવું. અથવા નાકમાં પાણી ચઢાવવું. (૧૬) જમણા હાથથી નાક સાફ કરવું. (૧૭) પોતાના માટે કોઈ લોટા વિગેરે ખાસ કરી લેવું. (૧૮) ત્રણ નવા પાણીથી ત્રણવાર માથાનો મસોહ કરવું. (એટલે દરેક વાર મસહ કરતી વખતે અલગ પાણીમાં તર કરીને મસહ કરવો તે) જે કપડાંથી ઈસ્તિન્જાનું પાણી સુકવ્યું હોય તેનાથી વુઝૂના અવયવો લુછવું. (૨૦) તડકાના ગરમ પાણીથી વુઝૂ કરવું. (૨૧) હોઠ અથવા આંખો જોરથી બંધ કરવું. અને જો થોડુંક સુકું રહી જાય તો વુઝૂ જ થશે નહિ. દરેક સુન્નતનો ત્યાગ મકરૂહ છે, તેવી જ રીતે દરેક મકરુહનો ત્યાગ સુન્નત છે.

## વુઝુના વિવિધ મસાઈલ :

**મસ્અલા :** (૫૧) જો વુઝુ ન હોય તો નમાઝ, તિલાવતના સિજદા, જનાઝાની નમાઝ અને કુર્આન શરીફને સ્પર્શ કરવા માટે વુઝુ કરવું ફર્ઝ છે.

**મસ્અલા :** (૫૨) તવાફ કરવા માટે વુંઝુ કરવું વાજિબ છે.

**મસ્અલા :** (૫૩) જનાબત ( સંભોગ અથવા સ્વપ્નદોષ ) ના ગુસ્લ થી પહેલાં, અને જનાબત-વાળાએ ખાવા-પીવા, સુઇરહેવા અને અઝાન તથા ઈકામત અને જુમ્આ તથા બન્ને ઈદોના ખુત્બા અને રસૂલેકરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝા મુબારકની ઝિયારત અને અરફાના વુકૂફ અને સફા તથા મરવા વચ્ચે સઈ માટે વુઝુ કરી લેવું સુન્નત છે.

**મસ્અલા :** (૫૪) સુઈ રહેવા માટે અને સુઈ રહ્યા પછી, અને જુમ્આથી પહેલાં અને જ્યારે ગુસ્સો આવી જાય ત્યારે અને મૌખિક કુર્આન પઢવા માટે અને હદીસ અને ઈલ્મેદીન પઢવા-પઢાવવા અને જુમ્આ તથા ઇદોના ખુત્બાઓ સિવાય બાકીના ખુત્બાઓ માટે. અને દીની કિતાબોને સ્પર્શ કરવા માટે અને સતરેગલીઝ ( શર્મગાહનું સ્થળ ) ને સ્પર્શ કર્યા પછી, અને જૂઠ બોલ્યા પછી, ગાળ બોલ્યા પછી, ફહશ ( અશ્લીલ ) શબ્દો કાઢયા પછી, કાફિર સાથે બદન ઘસડાઈ ગયા પછી, સલીબ ( ક્રોસ ) અથવા બુત ( મૂર્તિ ) ને અડકયા પછી, કોઢવાળા ( રક્તપિત્તિયા ) અથવા સફેદ દાગ વાળાને અડકયા પછી અથવા બગલ ખંજવાળવાથી, કે જ્યારે કે તેમાં દુર્ગંધ હોય, ગીબત કર્યા પછી, અટહાસ્ય કર્યા પછી, વાહિયાત પંકતિઓ પઢયા પછી, અને ઉંટનું માંસ ખાધા પછી, કોઈ સ્ત્રીના શરીરથી પોતાનું શરીર, વચ્ચે કોઈ વસ્તુનીઆડવગર, મસ ( સ્પર્શ ) થઈ ગયા પછી, અને બાવુઝુ શખ્સનું નમાઝ પઢવા માટે, આ સઘળી સ્થિતિમાં વુઝુ કરવું મુસ્તહબ છે.

**મસ્અલા :** (૫૫) જ્યારે વુઝુ તુટી જાય ત્યારે વુઝુ કરી લેવું મુસ્તહબ છે.

**મસ્અલા :** (૫૬) ના બાલિગ પર વુઝુ ફર્ઝ નથી, પરંતુ તેમને વુઝુ કરાવવું જોઈએ કે, જેથી આદત પડે અને વુઝુ કરતા શીખી જાય, ત્યા વુઝુના મસાઇલથી જાણકાર થઇ જાય.

**મસ્અલા :** (૫૭) બદનાનું નાળચું એટલું, સાંકડું ન હોય કે મુશ્કેલીથી પાણી પડે અને એટલું પહોળું ન હોય કે જરૂરત કરતાં વધારે પાણી પડે. બલ્કે વચગાળાનું નાળચું હોય.

**મસ્આલા :** (૫૮) ચિલ્લુ ( હથેળી ) માં પાણી લેતી વખતે ખ્યાલ રાખોકે, પાણી ભોંયપર પડે નહી, કેમકે તે ઈસરાફ ( ફુઝુલ ખર્ચી ) થશે. એવી જ રીતે જે કામ માટે ચિલ્લુમાં પાણીલો તો તેનો અંદાઝો રાખો, જરૂરત કરતાં વધારે નલો, દા. ત. નાકમાં પાણી નાંખવા માટે અડધું ચિલ્લું કાફી છે. તો પુરૂં ચિલ્લુ ન ભરો કે તે ઈસરાફ ( ફુઝુલ ખર્ચ ) ગણાશે. ( જરૂરતથી વધારે વાપરવું તેને ઇસ્રાફ કહે છે-અનુ. )

**મસ્અલા :** (૫૯) હાથ-પગ, છાતી-પીઠ પર વાળ હોય તો હરતાલ ( મોરથુથુ ) વિગેરેથી સાફ કરી નાંખે અથવા (કતરાવી) લે. નહી તો પાણી વધારે વપરાશે.

**ફાયદો :** દુલ્હાન એક શયતાનનું નામ છે. જે વુઝુમાં વસવસો નાંખે છે. તેના વસવસાથી બચવા માટેની ઉત્તમ યુક્તિઓ આ છે. (૧) રૂજૂઅ ઈલલ્લાહ તથા (૨) અઉઝુબિલ્લાહ (૩) **વલા હવલા વલા કુવ્વતા ઈલ્લાબિલ્લાહ** (૪) તથા **સુરએનાસ** અને (૫) **આમન્તો બિલ્લાહે વર-સૂલેહ** અને (૬) **"હુવલ અવ્વલો વલ આખિરો વઝ્ઝાહિરો વલ બાતિનો વહોવા બિકુલ્લે શૈઈન અલીમ"** અને (૭) **સુબ્હાનલ મલેકિલ-ખલ્લાકે ઇંય-યશા યુઝહિબ્કુમ વ યા'તે બે ખલ્કીન જદીદ, વમા ઝાલેકા અલલ્લાહે બેઅઝીઝ.** પઢવું કે વસવસા મૂળમાંથી કપાઈ જશે. અને (૮) વસવસાનો બિલકુલ ખ્યાલ ન કરવું બલ્કે તેની વિરૂદ્ધ કરવું, પણ વસવસાને નિર્મૂળ કરે છે,

# વુઝુ તોડનાર ચીઝોનું બયાન :

મસ્અલા : (૬૦) પાખાના, પેશાબ, વદી, મઝી, (શહવત વખતે નીકળતું ચિકણું પદાર્થ) મની (વીર્ય), કીડા (જીવડાં), પથરી પુરુષ અથવા સ્ત્રીના આગળ (પેશાબની જગ્યા) અથવા પાછળ (જાજરૂની જગ્યા) થી નીકળે, તો વુઝૂ તુટી જશે. ( મની-વીર્ય જે શહવત સાથે ઉછાળા સાથે નીકળે તે )

મસ્અલા : (૬૧) જો પુરૂષની ખતના થઈ નથી અને છિદ્રથી આ ચીઝો પૈકી કોઇ ચીઝ નીકળી પરંતુ હજુ ખતનાની ચામડીના અંદરજ છે, તોપણ વુઝૂ તુટી ગયું.

મસ્અલા : (૬૨) એવી જ રીતે સ્ત્રી ( યોનિ ) ના છિદ્રથી નીકળે, પરંતુ હજુ ( યોનિના ) ઉપરવાળી ચામડીના અંદરજ છે, તો પણ વુઝૂ તુટી ગયું..

મસ્અલા : (૬૩) સ્ત્રીની યોનિમાંથી જે ખાલીસ ( શુદ્ધ ) રતૂબત ( પદાર્થ ), લોહીના મિશ્રણ વગર નીકળે છે તો તે વુઝૂને તોડનાર નથી. જો તે કપડાંને લાગી જાય તો પણ કપડું પાક છે.

મસ્અલો : (૬૪) પુરૂષ અથવા સ્ત્રીના પાછળના ભાગમાંથી હવા નીકળી તો વુઝુ તુટીગયું.

મસ્અલો : (૬૫) પુરૂષ અથવા સ્ત્રીના આગળના ભાગમાંથી હવાનીકળી અથવા પેટમાં એવો ઝખમ થઈ ગયો કે ઝિલ્લી ( હોજરી ) સુધી પહોંચ્યો, તેનાથી હવાનીકળી તો વુઝુ તુટશે નહી.

મસ્અલો : (૬૬) સ્ત્રીના બંને સ્થાનો (યોનિ તથા જાજરૂની જગ્યા )નો પડદો ફાટી જવાને કારણે એક થઈ ગયા, તો તેને જ્યારે વાયુ (પાદણુ) આવે ત્યારે સાવધાની એ છેકે વુઝુ કરે, જો કે એ સંભાવના હોય કે આગળથી ( યોનિથી ) નીકળ્યું હશે.

મસ્અલો : (૬૭) જો પુરૂષે ( પોતાના ) પેશાબના છિદ્રમાં કોઈ વસ્તુ નાખી પછી તે તેમાંથી નીકળી ગઈ, તો વુઝુ તુટશે નહી.

મસ્અલો : (૬૮) (દવાની) પીચકારી (એનીમા) ચઢાવી અને દવા બહાર નીકળી ગઈ અથવા કોઇ ચીઝ પાખાના ના સ્થળમાં નાંખી અને બહાર નીકળી ગઇ તો વુઝુ તુટી ગયું.

મસ્અલો : (૬૯) પુરૂષે (પોતાની) ઈન્દ્રીના છિન્દ્રમાં (રતું)પુમડું મુકયું અને તે ઉપરથી સુકું છે, પરંતુ જયારે કાઢયું ત્યારે ભીનું નીકળ્યું તો કાઢતાં જ વુઝુ તુટી ગયું. એવી જ રીતે સ્ત્રીએ (યોનિમાં) કપડું મુકયું અને યોનિના બહારના ભાગમાં તે કપડાં પર કોઈ અસર નથી, પરંતુ જયારે કાઢયું તો લોહી અથવા કોઇ બીજી નાપાકીથી તર નીકળ્યું, તો હવે વુઝુ જતું રહ્યું. ( એટલે વુઝુ તુટી ગયું. )

મસ્અલા : (૭૦) લોહી અથવા પીપ અથવા પીળું પાણી કયાંકથી નીકળીને વહ્યું અને તે વહેવામાં એવા સ્થળે પહોંચવાની યોગ્યતા હતી, જેવું વુઝૂ અથવા ગુસ્લમાં ધોવું ફર્ઝ છે, તો વુઝૂ તુટી ગયું. જો કેવળ ચમકયું અથવા ઉપસ્યું અને વહ્યું નહી, જેવું કે સોયની અણી અથવા ચપ્પુનો છેડો વાગી ગયો હોય અને લોહી ઊપસી આવે છે કે, ચમકે છે. અથવા ખિલાલ કર્યું અથવા મિસ્વાક કર્યું અથવા આંગળીથી દાંત માંજ્યા અથવા દાંતથી કોઈ વસ્તુ કાપી અને તેના ઉપર લોહીની અસર દેખાઇ અથવા નાકમાં આંગળી નાંખી અને તેના ઉપર લોહીની લાલાશ આવી ગઇ, પરંતુ તે લોહી વહેવા યોગ્ય ન હતું તો વુઝૂ તુટયું નહી.

મસ્અલા : (૭૧) અને જો લોહીવહ્યું, પરંતુ એવા સ્થળે વહીને આવ્યું નથી, જેનું ધોવું ફર્ઝ હોય તોવુઝૂ તુટયું નહી. દા.ત. આંખમાં કણુ હતો અને તુટીને આંખમાં જ ફેલાઈ ગયો અને બહાર નીકળ્યો

નહી, અથવા કાનની અંદર કણો ફુટયો અને તેનું પાણી છિદ્રમાંથી બહાર નીકળ્યું નહીં તો આ હાલતોમાં વુઝૂ બાકી છે.

**મસ્અલા :** (૭૨) ઝખમ (ઘા)માં ખાડો પડી ગયો અને તેમાંથી કોઈ રતુબત ચમકી, પરંતુ વહી નહી, તો વુઝૂ તુટયું નહી.

**મસ્અલા :** (૭૩) ઝખમમાંથી રક્ત વિગેરે નીકળતું રહ્યું અને તે વારંવાર લુછતો રહ્યો કે, વહેવાનો પ્રસંગ આવ્યો નહી, તો વિચાર કરે કે, જો લુછતો તો વહી જાત કે નહી? જો વહી જાત તો વુઝૂ તુટી ગયું. નહી તો તુટયું નહી. એવી રીતે જો માટી અથવા રાખ નાખી નાખીને સુકવતો રહયો. તેનો પણ એજ હુકમ છે.

**મસ્અલો :** (૭૪) ફોડલાં અથવા ફુણસીને દબાવવાથી લોહી વહયું., જોકે એવું થાય કે દબાવે નહી તો વહેતું નહી, તો પણ વુઝૂ તુટી ગયું.

**મસ્અલા :** (૭૫) આંખ, કાન, ડુંટી, સ્તન વિગેરેમાં દાણો (કણ) અથવા નાસૂર અથવા કોઈ બીમારી હોય, તેના કારણે જે અશ્રુ અથવા પાણી વહે, વુઝૂ તોડી નાંખશે.

**મસ્અલા :** (૭૬) ઝખમ અથવા નાક અથવા કાન અથવા મોઢામાંથી જંતુ અથવા ઝખમમાંથી કોઈ માંસનો ટુકડો (જેના પર લોહી અથવા પીપ, કોઇ નાપાક પદાર્થ જે વહેવા યોગ્ય ન હતું) કપાઇને પડયું તો વુઝૂ તુટશે નહી.

**મસ્અલો :** (૭૭) કાનમાં તેલ નાંખ્યું હતું અને એક દિવસ પછી કાન અથવા નાકમાંથી નીકળ્યું, તો વુઝૂ તુટશે નહી. એવી જ રીતે જો મોઢામાંથી નીકળ્યું તો પણ વુઝૂને તોડશે નહિ. હા, જો એ ખબર હોય કે દિમાગમાંથી ઉતરીને હોજરીમાં ગયું અને હોજરીમાંથી આવ્યું છે, તો વુઝૂ તુટી જશે.

**મસ્અલા :** (૭૮) ફોડલો ફોડી નાંખ્યો જો તેમાંનું પાણી વહી ગયું, તો વુઝૂ તુટી ગયું અને વહયું નહીં તો વુઝૂ તુટયું નહી.

**મસ્અલા :** (૭૯) મુખમાંથી લોહી નીકળ્યું, જો થુંક પર લોહી ગાલિબ છે તો વુઝૂ તોડી નાંખશે. નહી તો નહી. (એટલે થુંક પર જો લોહી ગાલિબ ના હોય તો, વુઝૂ તુટશે નહિ.)

**ફાયદા :** ગલ્બાની ઓળખ એવી રીતે છે કે થુંકનો રંગ જો રક્તવર્ણો થઈ જાય તો લોહી ગાલિબ (વધારે છે તેમ) સમજવામાં આવે અને જો પીળું હોય તો લોહી મગલૂબ (પરાસ્ત : ઓછું છે તેમ સમજવામાં આવે) છે.

**મસ્અલા :** (૮૦) જોંક (પાણીનું એક જંતુ છે) અથવા મોટી કિલ્લી એ લોહી ચુસ્યું અને એટલું પી લીધું કે જો ખુદ નીકળતું તો વહી જાત તો આવી હાલતમાં વુઝૂ તુટી ગયું. નહી તો નહી. (એટલે પોતે નીકળીને વહી જતું નહિ, તો વુઝૂ તુટશે નહિ.)

**મસ્અલો :** (૮૧) જો નાની કિલ્લી અથવા જૂ, માંકડ, મચ્છર, માખી, ઝેરી જંતુએ લોહી ચુસ્યું તો વુઝૂ જશે નહીં.

**મસ્અલા :** (૮૨) નાક સાફ કર્યું, તેમાંથી જામી ગએલું લોહી નીકળ્યું તો વુઝૂ તુટયું નહી.

**મસ્અલા :** (૮૩) નારૂ (વાળા) માંથી રતુબત (પીપ વિ.) વહે તો વુઝૂ તુટી જશે અને દોરો નીકળ્યો તો વુઝૂ બાકી છે.

**મસ્અલા :** (૮૪) આંધળાની આંખમાંથી જે રતુબત બીમારીના કારણે નીકળે છે, તે વુઝૂને તોડી નાખે છે.

**મસ્અલા :** (૮૫) મોઢું ભરીને ઉલ્ટી જો ખાવાની વસ્તુ અથવા પાણી અથવા સફરા (પિત્ત) ની થાય તો વુઝૂ તુટી જશે.

**નોટ :** મોઢું ભરીને ઉલ્ટીનો એ અર્થ છે કે, તેને સ્વભાવિક રીતે રોકી શકતો ન હોય. (એટલે રોકવા માગતો હોય તો, પણ રોકાય નહિ. અનુ.)

**મસ્અલા :** (૮૬) બલ્ગમ (કફ)ની ઉલ્ટી વુઝૂ તોડતી નથી. ભલે ગમે તેટલી ઉલ્ટી થાય.

**મસ્અલા :** (૮૭) વહેતા લોહીની ઉલ્ટી વુઝૂ તોડી નાંખે છે. જ્યારે કે થૂંકથી મગલૂબ ન હોય. અને જામેલું લોહી છે તો વુઝૂ તુટશે નહી, જ્યાં સુધી કે મોઢું ભરીને ન હોય.

**મસ્અલા :** (૮૮) પાણી પીધું અને હોજરીમાં ઉતરી ગયું. હવે એજ પાણી સાફ-ચોખ્ખી ઉલ્ટીમાં આવ્યું, જો મોઢું ભરીને છે તો વુઝૂ તુટી ગયું, અને તે પાણી નાપાક છે. અને જો છાતી સુધી પહોંચ્યું હતું કે, ઉબકો આવ્યો અને નીકળી ગયું તો તે નાપાક પણ નથી અને તેનાથી વુઝૂ તુટશે નહિ.

**મસ્અલા :** (૮૯) જો થોડી થોડી અનેકવાર ઉલ્ટી થઈ કે તેનો મજમુઓ (જથ્થો) મોઢું ભરીને છે, અને એકજ ઉબકાથી છે તો વુઝૂ તોડી નાંખશે. અને જો ઉબકો જતો રહ્યો અને તેની કોઇ અસર રહી નહી, પછી નવા નામથી ઉબકો શરૂ થયો અને ઉલ્ટી થઈ અને બંને વખતની અલગ અલગ મોઢું ભરીને નથી, પરંતુ બંનેને એકત્ર કરવામાં આવે તો મોઢું ભરીને થઈ જાય, તો તે વુઝૂને તોડનાર નથી. પછી જો તે એકજ બેઠકમાં છે, તો વુઝૂ કરી લેવું બેહતર છે.

**મસ્અલા :** (૯૦) ઉલ્ટીમાં જો કેવળ જંતુઓ અને સાંપોલીયા નીકળ્યા તો વુઝૂ જશે નહી. અને જો તેની સાથે કાંઇ રતુબત પણ છે, તો દેખીશું કે, મોં ભરીને છે કે નહી. જો મોં ભરીને છે તો નાકિઝ (વુઝૂને તોડનારી) છે. નહી, તો નહી. (એટલે મોઢું ભરીને-રતુબતવાળી ઉલ્ટી નથી, તો આવી હાલતમાં વુઝૂ તુટશે નહિ. —અનુ.)

**મસ્અલા :** (૯૧) સુઈ જવાથી વુઝૂ જતું રહે છે. હા, જો બંને કુલ્હા બરાબર ન જામ્યા હોય અને એવી હાલતમાં (રીતે) ન સુઈ રહયો હોય જે ગાફેલ થઇને નિંદ્રા આવવા માટે અડચણરૂપ હોય. દા. ત. ઉભળક બેસીને સુઈ રહયો અથવા ચિત અથવા પટ અથવા કરવટ (પાસા) પર ઢળીને અથવા એક કોણી પર ટેકો લગાવી અથવા બેસીને સુઈ રહયો, પરંતુ એક પાસા પર ઝૂકેલો કે એક અથવા બંને કુલા (નિતમ્બ) ઉંચા હોય અથવા ઉઘાડી પીઠ પર સવાર છે અને જાનવર ઢાળમાં ઉતરી રહયું છે. અથવા ઊભા પગે બેસ્યો અને પેટ સાથળો પર મુકયું કે બંને નિતંબ જામેલા રહયા નહિ અથવા પલાંઠી વાળીને બેસ્યો છે અને માથું સાથળો પર અથવા પિંડલીઓ પર છે અથવા જેવી રીતે સ્ત્રીઓ સિજ્દો કરે છે એવા સ્વરૂપે સુઇ ગયો, આ સઘળી સ્થિતિમાં વુઝૂ જતું રહયું.

અને જો નમાઝમાં આ સ્થિતિઓમાંથી કોઈ સ્થિતિ પર સ્વેચ્છાએ સુઈ રહયો. તો વુઝૂ પણ ગયું અને નમાઝ પણ ગઈ. વુઝૂ કરીને ફરીથી નિય્યત બાંધે અને અનિચ્છાએ સુઇ રહયો તો વુઝૂ જતું રહયું, પરંતુ નમાઝ ગઈ નહી. વુઝૂ કરીને જે રૂકનમાં સુઇ રહયો હતો ત્યાંથી અદા કરે અને નવા નામથી (ફરીથી) નમાઝ પઢવું બેહતર છે.

**મસ્અલા :** (૯૨) બંને નિતંબ ઝમીન અથવા ખુરશી અથવા બેંચ પર છે અને બંને પગો એક બાજુએ લાંબા કરેલા છે અથવા બંને નિતંબ પર બેઠેલો છે અને ઘુંટણ ઉભા છે અને હાથ પીંડલીઓ પર બાંધેલા હોય ભલે જમીન પર હોય. ઉભા પગે સીધોબેસ્યો હોય કે પલાંઠી વાળીને અથવા જમીન પર સવાર હોય, અથવા ઉઘાડી પીઠ પર સવાર છે, પરંતુ જાનવર ચઢાઈ પર ચઢી રહ્યું છે, અથવા રસ્તો સમતલ છે અથવા ઉભા ઉભા સુઈ ગયો અથવા રૂકુઅની હાલતમાં અથવા પુરૂષોના મસનૂન સિજદાના સ્વરૂપે, તો આ સઘળી હાલતમાં વુઝૂ જશે નહી. અને નમાઝમાં જો આ સ્થિતિઓ પેશ આવે તો વુઝૂ જશે નહિ અને નમાઝ પણ જશે નહિ. હા ! જો સમગ્ર રૂક્ન ઉંઘમાં જ અદા કર્યું તો તેનું પુનરાવર્તન જરૂરી છે. અને જો જાગૃત અવસ્થામાં આરંભ કર્યો પછી ઊંઘી ગયો તો જાગૃત અવસ્થામાં બકદ્રે કિફાયત (જરૂર પ્રમાણે) અદા કરી લીધી છે તો એજ કાફી છે. નહી તો પુરી કરી લે.

**મસ્અલા :** (૯૩) જો તે સ્વરૂપે સુઈ રહયો જેમાં વુઝૂ જતું નથી અને નિંદ્રાની અંદર તે સ્થિતિ પેદા થઈ ગઇ જેનાથી વુઝૂ જતું રહે છે. તો જો તત્કાળ વિલંબ વગર જાગૃત થઈ ગયો તો વઝૂ ગયું નહીં. નહિં તો જતું રહયું. (એટલે વિલંબ કર્યા પછી જાગૃત થયો તો, વઝૂ તુટી જશે.—અનુ.)

**મસ્અલા :** (૯૪) ગરમ તન્નૂર (ભઠ્ઠી) ના કિનારે પગ લટકાવી બેઠા બેઠા ઊંઘી ગયો તો (ફરી વાર) વુઝૂ કરી લેવું મુનાસિબ છે.

**મસ્અલા :** (૯૫) બીમાર લેટીને નમાઝ પઢતો હતો કે નિંદ્રા આવી ગઇ તો વુઝૂ જતું રહ્યું.

**મસ્અલા :** (૯૬) બેઠા બેઠા ઝોકા ખાવાથી કે ઉંઘવાથી વુઝૂ તુટતું નથી.

**મસ્અલા :** (૯૭) ઝૂમીને પડી ગયો અને તરત જ આંખ ખુલી ગઈ, વુઝૂ ન ગયું.

**મસ્અલા :** (૯૮) નમાઝ વિગેરેના ઈન્તેઝારમાં કેટલીક વખત નિંદ્રાનો ગલ્બો થાય છે અને પોતે દફા કરવા ચાહે છે, તો કેટલીકવાર એવો ગાફેલ થઈ જાય છે કે તે વખતે જે વાત થઈ તેની તેને સાવ ખબર નથી, બલ્કે બે ત્રણ અવાઝ લગાવવાથી આંખ ઉઘડી અને પોતાના ખ્યાલમાં એમ સમજે છે કે, ઊંઘ્યો ન હતો. તેના આ ખ્યાલનો એતબાર નથી. જો વિશ્વસ્ત માણસ કહે કે, તું ગાફિલ હતો અને તને બોલાવ્યો હતો તો જવાબ ન આપ્યો, અથવા જે વાતો થઈ તે પૂછવામાં આવે અને તે તેના વિષે બતાવી ન શકે, તો તેના પર વુઝૂ કરવું લાઝિમ છે.

**નોટ :** અંબિયા અલયહિમુસ્સલામનું ઉંઘવું નાકિઝે વુઝૂ નથી, (વુઝૂ તોડશે નહિ) તેમની આંખો સુઇ રહે છે, પરંતુ દિલ જાગૃત રહે છે. નિંદ્રા સિવાયના બીજા નાકિઝો (વુઝૂ તોડનારી બાબતો)થી અંબિયા અલયહિમુસ્સલામનું વુઝૂ તુટી જાય છે કે નહી, તેમાં મતભેદ છે, સહીહ એ છે કે વુઝૂ જતું રહે છે. **તેમની અઝમતે શાનના લીધે** તુટી જાય છે, નજાસતના કારણે નહિ. કારણ કે તેમના ફુઝલાતશરીફા (મળ-મુત્ર) તૈયબ તથા તાહિર ( શુદ્ધ-પવિત્ર ) છે. જેનું ખાવું-પીવું અમારા માટે હલાલ અને બરકતના કારણરૂપ છે.

**મસ્અલા :** (૯૯) બેહોશી તથા ઉન્માદ અને મુર્છા અને એટલો નશો કે, ચાલવામાં પગો લથડાય તે નાકિઝે વુઝૂ છે. (તેનાથી વુઝૂ તુટી જશે-અનુ.)

**મસ્અલા :** (૧૦૦) બાલિગનું અટ્ટહાસ્ય અટલે કે એટલા અવાઝથી હસવું કે, આસપાસવાળા સાંભળે. જો તે જાગૃતાવસ્થામાં રૂકુઅ-સિજદાવાળી નમાઝમાં હોય, તો વુઝૂ તુટી જશે. અને નમાઝ (પણ) ફાસિદ થઈ જશે.

**મસ્અલા :** (૧૦૧) જો નમાઝની અંદર ઉંઘમાં અથવા જનાઝાની નમાઝ અથવા તિલાવતના સિજદામાં અટહાસ્ય કર્યું તો વુઝૂ તુટશે નહી. પરંતુ તે નમાઝ અથવા સિજદો ફાસિદ થઈ જશે.

**મસ્અલા :** (૧૦૨) અને જો એટલા અવાઝથી હસ્યો કે, ખુદ તેણે સાંભળ્યુ, પાસવાળાઓએ સાંભળ્યું નહી, તો વુઝૂ જશે નહી. પરંતુ નમાઝ જતી રહેશે.

**મસ્અલા :** (૧૦૩) જો સ્મિત કર્યું કે દાંત દેખાયા. અવાઝ સાવ નીકળ્યો નહી, તો તેનાથી ન નમાઝ જશે ન વુઝૂ જશે.

**મસ્અલા :** (૧૦૪) 'મુબાશરતેફાહેશા' અર્થાત પુરુષ પોતાની ઈન્દ્રીને તીવ્રતાની સ્થિતિમાં સ્રીની યોનીથી અથવા કોઈ પુરુષના ગુદાથી મેળવે અથવા સ્રી-સ્રી પરસ્પર (શર્મગાહ) મેળવે કે વચ્ચે કોઈ વસ્તુ આડમાં ન હોય તો તેનાથી વુઝૂ તુટી જશે.

**મસ્અલા :** (૧૦૫) જો પુરૂષે પોતાની ઈન્દ્રીથી સ્રીની યોનિનો સ્પર્શ કર્યો અને તેની ઈન્દ્રી ઉત્તેજીત ન હતી, તો સ્રીનું વુઝૂ તે સંજોગોમાં પણ જતુ રહેશે. જોકે પુરુષનું વુઝૂ તુટશે નહી.

**મસ્અલા :** (૧૦૬) મોટો ઇસ્તિન્જો ઢેલાથી કરીને વુઝૂ કર્યું, હવે યાદ આવ્યું કે પાણીથી ઇસ્તિન્જો કર્યો ન હતો. તો જો પાણીથી ઇસ્તિન્જો મસનૂન તરીકાથી અર્થાત પગો ફેલાવી, શ્વાસનું જોર નીચે આપી કરશે તો વુઝૂ જતું રહેશે. અને એમજ કરશે તો જશે નહિ. પરંતુ આવી હાલતમાં વુઝૂ કરી લેવું સારું છે. (મોટો ઇસ્તિન્જો જાજરુ ગયા પછી કરે છે તે.)

**મસ્અલા :** (૧૦૭) ફોડલીઓ સાવ સારી થઈ ગઈ. તેની મડદાલ ચામડી બાકી છે. જેમાં ઉપર મોઢું અને અંદર અવકાશ છે. જો તેમાં પાણી ભરાઈ ગયું, પછી દબાવીને કાઢયું તો તેમ કરવાથી ન વુઝૂ જાય ન તે પાણી નાપાક છે. હા ! જો તેની અંદર લોહી વિગેરેની અમુક તરી બાકી છે તો વુઝૂ પણ જતું રેહેશે અને તે પાણી પણ નાપાક છે.

**મસ્અલા :** (૧૦૮) અવામ (લોકો)માં મશહુર છે કે, ઘુંટણ અથવા સતર ખુલવા અથવા પોતાનું કે પારકું સતર દેખાવાથી વુઝૂ જતું રહે છે. તે અર્થહીન વાત છે. હા, વુઝૂના આદાબ પૈકી છે કે, નાફ (ડુંટી) થી સાથળોની નીચે સુધી સઘળું સતર ઢાંકેલું હોય, બલ્કે ઇસ્તિન્જા પછી તુરત જ ઢાંકી લેવું જોઈએ કે, વગર જરુરતે સતર ખુલ્લું રહેવું મના છે. અને બીજાઓની સામે સતર ખોલવું હરામ છે.

# વિવિધ મસાઈલ :

જે રતુબત પદાર્થ માનવીના શરીરમાંથી નીકળે અને વુઝૂ તોડે નહી તે નાપાક નથી. દા. ત. લોહી કે જે વહીને ન નીકળે અથવા થોડીક ઉલ્ટી કે જે મોઢું ભરીને ન હોય, તે પાક છે.

**મસ્અલા :** (૧૦૯) ખુજલી અથવા ફોડલીઓમાં જ્યારે કે વહેનાર રતુબત ન હોય બલ્કે કેવળ ચિપક હોય, તેનાથી વારંવાર અડીને કપડું ભલે ગમે તેટલું સન (કડક થઈ) જાય તે પાક છે.

**મસ્અલા :** (૧૧૦) ઊંઘમાં જે રાળ મોઢામાંથી નીકળે, ભલેને તે પેટમાંથી આવે અને ભલેને તે દુર્ગંધવાળી હોય, તે પાક છે.

**મસ્અલા :** (૧૧૧) મડદાના મોઢામાંથી જે પાણી વહે તે નાપાક છે.

**મસ્અલા** : (૧૧૨) આંખ દુઃખવામાં જે આંસૂ વહે છે તે નાપાક તથા વુઝૂને તોડનારૂં છે. તેનાથી સાવધાની જરૂરી છે.

**નોટ** : આનાથી કેટલાએ લોકો ગાફેલ છે. અકસર દેખવામાં આવ્યું છે કે, ખમીસ વિગેરેથી એવી હાલતમાં આંખો લુછી લે છે અને પોતાના ખ્યાલમાં તેને બીજા આંસૂઓની જેમ સમજે છે. આ તેમની ભૂલ છે. અને જો એવું કર્યું તો કપડું (પણ) નાપાક થઈ ગયું.

**મસ્અલા** : (૧૧૩) દુધ પીતા બાળકે દુધ કાઢી નાંખ્યું. જો તે મોઢું ભરીને છે, તો નાપાક છે. દિરહમ કરતાં વધારે જગ્યામાં જે વસ્તુને લાગી જાય તેને નાપાક કરી દેશે, પરંતુ જો આ દુધ હોજરીમાંથી નથી આવ્યું. બલ્કે છાતી સુધી પહોંચી, પાછું કર્યું (હોય) તો પાક છે.

**મસ્અલા** : (૧૧૪) વુઝૂ દરમિયાન જો હવા સરકી જાય અથવા કોઈ એવી વાત થાય જેનાથી વુઝૂ તુટે છે તો નવા નામથી ફરીથી વુઝૂ કરે. પહેલાં ધોએલા અવયવો ધોયા વગરના થઈ ગયા.

**મસ્અલા** : (૧૧૫) ચિલ્લુમાં પાણી લીધા પછી હદસ (હવા સરકવું વિ.) થયું. તે પાણી બેકાર થઈ ગયું. કોઈ અવયવ ધોવાના કામમાં આવી શકતું નથી.

**મસ્અલા** : (૧૧૬) મોઢામાંથી એટલું લોહી નીકળ્યું કે, થુંક લાલ થઈ ગયું, જો (તે હાલતમાં) લોટા અથવા કટોરાને મોઢે લગાડી કુલ્લી માટે પાણી લીધું તો લોટો-કટોરો અને તમામ પાણી નાપાક થઈ જશે. ચિલ્લુથી પાણી લઈને કુલ્લી કરે અને પછી હાથ ધોઈને કુલ્લી માટે પાણી લે.

**મસ્અલા** : (૧૧૭) જો વુઝૂ દરમિયાન કોઈ અવયવના ધોવામાં શંકા ઉભી થઈ અને આ જીવનનો પ્રથમ બનાવ છે તો તેને ધોઈ લે અને જો અકસર શંકાઓ થયા કરે છે, તો તેની પ્રત્યે ધ્યાન ન આપે. એવી જ રીતે જો વુઝૂ પછી શંકા થઈ તો તેનો કાંઈ ખ્યાલ ન કરે.

**મસ્અલા** : (૧૧૮) જે માણસ વુઝૂ સાથે હતો. હવે તેને શંકા છે કે વુઝૂ છે કે તુટી ગયું. તો (આવી હાલતમાં) વુઝૂ કરવાની તેને જરુરત નથી. હા, કરી લેવું બહેતર છે. જ્યારે કે આ શંકા વસવસાની રીતે થયા ન કરતી હોય. અને જો વસવસો છે તો તેને હરગીઝ ન માને. આ સ્થિતિમાં સાવધાની સમજી વુઝૂ કરવું (તે) સાવચેતી નથી. બલ્કે શયતાન લઈનની તાબેદારી છે.

**મસ્અલા** : (૧૧૯) અને જો બેવુઝૂ હતો, હવે તેને શક છે કે મેં વુઝૂ કર્યું કે નહી, તો તે વુઝૂ વગરનો છે. તેણે વુઝૂ કરવું જરૂરી છે.

**મસ્અલા** : (૧૨૦) એ ખબર છે કે, વુઝૂ માટે બેસ્યો હતો અનેએ યાદ નથી કે, વુઝૂ કર્યું કે નહી, તો તેણે વુઝૂ કરવું જરુરી નથી.

**મસ્અલા** : (૧૨૧) એ યાદ છે કે પાયખાના અથવા પેશાબ માટે બેસ્યો હતો. પરંતુ એ યાદ નથી કે જાજરુ પેશાબ કર્યું કે નહી, તો (આવી હાલતમાં) તેના પર વુઝૂ કરવું ફર્ઝ છે.

**મસ્અલા** : (૧૨૨) એ યાદ છે કે, કોઈ અવયવ ધોયા વગરનો રહી ગયો છે. પરંતુ ખબર નથી કે તે કયો અવયવ હતો તો ડાબો પગ ધોઈ લે.

**મસ્અલા** : (૧૨૩) ચ્યાંની (ખિસ્તક) માં તરી (ભીનાશ) દેખી, પરંતુ એ ખબર નથી કે, પાણી છે કે પેશાબ. તો જો જીવનનો આ પહેલો પ્રસંગ છે, તો વુઝૂ કરીલે અને તે જગ્યાને ધોઇ લે. અને જો વારંવાર આવી આશંકાઓ થાય છે તો તેની પ્રત્યે ધ્યાન ન આપે, (કેમકે) આ શયતાની વસવસા છે.

# ગુસ્લનું બયાન:

અલ્લાહ ત્આલા ફરમાવે છે : "વ ઈન કુન્તુમ્ જોનોબન ફત્તહહરૂ." (અર્થ : જો તમે જનાબતવાળાં છો, તો ખૂબ પાક થઇ જાવ, (અર્થાત ગુસ્લ કરો) અને અલ્લાહ ત્આલા ફરમાવે છે : "હત્તા યત્હુર્ન." (અર્થ : ત્યાં સુધી કે, તે હૈઝવાળી ઓરતો સારી રીતે પાક થઈ જાય.) અને અલ્લાહ આલા ફરમાવે છે : યા ઐયોહલ્લઝીના આમનૂ લાતકરબુસ્સલાત વ અન્તુમ સોકારા હત્તા તઅલમૂ મા તકૂલૂન વલા જોનોબન ઈલ્લા આબેરી સબીલિન હત્તા તગ્તસેલૂ."

(અર્થ : હે ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝની નજીક ન જાવ, ત્યાં સુધી જે કહો છો તેને સમજવા લાગો. અને જનાબતની હાલતમાં જ્યાં સુધી ગુસ્લ ન કરી લો (નમાઝ ન પઢો.) પરંતુ સફરની હાલતમાં કે ત્યાં પાણી ન મળે તો ગુસ્લના બદલે તયમ્મુમ છે)

(નોટ : જનાબત એટલે જે કૃત્યથી ગુસ્લ કરવું ફર્ઝ થઈ જાય. દા. ત. હમબિસ્તરી, સ્વપ્નદોષ, વિગેરે, એ બાબતોથી ગુસ્લ ફર્ઝ થઈ જાય છે. -અનુ.)

**હદીસ :** (૧) સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાની રિવાયત છે કે, રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે જનાબતનું ગુસ્લ કરતા તો આરંભ એવી રીતે કરતા કે, પહેલાં હાથ ધોતા, પછી નમાઝ જેવું વુઝૂ કરતા પછી આંગળીઓ પાણીમાં નાંખી તેનાથી વાળોના મૂળીયાં તર કરતા, પછી માથા ઉપર ત્રણ લપ (ખોબા) પાણી નાખતા પછી સઘળી ત્વચા (શરીર) પર પાણી વહાવતા.

**હદીસ :** (૨) ઉપરોક્ત કિતાબોમાં હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે, ઉમ્મુલમોઅમેનીન હઝરત મયમૂના રદીયલ્લાહો અન્હાએ ફરમાવ્યું કે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના નહાવા માટે મેં પાણી મુકયું અને કપડાંનો પડદો કર્યો. હુઝૂરે હાથો પર પાણી નાંખ્યું અને તેમને ધોયા પછી પાણી નાંખી હાથોને ધોયા, પછી જમણા હાથથી ડાબા હાથ પર પાણી નાંખ્યું, પછી ઈસ્તિન્જો કર્યો. પછી હાથ જમીન પર ઠોકી, મસળ્યા અને ધોયા, પછી કુલ્લી કરી નાકમાં પાણી નાંખ્યું અને મોઢું અને હાથ ધોયા પછી માથા ઉપર પાણી નાંખ્યું અને તમામ બદન પર વહાવ્યું. પછી તે જગ્યાએથી ખસીને પગ મુબારક ધોયા, તે પછી મેં (બદન લુછવા માટે) એક કપડું આપ્યું તો હુઝૂરે લીધું નહી અને હાથ ખંખેરતા (આપ) બહાર આવી ગયા.

**હદીસ :** (૩) બુખારી તથા મુસ્લિમમાં ઉમ્મુલમોઅમેનીન હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહોઅન્હાની રિવાયત છે કે, અન્સારની એક ઓરતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને હયઝ પછી નાહવા વિષે પ્રશ્ન પૂછયો : આપે તેણીને ગુસ્લની કેફીયતની તઅલીમ આપી, પછી ફરમાવ્યું કે, સુગંધીદાર એક ટુકડો લઈને તેનાથી તહારત કર, તેણીએ કહ્યું : કેવી રીતે તેનાથી તહારત કરૂં ? આપે ફરમાવ્યું : તેનાથી તહારત કર. તેણીએ પૂછ્યું કેવી રીતે તેનાથી તહારત કરૂં ? આપે ફરમાવ્યું : સુબ્હાનલ્લાહ ! તેનાથી તહારત કર. ઉમ્મુલ મોઅમેનીન હઝરત સિદ્દીકા ફરમાવે છે : મેં તેણીને પોતાની તરફ ખેંચીને કહ્યું કે, તેનાથી (સુગંધીદાર કપડાના ટુકડાથી) લોહીની અસરને સાફ કર.

**હદીસ :** (૪) ઈમામ મુસ્લિમે ઉમ્મુલમોઅમેનીન ઉમ્મે સલમા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી, તે ફરમાવે છે કે મેં અર્ઝ કરી : યારસૂલલ્લાહ ! હું માથાની ચોટી મજબૂત ગુંથું છું, તો શું જનાબતના ગુસ્લ માટે તેને ખોલી નાંખું ? આપે ફરમાવ્યું : નહી ! તારા માટે એજ પુરતું છે કે

માથા ઉપર ત્રણ ખોબા પાણી નાંખે, પછી પોતાની ઉપર પાણી વહાવીલે, (આમ કરવાથી) પાક થઇ જશે. અર્થાત જ્યારે કે વાળોના મુળીયાં તર થઈ જાય અને જો એટલી સખત ગુંથી હોય કે મુળીયાં સુધી પાણી પહોચે નહી, તો ખોલવું ફર્ઝ છે.

**હદીસ** : (૫) અબૂદાઉદ તથા તિરમિઝી તથા ઈબ્નેમાજા, હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. દરેક વાળની નીચે જનાબત છે તો વાળ ધુવો અને ચામડીને સાફ કરો.

**હદીસ** : (૬) અબૂદાઉદે હઝરતઅલી રદીયલ્લાહો અનહોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે: જે માણસ જનાબતના ગુસ્લમાં એક વાળ જેટલી જગ્યા ધોયા વગર છોડી દેશે, તો તેની સાથે અગ્નિથી એવું એવું કરવામાં આવશે. (અર્થાત અઝાબ આપવામાં આવશે) હઝરત અલી રદીયલ્લાહો અન્હો ફરમાવે છે : તેના લીધે મેં મારા મસ્તક (માથા) સાથે દુશ્મની કરી લીધી. ત્રણ વખત એમજ ફરમાવ્યું. (અર્થાત-માથાનાવાળ મુંડાવી નાંખ્યા કે, વાળોના કારણે કોઈ જગ્યા સુકી રહી જાય નહી.)

**હદીસ** : (૭) અસ્હાબે સુનને અર્બઅએ, ઉમ્મુલમોમેનીન હઝરત આઇશા સદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરીકે, તેઓ ફરમાવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ગુસ્લ પછી વુઝૂ કરતા ન હતા.

**હદીસ** : (૮) અબૂદાઉદે હઝરત યઅલા રદીયલ્લાહો અનહોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એક માણસને (ખુલ્લા) મેદાનમાં નહાતો દેખ્યો. પછી મિમ્બર પર તશરીફ લઈ જઇને, હમ્દે ઈલાહી તથા સના પછી ફરમાવ્યું : અલ્લાહ તઆલા હયા કરનાર અને પરદાપોશ છે. અને પરદો કરવાને દોસ્ત (પ્રિય) રાખે છે. જ્યારે તમારા પૈકી કોઈ ન્હાય તો તેણે પરદો કરવું લાઝિમ છે.

**હદીસ** : (૯) અનેક કિતાબોમાં કસરતથી સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમથી રિવાયત છે કે. હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : "જે અલ્લાહ અને પાછલા દિવસ (કયામત) પર ઇમાન લાવ્યો, હમામમાં તેહબંધ (લુંગી) વગર ન જાય અને જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવ્યો. પોતાની પત્નીને (જાહેર) હમામમાં મોકલે નહી." (આજ કાલ કેટલાક લોકો પોતાની પત્નીઓને સ્નાનાગારમાં અને જાહેર હમામમાં ન્હાવા મોકલે છે, તે આનાથી બોધ ગ્રહણ કરે—અનુ.)

**હદીસ** : (૧૦) ઉમ્મુલ મોમેનીન બીબી આઇશાં સિદ્દીકા રદીયલ્લાહો અન્હાએ (જાહેર) હમામમાં જવાનો પ્રશ્ન પૂછ્યો, તો આપે ફરમાવ્યું : ઓરતો માટે (જાહેર) હમામમાં ખૈર (ભલાઈ) નથી. આપે અર્ઝ કરીઃ તેહબંદ બાંધીને જાય છે. આપે ફરમાવ્યું. જો કે તેહબંદ અને કુરતા (ખમીશ) અને ઓઢણાં સાથે જાય (તો પણ ભલાઈ નથી).

**હદીસ** : (૧૧) સહીહ બુખારી તથા મુસ્લિમમાં રિવાયત છે કે, ઉમ્મુલ મોમેનીન ઉમ્મે સલમા રદીયલ્લાહો અન્હા ફરમાવે છે કે, ઉમ્મે સુલૈમ રદીયલ્લાહો અન્હાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !— અલ્લાહ તઆલા હક્ક બયાન કરવાથી હયા કરતો નથી, તો શું જ્યારે ઓરતને એહતેલામ (સ્વપ્ન દોષ) થાય તો તેણીંએ નહાવું જોઇએ ? આપે ફરમાવ્યું : હા ! જ્યારે કે પાણી (મની-વીર્ય) દેખે. બીબી ઉમ્મે સલમા રદીયલ્લાહો અન્હાએ ઓઢું ઢાંકી લીધું અને અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! શું

સ્ત્રીઓને એહતેલામ થાય છે? આપે ફરમાવ્યુ હા ! જો એવુ ન થાય તો, કયા કારણોસર બાળક, માં ( અમ્મા ) ના અનુરૂપ થાય છે.

**નોટ :** ઉમ્મહાતુલ ઓઅમેનીન ( એટલે હુઝૂરની પુનિત પત્નીઓ, તે મુસલમાનોની મા છે ) ને અલ્લાહ તઆલાએ આપની ખિદમતમાં, હાજરીથી પહેલાં એહતેલામ ( સ્વપ્ન દોષ ) થી સુરક્ષિત રાખ્યાં હતાં. એટલા માટેકે એહતેલામમાં શયતાનનું દખલ છે. અને શયતાની દખલથી ( હુઝુરની ) પવિત્ર પત્નીએ પાક છે. એટલા માટેજ તેમને હઝરત ઉમ્મે સુલૈમના આ પ્રશ્નથી આશ્ચર્ય થયું.

**હદીસ :** (૧૨) અબૂદાઉદ અને તિરમિઝી, હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, પુરૂષ તરી ( ભીનાશ ) દેખે અને એહતેલામ ( સ્વપ્નદોષ ) યાદ ન હોય ( તો શું કરે ? ) આપે ફરમાવ્યું : ગુસ્લ કરે અને તે માણસ માટે પૂછવામાં આવ્યું કે, સ્વપ્નનું યકીન છે, અને તરી ( વીર્યની અસર ) દેખાતી નથી (તો શું કરે). આપે ફરમાવ્યું : તેના પર ગુસ્લ નથી. ઉમ્મે સુલૈમે અર્ઝ કરી : સ્ત્રી તેને દેખે તો તેના પર ગુસ્લ છે ? આપે ફરમાવ્યું : હા ! સ્ત્રીઓ, પુરુષોના અનુરૂપ છે.

**હદીસ :** (૧૩) તિરમિઝીમાં તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. જ્યારે પુરૂષની ખતનાની જગ્યા ( ઇન્દ્રીની ટોચ-સોપારી ) સ્ત્રીની યોનિમાં છુપાઈ જાય તો ગુસ્લ વાજિબ થઈ જશે.

**હદીસ :** (૧૪) સહીહ બુખારી તથા મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો, અન્હોમાથી રિવાયત છે કે, હઝરત ઉમર રદીયલ્લાહો અન્હોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને અર્ઝ કરી કે, તેમને રાતમાં નહાવાની જરૂરત પડી જાય છે. આપે ફરમાવ્યું : વઝુ કરી લો અને ઈન્દ્રીને ધોઈ લો, પછી સુઇ રહો.

**હદીસ :** (૧૫) સહીહ બુખારી મુસ્લિમ શરીફ માં હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે જનાબતની હાલતમાં હોતા અને ખાવા પીવા અથવા સુઈ રહેવાનો ઇરાદો કરતા તો નમાઝ જેવું વુઝુ કરતા.

**હદીસ :** (૧૬) મુસ્લિમમાં અબૂસઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, જ્યારે તમારામાંથી કોઈ પોતાની પત્ની પાસે જઇને ( સોહબત કરીને ) ફરીથી જવા ઈચ્છે તો, વુઝુ કરીલે.

**હદીસ :** (૧૭) તિરમિઝી, ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, હૈઝવાળી અને જનાબતવાળી કુર્આનમાંથી કાંઈ પણ પઢે નહી.

**હદીસ :** (૧૮) અબૂદાઉદે, ઉમ્મુલમોઅમેનીન આઇશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું તે ધરોનું રૂખ ( દિશા ) મસ્જિદથી ફેરવી દો કે હું મસ્જિદને હૈઝ ( વાળાઓ ) અને જનાબત ( વાળાઓ ) માટે હલાલ નથી કરતો. ( એટલે હૈઝ તથા જનાબતની હાલતમાં મસ્જીદમાં જવું હરામ છે. અનુ. )

**હદીસ :** (૧૯) અબૂદાઉદે હઝરત અલી રદીયલ્લાહો અન્હો થી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, મલાએકા ( ફરિશ્તાઓ ) તે ધરમાં જતા નથી, જેમાં તસ્વીર અને કુતરું અને ( કોઈ ) જનાબત વાળું હોય.

**હદીસ :** (૨૦) અબૂદાઉદ અમ્માર બિન યાસિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : ફરિશ્તા ત્રણ વ્યક્તિઓની નજીક થતા નથી. (૧) કાફિરનું મડદું. (૨) ખલૂક ( એક પ્રકારની સુગંધી જે જાફરાન થી બનાવવામાં આવે છે. જે પુરુષો માટે હરામ છે. ) થી રગદોડાએલો, અને (૩) જનાબત વાળો, પરંતુ જો તે વુઝુ કરીલે તો વાંધો નથી.

**હદીસ :** (૨૧) ઈમામ માલિકે રિવાયત કરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જે પત્ર અમ્ર બિન હઝમને લખ્યો હતો, તેમાં, એમ હતું કે, કુર્આનને સ્પર્શ કરે નહી, પરંતુ પાક માણસ. ( પાક માણસ સ્પર્શ કરી શકે છે. )

**હદીસ : (૨૨) ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમે ઇબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે જુમ્આની નમાઝ પઢવા માટે આવે તેણે નહાઈ લેવું જોઇએ.**

## ગુસ્લના મસાઈલ :

ગુસ્લ ફર્ઝ થવાના કારણો પાછળથી લખવામાં આવશે. પ્રથમ ગુસ્લની હકીકત વર્ણવવામાં આવે છે. ગુસ્લના ત્રણ અંશ (વિભાગ) છે. જો તેમનામાંથી એકમાં પણ કમી થઈ તો ગુસ્લ થશે નહી. ભલે એમ કહો કે ગુસ્લમાં ત્રણ ફર્ઝ છે.

(૧) કુલ્લી–કે મોઢાના દરેક ભાગ, ખૂણા, હોઠથી હલક ( શ્વાસ નળી ) ના મુળીયાં સુધી, દરેક જગ્યાએ પાણી વહી જાય. અકસર લોકો એમ જાણે છે કે થોડુંક પાણી મોઢામાં લઈ ને કાઢી નાંખવાને કુલ્લી કહે છે. જીભની જડ અને હલકના કિનારા સુધી ન પહોંચે, તો આવી રીતે ગુસ્લ થશે નહી. અને આવી રીતે ન્હાવા પછી નમાઝ જાઇઝ થશે નહી. કેમકે દાઢોની પાછળ, ગાલોના તળીયામાં, દાંતોના મુળીયાં અને સાંધાઓમાં જીભના દરેક પાસામાં, હલકના કિનારા સુધી પાણી વહાવવું ફર્ઝ છે.

**મસ્અલા : (૧૨૪)** દાંતના મુળીયાં અથવા સાંધાઓમાં કોઈ એવી ચીઝ છે જે પાણી વહેવા ને રોકે, જો ચોંટી ગઈ હોય તો ઉખેડવું જરૂરી છે. તે વખોડવામાં નુકસાન અને વાંધો નહોય તો. જેવું કે સોપારીના ટુકડા, માંસના રેસા. અને જો વખોડવામાં તકલીફ થાય, જેવું કે અધિક પાન ખાવાથી દાંતોના મુળીયામાં ચુનો જામી જાય છે અથવા સ્ત્રીઓના દાંતોમાં મિસ્સીની રેખો કે તેમના છોલવાથી દાંતો અથવા મસોડાઓના નુકશાનની આશંકા છે, તો માફ છે.

**મસ્અલો : (૧૨૫)** એવી જ રીતે હાલતો દાંત તારથી અથવા ઉખડેલો દાંત કોઇ મસાલા વિગેરેથી જમાવવામાં આવ્યો હોય અને પાણી, તાર અથવા મસાલાની નીચે પહોંચે નહી તો માફ છે. અથવા ખાણાંના અથવા પાનના રેસા દાંતમાં રહી ગયા કે, તેની દેખરેખમાં વાંધો છે. હા ! ખબર પડયા પછી તેને જુદા કરવું અને ધોવું જરૂરી છે. જ્યારે કે પાણી પહોંચવામાં અડચણ રૂપ હોય.

(૨) નાકમાં પાણી નાંખવું એટલે કે બંને નસ્કોરાંઓનું કે જ્યાં સુધી નરમ જગ્યા છે, ધોવું કે પાણીને સૂંઘી ઉપર ચઢાવવું. વાળ બરાબર જગ્યા પણ ધોયા વગર રહી જાય નહી. નહી તો, ગુસ્લ થશે નહી. નાકની અંદર રીંટ સુકાઈ ગયું છે, તો તેને ઉખેડવું ફર્ઝ છે તદઉપરાંત નાકના વાળોનું ધોવું પણ ફર્ઝ છે.

**મસ્અલા :** (૧૨૬) બુલાખ ( નાકની વાળી-કાંટો ) નું છિદ્ર જો બંધ ન હોય તો તેમાં પાણી પહોંચાડવું જરૂરી છે. અને જો તંગ છે તો ફેરવવું જરૂરી છે. નહી તો, વાંધો નથી.

(૩) સઘળા જાહેરી બદન અર્થાત માથાના વાળોથી લઈને પગના તળીયા સુધી શરીરના દરેક ભાગ, દરેક રુંવાટા પર પાણી વહી જવું જોઈએ. અક્સર સામાન્ય લોકો બલ્કે કેટલાક શિક્ષિત લોકો પણ એમ કરે છે કે, માથા પર પાણીનાંખી શરીર પર હાથ ફેરવી લે છે, અને સમજે છેકે ગુસ્લ થઇ ગયું. જો કે કેટલાક અવયવો એવા છે કે જ્યાં સુધી તેમની ખાસ રીતે સાવધાની ન રાખવામાં આવે તો ધોવાશે નહી. અને ગુસ્લ થશે નહી. જેથી વિગતથી વર્ણન કરવામાં આવે છે. વુઝુના અવયવોમાં જે સ્થળોની સાવધાની જરૂરી છે, તે દરેક અવયવના બયાનમાં તેનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે. તે અહીં પણ ધ્યાન રાખવું જરુરી છે. અને તે ઉપરાંત ખાસ ગુસ્લના જરુરીઆત એ છે કે, (૧) માથાના વાળ ગુંથેલા ન હોય તો દરેક વાળ પર જડથી ટોચ સુધી પાણી વહેવું અને ગુંથેલા હોય તો પુરૂષ પર ફર્ઝ છે કે તેને ખોલી જડથી ટોચ સુધી પાણી વહાવે અને સ્ત્રી પર કેવળ જડ તર કરી લેવું જરૂરી છે, ખોલવું જરૂરી નથી. હા, જો ચોટલો એટલો સખત ગુંથ્યો હોય કે, ખોલ્યા વગર જડો તર થશે નહી, તો ખોલવું જરૂરી છે. (૨) કાનોમાં વાળીઓ વિગેરે ઘરેણાંઓના છિદ્રોનો એજ હુકમ છે, જે નાકમાં નથની ( કાંટા-ચુની ) ના છિદ્રનો હુકમ વુઝુમાં બયાન થયો.

(૩) પાપણો અને મૂછો અને દાઢીના વાળનું જડથી ટોચ સુધી અને તેમની નીચેની ચામડીનું ધોવું (૪) કાનનો દરેક ભાગ અને તેના છિદ્રનું મુખ (૫) કાનોના પાછળનાવાળ હઠાવી પાણી વહાવે (૬) હુડી ( હડપચી ) અને ગળાનો સાંધો કે મોઢું ઉંચુ કર્યા વગર ધોવાશે નહી. (૭) બગલો-હાથ ઉંચા કર્યા વગર ધોવાશે નહી. (૮) હાથનું દરેક પાસું (૯) પીઠનો દરેક અંશ. (૧૦) પેટની કરચલીઓ ઉઘાડી ધોવું.

(૧૧) ડુંટી મોં આંગળી ફેરવીને ધુવો જ્યારે કે પાણી વહેવામાં શંકા હોય. (૧૨) શરીરનું દરેક રુંવાડું જડથી ટોચ સુધી ધોવું (૧૩) સાથળ અને પેઢુનો સાંધો (૧૪) સાથળ અને પિંડલીનો સાંધો જ્યારે કે બેસીને નહાય. (૧૫) બંનેનિતંબ મળવાની જગ્યા. ખાસ કરીને જ્યારે ઉભા થઈને નહાય (૧૬) સાથળોની ગોળાઇ (૧૭) પિંડલીઓના પાસા.

(૧૮) ઇન્દ્રી અને અંડકોશને મળવાના સ્તરો અલગ પાડયા સિવાય ધોવાશે નહી. (૧૯) અંડકોશનું સ્તર નીચેના સાંધા સુધી. (૨૦) અંડકોશના નીચેની જગ્યા જડ સુધી. (૨૧) જેની ખત્ના થઈ ન હોય તો જો ચામડી ચઢી શકે છે તો ચઢાવીને ધુવે અને ચામડીની અંદર પાણી ચઢાવે. સ્ત્રીઓ માટે આ સાવધાનીની ખાસ જરૂર છે. : (૨૨) ઢળેલ સ્તનોને ઉંચા કરીને ધોવું (૨૩) સ્તન તથા પેટના સાંધાની સફાઇ (૨૪) બાહ્ય યોનિનો દરેક ખુણો, દરેક ટુકડો નીચે ઉપર ખયાલ રાખી ધોવામાં આવે. હા, આંતરિક યોનિમાં આંગળી નાંખી ધોવું વાજિબ નથી, પરંતુ મુસ્તહબ છે. એવીજ રીતે જો હૈઝ તથા નિફાસ (સુવાવડ) થી ફારેગ થઈ ગુસ્લ કરે છે તો એક જુના કપડાથી આંતરિક યોનિની અંદરથી રક્તની અસર સાફ કરી લેવું મુસ્તહબ છે. (૨૫) માથા પર ચમક છાંટી હોય તો તે દૂર કરવું જરૂરી છે.

**મસ્અલા :** (૧૨૭) વાળમાં ગાંઠ પડી જાય તો, ગાંઠ ખોલીને તેના ઉપર પાણી વહાવવુ જરૂરી નથી.

**મસ્અલા :** (૧૨૮) કોઈ ઝખમ (ઘા) પર પટી વિગેરે બાંધ્યું હોય કે, તેના ખોલવાથી નુકશાન અથવા વાંધો હોય અથવા કોઇ સ્થળે બીમારી અથવા દર્દના લીધે પાણી વહાવવું નુકશાન કરશે, તો

તે આખા અવયવનો મસોહ કરો અને તેમ ન થઈ શકે તેમ હોય તો પટી પર મસોહ કાફી છે. અને પટી જરૂરીસ્થળ કરતાં વધારે રાંખવામાં આવે નહી. નહી તો, મસોહ કાફી થશે નહી. અને પટી જરૂરી સ્થાન પરજ બાંધેલી છે દા. ત. ખભા પર એક બાજુએ ઝખમ છે, અને પટી બાંધવા માટે ખભાની એટલી બધી ગોળાઇ પર હોવું તેનું જરૂરી છે તો તેની નીચે શરીરનો તે ભાગ પણ આવશે જેને પાણી નુકશાન નથી કરતું, તો જો ખોલવું શક્ય હોય તો ખોલીને તે ભાગનું ધોવું ફર્ઝ છે. અને જો અશકય છે, કે એમજ ખોલીને ફરીથી એવીજ રીતે બાંધી શકાશે નહી અને તેમાં નુકસાનની આશંકા છે, તો સઘળી પટી પર મસોહ કરી લેવું કાફી છે. શરીરનો તે સારો ભાગ પણ ન ધોઇ શકવા માટે માફ થઈ જશે.

**મસ્અલા :** (૧૨૯) સજેખમ અથવા આંખ દુઃખતી હોય અને એ સહીહ ગુમાન હોય કે માથા પર પાણી રેડીને નહાવામાં બીમારીમાં વધારો અથવા બીજી બીમારીઓ પૈદા થઇ જશે, તો કુલ્લી કરે, નાકમાં પાણી નાંખે અને ગરદનથી નહાઇ લે અને માથાના દરેક ભાગ પર ભીનો હાથ ફેરવી લે, તો ગુસ્લ થઈ જશે. સારૂં થઇ ગયા પછી માથું ધોઈ નાંખે. બીજા ગુસ્લના પુનરાવર્તનની હાજત નથી.

**મસ્અલા :** (૧૩૦) પકાવનારા (રાંધનારા) ના નખોમાં આટો, લખવાવાળાના નખો વિગેરે પર શાહીનો દાગ, સામાન્ય લોકો માટે માંખ-મચ્છરની અઘાર, જો લાગેલ હોય, તો ગુસ્લ થઇ જશે. હા, ખબર પડયા પછી તેને ઉખેડવું અને તે સ્થળને ધોવું જરૂરી છે. તેનાથી પહેલાં જે નમાઝ પઢી તે થઇ ગઇ.

# ગુસ્લની સુન્નતો:

(૧) ગુસ્લની નિય્યત કરીને (૨) પ્રથમ બંને હાથ કાંડાઓ સુધી ત્રણ વખત ધુવે. (૩) પછી ઇસ્તિન્જાની જગ્યાને ધુવે-ભલે નજાસત (નાપાકી) હોય કે ન હોય. (૪) પછી બદન પર જ્યાં પણ નજાસત લાગેલી હોય તેને દુર કરી દે. (૫) પછી નમાઝ જેવું વુઝૂ કરે. પરંતુ પગ ધુવે નહી. હા, જો ચોકી અથવા પાટલા અથવા પથ્થર પર નહાય તો પગ પણ ધોઈ લે. (૬) પછી બદન પર તેલની જેમ પાણી ચોપડે. ખાસ કરીને શિયાળામાં. (૭) પછી ત્રણ વખત જમણા ખભા પર પાણી વહાવે (૮) પછી ડાબા ખભા પર ત્રણ વાર પાણી વહાવે.

(૯) પછી માથા ઉપર અને તમામ શરીર ઉપર ત્રણવાર પાણી વહાવે. (૧૦) પછી ગુસ્લના સ્થળથી હઠી જાય. જો વુઝૂ કરવામાં પગ ધોયા ન હતા તો હવે ધોઈ લે. (૧૧) અને નહાવામાં કિબ્લારૂખ થાય નહી. (૧૨) અને તમામ શરીર પર હાથ ફેરવે. અને (૧૩) મસળે અને (૧૪) એવા સ્થળે નહાય કે કોઈ જુએ નહી. અને જો આમ ન થઈ શકે તો, ડુંટીથી ઘુંટણો સુધીનો ભાગ ઢાંકવું જરૂરી છે. (કેમકે તે સત્તર છે અને સતર લોકો સામે ખોલવું હરામ છે.) જો એટલું પણ શકય ન હોય તો, તયમ્મુમ કરે. પરંતુ આ સંભાવના બહુ દુર છે. (૧૫) અને કોઈ પ્રકારની વાતચીત ન કરે. (૧૬) ન્હાતી વખતે ન કોઇ દુઆ પઢે. નહાયા પછી ટુવાલથી શરીર લુછી નાંખે તો વાંધો નથી.

**મસ્અલા :** (૧૩૧) જો ગુસલખાનાની છત ન હોય અથવા નગ્ન શરીરે નહાય, પરંતુ સાવધાની વાળું સ્થળ હોય તો કાંઇ વાંધો નથી. હા. સ્ત્રીઓએ બહુ જ અધિક સાવધાનીની જરૂરત છે. અને (૧૭) સ્ત્રીઓએ બેસીને નહાવું બેહતર છે. (૧૮) નહાયા પછી તુરત જ કપડાં પહેરી લે. અને વુઝૂની

સુન્નતો તથા મુસ્તહબ્બો, ગુસ્લ માટે સુનન તથા મુસ્તહબ્બાત છે. પરંતુ સતર ખુલ્લું હોય તો કિબ્લા તરફ મોઢું ન કરવું જોઇએ. અને તેહબંદ (લુંગી) બાંધેલ હોય તો વાંધો નથી.

**મસ્અલા :** (૧૩૨) જો વહેતા પાણી દા. ત. નદી અથવા નહેરમાં નહાયા તો થોડાકવાર તેમાં રોકાવાથી ત્રણ વખત ધોવાની અને તરતીબ અને વુઝૂ આ સઘળી સુન્નતો અદા થઇ ગઈ. તેની પણ જરૂરત નથી કે અવયવોને ત્રણ વાર હલાવે. અને તળાવ વિગેરે થંભેલા પાણીમાં નહાયા તો અવયવોને ત્રણવાર હલાવવા અથવા જગ્યા બદલવાથી ત્રણવાર ધોવાની સુન્નત અદા થઇ જશે. વરસાદમાં ઊભા થઇ ગયા તો તે વહેતા પાણીમાં ઊભા રહેવાના હુકમમાં ગણાશે. વહેતા પાણીમાં વુઝૂ કર્યું તો એજ થોડીવાર તેમાં અવયવને રહેવા દેવુ. અને સ્થંભિત પાણીમાં હલાવવું, ત્રણ વખત ધોવાની બરાબર છે.

**મસ્અલા :** (૧૩૩) સૌના માટે ગુસ્લ અથવા વુઝુમાં પાણીની એક મિકદાર (માત્રા) નિર્ધારિત નથી. જેવી રીતે કે અવામ (લોકો)માં મશહુર છે, તે કેવળ બાતિલ છે. કોઇ માણસ લાંબો-પહોળો, કોઈ દુબળો-પાતળો, કોઇના આખા શરીર પર વાળ અને કોઈનું શરીર સાફ, એક ગાઢ દાઢીવાળો અને બીજો વાળ વગરનો. એકના મસ્તક પર મોટા મોટા વાળ અને બીજો મુંડાવેલા માથાવાળો. આવી રીતે સૌ ના માટે એક માત્રા કેવી રીતે શક્ય છે?

**મસ્અલા :** (૧૩૪) સ્ત્રીને (જાહેરી) હમામમાં જવું મકરૂહ છે અને પુરુષ જઇ શકે છે. પરંતુ સતરનો લેહાઝ જરૂરી છે. લોકો સામે સતરખોલીને નહાવું હરામ છે.

(નોટ : ઘરના હમામમાં કાંઈ વાંધો નથી. આ તે હમામનો હુકમ છે, જે માર્ગ પર અથવા મહોલ્લામાં સામૂહિક હોય છે, તેમાં સ્ત્રીએ જવું જોઇએ નહિ. —અનુ.)

**મસ્અલા :** (૧૩૫) જરૂરત વગર વહેલી પરોઢીએ (જાહેર) હમામમાં જાવ નહો. કારણ કે એક ગુપ્ત કાર્ય લોકો ઉપર જાહેર કરવાના કારણરૂપ છે.

## ગુસ્લ કઈ ચીજોથી ફર્ઝ થાય છે ?

(૧) મની (વીર્ય)નું પોતાના સ્થાનેથી શહવત (કામ વાસના) ની સાથે અલગ થઇને જનેન્દ્રીમાંથી નીકળવું, ગુસ્લની ફરઝીયાતના કારણરૂપ છે.

**મસ્અલા :** (૧૩૬) જો (વીર્ય) શહવત સાથે પોતાના સ્થાનેથી જુદું ન થયું, બલ્કે વજન ઉપાડવા અથવા ઊંચાઈ ઉપરથી પડી જવાના કારણે નિકળ્યું તો ગુસ્લ વાજિબ નથી. હા, વુઝુ તુટી જશે.

**મસ્અલા :** (૧૩૭) જો (વીર્ય) પોતાના સાહસથી શહવત સાથે જુદું થયું, પરંતુ તે માણસે પોતાની ઈન્દ્રીને જોરથી પકડી લીધી કે બહાર નીકળી શકે નહીં, પછી જયારે શહવત જતી રહી, છોડી દીધી, હવે વીર્ય બહાર નીકળ્યું, તો જોકે બહાર નીકળવું, શહવતથી ન થયું, પરંતુ કેમકે પોતાના સ્થાનથી શહવતની સાથે જુદું થયું જેથી ગુસ્લ વાજિબ થયું. એના ઉપર જ અમલ છે.

**મસ્અલા :** (૧૩૮) જો મની (વીર્ય) થોડુંક નીકળ્યું અને પેશાબ કરવા અથવા સુઈ રહેવા અથવા ચાલીસ કદમ ચાલવા પહેલાં નાહી લીધું અને નમાઝ પઢી લીધી. હવે બાકી રહેલું વીર્ય ખારિજ થયું, તો ગુસ્લ કરી લે કે, આ એજ વીર્યનો ભાગ છે, જે પોતાના સ્થળેથી શહવત (વાસના) સાથે અલગ થયું હતું. અને પહેલાં જે નમાઝ પઢી હતી તે થઇ ગઇ, તેને ફરીથી પઢવાની હાજત નથી, અને જો

ચાલીસ કદમ ચાલવા અથવા પેશાબ કરવા અથવા સુઇ રહ્યા પછી ગુસ્લ કર્યું, પછી વીર્ય શહવત વગર નીકળ્યું તો ગુસ્લ જરુરી નથી. અને આને પ્રથમનું બાકી રહેલ (વીર્ય) કહેવામાં આવશે નહી.

**મસ્અલા :** (૧૩૯) જો વીર્ય પાતળું પડી ગયું કે પેશાબ કરતી વખતે અથવા અમસ્તા જ થોડાક ટીપાં શહવત વગર નીકળી આવ્યા, તો ગુસ્લ વાજિબ નથી. અલબત્ત વુઝુ તુટી જશે.

(૨) એહતેલામ (સ્વપ્નદોષ) અર્થાત નિંદ્રાથી ઉઠયો અને શરીર અથવા વસ્ત્ર પર તરી (ભીનાશ) જોવામાં આવી અને તે તરીનું મની વીર્ય અથવા મઝી (શહવત વગર જે ચીકાશ નીકળે છે તે) હોવાનું યકીન અથવા સંભાવના હોય, તો ગુસ્લ વાજિબ છે. ભલેને સ્વપ્ન યાદ ન હોય. અને જો ખાત્રી છે કે, આ ન મની છે ન મઝી, બલ્કે પરસેવા અથવા પેશાબ અથવા વદી અથવા બીજું કાંઇ છે, તો જોકે સ્વપ્નદોષ યાદ હોય અને વીર્યસ્ખલનનો આસ્વાદ ખ્યાલમાં હોય તો પણ ગુસ્લ વાજિબ નથી. અને જો વીર્ય ન હોવા પર યકીન કરે છે અને મઝીની શંકા છે તો જો સ્વપ્નમાં એહતેલામ થવું યાદ નથી, તો ગુસ્લ નથી. (એટલે ગુસ્લ કરવું વાજિબ નથી). નહીં તો, છે.

**મસ્અલા :** (૧૪૦) જો એહતેલામ યાદ છે, પરંતુ તેનું કોઇ ચિન્હ કપડાં વિગેરે પર નથી તો ગુસ્લ વાજિબ નથી.

**મસ્અલા :** (૧૪૧) જો સુઇ રહેવાથી પહેલાં શહવત (કામવાસના) હતી, ઇન્દ્રી ઉત્તેજિત હતી. હવે જાગ્યો અને તેનું (ભીનાશ) ચિન્હ દેખાયું અને મઝી હોવાની ખાત્રી છે અને એહતેલામ યાદ નથી, તો ગુસ્લ વાજિબ નથી. જ્યાં સુધી તેના મની (વીર્ય) હોવાની ખાત્રી ન થાય, અને જો સુઈ રહેવાથી પહેલાં શહવત જ ન હતી, અથવા હતી પરંતુ સુઈ રહેવા પહેલાં દબાઈ ગઈ હતી, અને જે ખારિજ થયું હતું, તેને સાફ કરી નાખ્યું હતું, તો મનીમાટે ઝન્ને ગાલિબ (યકીન નજીકનું અનુમાન)ની જરુરત નથી. બલ્કે કેવળ વીર્યની સંભાવનાથી ગુસ્લ વાજિબ થઈ જશે. આ મસ્અલો કસરતથી ઘટીત થાય છે અને લોકો તેનાથી ગાફેલ છે. માટે તેનો ખ્યાલ જરુરી છે.

**મસ્અલા :** (૧૪૨) બીમારી વિગેરેથી મૂર્છા આવી અથવા નશામાં બેહોશ થયો. ભાનમાં આવ્યા પછી તેના વસ્ત્રો અથવા શરીર પર મઝી દેખાણી તો વુઝુ વાજિબ થશે. ગુસ્લ વાજીબ થશે નહિ. અને નિંદ્રા પછી જો એવું દેખે તો ગુસ્લ વાજિબ થશે. પરંતુ એજ શરતથી કે સુઇ રહેવાથી પહેલાં શહવત ન હતી.

**મસ્અલા :** (૧૪૩) કોઈને સ્વપ્ન આવ્યું અને વીર્ય બહાર નીકળ્યું ન હતું કે આંખ ઊઘડી ગઈ અને ઈન્દ્રીને પકડી લીધી, વીર્ય બહાર નીકળે નહી. પછી જયારે ઉત્તેજના સમી ગઈ ત્યારે છોડી દીધી. હવે વીર્ય નીકળ્યું તો ગુસ્લ વાજિબ થઇ ગયું.

**મસ્અલા :** (૧૪૪) નમાઝમાં શહવત હતી અને મની ઉતરતી માલુમ પડી, પરંતુ હજૂ બહાર નીકળી ન હતી કે, નમાઝ પૂરી કરી લીધી. નમાઝ પુરી કરી લીધા પછી, ખારિજ થઈ તો ગુસ્લ વાજિબ થશે. પરંતુ નમાઝ થઇ ગઇ.

**મસ્અલા :** (૧૪૫) ઉભા-ઉભા અથવા બેઠેલી હાલતમાં કે ચાલતાં-ચાલતાં સુઇ ગયો. જયારે આંખ ખુલી ત્યારે મઝી દેખાણી તો, ગુસ્લ વાજિબ છે.

**મસ્અલા :** (૧૪૬) રાત્રે એહતેલામ થયું. જાગ્યો તો કોઇ ચિન્હ દેખાયું નહીં. વુઝુ કરીને નમાઝ પઢી લીધી. હવે તે પછી મની નીકળી. ગુસ્લ હવે વાજિબ થયું. અને તે નમાઝ થઇ ગઇ.

**મસ્અલા :** (૧૪૭) ઓરતને સ્વપ્ન આવ્યું, તો જ્યાં સુધી મની યોનિમાંથી નીકળે નહીં ત્યાં સુધી ગુસ્લ વાજિબ નથી.

**મસ્અલા :** (૧૪૮) પુરુષ તથા સ્ત્રી એક ચાર પાઈ [ખાટલા] પર સુઈ રહ્યા. જાગૃત થયા પછી પથારી પર મની [વીર્ય] દેખાઈ અને તે બન્નેમાંથી દરેક એહતેલામનો ઇન્કાર કરે છે. તો સાવધાના એ છે કે, આ સંજોગોમાં બંને ગુસ્લ કરી લે. અને એજ સહીહ છે.

**મસ્અલા :** (૧૪૯) લડકી (છોકરી) નું બુલુગ (બાલિગપણું) એહતેલામની સાથે થયું, તેના પર ગુસ્લ વાજિબ છે.

(૩) ઇન્દ્રીની ટોચ ( સોપારી ) નું સ્ત્રીના આગળ અથવા પાછળ અથવા પુરૂષની પાછળના ભાગમાં દાખલ થવું. બંને પર ગુસ્લ વાજિબ કરે છે. શહવત સાથે હોય કે વગર શહવતે, વીર્યસ્ખલન (ઇન્ઝાલ) થાય કે ન થાય. હા, તેમાં શરત એ છે કે બંને બાલિગ હોય. અને જો એક બાલિગ છે તો તે બાલિગ પર ફર્ઝ છે અને નાબાલિગ પર જો કે ગુસ્લ ફર્ઝ નથી, પરંતુ ગુસ્લનો હુકમ આપવામાં આવશે દા. ત. પુરૂષ બાલિગ છે અને છોકરી નાબાલિગ છે, તો પુરૂષ પર ગુસ્લ કરવું ફર્ઝ છે અને નાબાલિગા છોકરીને પણ નહાવાનો હુકમ છે. અને છોકરો નાબાલિગ છે અને સ્ત્રી બાલિગા હોય, તો સ્ત્રી પર (ગુસ્લ) ફર્ઝ છે. અને છોકરાને પણ ગુસ્લનો હુકમ આપવામાં આવશે.

**(નોટ :** આ મસ્અલો ગુસ્લના વુજુબનો છે. પોતાની પત્નીના આગળના મુકામથી સંભોગ હલાલ છે. અને તેણીના પાછળના મુકામથી અથવા પુરૂષના પાછળના મુકામથી કામવાસના સંતોષવી રૂખત હરામ અને મહાન ગુનોહ છે. હદીસ શરીફમાં છે : હુઝૂર રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : **મલઊનુન મન અતા ઇમ્રિઅતહુ ફીદુબુરેહા.** (અર્થ : તે માણસ મલઊન છે જે પોતાની પત્નીના પાછળના મુકામમાં સંભોગ કરે છે.) એક બીજી હદીસમાં હુઝૂર ફરમાવે છે : (અર્થ) "જે કોઇ માણસ પુરૂષ અથવા સ્ત્રીના પાછળના મુકામમાં વતી ( સૃષ્ટિ વિરૂદ્ધ કર્મ ) કરશે, તેની તરફ અલ્લાહ ત્આલા નજર (સુધ્ધાં) ફરમાવશે નહિ." **અલ્લાહની પનાહ.**—અનુ.)

**મસ્અલા :** (૧૫૦) જો ઇન્દ્રીની સોપારી કાપી નાંખવામાં આવી હોય તો બાકી પુરુષની જનેન્દ્રી પૈકીનું જો સોપારી (શિશ્ન) ના પ્રમાણ જેટલું દાખલ થઈ ગયું, તો પણ એજ હુકમ છે, જે સોપારી દાખલ થવાનો છે.

**મસ્અલા :** (૧૫૧) જો ચોપગાં (જાનવર) અથવા એવી નાની બાળકીથી જેના જેવડીથી સોહબત (સંભોગ) કરી શકાતો ન હોય, તેણીથી વતી (સોહબત) કરી, તો જ્યાં સુધી ઇન્ઝાલ (વીર્યસ્ખલન) ન થાય, ત્યાં સુધી ગુસ્લ વાજિબ નથી.

**મસ્અલા :** (૧૫૨) ઓરતની જાંગ (સાથળ)માં જિમાઅ (જનેન્દ્રી રગડી) કર્યું, અને ઇન્ઝાલ થવા પછી મની યોનિમાં ગઇ અથવા કુંવારી (છોકરી) થી સંભોગ કર્યો અને ઇન્ઝાલ પણ થઇ ગયો, પરંતુ તેણીનું કુંવારાપણું-કૌમાર્ય નષ્ટ ન થયું, તો સ્ત્રી પર ગુસ્લ વાજિબ નથી. હા, જો સ્ત્રીને હમલ-ગર્ભ રહી જાય તો, હવે ગુસ્લ વાજિબ થવાનો હુકમ આપવામાં આવશે. અને સંભોગ વખતેથી જ્યાં સુધી ગુસ્લ કર્યું નથી, તમામ નમાઝો ફરીથી પઢે.

**મસ્અલા :** (૧૫૩) સ્ત્રીએ પોતાની યોનિમાં આંગળી અથવા જાનવર અથવા મડદાની જનેન્દ્રી અથવા રબ્બર કે માટી વિગેરેની કોઇ ચીઝને લીંગ આકારની બનાવી દાખલ કરી, તો જ્યાં સુધી ઇન્ઝાલ (વીર્ય સ્ખલન) ન થાય. ત્યાં સુધી ગુસ્લ વાજિબ નથી. જો જિન્ન, પુરુષનું સ્વરૂપ ધારણ કરીને આવ્યો અને

સ્ત્રીથી સંભોગ કર્યો, તો (ઇન્દ્રીની) સોપારીને લુપ્ત થવાથીજ ગુસ્લ વાજિબ થઈ ગયું. જો આદમીના સ્વરૂપ પર ન હોય તો જ્યાં સુધી સ્ત્રીને ઇન્ઝાલ (વીર્યસ્ખલન) ન થાય ત્યાં સુધી ગુસ્લ વાજિબ નથી. એવીજ રીતે જો પુરુષે પરી સાથે સંભોગ કર્યો અને તે વખતે તે માનવીય સ્વરૂપમાં નથી તો ઈન્ઝાલ વગર ગુસ્લ વાજિબ થશે નહી. અને જો માનવીય સ્વરુપમાં છે. તો કેવળ સોપારીના લુપ્ત થવાથી જ ગુસ્લવાજિબ થઈ જશે.

**મસ્અલા :** (૧૫૪) સંભોગના ગુસ્લ પછી, સ્ત્રીના શરીરમાંથી પુરુષનું બાકીનું વીર્ય નીકળે, તો તેનાથી ગુસ્લ વાજિબ થશે નહિ. અલબત્ત વુઝૂ તુટી જશે.

**ફાએદા :** આ ( ઉપરોક્ત ) ત્રણ કારણોસર જેના પર નહાવું ફર્ઝ થયું, તેને જનાબતવાળા અને તે કારણોને જનાબત કહે છે.

(૪) હૈઝથી ફારેગ થવું

(૫) નિફાસનું ખતમ થવું.

**મસ્અલા :** (૧૫૫) બાળક પૈદા થયું અને લોહી બિલકુલ આવ્યું નહી, તો સહીહ એ છે કે ગુસ્લ વાજિબ છે. હૈઝ તથા નિફાસની પુરતી વિગત ઈન્શાઅલ્લાહ હૈઝના બયાનમાં આવશે

**મસ્અલા :** (૧૫૬) કાફિર પુરુષ અથવા સ્ત્રી જનાબતવાળા છે. અથવા હૈઝ તથા નિફાસવાળી કાફિર સ્ત્રી હવે મુસલમાન થઈ. જો કે, ઈસ્લામ (લાવતા) થી પહેલાં, હૈઝ તથા નિફાસથી ફરાગત થઈ ગઈ છે, તો સહીહ એ છે કે, તેમના ઉપર ગુસ્લ વાજિબ છે. હા, જો ઈસ્લામ લાવતાં પહેલાં ગુસ્લ કરી લીધું હોય અથવા કોઈ રીતે તમામ શરીર ઉપર પાણી વહી ગયું હોય, તો કેવળ નાકમાં નરમ હાડકાં સુધી પાણી ચઢાવવું કાફી થશે. એજ તેજ ચીઝ છે, જે કાફિરોથી અદા થતી નથી. પાણીના મોટા મોટા ઘુંટડા પીવાથી કુલ્લીનો ફર્ઝ અદા થઈ જાય છે. અને જો તે પણ બાકી રહી ગયો હોય તો તેને પણ બજાવી લાવે. સારાંશ કેજેટલાંઅવયવોનું ધોવું ગુસ્લમાં ફર્ઝ છે, સંભોગ વિગેરે કારણો પછી જો તે સઘળાં કુફ્રની હાલતમાંજ ધોવાઈ ગયા હતા તો ઈસ્લામ લાવ્યા પછી ગુસ્લનું પુનરાવર્તન જરુરી નથી. નહી તો, જેટલો ભાગ બાકી હોય તેટલો ભાગ ધોઈ લેવું ફર્ઝ છે. અને મુસ્તહબ એ છે કે ઇસ્લામ લાવ્યા પછી સંપૂર્ણ ગુસ્લ કરે:

**મસ્અલા :** (૧૫૭) મુસલમાન મૈયતને નવડાવવું મુસલમાનો પર ફર્ઝે કિફાયા છે. જો એકે (પણ) નવડાવી દીધું તો સૌના માથા ઉપરથી (ફર્ઝ) ઉતરી ગયું અને જો કોઇએ નવડાવ્યું નહી, તો સૌ ગુનેહગાર થશે.

**મસ્અલા :** (૧૫૮) પાણીમાં મુસલમાનનું મડદું મળ્યું. તેને પણ નહવડાવવું ફર્ઝ છે. હા, જો કાઢવાવાળાએ ગુસ્લના ઈરાદાથી કાઢતી વખતે, તેને (પાણીમાં) ડુબકી ખવડાવી દીધી, તો ગુસ્લ થઇ ગયું. નહી તો, હવે નવડાવે.

**મસ્અલા :** (૧૫૯) જુમ્આ, બન્ને ઈદો, અરફાના દિવસે અને એહરામ બાંધતી વખતે નહાવું સુન્નત છે. અને વુકુફે અરફાત, વુકુફે મુઝદલફા તથા હરમ શરીફની હાજરી તથા સરકારે આઝમ (સલ્લલ્લાહો અલેહે વસલ્લમ)ની હાજરી તથા તવાફ તથા મિંનાના પ્રવેશ અને જમરાઓ પર કાંકરીઓ મારવા માટે ત્રણે દિવસ, અને શબેબરાત (૧૫મી શાબાન) અને શબેકદ્ર (૨૭મી રમઝાન) અને અરફાની રાત્રી અને મીલાદ શરીફની મજલિસ અને બીજી (નેક) મજલિસો વિગેરેની હાજરી માટે અને મડદાને નવડાવ્યા પછી અને ગાંડાને ગાંડપણ ગયા પછી અને મુર્છાથી ભાનમાં આવ્યા પછી અને નશો ઊતરી ગયા પછી અને ગુનાહથી તૌબા કરવા અને નવું કપડું પહેરવા માટે અને સફરથી આવનાર માટે,

ઇસ્તેહાઝાની (રક્તસ્રાવ-લોહીવા) નું રક્ત બંધ થયા પછી, કુસૂફ (સૂર્યગ્રહણ) તથા ખુસૂફ (ચંદ્રગ્રહણ) તથા વરસાદ માંગવાની નમાઝ અને ભય, અંધકાર અને સખત આંધીની નમાઝ માટે અને શરીર પર નજાસત (નાપાકી) લાગી અને એ ખબર નથી કે શરીરના કયા સ્થળે છે. આ સઘળા માટે ગુસ્લ મુસ્તહબ છે.

**મસ્અલા :** (૧૬૦) હજજ કરવાવાળા પર દસમી ઝિલહિજજહ એ પાંચ ગુસ્લ છે. (૧) વુકૂફે મુઝદલેફા (૨) મિનામાં પ્રવેશ (૩) જમરહ પર કાંકરીઓ મારવા માટે (૪) મક્કાનો પ્રવેશ (૫) તવાફ. જ્યારે કે આ ત્રણ પાછલી વાતો ઝિલહિજજહની દસમી એજ કરે અને જો જુમ્આનો દિવસ છે તો જુમ્આનું પણ ગુસ્લ કરે. એવી જ રીતે જો અરફા અથવા ઈદ, જુમ્આના દિવસે આવે તો અહીં-વાળાઓ પર બે ગુસ્લ થશે.

**મસ્અલા :** (૧૬૧) જેના પર કેટલાક ગુસ્લ હોય, તેણે સૌની નિય્યતથી એક ગુસ્લ કરી લીધું તો સૌ અદા થઈ ગયા. તેને સૌનો સવાબ મળશે.

**મસ્અલા :** (૧૬૨) સ્ત્રી જનાબત વાળી થઈ અને હજુ ગુસ્લ કર્યું ન હતું કે તેણીને હૈઝ શરૂ થઈ ગયું, તો ભલે હવે નહાઈ લે અથવા હૈઝ ખતમ થયા પછી નહાઈ લે.

**મસ્અલા :** (૧૬૩) જનાબતવાળાએ જુમ્આ અથવા ઈદના દિવસે જનાબતનું ગુસ્લ કર્યું અને જુમ્આ અને ઈદ વિગેરેની નિય્યત પણ કરી લીધી, તો સૌ અદા થઇ ગયા. એજ ગુસ્લથી જુમ્આ અને ઈદની નમાઝ અદા કરે.

**મસ્અલા** (૧૬૪) સ્ત્રીને નહાવા અથવા વુઝૂ કરવા માટે પાણી ખરીદવું પડે, તો તેની કીંમત પતિના માથે છે. હા, એ શરતે કે ગુસ્લ તથા વુઝૂ વાજિબ હોય, અથવા શરીર પરથી મેલ દૂર કરવા માટે તે નહાય.

**મસ્અલા :** (૧૬૫) જેના પર ગુસ્લ વાજિબ છે, તેને નહાવામાં ઢીલ કરવી જોઈએ નહિ. હદીસમાં છે કે, (અર્થ) "જે ઘરમાં જનાબત વાળા હોય તે ઘરમાં રહમતના ફરિશ્તા આવતા નથી." અને જો એટલી વાર કરી લીધી કે, નમાઝનો અંતિમ સમય આવી ગયો. હવે તુરતજ નહાવું ફર્ઝ છે. હવે ઢીલ કરશે તો ગુનેહગાર થશે, અને ખાણું ખાવા અથવા સ્ત્રી (પત્ની) થી સંભોગ કરવા ઇચ્છે છે, તો વુઝૂ કરીલે અથવા હાથ મોઢું ધોઈલે, કુલ્લી કરીલે અને જો એમજ ખાઈ-પી લીધું તો ગુનોહ નથી, પરંતુ તે મકરૂહ છે. અને એવું કરવાથી મોહતાજી આવે છે, અને જો નહાયા વગર અથવા વુઝૂ કર્યા વગર સંભોગ કરી લીધો તો પણ કાંઈ ગુનોહ નથી, પરંતુ જેને એહતેલામ (સ્વપ્ન દોષ) થયો હોય તો નહાયા વગર તેણે ઓરત (પત્ની) પાસે (સંભોગ કરવા માટે) જવું ન જોઈએ.

**મસ્અલા :** (૧૬૬) રમઝાનમાં જો રાત્રે જનાબત થઈ તો ઉત્તમ એ છે કે, તુલૂએ ફજર (સુબ્હસાદિક) પહેલાં નહાઈ લે. કારણ કે રોઝાનો દરેક ભાગ જનાબતથી ખાલી હોય. અને જો નહાયો નહી તો પણ રોઝામાં કાંઈ નુકસાન નથી, પરંતુ મુનાસિબ એ છે કે ગરગરો અને નાકમાં જડ સુધી પાણી ચઢાવવું. આ બેકામ તુલૂએ ફજર (સુબ્હસાદિક)થી પહેલાં કરીલે. પછી રોઝાની હાલતમાં થઈ શકશે નહી. અને જો નહાવામાં એટલો વિલંબ કર્યો કે, સૂર્યોદય થઈ ગયો અને નમાઝ કઝા કરી દીધી તો આ બીજા દિવસોમાં પણ ગુનોહ છે અને રમઝાનમાં તો અધિકતમ.

**મસ્અલા :** (૧૬૭) જેને નહાવાની આવશ્યકતા હોય તેણે મસ્જિદમાં જવું, તવાફ કરવું, કુર્આન મજીદને સ્પર્શ કરવું, (ભલેને તેના સાદા હાશિયા અથવા જિલ્દ અથવા ચોલીને અડકે) અથવા હાથ લગાવ્યા સિવાય, દેખીને અથવા મૌખિક રીતે પઢવું અથવા કોઈ આયતનું લખવું અથવા આયતનું

તાવીજ લખવું અથવા એવા તાવીજને અડકવું અથવા એવી વિંટીને અડકવું અથવા પહેરવું દા. ત. મુકત્તેઆત આયતોની અંગુઠી, તે હરામ છે.

**મસ્અલા :** (૧૬૮) જો કુર્આન મજીદ જુઝદાન (ગિલાફ)માં હોય તો જુઝદાન પર હાથ લગાવવામાં વાંધો નથી, એવી જ રીતે રુવાલ–રૂમાલ વિગેરે કોઇ એવા કપડાંથી પકડવું, જે ન પોતાનું તાબે હોય ન કુર્આન મજીદનું, તો જાઇઝ છે. ખમીસની બાંહ્ય, ઓઢણાના છેડાથી, ત્યાં સુધી કે ચાદરનો એક ખૂણો જે તેના ખભા પર છે, બીજા ખૂણાથી સ્પર્શ કરવું હરામ છે. કારણ કે આ સઘળાં તેના તાબે છે. જેવું કે ચોલી કુર્આન મજીદના તાબે હતી.

**મસ્અલા :** (૧૬૯) જો કુર્આનની આયત દુઆની નિય્યતથી અથવા તબર્રુક માટે, જેવું કે, **"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ"** અથવા શુક્ર અદા કરવા અથવા છીંક પછી **"અલ હમ્દોલિલ્લાહેરબ્બિલ આલમીન."** અથવા પરેશાનીની ખબરપર–**ઈન્ના લિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઊન** કહ્યું અથવા સનાની નિય્યતથી પૂરી સુરએ ફાતેહા અથવા આયતુલ કુર્સી અથવા સુરએ હશરની પાછલી ત્રણ આયતો–**હુવલ્લાહુલ્લઝી લાઇલાહા ઈલ્લાહુ**થી અંતિમ સુરઅ સુધી પઢી અને આ સઘળી સુરતોમાં જો કુર્આન (પઢવા)ની નિય્યત ન હોય તો કાંઈ વાંધો નથી. એવી જ રીતે ત્રણે કુલ, 'કુલ' શબ્દ વગર, સનાની નિય્યતથી પઢી શકે છે. અને "કુલ" શબ્દની સાથે પઢી શકતો નથી. જોકે તેને 'સના'ની નિય્યતથી જ હોય કે, આ સૂરતમાં તેમનું કુર્આન હોવું નિશ્ચિત છે. આમાં નિય્યતને કાંઈ દખલ નથી.

**મસ્અલા :** (૧૭૦) વુઝૂ વગર કુર્આન મજીદ અથવા તેની કોઈ આયતને અડકવું હરામ છે. હાથ અડકાડ્યા વગર જો મૌખિક રીતે અથવા દેખીને પઢે તો કાંઇ વાંધો નથી.

**મસ્અલા :** (૧૭૧) રૂપીયાપર કુર્આનશરીફની આયત લખેલી હોય તો, તે સઘળાંઓએ (અર્થાત બે વુઝૂ અને જનાબતવાળા અને હૈઝ તથા નિફાસવાળીઓએ) તેનો સ્પર્શ કરવું હરામ છે. હા, જો થેલીમાં હોય તો થેલી ઉપાડવી જાઇઝ છે. એવી જ રીતે જે વાસણ અથવા ગ્લાસ પર સુરહ અથવા આયત લખેલી હોય, તેને સ્પર્શ કરવું પણ તેમના માટે હરામ છે. અને તેનો ઉપયોગ સૌને મકરૂહ છે. પરંતુ જ્યારે કે ખાસ શિફાની નિય્યતથી હોય.

**મસ્અલા :** (૧૭૨) કુર્આનનો તરજુમો જો ફારસી અથવા ઉર્દુ અથવા બીજી કોઇ ભાષામાં હોય તો તેને પણ સ્પર્શ કરવા અને પઢવામાં કુર્આન મજીદના જેવો જ હુકમ છે.

**મસ્અલા :** (૧૭૩) કુર્આન મજીદ દેખવામાં, તે સઘળા પર કાંઇ વાંધો નથી. જોકે અક્ષરો પર નજર પડે અને શબ્દો વાકયો સમજવામાં આવે અને ખ્યાલમાં ઉતરતા જાય.

**મસ્અલા :** (૧૭૪) તે સઘળાઓએ ફિકહ, તફસીર તથા હદીસની કિતાબોનો સ્પર્શ કરવું મકરૂહ છે. અને તેમને જો કોઈ કપડાથી અડકયા. જોકે તેને પહેરેલ અથવા ઓઢેલ હોય તો કાંઇ વાંધો નથી, પરંતુ આયતના સ્થળ પર તે કિતાબોમાં પણ હાથ મુકવો હરામ છે.

**મસ્અલા :** (૧૭૫) તે સઘળાઓએ (જનાબતવાળાઓએ) તૌરેત, ઝુબૂર, ઈન્જીલને પઢવું–અડકવું મકરૂહ છે.

**મસ્અલા :** (૧૭૬) દુરૂદ શરીફ અને દુઆઓના પઢવામાં તેમને વાંધો નથી, પરંતુ બેહતર એ છે કે વુઝૂ અથવા કુલ્લી કરીને પઢે.

**મસ્અલા :** (૧૭૭) આ સવાલોએ (જનાબતવાળાઓએ) અઝાનનો જવાબ આપવું જોઈએ છે.

**મસ્અલા :** (૧૭૮) મુસ્હફ શરીફ ( કુર્આન શરીફ ) જો એવું થઈ જાય કે, પઢવાના કામમાં આવે નહી, તો તેને કપડું લપેટી, લહદ ખોદી એવા સ્થળે દફન કરી દે જ્યાં પગ પડવાની સંભાવના ન હોય.

**મસ્અલા :** (૧૭૯) કાફિરને ( ગેર મુસ્લીમને ) કુર્આન શરીફનો સ્પર્શ કરવા દેવામાં ન આવે, બલ્કે સર્વથા શબ્દો તેનાથી બચાવે.

**મસ્અલા :** (૧૮૦) કુર્આન, સર્વ કિતાબોની ઉપર મુકો, પછી તેની નીચે તફસીર, પછી હદીસ, પછી બાકીની દીની કિતાબો તેના મરતબાઓ મુજબ. ( મુકો. )

**મસ્અલા :** (૧૮૧) કિતાબ પર કોઇ બીજી વસ્તુ મુકવામાં આવે નહી. ત્યાં સુધી કે કલમ-ખડીયો પણ, ત્યાં સુધી કે તે સંદૂક ( પેટી ) જેમાં કિતાબો હોય, તેના ઉપર પણ કોઇ વસ્તુ મુકવામાં ન આવે.

**મસ્અલા :** (૧૮૨) મસાઈલ અથવા દીની લખાણના પાનાઓમાં પડીકાં બાંધવાં, જે દસ્તરખ્વાન પર અશઆર ( પંક્તિઓ ) વિગેરે કાંઈ લખેલું હોય, તેને ઉપયોગમાં લેવું, પથારી પર કાંઇ લખેલ હોય તેનો ઉપયોગ કરવું મના છે.

# પાણીનું બયાન :

અલ્લાહ તઆલા ફરમાવે છે : **" વ અન્ઝલના મિનસ્સમાએ માઅન તહુરા. "**

( અર્થાત-આસમાનથી અમોએ પાક કરનાર પાણી ઉતાર્યું.) અને ફરમાવે છે : **વ યોનઝ્ઝેલો અલયકુમ મિનસ્સમાએ માઅલ-લે યોતહહેરકુમ બેહિ વયુઝહેબ અન્કુમ રિજઝશ્શૈતાન.** ( **અર્થાત :** આસમાનથી તમારા ઉપર પાણી ઉતારે છે કે, તમોને તેનાથી પાક કરે અને શયતાનની પલીદી તમારાથી દૂર કરે ).

**હદીસ :** (૧) ઈમામ મુસ્લિમે, હઝરત અબૂહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : તમારા પૈકી કોઇ વ્યક્તિ જનાબતની હાલતમાં, રોકાએલા પાણીમાં નહાય નહી. ( **અર્થાત :** થોડા પાણીમાં જે દહ દર દહ ( ૧૦×૧૦ ) ના હોય કે, દહ દર દહ ' વહેતા પાણીના હુકમમાં છે. ) લોકોએ કહ્યું: તો અય અબૂહુરૈરહ શું કરીએ : આપે કહ્યું તેમાંથી લઇલે.

**હદીસ :** (૨) સુનન અબૂદાઉદ તથા તિરમિઝી તથા ઇબ્ને માજામાં હકમ બિન અમ્ર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસૂલેખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેનાથી મના ફરમાવ્યું કે, ઓરતની તહારતથી બચેલ પાણીથી પુરૂષ વુઝૂ કરે.

**હદીસ :** (૩) ઈમામ માલિક તથા અબૂદાઉદ તથા તિરમિઝી હઝરત અબૂહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, એક માણસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પૂછ્યું કે, અમો દરિયાની સફર કરીએ છીએ અને પોતાની સાથે થોડુંક પાણી લઇ જઈએ છીએ. તો જો તેનાથી

વુઝૂ કરીએ તો તરસ્યા રહી જઇએ. તો શું સમુદ્રના પાણીથી અમો વુઝૂ કરીએ ? આપે ફરમાવ્યું : તેનું પાણી પાક છે અને તેનું જાનવર મરીગએલું હલાલ છે, અર્થાત માછલી.

**હદીસ :** (૪) અમીરૂલ મોમેનીન ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે, તડકાના ગરમ પાણીથી ગુસ્લ ન કરો. કારણ કે તે કોઢ પૈદા કરે છે.

# કયા પાણીથી વુઝૂ જાઈઝ છે અને કયાથી નહી?

**ચેતવણી :** જે પાણીથી વુઝૂ જાઈઝ છે તેનાથી ગુસ્લ પણ જાઈઝ છે અને જે પાણીથી વુઝૂ નાજાઈઝ છે, તેનાથી ગુસ્લ પણ નાજાઈઝ છે.

**મસ્અલા :** (૧૮૩) જે પાણીમાં કોઇ ચીઝ ભળી ગઈ કે, બોલચાલમાં તેને પાણી ન કહીએ, બલ્કે તેનું કોઈ બીજું નામ થઈ ગયું. જેવું કે શરબત. અથવા પાણીમાં કોઈ એવી વસ્તુ નાખીને પકાવો જેનાથી, મેલ-કચરો કાપવું ધ્યેય ના હોય, જેવું કે શોરવો, ચા, ગુલાબ અથવા અરક, તેનાથી વુઝૂ તથા ગુસ્લ જાઈઝ નથી

**મસ્અલા :** (૧૮૪) જો એવી વસ્તુ મેળવે અથવા મેળવીને પકાવે જેનાથી ધ્યેય મેલ કાપવું હોય. જેવું કે સાબૂ અથવા બોરડીના પાંદડા. તો ( તેનાથી ) વુઝૂ જાઈઝ છે. જ્યાં સુધી તેની રિક્કત ( પાતળાપણું ) નષ્ટ ન કરીદે. અને જો સત્તુની જેમ ગઠ ( જાડું ) થઈ ગયું, તો વુઝૂ જાઈઝ નથી.

**મસ્અલા :** (૧૮૫) અને જો કોઇ પાક વસ્તુ ભળી, જેનાથી રંગ અથવા વાસ અથવા સ્વાદમાં ફરક આવી ગયો, પરંતુ તેનું પાતળાપણું મટયું નહી. જેવું કે રેતી, ચુનો અથવા થોડીક જાફરાન ( કસ્તુરી ), તો ( તેનાથી ) વુઝૂ જાઈઝ છે. અને જો જાફરાનનો રંગ એટલો આવી જાય કે કપડું રંગવાના લાયક થઇ જાય, તો વુઝૂ જાઈઝ નથી. એવી જ રીતે પડીકાનો રંગ. અને જો (પાણીમાં) એટલું દૂધ ભળી ગયું કે, દૂધનો રંગ ગાલિબ ન થયો તો વુઝૂ જાઈઝ છે. નહી તો, નહી. ગાલિબ-મગલૂબની ઓળખ એ છે કે, જ્યાં સુધી એમ કહીએ કે પાણી છે, જેમાં થોડુંક દૂધ ભળી ગયું છે, તો વુઝૂ જાઈઝ છે અને જયારે તેને લસ્સી કહીએ તો વુઝૂ જાઈઝ નથી. અને જો પાંદડાં પડવા અથવા જુના થવાના કારણે બદલાય તો કાંઈ વાંધો નથી, પરંતુ જ્યારે કે પાંદડાં તેને ગાઢું કરી દે. (તો જાઈઝ નથી.)

**મસ્અલા :** (૧૮૬) વહેતું પાણી કે તેમાં તણખલું નાંખીદો તો વહાવી લઈ જાય, તો પાક અને પાક કરનાર છે. તેમાં નજાસત ( નાપાકી ) પડવાથી નાપાક થશે નહી. જ્યાં સુધી કે તે નાપાકી તેના રંગ અથવા વાસ અથવા સ્વાદને બદલી ન નાંખે. જો નાપાક વસ્તુથી રંગ અથવા વાસ અથવા સ્વાદ બદલાઇ ગયો તો, નાપાક થઈ ગયું. હવે તે ત્યારે પાક થશે જયારે કે નજાસત (પાણીના) તળીએ બેસીને તેના ગુણો ઠીક થઈ જાય. અથવા પાક પાણી એટલું ભળે કે, નજાસતને વહાવી લઇ જાય અથવા પાણીનો રંગ—સ્વાદ તથા વાસ ઠીક થઇ જાય. અને જો પાક વસ્તુએ રંગ, સ્વાદ, વાસને બદલી નાખ્યું તો વુઝૂ તથા ગુસ્લ તેનાથી જાઈઝ છે, જ્યાં સુધી બીજી ( કોઇ ) વસ્તુ ન બની જાય.

**મસ્અલા :** (૧૮૭) મરણ પામેલું જાનવર નહેરની પહોળાઇમાં પડયું છે, અને તેના ઉપરથી પાણી વહે છે તો સામાન્યત : કે જેટલું પાણી તેનાથી મળીને વહે છે, તેનાથી ઓછું છે, જે તેના ઉપરથી વહે છે અથવા વધારે છે અથવા સરખું છે તો સર્વથા દરેક જગ્યાએથી વુઝૂ જાઈઝ છે. ત્યાં

સુધીકે નજાસતસ્થળેથી પણ જ્યાં સુધી નજાસતના કારણે કોઇ ગુણમાં પરિવર્તન ન થાય. એજ સહી છે. અને એના ઉપર જ એઅતેમાદ ( ફતવોઃ વિશ્વાસ ) છે. ( નહરૂલ-ફાઇક, કહસ્તાની )

**મસ્અલા :** (૧૮૮) છતના પરનાળા ( નિંભણુ ) થી વરસાદનું પાણી પડે, તે પાક છે, જો કે છત પર ઠેકઠેકાણે નજાસત ( નાપાકી ) પડેલી હોય. જો કે નજાસત પરનાળાના મોઢાયા ઉપર હોય. જોકે નજાસતથી મળીને જે પાણી પડતું હોય તે અડધાથી ઓછું અથવા બરાબર અથવા અધિક હોય, જ્યાં સુધી નજાસતથી પાણીના કોઈ ગુણમાં પરિવર્તન ન થાય. એજ સહીહ છે અને તેના ઉપર જ એઅતેમાદ ( વિશ્વાસઃ ફતવો ) છે. અને જો વરસાદ રોકાઈ ગયો અને પાણીનું વહેવું થંભી ( સમાપ્ત થઈ ) ગયું, તો હવે તે સ્થંભિત પાણી અને જે છતથી ટપકે તે નાપાક છે.

**મસ્અલા :** (૧૮૯) એવી જ રીતે નીકોમાંથી વરસાદનું વહેતું પાણી પાક છે, જ્યાં સુધી નજાસત ( નાપાકી ) નો રંગ, વાસ અથવા આસ્વાદ તેમાં જાહેર ન થાય. હવે રહ્યો સવાલ એ કે તેનાથી વુઝૂ કરવું કે કેમ ? જો તે પાણીમાં નજાસતે મિરઇય્યહ ( દેખાતી નજાસત )ના અંશો એવી રીતે વહેતા જતા હોય કે જો ચિલ્લુ (હથેળી) ભરવામાં આવશે તો તેમાં એકાદ અંશ તેનો પણ જરૂર હશે, ત્યારે તો હાથમાં લેતાં જ નાપાક થઇ ગયું. તેનાથી વુઝૂ કરવું હરામ છે. નહિં તો, જાઈઝ છે. અને તેનાથી બચવું સારૂં છે.

**મસ્અલા :** (૧૯૦) નીકનું પાણી, કે જે વરસાદ પછી થંભી ગયું. જો તેમાં નજાસતના અંશો મહસૂસ થાય અથવા તેનો રંગ તથા વાસ મહેસૂસ થાય, તો નાપાક છે. નહી તો, પાક છે.

**મસ્અલા :** (૧૯૧) દસ હાથ લાંબો, દસ હાથ પહોળો જે હોજ હોય, તેને **'દહ દર દહ'** ( ૧૦ × ૧૦ ) અને મોટો હોજ કહે છે. એવી જ રીતે વીસ હાથ લાંબો, પાંચ હાથ પહોળો અથવા પચીસ હાથ લાંબો અને ચાર હાથ પહોળો હોજ હોય. સારાંશ કે તેની કુલ લંબાઇ-પહોળાઈ સો (૧૦૦) હાથ હોય. અને જો ગોળ હોય તો તેની ગોળાઈ લગભગ સાડા પાંત્રીસ ( ૩૫ાા ) હાથ હોય. અને (૧૦૦) સો હાથ લંબાઈ-પહોળાઈ નાહોય તો નાંનો હોજ છે. અને તેના પાણીને થોડું પાણી કહીશું. ભલેને તે કેટલુંય ઉંડુ હોય.

**ચેતવણી :** હોજના નાના-મોટા હોવામાં ખુદ તે હોજની માપણીનો એતબાર નથી, બલ્કે તેમાં જે પાણી છે તેનું ઉપરનું સ્તર દેખવામાં આવશે. તો જો હોજ મોટો છે, પરંતુ હવે પાણી ઓછું થઈ ને દહ-દર-દહ, ( ૧૦ × ૧૦ ) ન રહ્યું તો તેને આ સ્થિતિમાં મોટો હોજ કહેવામાં આવશે નહી. તેમજ હોજ ( ફક્ત ) તેનેજ કહીશું નહી, જે મસ્જિદો-ઈદગાહોમાં બનાવી લેવામાં આવે છે, બલ્કે દરેકતે ખાડો જેનું માપ સો (૧૦૦) હાથ છે, તે મોટો હોજ છે. અને તેનાથી ઓછો છે તો નાનો હોજ છે.

**મસ્અલા :** (૧૯૨) 'દહ દર દહ' ( ૧૦ × ૧૦ ) હોજમાં કેવળ એટલું દળ (ઉંડાઈ) હોવું જોઇએ કે, એટલા માપમાં જમીન ક્યાંયથી ખુલ્લી ન હોય. અને કેટલીક કિતાબોમાં જે એમ ફરમાવ્યું છે કે, ઓબો અથવા ચિલ્લુમાં પાણી લેવાથી જમીન ખૂલે નહી. તેની હાજત તેના અધિક રહેવા માટે છે કે, ઉપયોગ વખતે જો પાણી લેવાથી જમીન ઉઘાડી થઇ ગઈ, તો તે વખતે પાણી સો હાથના માપમાં નરહ્યું, એવા હોજનું પાણી વહેતા પાણીના હુકમમાં છે, કે નજાસત પડવાથી નાપાક ન થશે, જ્યાં સુધી નજાસતથી રંગ અથવા વાસ અથવા આસ્વાદ બદલાય નહી. અને એવો હોજ જો કે નાપાકી પડવાથી નાપાક ન થશે, પરંતુ ઈરાદાપૂર્વક-જાણી જોઈને તેમાં નાપાકી નાંખવું મના છે.

**મસ્અલા** : (૧૯૩) મોટા હોજના નાપાક ન થવાની એ શરત છે, તેનું પાણી મુત્તસિલ ( લગાતાર ) હોય, તો એવા હોજમાં જો લઠઠા ( થાંભલા ) અથવા બીજું કાંઈ રોપેલું હોય, તો તે વસ્તુઓ ઉપરાંત બાકીની જગ્યા સો (૧૦૦) હાથ છે. નહી તો, નથી. અલબત્ત પાતળી-પાતળી વસ્તુઓ જેવું કે ઘાસ, નરકુલ, ખેતી, તેના ઈત્તેસાલ ( મિલાપ ) ને બાધક નથી.

(**નોટ** : ૧૦૦ હાથની હોજમાં, મોટા મોટા થાંભલા હોય, તો જેટલી પહોળાઈના થાંભલા હોય તેનાથી તે હોજના માપમાં કમી આવી જશે. પછી તે 'દહ દહ' રહેશે નહિ. અનુ.)

**મસ્અલા** : (૧૯૪) મોટા હોજમાં એવી નાપાકી પડી કે દેખાય નહી, જેવું કે શરાબ, પેશાબ તો તેની દરેક બાજુએથી વુઝૂ થઇઝ છે, અને જો (નાપાકી) દેખાતી હોયઃ જેવું કે જાજરૂ (મળ) અથવા કોઈ મરેલ જાનવર, તો જે બાજુએ તે નજાસત હોય તે તરફ વુઝૂ ન કરવું બહેતર છે. બીજી તરફ વુઝૂ કરે.

**ચેતવણી** : જે નાપાકી દેખી શકાય છે, તેને 'મિરઈય્યહ' અને જે દેખાતી નથી તેને 'ગેરમિરઈય્યહ' કહે છે.

**મસ્અલા** : (૧૯૫) એવા હોજ પર જો અધિક લોકો ભેગા થઈને વુઝૂ કરે, તો પણ કાંઈ વાંધો નથી. જો કે વુઝૂનું પાણી તેમાં પડતું હોય. હા, તેમાં કોગળો નાંખવો અથવા નાક છણકવું ન જોઈએ. કારણકે તે સ્વચ્છતાની વિરૂદ્ધ છે.

**મસ્અલા** : (૧૯૬) તળાવ અથવા મોટો હોજ, ઉપરથી (બરફથી) જામી ગયો-ઠરી ગયો પરંતુ બરફના નીચે પાણીની લંબાઈ-પહોળાઈ દહ-દર-દહ (૧૦ × ૧૦) ના પ્રમાણ બરાબર છે, અને છિદ્ર કરીને તેમાંથી વુઝૂ કર્યું તો જાઈઝ છે. અગરચે તેમાં નાપાકી પડી જાય. જો દહ-દર-દહ ( ૧૦ × ૧૦ ) મુત્તસિલ નથી. ( વચ્ચે આડ હોય-મોટા બરફ વિગેરેની.) અને તેમાં નાપાકી પડી, તો નાપાક છે. પછી જો નજાસત પડવાથી પહેલાં તેમાં છિદ્ર કરી દીધું અને તેનાથી પાણી ઉભરાઇ આવ્યું તો જો દહ-દર-દહ જેટલું ફેલાઈ ગયું, તો હવે નજાસત પડવાથી પણ પાક રહેશે. અને તેમાં દળ નો એજ હુકમ છે, જે ઉપર વર્ણવવામાં આવ્યો.

**મસ્અલા** : (૧૯૭) જો સુકા તળાવમાં નજાસત પડી હોય અને વરસાદ વરસ્યો અને તેમાં વહેતું પાક પાણી એટલા પ્રમાણમાં આવ્યું કે, વહેણ અટકવાથી પહેલાં, તે 'દહ-દર-દહ' થઈ ગયું, તો તે પાણી પાક છે. અને જો તે વર્ષાથી 'દહ-દર-દહ'થી ઓછું રહ્યું અને બીજી વખતની વર્ષાથી દહ-દર-દહ થયું તો સઘળું નાપાક છે હા, જો તે ભરાઇને વહી જાય, તો પાક થઇ ગયું. ભલે હાથ બે હાથ વહ્યું હોય.

**મસ્અલા** : (૧૯૮) 'દહ-દર-દહ' પાણીમાં નાપાકી પડી, પછી તેનું પાણી 'દહ-દર-દહ'થી ઓછું થઇ ગયું, તો તે હજુ પણ પાક છે. હા, જો તે નાપાકી અત્યારે પણ તેમાં બાકી હોય અને દેખાતી હોય તો હવે નાપાક થઈ ગયું. હવે જ્યાં સુધી ભરાઈ ને વહી જાય નહી ત્યાં સુધી પાક થશે નહી.

**મસ્અલા** : (૧૯૯) નાનો હોજ નાપાક થઈ ગયો, પછી તેનું પાણી ફેલાઇને 'દહ-દર-દહ' થઈ ગયું, તો હવે પણ નાપાક છે. પરંતુ પાક પાણી જો તેને વહાવીદે, તો પાક થઈ જશે.

**મસ્અલા** : (૨૦૦) કોઇ હોજ એવો છે કે ઉપરથી સાંકડો છે અને નીચે વિસ્તૃત છેઃ અર્થાત ઉપર 'દહ-દર-દહ' નથી અને નીચે દહ-દર-દહ અથવા (તેનાથી) વધારે છે. જો એવો હોજ લબરેજ:

છલો-છલ હોય અને જો નાપાકી પડે, તો તે નાપાક છે. પછી તેનું પાણી ઘટી ગયું અને તે 'દહ-દર-દહ' થઈ ગયું, તો પાક થઇ ગયું.

**મસ્અલા** : (૨૦૧) હુક્કાનું પાણી પાક છે. (૧) છે. જો કે તેના રંગ, વાસ તથા આસ્વાદમાં પરિવર્તન થઇ જાય ( તો પણ ), તેનાથી વુઝૂ જાઇઝ છે. કિફાયતના પ્રમાણ માં (૨) તેના હોવા છતાં તયમ્મુમ જાઇઝ નથી.

**મસ્અલા** (૨૦૨) જે પાણી વુઝૂ અથવા ગુસ્લ કરવામાં શરીર પરથી પડયું, તે પાક છે. પરંતુ તેનાથી વુઝૂ અને ગુસ્લ જાઈઝ નથી. એમજ જો બેવુઝૂ માણસનો હાથ અથવા આંગળી અથવા આખો નખ અથવા શરીરનો કોઈ ભાગ જે વુઝૂમાં ધોવામાં આવતો હોય, તે ઈરાદાપૂર્વક કે વગર ઈરાદે 'દહ-દર-દહ'થી ઓછા પાણીમાં ધોયા વગર પડી જાય, તો તે પાણી વુઝૂ અને ગુસ્લના લાયક ન રહ્યું. એવી જ રીતે જે વ્યક્તિ પર નહવું ફર્ઝ છે, તેના શરીરનો કોઇ વગર ધોએલો ભાગ પાણીને સ્પર્શી જાય, તો તે પાણી વુઝૂ અને ગુસ્લના કામનું રહ્યું નહી. જો ધોએલા હાથ અથવા શરીરનો કોઈ ધોએલો ભાગ તેમાં પડી જાય તો વાંધો નથી.

**મસ્અલા** : (૨૦૩) જો હાથ ધોએલો છે, પરંતુ ફરી ધોવાની નિય્યતથી પાણીમાં નાખ્યો અને આ ધોવું સવાબનું કામ હોય. દા.ત. ખાવા માટે અથવા વુઝૂ માટે, તો આ પાણી મુસ્તઅમલ ( ઉપયુક્ત ) થઈ ગયું. અર્થાત વુઝૂના કામનું ન રહ્યું અને તેને પીવું પણ મકરૂહ છે.

**મસ્અલા** : (૨૦૪) જો જરૂરતને લીધે હાથ પાણીમાં નાખ્યો. દા. ત. પાણી મોટા વાસણ (પીપ) માં છે કે, તેને નમાવી શકાતું નથી. ન કોઈ નાનું વાસણ છે કે તેનાથી પાણી કાઢે. તો એવી હાલતમાં જરૂરત જેટલો હાથ પાણીમાં નાખી તેનાથી પાણી કાઢે, અથવા કુવામાં ડોલ-દોરડું પડી ગયું અને કુવામાં ઉતર્યા સિવાય કાઢી શકાતું નથી. અને પાણી પણ નથી કે હાથ-પગ ધોઈને પાણીમાં ઉતરે, તો એવી હાલતમાં જો પગ નાખીને ડોલ-દોરડું કાઢશે, તો મુસ્તઅમલ-ઉપયુક્ત (ઉપયોગમાં લેવાએલું પાણી) ન થશે. આ મસ્અલાઓથી બહુજ ઓછા લોકો વાકેફ છે. તેનો ખયાલ રાખવો જોઇએ.

**મસ્અલા** : (૨૦૫) ઉપયુક્ત (મુસ્તઅમલ) પાણી જો સારા પાણીમાં ભળી જાય. દા. ત. વુઝૂ અથવા ગુસ્લ કરતી વખતે ટીપાં, લોટા અથવા માટલામાં ટપકયાં તો જો સારૂં પાણી અધિક છે, તો તે (પાણી) વુઝૂ તથા ગુસ્લના કામનું છે. નહી તો, સઘળું બેકાર થઈ ગયું.

**મસ્અલા** : (૨૦૬) પાણીમાં હાથ પડી ગયો અથવા કોઇ રીતે ઉપયુક્ત થઈ ગયું અને એવું ઈચ્છીએ કે તે કામનું થઈ જાય, તો સારૂં પાણી, તેનાથી વધારે તેમાં મેળવી લો. તદઉપરાંત તેનો એ તરીકો (રીત) પણ છે કે, તેમાં એક તરફથી પાણી નાંખો કે બીજી બાજુએથી વહી જાય. આવી રીતે

---

નોટ : (૧) તે પાણી પાક છે, જ્યાં સુધી કે તેને નજાસતથી મુલાકાત ન થાય, નાપાક થઈ શકતં નથી. અને અહીંયા કયી નાપાક વસ્તુ છે ? જેની મુલાકાતથી આ પાણી નાપાક થશે.

(૨) દા. ત. સઘળું વુઝૂ કરી લીધું, એક પગ ધોવો બાકી રહી ગયો કે પાણી ખલાસ થઇ ગયું અને હુક્કામાં એટલું પાણી મોજુદ છે કે તે પગને ધોઇ શકે છે, તો તેનો તયમ્મુમ જાઇઝ નથી. પરંતુ વુઝૂ કર્યા પછી, જો અન્નનળમાં દુર્ગંધ આવી ગઈ. તો જ્યાં સુધી દુર્ગંધ જતી રહે નહી ત્યાં સુધી મસ્જિદ જવું મના છે. અને જો સમયમાં ગુંજાઈશ હોય, તો એટલો વિલંબ કરીને નમાઝ પઢે કે વાંસ ઉડી જાય. તેનાથી વુઝૂ કરવાનો હુકમ એ વખતે આપવામાં આવ્યો કે, બીજું પાણી ન હોય. વગર જરૂરતે તેનાથી વુઝૂ ન કરવું જોઇએ—વિવેચક. ) ૦ ૦ ૦

તે સઘળું પાણી કામનું થઈ જશે. આવીજ રીતે નાપાક પાણીને પણ, પાક કરી શકો છો. એવીજ રીતે દરેક વહેતી વસ્તુ પોતાની જાતિ અથવા પાણીથી ઉકાળવાથી પાક થઈ જશે.

**મસ્અલા :** (૨૦૭) કોઈ વૃક્ષ અથવા ફળના નિચોડેલા પાણી (જ્યુસ) થી વુઝૂ જાઈઝ નથી. દા. ત. કેળાનું પાણી અથવા દ્રાક્ષ અને અનાર (દાડમ) અને તરબુચનું પાણી અને શેરડીનો રસ.

**મસ્અલા :** (૨૦૮) જે પાણી ગરમ દેશમાં, ગરમ ઋતુમાં સોના-ચાંદી સિવાયની બીજી કોઈ ધાતુના વાસણમાં, તડકામાં ગરમ થઇ ગયું, તો જ્યાં સુધી ગરમ છે, તેનાથી વુઝૂ અને ગુસ્લ ન કરવું જોઈએ. અને ન તેને પીવું જોઈએ. બલ્કે શરીરને કોઈ રીતે પહોંચવું ન જોઇએ, ત્યાં સુધી કે જો તેનાથી કપડું પલળી જાય, તો જ્યાં સુધી ઠંડુ ન થઇ જાય, તેને પહેરવાથી બચવું જોઇએ. કે તે પાણીના ઉપયોગથી કોઢની આશંકા છે. તે છતાં પણ જો વુઝૂ અથવા ગુસ્લ કરી લીધું, તો થઈ જશે.

**મસ્અલા :** (૨૦૯) નાના-નાના ખાડાઓમાં પાણી છે અને તેમાં નાપાકી પડવાની ખબર નથી, તો તેનાથી વુઝૂ જાઈઝ છે.

**મસ્અલા :** (૨૧૦) કાફિરનું કહેવું કે, આ પાણી પાક છે અથવા નાપાક. તેની વાત માનવામાં આવશે નહી. બંને સ્થિતિમાં તે પાણી પાક ગણાશે, કારણ કે તે તેની અસલી હાલત છે.

**મસ્અલા :** (૨૧૧) નાબાલિગનું ભરેલું પાણી કે શરઅન (શરીઅતની રૂએ) તેની માલિકી થઈ જાય. તેને પીવું કે વુઝૂ અથવા ગુસ્લ કરવું અથવા બીજા કોઈ ઉપયોગમાં લેવું, તેના માં-બાપ અથવા જેનો તે નોકર છે, તેમના સિવાય કોઈના માટે જાઈઝ નથી. ભલે તે ઈજાઝત પણ આપી દે. જો વુઝૂ કરી લીધું તો વુઝૂ થઇ જશે, પરંતુ ગુનેહગાર થશે અહિંઆથી મોઅલ્લિમોએ (શિક્ષકોએ) સબક લેવો જોઈએ કે, અકસર તેઓ નાબાલિગ બાળકોથી પાણી ભરાવડાવી પોતાના કામમાં લે છે. એવીજ રીતે બાલિગનું ભરેલું પાણી તેની ઈજાઝત વગર વાપરવું પણ હરામ છે.

**મસ્અલા :** (૨૧૨) નજાસતે (નાપાકીએ) પાણીનો સ્વાદ વાસ-રંગ બદલી નાંખ્યો, તો તેને પોતાના ઉપયોગમાં પણ લેવું નાજાઇઝ છે અને જાનવરોને પીવડાવવું પણ નાજાઇઝ છે. હા, ગારા (લીંપવા વિગેરે) ના કામમાં લઈ શકો છો. પરંતુ તે ગારા (માટી)ને મસ્જિદની દીવાલ વિગેરેમાં વાપરવું જાઇઝ નથી.

## કુવાનું બયાનઃ

**મસ્અલા :** (૨૧૩) કુવામાં આદમી અથવા કોઈ જાનવરનો પેશાબ અથવા વહેતું લોહી અથવા તાડી અથવા ખજુરનો રસ અથવા કોઇ પ્રકારના શરાબ (દારૂ) નું ટીપું અથવા નાપાક લાકડું અથવા નાપાક કપડું અથવા કોઇ બીજી નાપાક વસ્તુ પડી, તો તેનું (કુવાનું) તમામ પાણી કાઢવું પડશે.

**મસ્અલા :** (૨૧૪) જે ચોપગાઓનું માંસ ખાવામાં આવતું નથી, તેમના પાખાના (ગોબર) અને પેશાબથી (કુવાનું પાણી) નાપાક થઈ જશે. એવીજ રીતે મરઘી અને બતકની અઘારથી (પણ) નાપાક થઈ જશે. આ સઘળી સ્થિતિમાં (કુવાનું) સઘળું પાણી કાઢવામાં આવશે.

**મસ્અલા :** (૨૧૫) લીંડીઓ અને ગોબર અને લીદ જો કે નાપાક છે, પરંતુ જો કુવામાં પડી જાય, તો જરૂરતના લીધે તેમનું થોડું માફ રાખવામાં આવ્યું છે. પાણીની નાપાકીનો હુકમ આપવામાં આવશે નહી. અને ઉડનાર હલાલ પક્ષીઃ કબૂતર, ચકલીની અઘાર અથવા શિકારી પક્ષીઃચીલ, બાઝ,

બકરાની અધાર પડી જાય તો નાપાક થશે નહી. એવીજ રીતે ઉંદર અને ચામાચીડિયાના પેશાબથી પણ નાપાક થશે નહી.

**મસ્અલા :** (૨૧૬) પેશાબના બહુજ બારીક છીંટા, સોયના નાકા જેવા અને નાપાક ધુળ પડવાથી (કૂવાનું પાણી) નાપાક થશે નહીં.

**મસ્અલા :** (૨૧૭) જે કૂવાનું પાણી નાપાક થઈ ગયું, તેનું એક ટીપું પણ પાક કૂવામાં પડી જાય, તો તે પણ નાપાક થઈ ગયો. જે હુકમ તેનો હતો એજ હુકમ આનો પણ થઈ ગયો. એવી રીતે ડોલ, દોરડું, ઘડો જેમાં નાપાક કૂવાનું પાણી લાગ્યું હતું, પાક કૂવામાં પડે તો તે પણ નાપાક થઈ જશે.

**મસ્અલા :** (૨૧૮) કૂવામાં આદમી, બકરી અથવા કુતરૂં અથવા બીજું કોઈ લોહીવાળું જાનવર તેમની બરાબર અથવા તેમનાથી મોટું પડીને મરી જાય, તો તમામ પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૧૯) મુરઘો–મુરઘી, બિલાડી, ઉંદર, છીપકલી (ગરોડી) અથવા બીજું કોઈ લોહીવાળું જાનવર (જેમાં વહેતું લોહી હોય) તેમાં મરીને ફૂલી જાય અથવા ફાટી જાય તો તે કૂવાનું સઘળું પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૨૦) જો આ સઘળા (કૂવા) બહાર મર્યા, પછી કૂવામાં પડી ગયા, તો પણ એજ હુકમ છે.

**મસ્અલા :** (૨૨૧) છીપકલી અથવા ઉંદરની પૂછડી કપાઈને કૂવામાં પડી, ભલે કુલી–ફાટી ન હોય, તો પણ તમામ પાણી કાઢવામાં આવે. પરંતુ તેના (પૂંછડીના) મૂળમાં જો મોમ (મીણ) લાગેલુ હોય તો વીસ ડોલ કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૨૨) બિલાડીએ ઉંદરને દબાવ્યો, સાથે તે ઝખ્મી થઈ ગયો. પછી તેનાથી છુટીને તે કૂવામાં પડયો, તો સઘળું પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૨૩) ઉંદર, છછુંદર, ચકલી, છીપકલી, કાચંડો અથવા તેમની બરાબરનું અથવા તેમનાથી નાનું કોઈ (વહેતા) લોહીવાળું જાનવર કૂવામાં પડીને મરી ગયું, તો વીસથી ત્રીસ ડોલ સુધી પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૨૪) કબૂતર, મુરઘી, બિલાડી પડીને મરે, તો ચાલીસથી સાઇઠ ડોલ સુધી પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૨૫) આદમીનું બાળક જે જીવતું પૈદા થયું, તે આદમીના હુકમમાં છે. બકરીનું નાનું બચ્ચું, બકરીના હુકમમાં છે.

**મસ્અલા :** (૨૨૬) જે જાનવર કબૂતર કરતાં નાનું હોય, તે ઉંદરના હુકમમાં છે. અને જે જાનવર બકરી કરતાં નાનું હોય તે મુરઘીના હુકમમાં ગણાશે.

**મસ્અલા :** (૨૨૭) બે ઉંદર પડીને મરી જાય તો એજ વીસથી ત્રીસ ડોલ સુધી પાણી કૂવામાંથી કાઢવામાં આવે. સાથે ત્રણ અથવા ચાર અથવા પાંચ (ઉંદર) હોય તો ચાલીસથી સાઇઠ સુધી. અને સાથે (૬) છ હોય, તો સઘળું પાણી કાઢવું પડશે.

**મસ્અલા :** (૨૨૮) જો બે બિલાડીઓ પડીને મરી જાય, તો સઘળું પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૨૯) જો મુસલમાન મડદું ગુસ્લ પછી કૂવામાં પડી જાય તો બિલકુલ પાણી કાઢવાની જરૂરત નથી, અને જો શહીદ પડી જાય અને તેના શરીર પર લોહી ચોંટેલું ન હોય, તો પણ પાણી

કાઢવાની જરૂરત નથી. અને જો લોહી લાગેલું છે અને વહેવા લાયક નહતું, તો પણ કોઇ જરૂરત નથી. ભલે તે લોહી તેના શરીર પરથી ધોવાઇને પાણીમાં મળી જાય. અને જો વહેવા લાયક લોહી તેના શરીર પર લાગેલું છે અને તે સુકાઇ ગયું અને શહીદના પડવાથી તેના શરીરથી તે અલગ થઈ ને પાણીમાં ન ભળ્યું, તો પણ પાણી પાક રહેશે. કારણ કે શહીદનું લોહી જ્યાં સુધી તેના શરીર પર છે, ભલે તે કેટલુંયે હોય-પાક છે. હા, તે લોહી તેના શરીરથી જુદું પડીને, પાણીમાં મળી ગયું, તો હવે તે પાણી નાપાક થઈ ગયું.

**મસ્અલા :** (૨૩૦) કાફિર મડદું ભલે ૧૦૦ (સો) વાર ધોવામાં આવ્યું હોય, જોતે કૂવામાં પડી જાય અથવા તેની આંગળી અથવા નખ પાણીથી (માં) લાગી જાય તો તે પાણી નાપાક થઈ જશે અને તમામ પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** (૨૩૧) અધુરૂં બાળક અથવા જે બાળક મરેલું પૈદા થયું તે જો કૂવામાં પડી જાય તો સઘળું પાણી કાઢવામાં આવે, ભલે પડવાથી પહેલાં તેને નવડાવી દેવામાં આવ્યું હોય

**મસ્અલા :** (૨૩૨) બેવુઝૂ અને જે માણસ પર ગુસ્લ ફર્ઝ હોય, જો જરૂરત વગર કૂવામાં ઉતરે અને તેમના શરીર પર નાપાકી લાગેલી ન હોય, તો વીસ ડોલ પાણી કાઢવામાં આવે. અને જો ડોલ કાઢવા માટે ઉતર્યો તો કાંઈ નહી.

**મસ્અલા :** (૨૩૩) સુવ્વર કૂવામાં પડયું, ભલે તે મર્યું નહી, તો પણ બધું પાણી નાપાક થઈ ગયું. તમામ પાણી કાઢવામાં આવે.

**મસ્અલા :** સુવ્વર સિવાય જો બીજું કોઈ જાનવર કૂવામાં પડયું અને જીવતું નીકળી આવ્યું અને તેના શરીરમાં નાપાકી લાગેલ હોવાની યકીની ખબર ન હોય અને પાણીમાં તેનું મોઢું ન પડયું, તો પાણી પાક છે. તેનો ઉપયોગ જાઇઝ છે, પરંતુ સાવધાની ખાતર વીસ ડોલ કાઢવું બહેતર છે. અને જો તેના શરીર પર નજાસત લાગેલ હોવાની યકીની ખબર છે, તો સઘળું પાણી કાઢવામાં આવે, અને જો તેનું મોઢું પાણીમાં પડયું તો તેની લાળ અને એંઠાનો જે હુકમ છે એજ હુકમ આ પાણીનો છે. જો એઠું નાપાક છે અથવા શંકાશીલ તો સઘળું પાણી કાઢવામાં આવે. અને જો મકરૂહ છે તો ઉંદર વિગેરેમાં વીસ ડોલ, છુટેલ મુરઘીમાં ચાલીસ, અને જેનું એંટેલું નાપાક છે તેમાં પણ વીસ ડોલ કાઢવું સારૂં છે. દા.ત. બકરી પડી અને જીવતી નીકળી વીસ ડોલ કાઢી નાંખો.

**મસ્અલા :** (૨૩૫) કૂવામાં તે જાનવર પડયું જેનું એઠું (જુઠું) પાક છે, અથવા મકરૂહ, અને પાણી કાંઇ કાઢયું નહી અને વુઝૂ કરી લીધું તો વુઝૂ થઈ જશે.

**મસ્અલા :** (૨૩૬) પગરખું અથવા દડો કૂવામાં પડી ગયો અને તેનું નાપાક હોવાનું યકીન છે, તો કુલ પાણી કાઢવામાં આવે. નહી તો, વીસ ડોલ કાઢવામાં આવે. કેવળ નાપાક હોવાનો ખ્યાલ મુઅતબર (વિશ્વસનીય) નથી.

**મસ્અલા :** (૨૩૭) પાણીનું જાનવર અર્થાત તે જે પાણીમાં પૈદા થાય છે, જો કૂવામાં મરી જાય અથવા મરેલું પડી જાય તો (કૂવાનું પાણી) નાપાક થશે નહી. ભલે ફુલ્યુ-ફાટયું હોય. પરંતુ ફાટીને તેના અંશો પાણીમાં મળી ગયા, તો તે પાણી પીવું હરામ છે.

**મસ્અલા :** (૨૩૮) ખૂશ્કી (જમીન) અને પાણીનાં દેડકાંનો એક જ હુકમ છે. અર્થાત તેના મરવા બલ્કે સડવાથી પણ પાણી નાપાક થશે નહી. પરંતુ જંગલનું મોટું દેડકું જેમાં વહેવા લાયક

લોહી હોય છે, તેનો હુકમ ઉંદરની જેમ છે. પાણીના દેડકાંની આંગળીઓ દરમિયાન ઝિલ્લી (ચામડી) હોય છે અને ખૂશ્કીના (જમીનના) દેડકામાં ચામડી હોતી નથી.

**મસ્અલા :** (૨૩૯) જેનો જન્મ પાણીનો ન હોય, પરંતુ પાણીમાં રહેતું હોય. જેવું કે બતક તેના મરી જવાથી પાણી નાપાક થઈ જશે.

**મસ્અલા :** (૨૪૦) બાળક અથવા કાફિરે પાણીમાં હાથ નાંખી દીધો તો જો તેમના હાથ નાપાક હોવાની ખબર છે. ત્યારે તો જાહેર છે કે, પાણી નાપાક થઈ ગયું. નહિ તો, નાપાક તો ન થયું, પરંતુ બીજા પાણીથી વુઝૂ કરવું ઉત્તમ છે.

**મસ્અલા :** (૨૪૧) જે જાનવરોમાં વહેતું લોહી હોતું નથી, જેવું કે મચ્છર-માંખી વિગેરે. તેમના મરી જવાથી પાણી નાપાક થશે નહી.

**નોટ :** માંખી સાલન ( શાક ) વિગેરેમાં પડી જાય તો તેને તેમાં ડુબકી ખવડાવી ફેંકી દો અને શાક ઉપયોગમાં લો.

**મસ્અલા :** (૨૪૨) મુરદાર (મૃતક)નું હાડકું જેમાં માંસ અથવા ચિકાશ લાગેલી હોય તે પાણીમાં પડી જાય તો તે પાણી નાપાક થઈ ગયું. તમામ પાણી કાઢવામાં આવે, અને જો માંસ અથવા ચિકાશ લાગેલી ન હોય તો, પાક છે. પરંતુ સુવ્વરના હાડકાથી મુત્લકન (સર્વથા) પાણી નાપાક થઈ જશે.

**મસ્અલા :** (૨૪૩) જે કૂવાનું પાણી નાપાક થઈ ગયું, તેમાંથી જેટલું પાણી કાઢવાનો હુકમ છે, તેટલું પાણી કાઢી લેવામાં આવ્યું કે, હવે તે દોરડું-ડોલ જેનાથી પાણી કાઢવામાં આવ્યું છે, પાક થઈ ગયા. તેને ધોવાની જરૂર નથી.

**મસ્અલા :** (૨૪૪) સઘળું પાણી કાઢવાનો એ અર્થ છે કે એટલું પાણી કાઢી લેવામાં આવે કે જ્યારે ડોલ નાખો તો અડધી પણ ન ભરાય. તેની માટી કાઢવાની જરૂરત નથી, ન દીવાલ ધોવાની આવશ્યકતા, કે તે પાક થઈ ગઈ.

**મસ્અલા :** (૨૪૫) આ જે હુકમ આપવામાં આવ્યો છે, કે આટલું-આટલું પાણી કાઢવામાં આવે તેનો એ મતલબ છે કે, તે વસ્તુ કે જે તેમાં પડી છે પ્રથમ તેનો તેમાંથી કાઢીલો. પછી એટલું પાણી કાઢો. જો તે વસ્તુ તેમાંજ પડી રહી, તો ગમે તેટલું પાણી કાઢો બેકાર છે.

**મસ્અલા :** (૨૪૬) અને જો તે સડી જઈને માટી થઈ ગઈ અથવા તે વસ્તુ પોતે નાપાક ન હતી બલ્કે કોઈ નાપાક ચીઝ ચોંટવાથી નાપાક થઈ ગઈ હોય. દા. ત. નાપાક કપડું, અને તેનું કાઢવું મુશ્કેલ હોય, તો હવે કેવળ પાણી કાઢવાથી પાક થઈ જશે.

**મસ્અલા :** (૨૪૭) જે કૂવાની ડોલ નિયુક્ત હોય તો તેનોજ ઓતેમાર છે. તેના નાના મોટા હોવાનો કોઈ લેહાઝ નથી અને જો તેની કોઈ ખાસ ડોલ ન હોય તો એવી ડોલ હોય કે એક સાઅ (૩૫૧ તોલા) પાણી તેમાં આવી જાય.

**મસ્અલા :** (૨૪૮) ડોલ ભરેલી કાઢવું જરૂરી નથી. જો અમુક પાણી છલકાઈને ( અંદર ) પડી ગયું અથવા ટપકી ગયું પરંતુ જેટલું વધ્યું તે અર્ધા કરતા વધારે હોય તો તે આખી ડોલ જ ગણાશે.

**મસ્અલા :** (૨૪૯) ડોલ મુઐયન (નિશ્ચિત) છે, પરંતુ જે ડોલથી પાણી કાઢયું તે તેનાથી નાની અથવા મોટી છે અથવા ડોલ મુકર્રર નથી અને જેનાથી કાઢયું તે એક સાઅથી ઓછી-વત્તી છે, તો

તે હાલતોમાં હિસાબ કરીને, તે મુકર્રર ડોલ અથવા એક સાઅની બરાબર કરીલો.

**મસ્અલા :** (૨૫૦) કૂવામાંથી મરેલું જાનવર નીકળ્યું તો તેના પડવા-મરવાના સમયની ખબર છે તો તે વખતથી પાણી નાપાક છે. તેના પછી જો કોઇએ તેનાથી વુઝૂ અથવા ગુસ્લ કર્યું, તો ન વુઝૂ થયું ન ગુસલ થયું. તે વુઝૂ અને ગુસલથી જેટલી નમાઝો પઢી તે સૌને ફરીથી પઢે. કારણકે તે નમાઝો થઇ નહી. એવીજ રીતે, તે પાણીથી કપડાં ધોયા અથવા કોઈ બીજી રીતે તેના બદન અથવા કપડાંમાં તે પાણી લાગ્યું તો કપડાં અને બદનનું પાક કરવું જરૂરી છે. અને તેનાથી જે નમાઝો પઢી તેને ફરીથી પઢવું ફર્ઝ છે. અને જો સમયની ખબર નથી તો જે વખતે દેખવામાં આવ્યું તે વખતથી નાપાક ઠરશે. ભલે ફૂલ્યું-ફાટયું હોય. તેનાથી પહેલાં પાણી નાપાક નથી. અને પહેલાં જે વુઝૂ અથવા ગુસલ કર્યું અથવા કપડાં ધોયા, તેનો કાંઈ વાંધો નથી. તેના ઉપર જ અમલ છે.

**મસ્અલા :** (૨૫૧) જો કૂવો એવો હોય કે તેનું પાણી તુટતું જ નથી, (ખતમ થતું જ નથી) ભલે કેટલુંએ કાઢો, અને તેમાં નજાસત પડી ગઈ અથવા તેમાં કોઈ એવું જાનવર મરી ગયું, જેમાં તમામ પાણી કાઢવાનો હુકમ છે, તો એવી સ્થિતિમાં હુકમ એ છે કે માલૂમ કરી લો કે તેમાં કેટલું પાણી છે, અને પછી તેટલું જ પાણી કાઢી લેવામાં આવે. કાઢતી વખતે જેટલું વધતું ગયું તેનો કોઇ લેહાઝ (ગણના) નથી. અને એ માલૂમ કરી લેવું કે, તે વખતે કેટલું પાણી છે. તેની રીત એ છે કે બે પરહેઝગાર મુસલમાન જેમને એ અનુભવ (પ્રવિણતા) હોય કે, પાણીની પહોળાઈ ઉંડાઇ દેખીને બતાવી શકે કે, આ કૂવામાં એટલું પાણી છે. તે જેટલી ડોલો બતાવે તેટલી ડોલો પાણી કાઢવામા આવે. અને બીજી રીતે એ છે કે, તે પાણીની ઉંડાઈ કોઇ વાંસ અથવા દોરડાથી સહીહ રીતે માપીલે, અને કેટલાક માણસો બહુ જ ઝડપથી સો (૧૦૦) ડોલ ઉદાહરણી રૂપે કાઢે, પછી પાણી માપે જેટલું ઓછું થાય તે હિસાબે જ પાણી કાઢે. કૂવો પાક થઇ જશે. તેનું દષ્ટાંત એ છે કે, પહેલી વખતે માપવાથી માલૂમ પડયું કે પાણી દસ હાથ છે, પછી સો ડોલ કાઢીં લીધા પછી માપ્યું, તો નવ હાથ રહ્યું, તો જાણી શકાયું કે, સો ડોલમાં એક હાથ ઓછું થયું, તો દસ હાથમાં દસસો અર્થાત એક હજાર ડોલ થઈ. ( તો એક હજાર ડોલ ખેંચી લે, એટલે સંપૂર્ણ કૂવાનું પાણી નીકળી ગયું. એટલે કૂવો પાક થઈ ગયો. અનુ. )

**મસ્અલા :** (૨૫૨) જો કૂવો એવો છે કે તેનું પાણી તુટી જશે પરંતુ તેમાં તેના ફાટી જવા વિગેરેના નુકસાનનું ગુમાન છે, તો પણ એટલું જ પાણી કાઢવામાં આવે, જેટલું તે સમયે તેમાં મોજૂદ છે, પાણી તોડવાની હાજત નથી.

**મસ્અલો :** (૨૫૩) કૂવામાંથી જેટલું પાણી કાઢવું છે તેમાં અખત્યાર છે કે, એકદમથી તેટલું કાઢે અથવા થોડું થોડું કરીને કાઢે. બંને હાલતમાં કૂવો પાક થઈ જશે.

**મસ્અલા :** (૨૫૪) મુરઘીનું તાજુ ઇંડુ જેના ઉપર અત્યાર સુધી રતૂબત (ચિકાશ) ચોંટેલી હોય, પાણીમાં પડી જાય, તો નાપાક ન થશે. એમજ બકરીનું બચ્ચું પેદા થતાં જ પાણીમાં પડયું અને મર્યું નહી, તો પણ પાણી નાપાક ન થશે.

# આદમી અને જાનવરોના જુટા (અજીઠા)નું બયાન :

**મસ્અલા :** (૨૫૫) આદમી ભલે જનાબતવાળો હોય અથવા હૈઝ તથા નિફાસવાળી સ્ત્રી તેનું એંઠું પાક છે, કાફિરનું જુટ્ઠું (અજીઠું) પણ પાક છે, પરંતુ તેનાથી બચવું જોઈએ. જેવું કે થુંક, રીંઠ, ખુંખારો કે તે પાક છે, પરંતુ તેનાથી માણસને સુગ ચઢે છે. તેનાથી બદતર કાફિરના જુઠા (એંઠા)ને સમજવું જોઈએ.

**મસ્અલા :** (૨૫૬) કોઇના મુખમાંથી એટલું લોહી નીકળ્યું કે થૂકમાં રતાશ આવી ગઇ અને તેણે તુરત જ પાણી પીધું, તો તે જુઠું, નાપાક છે અને રતાશ જતા રહ્યા પછી તેના માટે લાઝિમ છે કે કુલ્લી કરીને મૂખ પાક કરે અને જો કુલ્લી ન કરી અને કેટલીકવાર થુંકનું પ્રસારણ નજાસતના સ્થાન પર થયું. ભલે ગળી જવામાં અથવા થુંકવામાં, ત્યાં સુધી કે નજાસતની અસર રહી નહી, તે તહારત (પવિત્રતા) થઇ ગઈ. તે પછી જો પાણી પીશે, તો પાક રહેશે. જોકે એવી હાલતમાં થૂંક ગળવું સખત નાપાક વાત અને ગુનોહ છે.

**મસ્અલા :** (૨૫૭) મઆઝલ્લાહ, શરાબ (દારૂ) પીને તુરત જ પાણી પીધું તો પાણી નાપાક થઈ ગયું અને જો એટલીવાર થોભ્યો કે શરાબના અંશો થૂંકમાં ભળીને હલક (કંઠ)ની નીચે ઉતરી ગયા તો નાપાક નથી. પરંતુ શરાબી અને તેના એંઠાથી બચવું જોઈએ.

**મસ્અલા :** (૨૫૮) શરાબખોરની મૂંછો ચોટી હોય કે શરાબ મૂંછોમાં લાગી, તો જ્યાં સુધી તેમને પાક ન કરે. જે પાણી પીશે તે પાણી અને વાસણ બંને નાપાક થઇ જશે.

**મસ્અલા :** (૨૫૯) પુરૂષે ગેરસ્ત્રીનું અને સ્ત્રીએ પરપુરૂષનું એંઠું, જો ખબર હોય કે આ ફલાણાં અથવા ફલાણીનું એંઠું છે, તેને સ્વાદની રીતે ખાવું-પીવું મકરૂહ છે. પરંતુ તે ખાણાં-પાણીમાં કોઈ કરાહત (ઘૃણા) આવી નથી, અને જો ખબર ન હોય કે કોનું છે અથવા આસ્વાદ તરીકે ખાધું-પીધું નહી તો કોઈ વાંધો નથી. બલ્કે કેટલીક હાલતમાં બહેતર (ઉત્તમ) છે. જેવું કે બા શરઅ આલિમ અથવા દીનદાર પીરનું એંઠું, કે તેને તબર્રૂક સમજીને લોકો ખાય-પીએ છે. (તેમાં કાંઇ વાંધો નથી-અનુ)

**મસ્અલા :** (૨૬૦) જે ચોપગાં જાનવરો તથા પક્ષીઓનું માંસ ખાવામાં આવે છે (હલાલ છે) તેમનું એંઠું પાક છે, જેવું કે ગાય-બળદ-ભેંસ-બકરી કબૂતર-તેતર વિગેરે.

**મસ્અલા :** (૨૬૧) જે મરઘી છુટી ફરતી હોય અને નાપાકીમાં ચાંચ નાંખતી હોય, તેનું એંઠું મકરૂહ છે. અને બંધ રહેતી હોય તો પાક છે.

**મસ્અલા :** (૨૬૨) એવી જ રીતે કેટલીક ગાયો કે જેમને નાપાકી ખાવાની આદત હોય છે, તેમનું એંઠું મકરૂહ છે, અને જો હમણાં નાપાકી ખાધી અને તે પછી કોઈ એવી વાત દેખવામાં ન આવી કે, જેનાથી તેના મોંઢાની તહારત (પાકી) થઈ જાત (દા.ત. વહેતા પાણીમાં પાણી પીવું અથવા સ્થભિત પાણીમાં અલગ-અલગ) ત્રણ સ્થળેથી પાણી પીવું. અને તે હાલતમાં પાણીમાં મોઢું નાંખી દીધું તો નાપાક થઈ ગયું, એવી જ રીતે જો બળદ-પાડા-બકરા (નરજાતી)એ ટેવ પ્રમાણે નારી જાતીનો પેશાબ સૂંધ્યું અને તેનાથી તેમનું મોઢું નાપાક થયું અને દૃષ્ટિ આગળથી ખસ્યા નહી, ન એટલીવાર પ્રસાર થઈ જેમાં તહારત થઈ જાત, તો તેમનું એંઠું નાપાક છે, અને જો ચાર પાણીઓ (ચાર વાસણમાં ભરેલ-પાણીઓ)માં મોઢું નાંખો તો પ્રથમના ત્રણ પાણી નાપાક અને ચોથું પાક છે.

**મસ્અલા :** (૨૬૩) ઘોડાનું જુઠું (એંઠું) પાક છે.

**મસ્અલા :** (૨૬૪) સુવ્વર, કુતરા, સિંહ, ચિત્તા, વરૂ, હાથી, ગીદડ, અને બીજા દરિન્દા (હિંસક પશુ )ઓનું એંઠું નાપાક છે.

**મસ્અલા :** (૨૬૫) કુતરાએ વાસણમાં મોઢું નાંખ્યું તો જો તે ચીની અથવા ધાતનું છે અથવા માટીનું, રોગની અથવા ચિકણું ઉપયોગમાં લેવાતું હોય તો ત્રણવાર ધોવાથી પાક થઈ જશે. નહીતો, દરેક વખતે સુકવીને પાક કરવું. હા, ચીનીમાં વાળ હોય અથવા બીજા વસણમાં તરાડ હોય તો ત્રણ વાર સુકવીને પાક થશે. કેવળ ધોવાથી પાક થશે નહી.

**મસ્અલા :** (૨૬૬) ઉડનાર શિકારી જાનવર જેવાં કે શકરા-બાઝ, બહેરી તથા ચીલ વિગેરેનું જુઠું (એંટવું) મકરૂહ છે અને એજ હુકમ કાગડાનો છે. અને જો તેમને પાળીને શિકાર માટે શિખવી લીધા હોય અને ચાંચમાં નજાસત લાગેલી ન હોય તો તેને જુઠું પાક છે.

**મસ્અલા :** (૨૬૭) ઘરમાં રહેનાર જાનવર જેવાંકે બિલાડી, ઉંદર, સાંપ, છિપકલીનું જુઠું (એંટેલું) મકરૂહ છે.

**મસ્અલા :** (૨૬૮) જો કોઈનો હાથ બિલાડીએ ચાટવો શરૂ કર્યો, તો તેણે તુરતજ હાથ ખેંચી લેવો જોઈએ. ચાટતા રહેવા દેવું મકરૂહ છે. અને તે હાથ ધોઇ નાંખવો જોઈએ. જો હાથ ધોયા વગર નમાઝ પડી લીધી, તો નમાઝ થઈ ગઇ, પરંતુ ખિલાફે ઉલા (મુસ્તહબ્બ વિરૂદ્ધ) થઈ.

**મસ્અલા :** (૨૬૯) બિલાડીએ ઉંદર ખાધો અને તેણે તુરત જ વાસણમાં મોઢું નાખ્યું, તો તે પાણી નાપાક થઇ ગયું અને જો જીભથી મોઢું ચાટી લીધું કે લોહીની અસર મટી ગઇ તો નાપાક નથી.

**મસ્અલા :** (૨૭૦) પાણીમાં રહેનાર જાનવરોનું જુઠું પાક છે, ભલે તેમની ઉત્પતી (પેદાઇશ) પાણીમાં થઇ હોય કે ન થઇ હોય.

**મસ્અલા :** (૨૭૧) ગર્દભ (ગધેડો) તથા ખચ્ચરનું એંઠું શંકાસ્પદ છે. એટલે કે તેના વુઝૂને લાયક હોવામાં શંકા છે. જેથી તેનાથી વુઝૂ થઇ શકતું નથી. કારણકે હદસ (વુઝુવગર હોવું) તો નિશ્ચિત છે, તે શંકાસ્પદ તહારતથી નષ્ટ થશે નહી.

**મસ્અલા :** (૨૭૨) જે એંઠું પાણી પાક છે તેનાથી વુઝૂ અને ગુસલ જાઇઝ છે. પરંતુ જનાબતવાળા એ (જેની પર ગુસ્લ કરવું ફર્ઝ હોય) કુલ્લી કર્યા વગર પાણી પીધું, તો તે એંઠા પાણીથી વુઝૂ નાજાઇઝ છે કારણકે તે મુસ્તઅમલ (ઉપયુક્ત) થઇ ગયું.

**મસ્અલા :** (૨૭૩) સારૂં પાણી હોવા છતાં મકરૂહ પાણીથી વુઝૂ તથા ગુસલ કરવું મકરૂહ છે. અને જો સારૂં પાણી મોજુદ નથી તો કાંઇ વાંધો નથી. એવી જ રીતે મકરૂહ એંઠાનું ખાવું-પીવું પણ માલદાર માટે મકરૂહ છે. ગરીબ-મોહતાજ ને કરાહત વિના જાઇઝ છે.

**મસ્અલા :** (૨૭૪) સારૂં પાણી હોવા છતાં, શંકાસ્પદ (પાક છેકે નાપાક?) પાણીથી વુઝૂ તથા ગુસલ જાઇઝ નથી. અને જો સારૂં પાણી ન હોય તો તેનાથી જ વુઝૂ તથા ગુસલ કરીલે અને તયમ્મુમ પણ. અને સારૂં એ છે કે, વુઝૂ પહેલાં કરીલે અને જો પહેલાં તયમ્મુમ કર્યું અને પછી વુઝૂ કર્યું, તો પણ કાંઈ વાંધો નથી. અને આ હાલતમાં વુઝૂ અને ગુસલમાં નિય્યત કરવું જરૂરી છે. અને જો વુઝૂ કર્યું અને તયમ્મુમ ન કર્યું અથવા તયમ્મુમ કર્યું અને વુઝૂ ન કર્યું તો નમાઝ થશે નહી.

**મસ્અલા :** (૨૭૫) શંકાસ્પદ જુઠા (એંઠા)નું ખાવું-પીવું ન જોઈએ. (જે પાક અથવા નાપાક હોવામાં શંકા હોય તેને મશ્કુક કહે છે.—અનુ.)

**મસ્અલા :** (૨૭૬) મશ્કૂક (શંકાસ્પદ) પાણી સારા પાણીમાં મળી ગયું, તો જો સારૂં પાણી વધારે છે તો તેનાથી વુઝૂ થઈ શકે છે. નહી તો, નહી.

**મસ્અલા :** (૨૭૭) જેનું જુઠું નાપાક છે, તેનો પરસેવો અને લાળ પણ નાપાક છે. અને જેનું જુઠું પાક છે તેનો પરસેવો અને લાળ પણ પાક છે. અને જેનું જુઠું મકરૂહ છે તેની લાળ અને પરસેવો પણ મકરૂહ છે.

**મસ્અલા :** (૨૭૮) ગર્દભ (ગધેડા) તથા ખચ્ચરનો પરસેવો જો કપડામાં લાગી જાય, તો કપડુ પાક છે. ભલે ગમે તેટલો વધારે લાગ્યો હોય.

# તયમ્મુમનું બયાન :

## અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

**"વ ઈન કુન્તુમ મર્દા અવ અલા સફરિન વ જાઅ અહદુમ-મિન્કુમ મિનલ-ગાએતે-અવ લામસ્તોમુન્નિસાઅ ફલમ તજેદૂ માઅન ફતયમ્મમૂ સઈદન તૈયેબન ફમ્સહુ બે વોજૂહેકુમ વ ઐદીકુમ."**

(અર્થ : જો તમે બીમાર હોય અથવા સફરમાં હોય અથવા તમારામાંથી કોઇ પાખાના-જાજરૂથી આવ્યો અથવા સ્ત્રીઓથી મુબાશેરત કરી (સંભોગ કર્યો) અને પાણી ઉપલબ્ધ નથી, તો પાક માટીનો ઇરાદો કરો તો પોતાના મુખ અને હાથોનો તેનાથી મસેહ કરો.)

**હદીસ :** (૧) સહીહ બુખારીમાં ઉમ્મુલ મોમેનીન હઝરત બીબી આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે, અમો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે એક સફરમાં ગયાં, ત્યાં સુધી કે જ્યારે 'બયદા' અથવા 'ઝાતુલજૈશ'માં (સ્થળે) પહોંચ્યા. તો મારો હાર તુટી ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેની શોધ માટે ત્યાં ઉતારો કર્યો અને લોકોએ પણ હુઝૂરની સાથે મુકામ કર્યો. હવે ત્યાં પાણી હતું નહી, અને લોકોની સાથે પણ પાણી હતું નહી. લોકોએ હઝરત અબૂબક્રસિદ્દીક રદીયલ્લાહો અન્હો પાસે આવી અરજ કરી કે, શું આપ દેખતા નથી કે, સિદ્દીકાએ કેવું કર્યું ? હુઝૂરને અને સર્વને રોકી લીધા. અહીં પાણી નથી અને લોકોની પાસે પણ પાણી નથી. આપ ફરમાવે છે કે, હઝરત અબૂબક્ર રદીયલ્લાહો અન્હો આવ્યા, ત્યારે હુઝૂર પોતાનું માથું મારી સાથળો પર મુકીને આરામ કરી રહ્યા હતા. તેમણે આવીને મને કહ્યું: તેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને લોકોને રોકી લીધા. જોકે, ન અહીંયા પાણી છે ન લોકોની સાથે પાણી છે. ઉમ્મુલમોમેનીન ફરમાવે છે કે, તેમણે મારા પર ગુસ્સો કર્યો અને જે અલ્લાહે ચાહયુ તે તેમણે મને કહ્યું. અને પોતાના હાથથી મારી કૂખમાં ગોદા મારવા શરૂ કર્યા. પરંતુ, હુઝૂરનું મસ્તક મારા ખોળામાં હોવાથી ગમે તેટલી તકલીફ થવા છતાં હું હલન ચલન કરી શકી નહી. જ્યારે સવાર થઈ ત્યારે હુઝૂર ઉઠયા. તે વખતે અલ્લાહ તઆલાએ તયમ્મુમની આયત નાઝિલ કરી. અને લોકોએ

તયમ્મુમ કર્યું. આ વાતપર હઝરત ઉસૈદ બિન હુદૈર રદીયલ્લાહો અન્હોએ કહ્યું કે, અય આલે અબૂ-બક્ર! આ તમારી પહેલી બરકત નથી (અર્થાત-આવી બરકતો તમારા થકી પહોંચતી રહે છે.) આપ ફરમાવે છે. જ્યારે મારી સવારીનું ઉંટ ઉભું કરવામાં આવ્યું તો તે હાર તેના નીચેથી મળી આવ્યો.

**હદીસ** (૨) સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત હુઝયફહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈરશાદ ફરમાવે છે: તે સઘળી વાતો ઉપરાંત જેનાથી અમોને (બીજા) લોકો ઉપર ફઝીલત (ઉપરવટ) આપવામાં આવી તે આ ત્રણ વાતો છે. (૧) અમારી સફો (નમાઝમાં કતારો) મલાઇકાની સફોની જેવી કરવામાં આવી (૨) અને અમારા માટે તમામ જમીન મસ્જિદ ઠેરવવામાં આવી. અને (૩) જ્યારે અમોને પાણી પ્રાપ્ત ન થાય, ત્યારે ઝમીનની માટી અમારા માટે પાક કરવાવાળી બનાવવામાં આવી.

**હદીસ** (૩) : ઈમામ અહમદ તથા અબૂદાઉદ તથા તિરમિઝી હઝરત અબૂઝર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂર સૈયેદે આલમ સલ્લલ્લાહોઅલયહે વસલ્લમે ફરમાવ્યું કે, પાક માટી મુસલમાનનું વુઝૂ છે. ભલેને દસ વરસ (સુધી) પાણી ન મળે. અને જ્યારે પાણી પ્રર્યાપ્ત થાય તો પોતાના બદનને પહોંચાડે (ગુસ્લ તથા વૂઝૂ કરે) કે, તે તેના માટે બહેતર છે.

**હદીસ** : (૪) અબૂદાઉદ તથા દારેમીએ હઝરત અબૂસઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી, ફરમાવે છેઃ બે માણસો સફરમાં ગયા અને નમાઝનો સમય આવ્યો, તેમની પાસે પાણી ન હતું. પાક માટીથી તયમ્મુમ કરીને, નમાઝ પઢી લીધી. પછી સમયની અંદર પાણી મળી આવ્યું, તેમાંથી એક સાહબે વુઝૂ કરીને ફરીથી નમાઝ પઢી લીધી અને બીજાએ એઆદા (પુનરાવર્તન) ન કર્યું. પછી જ્યારે હુઝૂરની ખિદમતે અકદસમાં હાજર થયા ત્યારે તેનો ઉલ્લેખ કર્યો તો જેમણે પુનરાવર્તન કર્યું ન હતું તેમને ફરમાવ્યું કે, તું સુન્નત પર પહોંચ્યો અને તારી નમાઝ થઈ ગઈ અને જેમણે વુઝૂ કરીને પુનરાવર્તનકર્યું હતું તેમને ફરમાવ્યું : તને બમણો સવાબ મળ્યો.

**હદીસ** (૫) : સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં ઈમ્રાન રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે. તેઓ ફરમાવે છે : અમો એક સફરમાં નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે હતા, હુઝૂરે નમાઝ પઢાવી, જ્યારે નમાઝથી ફારેગ થયા ત્યારે આપે નિરીક્ષણ કર્યું કે, એક માણસ લોકોથી અલગ બેસેલ છે. જેણે કોમની સાથે નમાઝ પઢી નહી. આપે ફરમાવ્યું : અય માનવી! તને કોમની સાથે નમાઝ પઢવાથી કયી વસ્તુએ અટકાવ્યો ? તેણે અર્ઝ કરી : મને નહાવાની હાજત છે અને પાણી પ્રર્યાપ્ત નથી." આપે ઈરશાદ ફરમાવ્યો : માટી થી તયમ્મુમ કરીલે કે, તે તારા માટે કાફી છે.

**હદીસ** : (૬) બુખારી-મુસ્લીમ શરીફમાં, અબૂ જુહૈમ બિન હારિસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બીરેજુમલ (મદીના મુનવ્વરાનું એક સ્થળ) તરફથી તશરીફ લાવી રહ્યા હતા. એક માણસે હુઝૂરને સલામ કરી. આપે તેનો જવાબ ન આપ્યો, ત્યાં સુધી કે એક દીવાલની તરફ ધ્યાનિત થયા અને આપે મુખ અને હાથોનો મસોહ કર્યો. પછી તેના સલામનો જવાબ આપ્યો.

## તયમ્મુમના મસાઈલ :

**મસ્અલા** : (૨૭૯) જેનું વુઝૂ ન હોય અથવા નહાવાની જરૂરત હોય અને પાણીપર શક્તિ ધરાવતો નહોય તો વુઝૂ તથા ગુસ્લની જગ્યાએ તયમ્મુમ કરે. પાણી પર શક્તિ ન હોવાની કેટલીક

હાલતો છે. (૧) એવી બીમારી કે વુઝૂ અથવા ગુસલથી તેમાં વધારો થવાની અથવા સારા થવામાં વિલંબ થવાને ખરેખર (સાચી) શંકા હોય. ભલે એવી રીતે કે તેણે પોતે અજમાવ્યું હોય, જ્યારે વુઝૂ અથવા ગુસ્લ કરે છે તો બીમારી વધે છે અથવા એવી રીતે કે કોઈ મુસલમાન સારા લાયક હકીમે જે જાહેરી ફાસિક ન હોય કહી દીધું હોય કે, પાણી નુકસાન કરશે. (ત્યારે તયમ્મુમ જાઇઝ છે.—અનુ.)

**મસ્અલા** (૨૮૦) બીમારી વધવાનો કેવળ ખ્યાલ જ હોય તો તયમ્મુમ જાઈઝ નથી. એવી જ રીતે કાફિર અથવા ફાસિક અથવા સાધારણ તબીબના કહેવાનો એતેબાર (માન્ય) નથી.

**મસ્અલા** (૨૮૧) અને જો પાણી બીમારીને નુકસાન કરતું નથી, પરંતુ વુઝૂ અથવા ગુસ્લ માટે હલન-ચલન, નુકસાન કરતું હોય અથવા જો તે વુઝૂ કરી શકતો નથી અને કોઈ એવો માણસ પણ નથી કે, જે વુઝૂ કરાવી દે, તો પણ તયમ્મુમ કરે, એવી જ રીતે કોઇના હાથ ફાટી ગયા હોય કે, ખુદ વુઝૂ કરી શકતો નથી અને કોઇ એવું પણ નથી, જે વુઝૂ કરાવીદે, તો તયમ્મુમ કરે.

**મસ્અલા :** (૨૮૨) બે વુઝૂના, અકસર વુઝૂના અવયવોમાં અથવા જનાબતવાળાના અકસર બદનમાં ઝખમ હોય અથવા ચેચક (શિતળા) નીકળ્યા હોય તો તયમ્મુમ કરે. નહી તો, જે અવયવ અથવા બદનનો ભાગ સારો હોય તેને ધોઈલે અને ઝખમની જગ્યા અને નુકસાન થવાના સમયે તેની આસપાસ પણ મસોહ કરીલે. અને જો મસોહ પણ હાનિ પહોંચાડે તો તે અવયવ પર કપડું નાખી તેના ઉપર મસોહ કરે.

**મસ્અલા :** (૨૮૩) બીમારીમાં જો ઠંડુ પાણી નુકસાન કરે છે અને ગરમ પાણી નુકસાન ન કરે, તો ગરમ પાણીથી વુઝૂ અને ગુસલ જરૂરી છે. (આવી હાલતમાં) તયમ્મુમ જાઇઝ નથી. હા, જો એવા સ્થળે હોય કે, ગરમ પાણી મળી શકે નહિ, તો તયમ્મુમ કરે. એવી જ રીતે જો ઠંડા સમયમાં વુઝૂ અથવા ગુસલ નુકસાન કરે છે અને ગરમ સમયમાં નહી, તો ઠંડા સમયમાં તયમ્મુમ કરે. પછી જ્યારે ગરમ સમય થાય તો બીજી નમાઝો માટે વુઝૂ કરી લેવું જોઇએ, જે નમાઝ તે તયમ્મુમથી પઢી લીધાં તેના પુનરાવર્તનથી જરૂરત નથી.

**મસ્અલા :** (૨૮૪) જો મસ્તક ઉપર પાણી નાખવું હાનિ કરે છે તો ગળાથી (માથાના નીચેથી) નહાય અને આખા માથાનો મસોહ કરે.

**(૨) જ્યાં ચારે તરફ એક માઇલ સુધી પાણીનો પતો નથી, ત્યાં તયમ્મુમ જાઈઝ છે.**

**મસ્અલા :** (૨૮૫) જો એ ગુમાન હોય કે,* એક માઇલની અંદર પાણી હશે તો તપાસ કરી લેવું જરૂરી છે. તપાસ કર્યા સિવાય તયમ્મુમ જાઈઝ નથી. પછી જો તપાસ કર્યા વગર તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી અને તપાસ કરવાથી પાણી મળી આવ્યું તો વુઝૂ કરીને નમાઝનું પુનરાવર્તન (ફરીથી પઢવું) લાઝિમ છે. અને જો પાણી ન મળ્યું તો નમાઝ થઈ ગઇ.

**મસ્અલા :** (૨૮૬) જો ચોક્કસ ગુમાન હોય કે, એક માઇલની અંદર પાણી નથી, તો તપાસ કરવું જરૂરી નથી. પછી જો તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી અને તપાસ ન કરી અને ન કોઇ એવું છે જેને પૂછીએ અને પછી ખબર પડી કે અહીંથી નિકટમાં જ પાણી છે તો નમાઝનું પુનરાવર્તન નથી. પરંતુ હવે તે તયમ્મુમ ખતમ થઈ ગયું, અને જો કોઇ ત્યાં હતું પરંતુ તેને પૂછ્યું નહી અને પછી ખબર પડી કે પાણી નિકટમાં છે, તો નમાઝનું પુનરાવર્તન કરવું જોઈએ.

**મસ્અલા :** (૨૮૭) અને જો નિકટમાં પાણી હોવા-નહોવાનું કોઈનું ગુમાન નથી, તો (આવી હાલતમાં) તપાસ કરી લેવું મુસ્તહબ છે, અને જો તપાસ કર્યા વગર તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી તો નમાઝ થઇ ગઈ.

**મસ્અલા :** (૨૮૮) ઝમઝમનું પાણી સાથે છે, જે લોકો માટે તબર્રુક તરીકે લઈ જઈ રહ્યા છો અથવા બીમારને પીવડાવવા માટે લઇ જઈ રહ્યા છો, અને તે એટલું જ છે કે વુઝૂ થઈ જશે તો તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૨૮૯) જો ઝમઝમના પાણીથી વુઝૂ કરવાની ઇચ્છા ન હોય અને એમ ઇચ્છતો હોય કે, તયમ્મુમ જાઈઝ થઇ જાય, તો તેનો તરીકો એ છે કે, કોઈ એવા માણસ પર કે જેના પર ભરોસો હોય કે, તે ફરી આપી દેશે, તે પાણી તેને હેબા (માલિક-બનાવીદે) કરીદે અને તેનો કાંઈ બદલો ઠેરવે, તો હવે તયમ્મુમ જાઈઝ થઇ જશે.

**મસ્અલા :** (૨૯૦) જે ન આબાદીમાં હોય ન આબાદીની નજીક, અને તેની સાથે પાણી મોજુદ છે, પરંતુ યાદ ન રહ્યું અને તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી, તો નમાઝ થઈ ગઈ. અને જો આબાદીમાં અથવા આબાદીની નજીકમાં હોય તો પુનરાવર્તન કરે.

**મસ્અલા :** (૨૯૧) જો પોતાના સાથીની પાસે પાણી છે અને એ ગુમાન છે કે, માંગવાથી (પાણી) આપી દેશે તો માંગવાથી પહેલાં તયમ્મુમ જાઇઝ નથી. પછી જો માંગ્યું નહી અને તયમ્મુમ કરીને નમાઝ પછી માંગ્યું અને તેણે આપી દીધું અથવા માંગ્યા વિના તેણે ખુદ આપી દીધું તો વુઝૂ કરીને નમાઝનું પુનરાવર્તન લાઝિમ છે. અને જો માંગ્યું અને તેણે આપ્યું નહી, તો નમાઝ થઇ ગઈ. અને જો પછીથી પણ ન માંગ્યું, જેનાથી આપવા-ન આપવાનો હાલ ખુલતો અને ન તેણે પોતે આપ્યું, તો નમાઝ થઇ ગઈ. અને આપવાની સંભાવનાની ખાત્રી નથી અને તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી. તો પણ એજ હાલતો છે. પાછળથી પાણી આપી દીધું તો વુઝૂ કરીને નમાઝનું પુનરાવર્તન કરે. નહી તો, થઇ ગઈ.

**મસ્અલા :** (૨૯૨) નમાઝ પઢતા (ની હાલત)માં કોઈની પાસે પાણી દેખ્યું. અને ચોક્કસ અનુમાન છે કે આપી દેશે, તો નમાઝ તોડી નાંખવી જોઇએ અને તેનાથી પાણી માંગવું જોઈએ. જો માંગ્યું નહી અને નમાઝ પૂરી કરી લીધી. હવે તેણે પોતે અથવા તમારા માંગવાથી પાણી આપી દીધું તો નમાઝનું પુનરાવર્તન લાઝિમ છે. અને ન આપે તો નમાઝ થઈ ગઈ. અને જો આપવાનું ગુમાન ન હતું અને નમાઝ પછી તેણે પોતે આપી દીધું અથવા માંગવાથી આપ્યું તો પણ પુનરાવર્તન કરે. અને જો તેણે ન પોતે આપ્યું ન તેણે માંગ્યું કે હાલ માલૂમ થાત તો નમાઝ થઈ ગઈ અને જો નમાઝ પઢતામાં તેણે ખુદ કહ્યું કે પાણી લો, વુઝૂ કરીલો, અને તે કહેનાર મુસલમાન છે તો નમાઝ જતી રહી, તોડી નાંખવી ફર્ઝ છે. અને જો કહેનાર કાફિર છે, તો નમાઝ તોડે નહી. પછી નમાઝ બાદ જો તેણે પાણી આપી દીધું, તો વુઝૂ કરીને પુનરાવર્તન કરીલે.

**મસ્અલા :** (૨૯૩) અને જો એ ગુમાન છે કે એક માઇલની અંદર તો પાણી નથી, પરંતુ એક માઇલ કરતાં થોડાક અધિક અંતરે પાણી મળી જશે તો મુસ્તહબ છે કે, નમાઝના અંતિમ મુસ્તહબ સમય સુધી તાખીર (વિલંબ) કરે. અર્થાત અસર તથા મગરિબ ત્થા ઇશામાં એટલી વાર ન કરે કે, કરાહતનો સમય થઈ જાય. જો વિલંબ ન કર્યો અને તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી, તો નમાઝ થઈ ગઈ.

(૩) એટલી શર્દી હોય કે નહાવાથી મરી જવાનો અથવા બીમાર થઇ જવાનો પાકો અંદેશો (ભય) હોય અને લિહાફ (રજાઇ) વિગેરે કોઈ એવી વસ્તુ તેની પાસે નથી, જેને નહાવા પછી ઓઢે અને શર્દીની હાનિથી બચે, ન આગ છે જેનાથી તાપી શકે, તો તયમ્મુમ જાઈઝ છે.

(૪) દુશ્મનનો ડર કે, જો તેણે દેખી લીધો તો મારી નાંખશે અથવા માલ છીનવી લેશે અથવા તે ગરીબ-નાદારનો લેણદાર છે કે તેને પકડાવી દેશે અથવા તે દીશાએ સાંપ છે કે, તે ડંસ મારશે, અથવા સિંહ છે કે, ફાડી ખાશે અથવા કોઈ બદકાર માનવી છે અને તેણી સ્ત્રી અથવા અમર્દ છે જેને પોતાની બે આબરૂ થવાનો સહીહ ગુમાન છે તો તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલા :** (૨૯૪) જો એવો શત્રુ છે કે, આમતો તેને કાંઈ કહેશે નહી. પરંતુ તે કહે છે કે વુઝૂ માટે પાણી લેશો તો મારી નાંખીશ અથવા કેદ કરાવી દઇશ, તો એવી હાલતમાં હુકમ છે કે, તયમ્મુમ કરીને નમાઝ પઢીલે. પછી જ્યારે મોકો મળે, તો વુઝૂ કરીને પુનરાવર્તન કરે.

**મસ્અલા :** (૨૯૫) કેદીને કેદખાનાવાળા વુઝૂ કરવા ના દે તો તયમ્મુમ કરીને નમાઝ પઢીલે અને પાછળથી તક મળતાં પુનરાવર્તન કરીલે. અને જો તે શત્રુ અથવા કેદખાનાવાળા નમાઝ પણ પઢવા ન દે તો ઇશારાથી પઢે. પછી પુનરાવર્તન કરીલે.

(૫) જંગલમાં ડોલ-રાસ (દોરડું) નથી કે પાણી ભરે, તો તયમ્મુમ જાઇઝ છે.

**મસ્અલા :** (૨૯૬) જો સાથીદાર પાસે ડોલ-રાસ છે તે કહે છે કે; થોભીજા. હું પાણી ભરીને ફારેગ થઇને તને આપીશ. તો મુસ્તહબ છે કે, ઇન્તેઝાર કરે, અને જો ઇન્તેઝાર ન કર્યો અને તયમ્મુમ કરીને નમાઝ પઢી લીધી, તો નમાઝ થઇ ગઇ.

**મસ્અલા :** (૨૯૭) દોરડું નાનુ છે કે પાણી સુધી પહોંચતું નથી, પરંતુ તેની પાસે કોઈ કપડું (રૂમાલ-સાફો-દુપટ્ટો વિગેરે) એવું છે કે તેને જોડવાથી પાણી મળી જશે, તો તયમ્મુમ જાઈઝ નથી.

(૬) પ્યાસનો ડર અર્થાત તેની પાસે પાણી છે, પરંતુ વુઝૂ અથવા ગુસલના ઉપયોગમાં લે તો, ખુદ અથવા બીજો મુસલમાન અથવા પોતાનું કે તેનું જાનવર, ભલે તે કુતરૂં જેને પાળવું જાઈઝ છે, (ખેતીની અથવા ઘરની ચોકી માટે-અનુ.) તે તરસ્યું રહી જશે અને પોતાની અથવા તેઓમાં કોઈની તૃષા-પ્યાસ ભલે અત્યારે મોજુદ હોય અથવા હવે પછી તેનો સહીહ અંદેશો (આશંકા) હોય કે, તે માર્ગ એવો છે કે દૂર-દૂર સુધી પાણીનું ઠેકાણું નથી, તો તયમ્મુમ જાઇઝ છે.

**મસ્અલા :** (૨૯૮) પાણી મોજૂદ છે, પરંતુ આટો ગુંદવાની જરૂરત છે, તો પણ તયમ્મુમ જાઈઝ છે, શોરબા (રાંધેલા માંસ અથવા શાકનું પાણી)ની જરૂરત માટે તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૨૯૯) શરીર અથવા કપડું એટલા પ્રમાણમાં નાપાક છે જે નમાઝના જવાઝ માટે મનાઈ રૂપ છે અને પાણી કેવળ એટલું છે કે, ભલે વુઝૂ કરીલે અથવા તેને પાક કરીલે, બંને કામ થઈ શકતા નથી, તો તે પાણીથી તેને પાક કરીલે, પછી તયમ્મુમ કરે. જો પહેલાં તયમ્મુમ કરી લીધું, તેના પછી (કપડું-બદન) પાક કર્યું તો હવે ફરી તયમ્મુમ કરે કે, પહેલાં તયમ્મુમ થયું નહી.

**મસ્અલા :** (૩૦૦) મુસાફિરને માર્ગમાં મુકેલું પાણી મળ્યું તો જો ત્યાં કોઇ હાજર છે, તો તેને પૂછીલે. જો તે એમ કહે, કેવળ પીવા માટે છે, તો તયમ્મુમ કરે, વુઝૂ જાઇઝ નથી. ભલે કેટલું એ હોય, અને જો તેણે કહ્યું કે, પીવા માટે પણ છે અને વુઝૂ માટે પણ છે, તો તયમ્મુમ જાઈઝ નથી. અને જો ત્યાં કોઇ એવું નથી કે, બતાવી શકે અને પાણી થોડું હોય, તો તયમ્મુમ કરે. અને વધારે હોય તો વુઝૂ કરે.

(૭) પાણી મોઘું હોય, એટલે કે ત્યાંના હિસાબથી જે કીંમત થવી જોઇએ તેનાથી બમણી માંગે છે, તો તયમ્મુમ જાઈઝ છે. અને જો કીંમતમાં એટલો તફાવત નથી, તો તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૦૧) પાણી વેચાતું મળે છે અને તમારી પાસે જરૂરી હાજત કરતાં વધારે પૈસા નથી, તો તયમ્મુમ જાઈઝ છે.

(૮) એ ગુમાન કે પાણીની તપાસ કરવામાં કાફલો નજરોથી ગાયબ થઈ જશે અથવા રેલગાડી ઉપડી જશે.

(૯) એ ગુમાન કે વુઝૂ અથવા ગુસલ કરવામાં ઈદોની નમાઝ જતી રહેશે, ભલે એમકે ઈમામ પઢીને ફારેગ થઈ જશે અથવા ઝવાલ નો સમય થઈ જશે, તો આ બંને હાલતોમાં તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલા :** (૩૦૨) વુઝૂ કરીને ઈદોનીનમાઝ પઢી રહ્યો હતો કે નમાઝ દરમિયાંન બેવુઝૂ થઈ ગયો, અને જો વુઝૂ કરશે તો સમય નીકળી જશે, અથવા (ઇદની નમાઝની) જમાઅત થઇ જશે તો તયમ્મુમ કરીને ઇદની નમાઝ પઢીલે.

**મસ્અલા :** (૩૦૩) ગ્રહણની નમાઝ માટે પણ તયમ્મુમ જાઇઝ છે. જ્યારે કે, વુઝૂ કરવામાં ગ્રહણ ખુલી જવા અથવા જમાઅત થઈ જવાની આશંકા હોય.

**મસ્અલા :** (૩૦૪) વુઝૂમાં મશગૂલ થશે તો ઝોહર અથવા મગરિબ અથવા ઇશા અથવા જુમ્આની પાછલી સુન્નતોનો અથવા ચાશ્તની નમાઝનો સમય જતો રહેશે, તો તયમ્મુમ કરીને પઢીલે.

**(૧૦)** ગેર વલીને જો જનાઝાની નમાઝ છુટી જવાનો ભય હોય, તો તયમ્મુમ જાઈઝ છે. વલી (વાલી) ને નહી કે, લોકો તેનો ઈન્તેઝાર કરશે. અને લોકો તેની ઈજાઝત વગર જનાઝાની નમાઝ પઢી પણ લે, તો તે ફરીથી પઢી શકે છે.

(**નોટ** : વલી એટલે એકદમ નજીકનો રિશ્તેદાર, દા. ત. બાપ-બેટા દાદા-ભાઈ-કાકા ભત્રીજા વિગેરે-અનુ.)

**મસ્અલા :** (૩૦૫) વલીએ જેને નમાઝ પઢાવવાની ઈજાઝત આપી હોય, તેને તયમ્મુમ જાઈઝ નથી. અને વલીને એ હાલતમાં જો નમાઝ છુટી જવાનો ડર હોય, તો તયમ્મુમ જાઇઝ છે. એવી જ રીતે જો બીજો વલી તેનાથી વધીને (નજીકનો રિશ્તેદાર) મોજુદ છે. તો તેના માટે તયમ્મુમ જાઈઝ છે. છુટી જવાનો એ મતલબ છે કે ચારે તકબીરો જતી રહેવાની આશંકા હોય. અને જો એ ખબર હોય કે, એક તકબીર પણ મળી જશે તો તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૦૬) એક જનાઝા માટે તયમ્મુમ કર્યું અને નમાઝ પઢી, પછી બીજો જનાઝો આવ્યો, જો દરમિયાનમાં એટલો સમય મળ્યો કે વુઝૂ કરતતો કરી લેત, પરંતુ કર્યું નહી, અને હવે વુઝૂ કરે તો નમાઝ થઈ જશે તો તેના માટે હવે ફરીથી તયમ્મુમ કરે. અને જો એટલો સમય ન હોય કે વુઝૂ કરી શકે તો એજ પહેલું તયમ્મુમ કાફી છે.

**મસ્અલા :** (૩૦૭) સલામનો જવાબ આપવા અથવા દુરૂદ શરીફ વિગેરે વઝાઈફ પઢવા અથવા સુઈ રહેવા અથવા બેવુઝૂએ મસ્જિદમાં જવા અથવા મૌખીક કુર્આન પઢવા માટે તયમ્મુમ જાઈઝ છે, ભલે ને પાણી મળી શકતું હોય.

**મસ્અલા :** (૩૦૮) જેના પર નહાવું ફર્ઝ છે. તેને જરૂરત વગર મસ્જિદમાં જવા માટે તયમ્મુમ જાઇઝ નથી. હા. જો મજબૂરી હોય. દા.ત. ડોલ-રાસ મસ્જિદમાં હોય અને કોઇ એવું નથી કે લાવી આપે, તો તયમ્મુમ કરીને (મસ્જીદમાં) જાય. અને ઉતાવળે નીકળી જાય.

**મસ્અલા :** (૩૦૯) મસ્જિદમાં સુઈ રહ્યો હતો અને તેને નહાવાની હાજત થઈ ગઈ. તો આંખ ખુલતાંજ જ્યાં સુઈ રહ્યો હતો ત્યાંજ તુરતજ તયમ્મુમ કરીને, નીકળી જાય. વિલંબ કરવું હરામ છે.

**મસ્અલા :** (૩૧૦) કુર્આન મજીદને સ્પર્શ કરવા માટે અથવા સિજદએ તિલાવત કે સિજદએ શુક્ર માટે તયમ્મુમ જાઈઝ નથી, જ્યારે કે પાણી પર શક્તિમાન હોય. (પાણી પર શક્તિમાન ના હોય તો તયમ્મુમ જાઈઝ છે.–અનુ.)

**મસ્અલા :** (૩૧૧) સમય એટલો તંગ થઈ ગયો કે વુઝૂ અથવા ગુસ્લ કરશ તા નમાઝ કઝા થઈ જશે, તો તયમ્મુમ કરીને નમાઝ પઢી લેવી જોઈએ. પછી વુઝૂ કે ગુસ્લ કરીને પુનરાવર્તન કરવું લાઝિમ (જરૂરી) છે.

**મસ્અલા :** (૩૧૨) ઔરત હૈઝ અથવા નિફાસથી પાક થઈ અને પાણી મેળવવા શક્તિમાન નથી તો તયમ્મુમ કરે.

**મસ્અલા :** (૩૧૩) મડદા (મૈયત) ને જો ગુસ્લ ન આપી શકો ભલે એ કારણે કે પાણી નથી અથવા એ કારણે કે તેના શરીરને હાથ લગાવવું જાઈઝ નથી, જેવું કે અજાણી સ્ત્રી અથવા પોતાની પત્નીના મૃત્યુ પછી તેને સ્પર્શ કરી શકતો નથી, તો તેને તયમ્મુમ કરાવવામાં આવે, ગેર મહરમને, (જેનાથી નિકાહ જાઈઝ છે), ભલેને પતિ હોય, સ્ત્રીને તયમ્મુમ કરાવવામાં વચ્ચે કપડું હોવું જોઈએ.

**મસ્અલા :** (૩૧૪) જનાબતવાળો અને હૈઝવાળી અને મૈયિત અને બે વુઝૂ આ સઘળાં એક સ્થળે છે અને કોઇએ એટલું પાણી જે ગુસ્લ માટે કાફી છે, લાવીને કહ્યું તમારામાંથી ગમે તે વાપરે. તો બહેતર એ છે કે, જનાબતવાળો તેનાથી નહાય અને મડદાંને તયમ્મુમ કરાવવામાં આવે. અને બીજાઓ પણ તયમ્મુમ કરે, અને જો કહ્યું કે આમાં તમારા સૌનો ભાગ છે અને દરેકને તેમાંથી એટલો ભાગ મળ્યો. જે તેના કામ માટે પુરતો નથી, તો મુર્દાના ગુસ્લ માટે પોત પોતાનો ભાગ આપી દેવો જોઇએ અને સઘળા તયમ્મુમ કરે.

**મસ્અલા :** (૩૧૫) બે વ્યક્તિઓ : પિતા-પુત્ર છે અને કોઇએ એટલું પાણી આપ્યું કે, તેનાથી એકનું વુઝૂ થઇ શકે છે, તો તે પાણી બાપના ઉપયોગમાં આવવું જોઇએ.

**મસ્અલા :** (૩૧૬) જો કોઈ એવું સ્થળ છે કે, જ્યાં ન પાણી મળે છે ન પાક માટી કે, તયમ્મુમ કરે, તો નમાઝના સમયમાં નમાઝ જેવી હાલત બનાવે અર્થાત સઘળા નમાઝના હલન ચલન, નમાઝની નિય્યત વગર બજાવી લાવવા જોઇએ.

**મસ્અલા :** (૩૧૭) કોઈ એવો માણસ છે કે, વુઝૂ કરે છે તો પેશાબના કતરા (ટીપાં) ટપકે છે અને તયમ્મુમ કરે તો ટપકતા નથી તો તેને લાઝિમ છે કે, તયમ્મુમ કરે.

**મસ્અલા :** (૩૧૮) એટલું પાણી મળ્યું, જેનાથી વુઝૂ થઇ શકે છે અને તેને નહાવાની જરૂરત છે તો તે પાણીથી વુઝૂ કરી લેવું જોઇએ અને ગુસ્લ માટે તયમ્મુમ કરે.

**મસ્અલા :** (૩૧૯) તયમ્મુમની રીત એ છે કે, બંને હાથોની આંગળીઓ પહોળી કરીને, કોઇ એવી ચીઝ પર જે જમીનના પ્રકારની હોય, હાથ મારી પાછા લઇલો અને વધારે ધુળ લાગી જાય તો ખંખેરી લો અને તેનાથી સઘળા મોઢાનો મસોહ કરો. પછી બીજીવાર એવીજ રીતે કરો અને બંને હાથોનો, નખોથી લઇને કોણીઓ સમેત મસોહ કરો.

**મસ્અલા :** (૩૨૦) વુઝૂ અને ગુસ્લ બંનેનું તયમ્મુમ એકજ તરહ (પ્રકાર) નું છે.

(નોટ : પરંતુ દરેકની નિય્યત અલગ અલગ કરે, ગુસ્લનું તયમ્મુમ હોય તો ગુસ્લની નિય્યત કરે અને વુઝૂની જગ્યાએ તયમ્મુમ હોય તો તેની નિય્યત કરે. અને જો બન્નેની નિય્યત કરી તો (ગુસ્લ અને વુઝૂ) બન્ને થઈ જશે.-અનુ.)

**મસ્અલા** : (૩૨૧) તયમ્મુમમાં ત્રણ ફર્ઝ છે. **(૧) પ્રથમ ફર્ઝ** : નિય્યત (જો કોઇએ હાથ માટી પર મારીને, મુખ અને હાથો પર ફેરવી લીધા અને નિય્યત ન કરી તે તયમ્મુમ થયું નહી)

**મસ્અલા** : (૩૨૨) કાફિરે ઈસ્લામ લાવવા માટે તયમ્મુમ કર્યું, તો તેનાથી નમાઝ જાઈઝ નથી. કારણ કે, એ તે વખતે નિય્યતનો અહલ હતો નહી, બલ્કે જો પાણી પર સામર્થ્ય ન હોય તો ફરીથી નવા નામથી તયમ્મુમ કરે. (ઈસ્લામ લાવ્યા પછી. પાણી પર કુદરત ના હોય તો, નવા નામથી તયમ્મુમ કરે.-અનુ.)

**મસ્અલા** : (૩૨૩) નમાઝ તે તયમ્મુમથી જાઈઝ થશે, જે પાક થવાની નિય્યત અથવા કોઈ એવી ઈબાદતે-મકસુદા (ઉદ્દેશિત) માટે કરવામાં આવ્યું હોય, જે તહારત વિના જાઈઝ ન હોય, તો જો મસ્જિદમાં જવા અથવા નીકળવા અથવા કુર્આન શરીફને સ્પર્શવા અથવા અઝાન તથા એકામત (આ સઘળી ઈબાદતો મકસુદા (ઉદ્દેશિત) નથી) અથવા સલામ કરવા અથવા સલામનો જવાબ આપવા અથવા ઝિયારતે કુબુર અથવા મૈયિતના દફન અથવા બે વુઝુએ કુર્આન પઢવા (આ સઘળા માટે તહારત શર્ત નથી) માટે તયમ્મુમ કર્યું હોય તો તેનાથી નમાઝ જાઇઝ નથી. બલ્કે જેના માટે કરવામાં આવ્યું તેના સિવાય કોઇ ઈબાદત પણ જાઈઝ નથી.

**મસ્અલા** : (૩૨૪) જનાબતવાળાએ કુર્આન શરીફ પઢવા માટે તયમ્મુમ કર્યું હોય, તો તેનાથી નમાઝ પઢી શકે છે. સિજદએ શુક્રની નિય્યતથી જે તયમ્મુમ કર્યું હોય તેનાથી નમાઝ થશે નહી.

**મસ્અલા** : (૩૨૫) જનાઝાની નમાઝ અથવા ઈદો અથવા સુન્નતો માટે એ હેતુથી તયમ્મુમ કર્યું હોય કે, વુઝૂમાં મશગુલ થશે તો આ નમાઝો છુટી જશે, તો તે તયમ્મુમથી તે ખાસ નમાઝ સિવાય, કોઈ બીજી નમાઝ જાઇઝ નથી.

**મસ્અલા** : (૩૨૬) જનાઝાની નમાઝ અથવા ઈદોની નમાઝ માટે તયમ્મુમ એ કારણે કર્યું કે, બીમાર હતો અથવા પાણી ઉપલબ્ધ ન હતું, તો તેનાથી (આવી હાલતમાં) ફર્ઝ નમાઝ અને બીજી ઈબાદતો સૌ જાઇઝ છે.

**મસ્અલા** : (૩૨૭) તિલાવતના સિજદાના તયમ્મુમથી પણ નમાઝો જાઈઝ છે.

**મસ્અલા** : (૩૨૮) જેના પર નહાવું ફર્ઝ છે, તેને એ જરૂરી નથી કે ગુસ્લ અને વુઝૂ બંને માટે બે તયમ્મુમ કરે, બલ્કે એક માં જ બંનેની નિય્યત કરી લે, બંને થઈ જશે. અને જો કેવળ ગુસ્લ અથવા વુઝૂની નિય્યત કરી તો પણ કાફી છે.

**મસ્અલા** : (૩૨૯) બીમાર અથવા હાથ-પગ વગરનો (વિકલાંગ) પોતાની જાતે તયમ્મુમ કરી શકતો નથી, તો તેને બીજો કોઈ માણસ તયમ્મુમ કરાવી દે, અને તે વખતે તયમ્મુમ કરાવવાવાળાની નિય્યતનો એતબાર નથી, બલ્કે તેની નિય્યત જોઇએ જેને (તયમ્મુમ) કરાવવામાં આવી રહ્યું છે.

**(૨) બીજો ફર્ઝ : સઘળા મોઢા ઉપર હાથ ફેરવવું.** એવી રીતે કે કોઇ ભાગ બાકી રહી જાય નહી, અને જો વાળ બરાબર પણ કોઇ જગ્યા રહી ગઈ, તો તયમ્મુમ થયું નહી.

**મસ્અલા** : (૩૩૦) દાઢી અને મૂછો અને ભ્રમરના વાળો પર હાથ ફરી જવું જરૂરી છે. મોઢું

ક્યાંથી ક્યાં સુધી છે, તેને અમોએ વુઝૂના વર્ણનમાં બ્યાન કરી દીધું છે. ભ્રમરની નીચે અને આંખોની ઉપર જે જગ્યા છે અને નાકની નીચેના ભાગનું ધ્યાન રાખો. જો ધ્યાન રાખશો નહી, તો તેમના પર હાથ ફરશે નહી અને (આવી હાલતમાં) તયમ્મુમ થશે નહી.

**મસ્અલા :** (૩૩૧) સ્ત્રીએ નાકમાં કાંટો પહેર્યો હોય તો કાઢી નાંખે. નહી તો, કાંટાની જગ્યા બાકી રહી જશે અને વાળી પહેરી હોય તો પણ ખ્યાલ રાખે કે, વાળીના લીધે કોઇ જગ્યા બાકી તો રહી નથી.

**મસ્અલા :** (૩૩૨) નસ્કોરાઓની અંદર મસોહ કરવું જરૂરી નથી.

**મસ્અલા :** (૩૩૩) હોઠનો તે ભાગ જે સ્વભાવિક મુખ બંધ હોવાની હાલમાં દેખાય છે, તેના ઉપર પણ મસોહ થઈ જવું જરૂરી છે, જેથી જો કોઈએ હાથ ફેરવતી વખતે હોઠોને જોરથી ભીચી લીધા કે, કેટલોક ભાગ બાકી રહી ગયો, તો તયમ્મુમ થયું નહી. એવીજ રીતે જો જોરથી આંખો બંધ કરી લીધી, તો પણ તયમ્મુમ થશે નહી.

**મસ્અલા :** (૩૩૪) મૂછના વાળ એટલા વધી ગયા છે કે, હોઠ ઢંકાઈ ગયો, તો તે વાળોને ઉંચા કરીને હોઠ પર હાથ ફેરવો. ફક્ત વાળો પર હાથ ફેરવવું કાફી નથી.

**(૩) ત્રીજો ફર્ઝ : બન્ને હાથોનું કોણીઓ સમેત મસોહ કરવું.** તેમાં પણ એ ખ્યાલ રહે કે, અંશ બરાબર પણ બાકી ન રહે. નહી તો, તયમ્મુમ થશે નહી.

**મસ્અલા :** (૩૩૫) અંગુઠી (વિંટી)-છિલ્લા, પહેર્યા હોય તો તેમને હઠાવી, તેમની નીચે હાથ -ફેરવવું ફર્ઝ છે. ઓરતોએ આ બાબતમાં બહુજ સાવધાનીની જરૂરત છે. કંગન-બંગડીઓ જેટલા ઘરેણાં હાથમાં પહેર્યા હોય, સૌને હઠાવી અથવા ઉતારીને ચામડીના દરેક ભાગ પર હાથ ફેરવે. આની સાવધાની વુઝૂથી વધીને છે.

**મસ્અલા :** (૩૩૬) તયમ્મુમમાં મસ્તક અને પગોનો મસોહ નથી.

**મસ્અલા :** (૩૩૭) એકજ વખત હાથ (જમીન વિગેરે પર) મારી મુખ અને હાથો પર મસોહ કરી લીધો તો તયમ્મુમ થયું નહી. હા, જો એક હાથથી સમસ્ત મુખનો મસોહ કરી લીધો અને બીજા હાથથી એક હાથનો અને એક હાથ જે બાકી રહયો (વધ્યો) તેના માટે ફરી હાથ (જમીન પર) માર્યો અને તેના પર મસોહ કર્યો તો થઈ ગયો. પરંતુ તે સુન્નતની વિરૂધ્ધ છે.

**મસ્અલા :** (૩૩૮) જેના બંને હાથ અથવા એક, કાંડાથી કપાએલો હોય તો કોણીઓ સુધી જેટલો બાકી રહી ગયો છે તેના પર મસોહ કરે. અને જો કોણીથી ઉપર સુધી કપાઈ ગયો છે તો તેને બાકીના હાથ ઉપર મસોહ કરવાની જરૂરત નથી. તે છતાં પણ જો તે જગ્યા પર જ્યાંથી કપાઈ ગયો છે, મસોહ કરી લે તો બહેતર છે.

**મસ્અલા :** (૩૩૯) કોઈ લુલો છે અથવા તેના બંને હાથ કપાએલા છે અને કોઈ એવું નથી જે તેને તયમ્મુમ કરાવી દે, તો તે પોતાના હાથ અને ગાલ જ્યાં સુધી શક્ય હોય જમીન અથવા દીવાલથી રગડી લે અને નમાઝ પઢે. પરંતુ તે એવી હાલતમાં ઈમામત કરી શકતો નથી. હા, તેના જેવો કોઇ બીજો પણ છે તો તેની ઇમામત કરી શકે છે.

**મસ્અલા :** (૩૪૦) તયમ્મુમના ઈરાદાથી જમીન પર આળોટયો અને મોંઢા અને હાથો પર જ્યાં સુધી જરૂર છે, દરેક ભાગ પર ધુળ લાગી ગઈ, તો તયમ્મુમ થઈ ગયું. નહી તો, નહી. અને આ સ્થિતિમાં મુખ અને હાથો પર હાથ ફેરવી લેવો જોઇએ.

# તયમ્મુમની સુન્નતો :

તયમ્મુમની સુન્નતો આ પ્રમાણે છે............

(૧) બિસ્મિલ્લાહ કહેવું (૨) હાથોને જમીન પર મારવા (૩) આંગળીઓ પહોળી રાખવું (૪) હાથ ખંખેરી લેવું એટલે કે એક હાથના અંગુઠાની જડને બીજા હાથના અંગુઠાની જડ પર મારવું. પરંતુ એવી રીતે નહી, કે તાલી જેવો અવાજ નીકળે. (૫) જમીન પર હાથ મારી સીધા કરી લેવું. (૬) પ્રથમ ચહેરા ઊપર હાથનો મસોહ કરવું (૭) બંને હાથોનો મસોહ વારા ફરતી કરવું (૮) પ્રથમ જમણા હાથ પછી ડાબા હાથનો મસોહ કરવું (૯) દાઢીનો ખિલાલ કરવું અને (૧૦) આંગળીઓનો ખિલાલ જ્યારે કે ધુળ પહોંચી ગઇ હોય અને જો ધુળ ન પહોંચી દા. ત. પથ્થર વિગેરે કોઈ એવી વસ્તુ પર હાથ માર્યો જેના પર ધુળ ન હોય તો ખિલાલ ફર્ઝ છે. હાથોના મસોહમાં ઉત્તમ તરીકો એ છે કે, ડાબા હાથના અંગૂઠા ઉપરાંત ચાર આંગળીઓના ટેરવા જમણા હાથની પીઠ પર મુકે અને આંગળીઓના મથાળાથી કોણી સુધી લઈ જાય અને પછી ત્યાંથી ડાબા હાથની હથેળીથી જમણા હાથના પેટને મસ (સ્પર્શતા) કરતો (કોણીના) ગટ્ટા સુધી લાવે અને ડાબા અંગૂઠાના પેટથી જમણા અંગૂઠાની પીઠને મસોહ કરે. એવીજ રીતે જમણા હાથથી ડાબા હાથનો મસોહ કરે. અને એકદમથી આખી હથેળી અને આંગળીઓથી મસોહ કરી લીધો તો તયમ્મુમ થઈ ગયું. ભલેને કોણીથી આંગળીઓ તરફ લાવ્યો અથવા આંગળીઓથી કોણી તરફ લઇ ગયો, પરંતુ પ્રથમ પ્રકારમાં સુન્નતની વિરૂધ્ધ થયું.

**મસ્અલો :** (૩૪૧) જો મસોહ કરવામાં કેવળ ત્રણ આંગળીઓ કામમાં લીધી તો પણ મસોહ થઇ ગયો અને જો એક અથવા બે થી મસોહ કર્યો, તો તયમ્મુમ થયું નહી. ભલેને સઘળા અવયવો પર તેમને ફેરવી લીધી હોય.

**મસ્અલા :** (૩૪૨) તયમ્મુમ હોય, તો ફરીથી તયમ્મુમ કરવું નહી.

**મસ્અલા :** (૩૪૩) ખિલાલ માટે જમીન પર હાથ મારવું જરૂરી નથી.

# કચી ચીઝથી તયમ્મુમ જાઈઝ છે અને કચી થી નથી?

**મસ્અલા :** (૩૪૪) તયમ્મુમ એ ચીઝથી થઈ શકે છે જે જમીનના પ્રકારથી હોય. અને જે ચીઝ જમીનના પ્રકારથી નથી તેનાથી તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૪૫) જે માટીથી તયમ્મુમ કરવામાં આવે તેનું પાક હોવું જરૂરી છે. અર્થાત તેના ઉપર કોઈ જાતની નજાસત (નાપાકી) ની અસર ન હોય. અને એવું ન હોય કે કેવળ સુકાઇ જવાથી નજાસતની અસર જતી રહી હોય.

**મસ્અલા :** (૩૪૬) જે વસ્તુ પર નજાસત પડી અને સુકાઈ ગઈ, તો તેનાથી તયમ્મુમ કરી શકતા નથી. ભલે નજાસતની અસર બાકી ન હોય. અલબત્ત તેના ઉપર નમાઝ પઢી શકાય છે.

**મસ્અલા :** (૩૪૭) એવો વહેમ-શંકા કે કયારેક નાપાક થઈ હશે. તે વહેમ ફુઝુલ (વ્યર્થ) છે. તેનો એતબાર (માન્ય) નથી.

**મસ્અલા :** (૩૪૮) જે વસ્તુ અગ્નિથી બળીને ન રાખ થાય છે, ન પીગળે છે અને ન નરમ થાય છે, તે જમીનના પ્રકારથી છે. તેનાથી તયમ્મુમ જાઈઝ છે. રેતી-ચુનો-સુરમો-હરતાલ (મોરથુથુ) ગંધક-મુર્દાસંગ-ગેરૂ-પત્થર ઝબરજદ (પન્ના) ફીરોઝહ-અકીક-જમર્રૂદ વિગેરે રત્નોથી તયમ્મુમ જાઈઝ છે. ભલે તેના પર ગુબાર (રજોટી) ન હોય.

**મસ્અલા :** (૩૪૯) પાકી ઈંટ, ચીની અથવા માટીના વાસણોથી, જેના ઉપર કોઈ એવી ચીઝની રંગત હોય, જે જમીનની છે. દા. ત. ગેરૂ-ખડીયા માટી અથવા તે ચીઝ જેની રંગત છે પણ જમીનની જાતીથી નથી, પરંતુ વાસણ ઉપર તેનો જરમ (પટ) ન હોય તો આ બંને હાલતોમાં તેનાથી તયમ્મુમ જાઈઝ છે. અને જો જમીનનાં પ્રકારથી ન હોય અને તેનો જરમ (પટ) વાસણ પર હોય તો જાઇઝ નથી.

**મસ્અલા :** (૩૫૦) સોડા ( કપડાં ધોવાનો પાવડર ) જે હજુ પાણીમાં નાંખી સાફ કરવામાં આવ્યો ન હોય, તેનાથી તયમ્મુમ જાઈઝ છે. નહી તો, જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૫૧) જે મીઠુ ( નમક ) પાણીથી બને છે, તેનાથી તયમ્મુમ જાઈઝ નથી. અને જે ખાંણ (જમીન) માંથી નીકળે છે; જેવું કે સીંધીઆ ખાર તેનાથી જાઇઝ છે.

**મસ્અલા :** (૩૫૨) જે ચીઝ આગથી બળીને રાખોડી બની જતી હોય, જેવું કે લાકડું-ઘાસ વિગેરે અથવા પીગળી જતી હોય કે નરમ બની જતી હોય. જેવું કે ચાંદી-સોનુ, તાંબુ-પીતળ, લોખંડ વિગેરે ધાતુઓ તે જમીનની જાતીથી નથી, અને તેનાથી તયમ્મુમ જાઈઝ નથી. હા, આ ધાતુઓ જો ખાણમાંથી કાઢી, પીગળાવવામાં આવી નહી કે, તેના ઉપર માટીનો અંશ હજુ બાકી છે, તો તેનાથી તયમ્મુમ જાઈઝ છે. અને જો પીગળાવી સાફ કરી લેવામાં આવી અને તેના ઉપર એટલી ધુળ-રજકણ છે કે હાથ મારવાથી તેની અસર હાથમાં જાહેર થાય છે, તો તે રજકણથી તયમ્મુમ જાઈઝ છે. નહી તો, નહી.

**મસ્અલા :** (૩૫૩) અનાજ-ઘઉં-જવ વિગેરે અને લાકડા અથવા ઘાસ અને કાચ પર ધુળ હોય, તો તે ધુળથી તયમ્મુમ જાઈઝ છે. જ્યારે કે એટલી હોય કે હાથમાં ચોંટી જતી હોય. નહી તો, નહી.

**મસ્અલા :** (૩૫૪) મુશ્ક તથા અંબર, કપૂર-લોબાનથી તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૫૫) મોતી અને છીપ અને સંખથી તયમ્મુમ જાઈઝ નથી. ભલે પીસેલા (દળેલા) હોય, અને તે ચીઝોના ચૂનાથી પણ તયમ્મુમ નાજાઈઝ છે.

**મસ્અલા :** (૩૫૬) રાખ અને સોના, ચાંદી, પોલાદ વિગેરે ના કુશ્તા (ભસ્મો) થી પણ તયમ્મુમ જાઇઝ નથી.

**મસ્અલા :** (૩૫૭) જમીન અથવા પત્થર બળીને કાળો-શ્યામ થઈ જાય, તેનાથી તયમ્મુમ જાઇઝ છે. તેવીજ રીતે જો પત્થર બળીને રાખ થઇ જાય, તો તેનાથી પણ જાઈઝ છે.

**મસ્અલા :** (૩૫૮) જો ખાક (માટી) માં રાખ (ભસ્મ) મળી જાય અને માટી વધારે હોય તો તયમ્મુમ જાઇઝ છે. નહી તો, નહી.

**મસ્અલા :** (૩૫૯) પીળા, લાલ, લીલા, કાળા રંગની માટીથી તયમ્મુમ જાઈઝ છે. પરંતુ જ્યારે રંગ છુટો પડીને હાથ, મુખ ને રંગીન કરી દે તો સખત જરૂરત વગર તેનાથી તયમ્મુમ કરવું જાઈઝ

નથી. અને જો કરી લીધું તો થઈ ગયું.

**મસ્અલા :** (૩૬૦) ભીની (ભીનાશવાળી) માટીથી તયમ્મુમ જાઈઝ છે. જ્યારે કે માટી ગાલીબ (વધારે) હોય.

**મસ્અલા :** (૩૬૧) મુસાફર એવી જગ્યાએથી પસાર થયો કે સર્વ બાજુએ કીચડજ-કીચડ છે અને પાણી દેખાતું નથી કે, વુઝૂ અથવા ગુસ્લ કરે અને કપડાંમાં પણ ધુળ નથી. તો તે કપડાંને કીચડમાં રગદોળીને સુકાવી લે. અને તેનાથી તયમ્મુમ કરે. અને જો સમય નીકળી જતો હોય તો મજબૂરીએ કીચડથીજ તયમ્મુમ કરી લે, જ્યારે કે માટી ગાલિબ (વધારે) હોય.

**મસ્અલા :** (૩૬૨) ગાદલા અને શેત્રંજી વિગેરેમાં ધુળ છે તો તેનાથી તયમ્મુમ કરી શકાય છે, ભલેને ત્યાં માટી મોજુદ હોય, જ્યારે કે ધુળ એટલી હોય કે હાથ ફેરવવાથી આંગળીઓના નિશાન બની જાય.

**મસ્અલા :** (૩૬૩) નાપાક કપડાંમાં ધુળ લાગેલી હોય, તેનાથી તયમ્મુમ જાઇઝ નથી. હા, જો તેના સુકાઈ ગયા પછી ધુળ પડી તો જાઈઝ છે.

**મસ્અલા :** (૩૬૪) મકાન બનાવવા અથવા પાડવામાં અથવા કોઈ બીજી રીતે મુખ અને હાથો પર ધુળ પડી અને તયમ્મુમની નિય્યતથી મોંઢા અને હાથો પર મસોહ કરી લીધો તો તયમ્મુમ થઈ ગયું.

**મસ્અલા :** પ્લાસ્ટર (ચુના) ની દીવાલ પર તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલા :** (૩૬૫) કૃત્રિમ મુર્દા સંગથી તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૬૬) મુંગા (મોતી) અથવા તેની રાખથી તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૬૭) જે સ્થળેથી એક માણસે તયમ્મુમ કર્યું ત્યાં બીજો પણ તયમ્મુમ કરી શકે છે. એ વાત જે મશહૂર છે કે, મસ્જિદની દીવાલ અથવા ઝમીનથી તયમ્મુમ નાજાઇઝ અથવા મકરૂહ છે, તે વાત ખોટી છે.

**મસ્અલા :** (૩૬૮) તયમ્મુમ માટે હાથ જમીન પર માર્યો અને મસાહથી પહેલાંજ તયમ્મુમ તુટવાનું કોઈ કારણ મળી આવ્યું, તો તેનાથી તયમ્મુમ કરી શકતા નથી.

## તયમ્મુમ કયી ચીઝોથી તુટે છે :

**મસ્અલા :** (૩૬૯) જે વસ્તુઓ (કારણો) થી વુઝૂ તુટે છે અથવા ગુસ્લ વાજિબ થાય છે, તેનાથી તયમ્મુમ પણ જતું રહેશે. અને તદઉપરાંત પાણી પર શક્તિમાન થવાથી પણ તયમ્મુમ તુટી જશે.

**મસ્અલા :** (૩૭૦) દર્દીએ (બીમારે) ગુસ્લનું તયમ્મુમ કર્યું હતું અને હવે તે એટલો તંદુરસ્ત થઈ ગયો કે, ગુસ્લથી નુકસાન પહોંચશે નહી, તો તેનું તયમ્મુમ જતું રહ્યું.

**મસ્અલા :** (૩૭૧) કોઇએ ગુસ્લ અને વુઝૂ બંને માટે એકજ તયમ્મુમ કર્યું હતું, પછી વુઝૂ તોડનાર કોઈ વસ્તુ થઈ પડી અથવા એટલું પાણી પ્રાપ્ત થયું જેનાથી કેવળ વુઝૂ કરી શકે છે અથવા બીમાર હતો અને હવે એટલો તંદુરસ્ત થઈ ગયો કે, વુઝૂ નુકસાન કરશે નહી અને ગુસ્લથી નુકસાન થશે, તો કેવળ વુઝૂના હકમાં તયમ્મુમ જતું રહ્યું. અને ગુસ્લના હકમાં તયમ્મુમ બાકી છે.

**મસ્અલા :** (૩૭૨) જે હાલતમાં તયમ્મુમ નાજાઇઝ હતું, જો તે તયમ્મુમ પછી દેખવામાં આવ્યું તો તયમ્મુમ તુટી ગયું, દા. ત. તયમ્મુમવાળાનું એવા સ્થળેથી પસાર થવાનું થયું કે ત્યાંથી એક માઈલની અંદર પાણી છે તો તયમ્મુમ જતું રહ્યું. એ જરૂરી નથી કે પાણીની પાસેજ પહોંચી જાય.

**મસ્અલા :** (૩૭૩) એટલું પાણી મળ્યું કે વુઝૂ માટે કાફી નથી એટલે કે એકવાર મોઢું અને એક એકવાર બંને હાથ-પગ ધોઈ શકતો નથી, તો વુઝૂનું તયમ્મુમ તુટયું નથી, અને જો એક એકવાર ધોઈ શકે છે, તો તયમ્મુમ જતું રહ્યું. એવીજ રીતે ગુસ્લના તયમ્મુમ કરવાવાળાને એટલું પાણી મળ્યું જેનાથી ગુસ્લ થઈ શકતું નથી, તો તેનું તયમ્મુમ યથાવત છે.

**મસ્અલા :** (૩૭૪) કોઇ એવા સ્થળેથી પસાર થયો કે ત્યાંથી પાણી નિકટમાં છે, પરંતુ પાણીની પાસે સિંહ અથવા સર્પ અથવા દુશ્મન છે, જેનાથી જીવ અથવા ધન અથવા આબરૂ જવાની સાચી આશંકા છે, અથવા કાફલો ઈન્તેઝાર (પ્રતીક્ષા) કરશે નહી અને દુર ચાલ્યો જશે. અથવા સવારી ઉપરથી ઉતરી શકતો નથી, જેવું કે રેલ્વે અથવા ઘોડો કે તેના રોકે રોકાતો નથી અથવા ઘોડો એવો છે કે ઉતરવા તો દેશે પરંતુ પછી ચઢવા ન દેશે અથવા તે પોતે એટલો અશક્ત છે કે પછી તે ચઢી શકશે નહી અથવા કુવામાં પાણી છે અને તેની પાસે ડોલ-દોરડું નથી, તો આ સઘળી હાલતમાં તયમ્મુમ તુટશે નહી.

**મસ્અલા :** (૩૭૫) પાણી પાસેથી નિંદ્રાની હાલતમાં પસાર થયો, તયમ્મુમ તુટયું નહી. હા, જો તયમ્મુમ વુઝૂનું હતું અને નિંદ્રા એટલી હદે છે કે, જેનાથી વુઝૂ જતું રહે તો બેશક તયમ્મુમ જતું રહ્યું, પરંતુ એ કારણે નહી કે, પાણી પાસેથી પસાર થયો બલ્કે સુઇ જવાથી. અને જો ઉંઘમાં પાણી પાસેથી પસાર થયો અને પાણીની ખબર મળી ગઈ, તો તયમ્મુમ તુટી ગયું. નહી તો, તુટયું નહી.

**મસ્અલા :** (૩૭૬) પાણી પાસેથી પસાર થયો અને પોતાનું તયમ્મુમ યાદ નથી, તો પણ તેનું તયમ્મુમ તુટી ગયું.

**મસ્અલા :** (૩૭૭) નમાઝ પઢવાની હાલતમાં ગર્ધભ (ગધેડો) અથવા ખચ્ચરનું એઠું પાણી દેખ્યું, તો નમાઝ પૂરી કરે, પછી તેનાથી વુઝૂ કરે, પછી તયમ્મુમ કરે અને નમાઝ ફરીથી પઢે.

**મસ્અલા :** (૩૭૮) નમાઝ (તયમ્મુમ કરીને) પઢતા હતા અને દુરથી રેતી ચમકતી દેખાઈ, અને તેને પાણી સમજી એક ડગલું પણ આગળ ચાલ્યો. પછી ખબર પડી કે, તે રેતી છે, તો નમાઝ ફાસિદ થઇ ગઈ. પરંતુ તયમ્મુમ ગયું નહી.

**મસ્અલા :** (૩૭૯) કેટલાક માણસો તયમ્મુમ કરેલા હતા. કોઇએ તેમની પાસે એક વુઝુને લાયક પાણી લાવીને કહયું; જેની ઇચ્છા હોય તેનાથી વુઝુ કરી લે, તો સૌનું તયમ્મુમ તુટી જશે અને જો તેઓ સઘળા નમાઝમાં હતા તો નમાઝ પણ સૌની ગઇ. અને જો એમ કહયું કે, તમો સૌ એનાથી વુઝુ કરી લો, તો કોઈનું પણ તયમ્મુમ તુટશે નહી. એવીજ રીતે જો એમ કહ્યું કે મેં તમને સૌને આ પાણીના માલિક બનાવ્યા, તો પણ તયમ્મુમ ગયું નહી.

**મસ્અલા :** (૩૮૦) પાણી ન મળવાના કારણે તયમ્મુમ કર્યું હતું, હવે પાણી મળ્યું, તો એવો બીમાર થઇ ગયો કે પાણી તેને નુકસાન કરશે, તો પહેલું તયમ્મુમ જતું રહયું, હવે બીમારીના કારણે ફરીથી તયમ્મુમ કરે. એવીજ રીતે બીમારીના લીધે તયમ્મુમ કર્યું, હવે સારો થઈ ગયો તો પાણી મળ્યું નથી, તો પણ નવું તયમ્મુમ કરે.

**મસ્અલા :** (૩૮૧) કોઈ એ ગુસલ કર્યું, પરંતુ થોડુંક શરીર કોરૂં રહી ગયું અર્થાત તેના પર પાણી વહયું નહી સાથે (એટલું) પાણી પણ નથી કે તેને ધોઈ લે હવે ગુસલનું તયમ્મુમ કર્યું. પછી બેવુઝૂ થઈ ગયો અને વુઝૂનું પણ તયમ્મુમ કર્યું, પછી તેને એટલું પાણી મળ્યું કે વુઝૂ પણ કરીલે અને તે સુકો ભાગ પણ ધોઈલે, તો બંને તયમ્મુમ : વુઝૂ અને ગુસલના—જતા રહ્યા, અને જો એટલું પાણી મળ્યું કે, ન તેનાથી વુઝૂ થઈ શકે છે ન તે જગ્યા ધોવાઈ શકે છે, તો બંને તયમ્મુમ બાકી રહ્યા, અને તે પાણીને તે સુકા ભાગને જેટલું ધોવાય ધોવામાં વાપરે. અને જો એટલું મળ્યું કે, વુઝૂ થઈ શકે છે અને સુકા ભાગ માટે કાફી નથી તો વુઝૂનું તયમ્મુમ જતું રહ્યું. તેનાથી વુઝૂ કરીલે. અને જો કેવળ સુકા ભાગને ધોઇ શકે છે અને વુઝૂ કરી શકતો નથી તો ગુસલનું તયમ્મુમ જતું રહ્યું. વુઝૂનું બાકી છે. તે પાણીને તે સુકો ભાગ ધોવામાં વાપરે. અને જો એક જ કરી શકે છે કે, ભલે વુઝૂ કરી લે કે તે સુકા ભાગને ધોઇલે તો ગુસલનું તયમ્મુમ જતું રહ્યું. તેનાથી તે જગ્યાને ધોઇલે અને વુઝૂનું તયમ્મુમ બાકી છે.

## મોઝાઓ પર મસાહનું વર્ણન :

**હદીસ :** (૧) ઇમામ અહમદ તથા અબૂદાઉદે, હઝરત મુગીરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી તે ફરમાવે છેકે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મોઝાઓ (ચામડાના) પર મસોહ કર્યો. મેં અર્ઝ કરીકે, યા રસૂલલ્લાહ, હુઝૂર ભૂલી ગયા. આપે ફરમાવ્યું. બલ્કે તું ભૂલી ગયો, મારા રબ્બે તેનોજ હુકમ આપ્યો છે.

**હદીસ :** (૨) દારેકુતનીએ, હઝરત અબૂ બકર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમે મુસાફિરને ત્રણ દિવસ, ત્રણ રાતો અને મુકીમને એક દિવસ એક રાત (ચામડાના) મોઝાઓ પર મસોહ કરવાની ઇજાઝત આપી, જ્યારે કે તહારત સાથે પહેર્યા હોય.

**હદીસ :** (૩) તિરમિઝી તથા નિસાઇ, હઝરત સફવાન બિન અસ્સાલ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, જ્યારે અમે મુસાફરીમાં હોતા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હુકમ ફરમાવતા કે, ત્રણ દિવસ રાતો અમો જનાબત સિવાય મોઝા ન ઉતારીએ. પરંતુ પાખાના અને પેશાબ અને સુઈ રહેવા પછી નહી.

**હદીસ :** (૪) અબૂદાઉદે રિવાયત કરી કે હઝરત અલી રદીયલ્લાહો અન્હો ફરમાવે છેઃ જો દીન પોતાના અભિપ્રાયથી હોત તો મોઝાનું તળીયું ઉપરની સરખામણીમાં મસાહમાં બેહતર હોત.

**હદીસ :** (૫) અબૂદાઉદ તથા તિરમિઝીએ હિવાયત કરી કે હઝરત મુગીરાબિન શુઅબા રદીયલ્લાહો અન્હો કહે છેઃ મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને દેખ્યા કે, મોઝાઓની પીઠ પર મસોહ કરતા.

## મોઝાઓ પર મસોહ કરવાના મસાઇલ :

જે માણસ મોઝા પહેરેલ હોય, તે જો વુઝૂમાં પગો ધોવાના બદલે મસોહ કરે, તો જાઇઝ છે. અને પગ ધોવા બેહતર છે. પરંતુ, હા, મસાહ ને જાઇઝ સમજે અને તેના જવાઝ (જાઇઝ હોવા)માં

**અનેક** હદીસો આવી છે. જે લગભગ તવાતુરની નિકટ છે, એટલા માટે જ ઈમામ કરખી રહમતુલ્લાહે **અલૈહ** ફરમાવે છે: જે તેને જાઇઝ નસમજે તેના કાફિર થઇ જવાની આ શંકા છે. ઈમામ શૈખુલઈસ્લામ ફરમાવે છે, જે તેને જાઈઝ ન માને, તે ગુમરાહ છે. અમારા ઈમામે આઝમ રદીયલ્લાહો અન્હોથી અહલે સુન્નત વજમાઅતની અલામતો (ચિન્હો) પૂછવામાં આવી, તો ફરમાવ્યું. **તફદીલુશ્શૈખૈને વ હુબ્બુલ-ખતનૈન વ મસ્હુલ-ખુફ્ફૈન.**

**અર્થાત**—હઝરત અમીરૂલ મોઅમેનીન અબૂબકર સિદ્દીક તથા અમીરૂકાલ મોમેનીન ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોમાને સઘળા સહાબાઓથી બુઝુર્ગ જાણવું અને અમીરૂલ મોમેનીન ઉસ્માની ગની તથા અમીરૂલ મોઅમેનીન હઝરત અલી મુરતઝા રદીયાલ્લાહો અન્હોમાથી મહોબ્બત રાખવી અને (ચામડાના) મોઝાઓ પર મસોહ કરવું. અને આ ત્રણ વાતોની વિશેષતા એટલા માટે ફરમાવી કે, હઝરત કુફામાં રહેતા હતા અને ત્યાં રાફઝીઓની જ બહુમતી હતી. તો એજ ઓળખ ફરમાવી છે જે તેમનો રદ છે. આ રિવાયતનો એ અર્થ નથી કે, કેવળ આ ત્રણ વાતો હોવું સુન્ની હોવા માટે કાફી છે. ચિન્હ વસ્તુમાં જોવામાં આવે છે. વસ્તુ અનિવાર્ય ચિન્હ હોતી નથી. જેવું કે હદીસ સહીહ બુખારી શરીફમાં વહાબીઓની ઓળખ. '**સીમાહોમુત્તહલીક**' છે. (તેમની નિશાની-ઓળખ માથું મુંડાવવું છે,) તેનો એ અર્થ નથી કે માથું મુંડાવવું જ વહાબી થવા માટે કાફી છે. અને ઈમામ **અહમદ** બિન હમ્બલ રહમતુલ્લાહ અલૈહે ફરમાવે છે કે, મારા દિલમાં તેના જવાઝ પર કાંઇ આશંકા નથી, કે તેમાં ચાલીસ (૪૦) સહાબાઓથી મને હદીસો પહોંચી.

**મસ્અલા :** (૩૮૨) જેના પર ગુસ્લ ફર્ઝ છે તે મોઝાઓ પર મસોહ કરી શકતો નથી.

**મસ્અલા :** (૩૮૩) સ્ત્રીઓ પણ મસોહ કરી શકે છે. મસોહ કરવા માટે કેટલીક શરતો છે.

(૧) મોઝા એવા હોય કે પગની ઘુંટી ઢંકાઇ જાય. એનાથી વધારે હોવાની જરૂરત નથી અને જો બે એક આંગળ ઓછા હોય તો પણ મસોહ દુરસ્ત છે. (પરંતુ) એડી ખુલ્લી ન હોય.

(૨) પગોથી ચોંટેલ હોય કે તેને પહેરીને આસાનીથી સારી રીતે ચાલી-ફરી શકાય.

(૩) ચામડાના હોય અથવા કેવળ તળીયું ચામડાનું અને બાકીનું બીજી કોઈ સ્થુળ વસ્તુનું હોય, જેવું કે કિરમિચ વિગેરે.

**મસ્અલા :** (૩૮૪) હિન્દુસ્તાનમાં જે સામાન્યત સુતરાઉ અથવા ઉનના મોઝા પહેરવામાં આવે છે તેના ઉપર મસોહ જાઈઝ નથી. તેમને ઉતારી પગ ધોવા ફર્ઝ છે.

(૪) વુઝૂ કરીને પહેર્યા હોય એટલે કે પહેરવા પછી અને હદસથી પહેલાં એક એવો સમય હોય કે તે સમયે તે માણસ બાવુઝૂ હોય. ભલે પૂરૂં વુઝૂ કરીને પહેરે અથવા કેવળ પગ ધોઇને પહેરે પાછળથી વુઝૂ પૂરૂં કરી લીધું.

**મસ્અલા :** (૩૮૫) જો પગ ધોઈ ને મોઝા પહેરી લીધા અને હદસથી પહેલાં મોઢું-હાથ ધોઇ લીધા અને માથાનો મસોહ કરી લીધો તો પણ મસોહ જાઈઝ છે. અને જો કેવળ પગ ધોઈ ને પહેર્યા અને પહેરવા પછી વુઝૂ પૂરૂં ન કર્યું અને હદસ (વુઝૂ તુટવું) થઈ ગયું તો હવે વુઝૂ કરતી વખતે મસોહ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૮૬) બેવુઝૂ મોઝા પહેરીને પાણીમાં ચાલ્યો કે પગ ધોવાઇ ગયા, હવે જો હદસથી

પહેલાં બાકીના વુઝૂના અવયવો ધોઈ લીધા અને માથાનો મસોહ કરી લીધો તો મસોહ જાઈઝ છે. નહી તો, જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૮૭) વુઝૂ કરીને એક જ પગમાં મોઝા પહેર્યો અને બીજો નથી પહેર્યો. ત્યાં સુધી કે હદસ થઇ ગયું તો તે એક ઉપર પણ મસોહ જાઈઝ નથી. બંને પગોનું ધોવું ફર્ઝ છે.

**મસ્અલા :** (૩૮૮) તયમ્મુમ કરીને મોઝા પહેરવામાં આવ્યા તો મસોહ જાઇઝ નથી.

**મસ્અલા :** (૩૮૯) મઅઝૂર (ઉઝરવાળો)ને કેવળ તે એક સમયની અંદર મસોહ જાઈઝ છે, જે સમયમાં પહેર્યો હોય. હા જો પહેરવા પછી અને હદસથી પહેલાં ઉઝર (કારણ) જતું રહ્યું તો તેના માટે તે મુદ્દત છે જે તંદુરસ્ત માટે છે.

(૫) ન, જનાબતની હાલતમાં પહેર્યા ન, પહેરવા પછી જનાબતવાળો થયો હોય.

**મસ્અલા :** (૩૯૦) જનાબતવાળાએ જનાબતનું તયમ્મુમ કર્યું અને વુઝૂ કરીને મોઝા પહેર્યા તો મસોહ કરી શકે છે, પરંતુ જ્યારે જનાબતનું તયમ્મુમ જતું રહ્યું તો હવે મસોહ જાઈઝ નથી.

**મસ્અલા :** (૩૯૧) જનાબતવાળાએ ગુસ્લ કર્યું, પરંતુ થોડુંક બદન સુકું રહી ગયું અને મોઝા પહેરી લીધા અને હદસ પહેલાં તે જગ્યાને ધોઈ નાંખી તો મસોહ જાઇઝ છે. અને જો તે વુઝૂના અવયવોની જગ્યા ધોવામાં રહી ગઈ હતી અને ધોવાથી પહેલાં હદસ થયું તો મસોહ જાઈઝ નથી.

(૬) મુદ્દતની અંદર હોય અને તેની મુદ્દત મુકીમ માટે એક દિવસ-રાત છે અને મુસાફિર માટે ત્રણ દિવસ અને ત્રણ રાતો છે.

**મસ્અલા :** (૩૯૨) મોઝા પહેરવા પછી પ્રથમવાર જે હદસ થયું તે વખતથી તેની ગણના છે. દા. ત. સવારના સમયે મોઝા પહેર્યા અને ઝોહર વખતે પ્રથમવાર હદસ થયું તો મુકીમ બીજા દિવસની ઝોહરની નમાઝ સુધી મસોહ કરે અને મુસાફિર ચોથા દિવસની ઝોહર સુધી.

**મસ્અલા :** (૩૯૩) મુકીમને એક દિવસ-રાત પૂરી થઈ નહતી કે સફર (પ્રવાસ) કર્યો તો હવે હદસના આરંભથી ત્રણ દિવસ-ત્રણ રાતો સુધી મસોહ કરી શકે છે. અને મુસાફિર રહેવાની નિય્યત કરી લીધી તો જો એક દિવસ રાત પૂરી કરી ચુકયો છે તો મસોહ જતો રહ્યો, અને પગ ધોવા ફર્ઝ થઈ ગયું, અને નમાઝમાં હતો તો નમાઝ તુટી ગઈ. અને જો ચોવીસ કલાક પૂરા ન થયા તો જેટલું બાકી છે, તે પૂરું કરી લે.

(૭) કોઈ મોઝો પગની નાંની ત્રણ આંગળીઓ બરાબર ફાટયો ન હોય. અર્થાત ચાલવામાં ત્રણ આંગળ બદન જાહેર ન થતું હોય અને જો ત્રણ આંગળ ફાટયા હોય અને બદન ત્રણ આંગળથી ઓછું દેખાતું હોય તો મસોહ જાઈઝ છે. અને જો બંને ત્રણ ત્રણ આંગળથી ઓછા ફાટયા હોય અને સરવાળો ત્રણ આંગળ અથવા વધારે છે તો પણ મસોહ થઈ શકે છે, સિલાઇ ખુલી જાય તો પણ એજ હુકમ છે કે દરેકમાં ત્રણ આંગળથી ઓછું છે તો જાઇઝ છે. નહીતો, નહી.

**મસ્અલો :** (૩૯૪) મોઝો ફાટી ગયો અથવા સિવણ ખુલી ગઈ અને એમ જ પહેરી રહેવાની હાલતમાં ત્રણ આંગળ પણ જાહેર થતો નથી, પરંતુ ચાલવામાં ત્રણ આંગળ દેખાય તો તેના ઉપર મસોહ જાઈઝ નથી.

મસ્અલા : (૩૯૫) એવી જગ્યાએથી ફાટયો કે સિવણ ખુલી ગઈ કે આંગળીઓ ખૂદ દેખાય તો ન.ની મોટીનો એતબાર નથી, બલ્કે ત્રણ આંગળીઓ જાહેર થાય.

મસ્અલા : (૩૯૬) એક મોઝો કેટલાક સ્થળે થોડામાં થોડો ફાટી ગયો હોય કે તેમાં સોતાલી જઈ શકે અને તે સૌનો સરવાળો ત્રણ આંગળથી ઓછો છે, તો મસોહ જાઇઝ છે. નહીતો, નહી.

મસ્અલા : (૩૯૭) ઘૂંટી ઉપરથી કેટલોય ફાટયો હોય, તેની ગણના નથી.

## મસહનો તરીકો :

મસહનો તરીકો એ છે કે જમણા હાથની ત્રણ આંગળીઓ જમણા પગની પીઠના છેડા ઉપર અને ડાબા હાથની આંગળીઓ ડાબા પગના પીઠના છેડા ઉપર રાખી, પિંડલી તરફ ખેંચાય. ઓછું ત્રણ આંગળ જેટલું ખેંચવામાં આવે. અને સુન્નત એ છે કે પિંડલી સુધી પહોંચાડે.

મસ્અલા (૩૯૮) આંગળીઓનું (પાણીથી) તર હોવું જરૂરી છે. હાથ ધોયા પછી જે તરી (ભીનાશ) બાકી રહી ગઈ તેનાથી મસોહ જાઇઝ છે. અને માથાનો મસોહ કર્યો, હજુ હાથમાં તરી મોજુદ છે તો તે કાફી નથી. બલ્કે ફરી નવા પાણીથી હાથ તર કરીલે. કેટલોક ભાગ હથેળીનો પણ શામેલ હોય તો વાંધો નથી.

મસ્અલાં : (૩૯૯) મસાહમાં બે ફર્ઝ છે. (૧) દરેક મોઝાનો મસોહ હાથની નાની ત્રણ આંગળીઓની બરાબર હોવું. અને (૨) મોઝાની પીઠ પર હોવું.

મસ્અલા : (૪૦૦) એક પગનો મસોહ બે આંગળ જેટલો કર્યો અને બીજાનો ચાર આંગળ જેટલો તો મસોહ ન થયો.

મસ્અલા : (૪૦૧) મોઝાના તળીયા અથવા બાજુમાં અથવા ઘૂંટી અથવા પિંડલી અથવા એડી પર મસોહ કર્યો તો મસોહ ન થયો.

મસ્અલા : (૪૦૨) પુરી ત્રણ આંગળીઓના પેટાળથી મસોહ કરવું અને પિંડલી સુધી ખેંચવું અને મસોહ કરતી વખતે આંગળીઓ ખુલ્લી રાખવી સુન્નત છે.

મસ્અલા : (૪૦૩) આંગળીઓની પીઠથી મસોહ કર્યો અથવા પિંડલી તરફથી આંગળીઓ તરફ ખેંચ્યું અથવા મોઝાની પહોળાઈ નો મસોહ કર્યો અથવા આંગળીઓ મેળવેલી રાખી અથવા હથેળીથી મસોહ કર્યો તો આ સઘળી હાલતમાં મસોહ થઈ ગયો, પરંતુ સુન્નતની વિરૂદ્ધ થયો.

મસ્અલા : (૪૦૪) જો એકજ આંગળીથી ત્રણ વાર નવા પાણીથી દરેક વખતે તર કરીને ત્રણ જગ્યાએ મસોહ કર્યો તો પણ થઇ ગયો, પરંતુ સુન્નત અદા ન થઇ. અને જો એકજ જગ્યાએ મસોહ દરેક વખતે કર્યો. અથવા દરેક વખત તર ન કરી, તો મસોહ ન થયો.

મસ્અલા : (૪૦૫) મોઝાની અણી પાસે થોડીક જગ્યા ખાલી છે કે ત્યાં પગનો કોઇ ભાગ નથી. તે ખાલી જગ્યાનો મસોહ કર્યો તો મસોહ ન થયો. અને જો નિઃસંકોચ ત્યાં સુધી આંગળીઓ પહોંચાડી દીધી અને હવે મસોહ કર્યો તો થઈ ગયો, પરંતુ જ્યારે ત્યાંથી પગ હઠશે તુરતજ મસોહ જતો રહેશે.

મસ્અલા (૪૦૬) મસાહ માં નિય્યત જરૂરી નથી. અને ન ત્રણ વાર કરવું સુન્નત. એકવાર કરી લેવું કાફી છે.

મસ્અલા : (૪૦૭) મોઝા પર પાએતાબા ( માજા પર પહેરવાનો હોય છે, કપડાંની બનાવટનો મોઝા જેવો.) પહેર્યો અને તે પાએતાબા પર મસોહ કર્યો, તો જો મોઝા સુધી તરી પહોંચી ગઈ, મસોહ થઈ ગયો. નહી તો, મસોહ થયો નહી.

મસ્અલા : (૪૦૮) મોઝા પહેરી ઝાકળમાં ચાલ્યો, અથવા તેના ઉપર પાણી પડ્યું અથવા વરસાદનાં ટીપાં પડયાં અને જે જગ્યાએ મસોહ કરવામાં આવે છે તે ત્રણ આંગળી જેટલી તર થઇ ગઈ તો મસોહ થઈ ગયો. હાથ ફેરવવાની પણ આવશ્યકતા નથી.

મસ્અલા : (૪૦૯) અંગ્રેજી બૂટ-જોડા ઉપર મસોહ જાઇઝ છે. જો પગની ઘુંટી તેનાથી ઢંકાએલ હોય. અમામો (સાફો) બુરખો, અને નકાબ અને દસ્તાનાઓ ( મૂઠ ) ઉપર મસોહ જાઇઝ નથી.

મસ્અલા : (૪૧૦) જે ચીઝોથી વુઝૂ તુટે છે તેનાથી ( મોઝા પરનો ) મસોહ પણ તુટી જાય છે.

# મસોહ કયી ચીઝોથી તુટે છે ?

મસ્અલા : (૪૧૧) મુદ્દત પૂરી થઇ જવાથી, મસોહ તુટી જાય છે અને તે હાલતમાં કેવળ પગ ધોઈ લેવા કાફી છે. ફરીથી પુરૂ વુઝૂ કરવાની જરૂરત નથી. અને બહેતર એ છે કે પૂરૂ વુઝૂ કરીલે.

મસ્અલા : (૪૧૨) મસાહની મુદ્દત પૂરી થઈ ગઈ અને પાકો સંદેહ છે કે, મોઝા ઉતારવામાં સર્દીના લીધે પગો સુન થઈ જશે, તો ઉતારે નહી, અને ઘુંટી સુધી આખા મોજોનો ( નીચે-ઉપર આજુ બાજુ અને એડીઓ પર ) મસોહ કરી લે કે કાંઈ રહી જવા પામે નહી.

મસ્અલા : (૪૧૩) મોઝા ઉતારી દેવાથી મસોહ તુટી જાય છે. ભલે એક જ ઉતાર્યો હોય, એવી જ રીતે જો એક પગ અડધા કરતાં વધારે મોજાથી બહાર આવી જાય તો મસોહ જતો રહ્યો. મોઝા ઉતારવા અથવા પગોનો અકસર ભાગ બહાર થવામાં પગના તે ભાગ વિશ્વાસ પાત્ર છે જે ઘુંટીથી પંજા સુધી છે. પિંડલીની ગણુના નથી. આ બંને સૂરતો માં બંને પગોનું ધોવું ફર્ઝ છે.

મસ્અલા : (૪૧૪) મોઝો ઢીલો છે કે, ચાલવામાં મોઝાથી એડી નીકળી જાય છે, તો મસોહ ગયો નહી. હા, જો ઉતારવાની નિય્યતથી એડી બહાર કાઢી તો મસોહ તુટી જશે.

મસ્અલા : (૪૧૫) મોઝા પહેરીને પાણીમાં ચાલ્યા કે, એક પગનો અડધાથી વધુ ભાગ ધોવાઇ ગયો અથવા બીજી કોઇ રીતે મોઝામાં પાણી પેસી ગયું અને અડધા કરતાં વધારે પગ ધોવાઈ ગયો તો મસોહ જતો રહ્યો.

મસ્અલા : (૪૧૬) પાએતાબા ( મોઝા પર પહેરવાની કપડાની મોજડી ) પર એવી રીતે મસોહ કર્યો, કે મસાહની તરી મોઝાઓ સુધી પહોંચી, તો પાએતાબા ઉતારવાથી મસોહ જશે નહીં.

મસ્અલા : (૪૧૭) વુઝૂના અવયવો જો ફાટી ગયા હોય અથવા તેમનામાં ફોડલો અથવા બીજી કોઈ બીમારી હોય અને તેમના ઉપર પાણી વહાવવું નુકશાન કરતું હોય અથવા તીવ્ર તકલીફ થતી હોય તો

ભીનો હાથ ફેરવી લેવુ કાફી છે. અને જો એ પણ નુકસાન કરતુ હોય તો તેના ઉપર કપડુ નાંખી કપડા પર મસોહ કરો. અને જો તે પણ નુકસાન કારક હોય તો માફ છે. અને જો તેમાં કોઈ દવા ભરી હોય, તો તેનું કાઢવુ જરૂરી નથી. તેના ઉપરથી પાણી વહાવી દેવુ કાફી છે.

**મસ્અલા :** (૪૧૮) કોઈ ફોડલા અથવા ઝખમ (ઘા) અથવા નશતરની જગ્યાએ પટી બાંધી હોય કે, તેને ખોલીને પાણી વહાવવાથી અથવા ત્યાં મસોહ કરવાથી અથવા ખોલવાથી હાનિ થાય. અથવા ખોલનાર બાંધવુ જાણતો ન હોય તો, તે પટી પર મસોહ કરીલે. અને જો પટી ખોલીને પાણી વહાવવામાં હાનિ ના હોય તો ધોવું જરૂરી છે. અથવા ખુદ અવયવ પર મસોહ કરી શકતા હોય તો પટી પર માસોહ કરવું જાઈઝ નથી. અને ઝખમની આસ પાસ જો પાણી વહાવવુ નુકસાન ન કરતુ હોય, તો ધોવું જરૂરી છે. નહી તો, તેના ઉપર પણ મસોહ કરી લો. અને જો તેના ઉપર પણ મસોહ ન કરી શકતા હોય તો પાટા પર મસોહ કરીલો, અને પૂરી પટી ઉપર મસોહ કરીલો તો બહેતર છે. અને અકસર ભાગ પર જરૂરી છે, અને એક વાર મસોહ કાફી છે, વારંવારની જરૂરત નથી. અને જો પાટા ઉપર પણ મસોહ કરી શકતા ન હોય તો ખાલી છોડી દો. જ્યારે એટલો આરામ થઈ જાય કે, પાટા ઉપર મસોહ કરવુ નુકસાન ન કરે તો તુરતજ મસોહ કરી લો, પછી જ્યારે એટલો આરામ થઇ જાય કે પાટા ઉપરથી પાણી વહાવવામાં નુકસાન ન થાય તો પાણી વહાવો. પછી જ્યારે એટલો આરામ થઇ જાય કે, ખાસ અવયવ પર મસોહ કરી શકતા હોય તો તુરત જ કરીલો. પછી જ્યારે એટલુ સ્વાસ્થ્ય થઇ જાય કે, અવયવ પર પાણી વહાવી શકાય છે, તો વહાવી લો. સારાંશ કે આલા (ઉચ્ચતર) પર જ્યારે શક્તિ પ્રાપ્ત થાય અને જેટલી પ્રાપ્ત થતી જાય તેટલી અદના ઉપર કાફી સમજવું જાઈઝ નથી.

**મસ્અલા :** (૪૧૯) હાડકાના તુટી જવાથી પાટલી બાંધવામાં આવી હોય, તો તેનો પણ એજ હુકમ છે.

**મસ્અલા :** (૪૨૦) પાટીયું (ખપાટો) અથવા પાટો ખુલી જાય અને હજુ બાંધવાની જરૂરત હોય, તો ફરીથી મસોહ કરવામાં આવશે નહી. એ જ પહેલો મસોહ કાફી છે. અને જો ફરીથી બાંધવાની જરૂરત ન હોય તો, મસોહ તુટી ગયો હવે તે જગ્યાને ધોઈ શકતા હોય તો ધોઇ લો. નહી તો મસોહ કરીલો.

## હૈઝનું બયાન :

અલ્લાહ અઝઝ વ જલ્લ ઈરશાદ ફરમાવે છે : **યસ્અલૂનકા અનિલ-મહીદે કુલ-હોવા અઝન્ ફઅતઝેલુન્નિસાઅ ફીલ્-મહીદે વલા તકરબૂહુન્ન હત્તા યતહુર્ન ફઈઝા તતહુર્ન ફા'તૂહુન્ન મિન્ હૈસો અમરકુમુલ્લાહો ઈન્નલ્લાહ યોહિબ્બુત્તવ્વાબીન વ યોહીબ્બુલ-મુતતહ્હેરીન.**

(અર્થ : હે મહેબૂબ ! તમને હૈઝ વિષે લોકો પ્રશ્ન પૂછે છે. આપ ફરમાવી દો : તે ગંદી ચીઝ છે, તો હૈઝમાં સ્ત્રીઓથી બચો અને તેમનાથી કુરબત (સંભોગ) ન કરો, જ્યાં સુધી કે તે પાક થઇએ નહી. તો જયારે પાક થઈ જાય તેમની પાસે તે જગ્યાએથી આવો જેનો અલ્લાહે તમને હુકમ આપ્યો. બેશક અલ્લાહ, તૌબા કરવાવાળાઓને દોસ્ત રાખે છે અને પાક થનારાઓને દોસ્ત રાખે છે.)

**હદીસ :** (૧) સહીહ મુસ્લિમમાં અનસ બિન માલિક રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે, કે યહૂદીઓમાં જ્યારે કોઈ સ્ત્રીને હૈઝ આવતું તો તેને ન પોતાની સાથે ખવડાવતા, ન પોતાની સાથે ઘરોમાં રાખતા. (આ સંબંધી) સહાબાએ કિરામે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સવાલ કર્યો. તેના ઉપર અલ્લાહ તઆલાએ આ આયત : 'યસ્અલુનક અનિલ મહીદ' નાઝિલ કરી. તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો : સંભોગ સિવાય દરેક વસ્તુ કરો. તેની ખબર યહુદીઓને પહોંચી તો કહેવા લાગ્યા કે, આ ( નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ) અમારી દરેક વાતનો વિરોધ કરવા ચાહે છે. આ વાત પર ઉસયદ બિન હુદૈર અને ઉબ્બાદ બિન બિશ્રર રદીયલ્લાહો અન્હુમાએ આવીને અર્ઝ કરી કે, "યહુદી આવું આવું કહે છે. તો શું અમો તેમનાથી સંભોગ ન કરીએ ?" ( કે સંપૂર્ણ વિરૂદ્ધતા થઈ જાય ) રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ચહેરો મુબારક પરિવર્તિત થઈ ગયો. ત્યાં સુધી કે, અમોને ગુમાન થયું કે, તે બંને પર ગઝબ ફરમાવ્યો ( કોપાયમાન થઈ ગયા ). તે બંને ચાલ્યા ગયા. અને તેમની આગળ દૂધનો હદીયો નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાસે આવ્યો હુઝૂરે માણસ મોકલી તેમને બોલાવ્યા અને દુધ પીવડાવ્યું. તો તેઓ સમજ્યા કે હુઝૂરે તેમના પર ગઝબ ફરમાવ્યો ( ક્રોધ કર્યો ) ન હતો.

**હદીસ :** (૨) સહીહ બુખારીમાં ઉમ્મુલ મોમેનીન હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હા ફરમાવે છે.: અમો હજ્જ માટે નીકળ્યા. જ્યારે સરફ ( મક્કા પાસે એક સ્થળ છે ) માં પહોંચ્યા, તો મને હૈઝ આવ્યું. તો હું રડી રડી હતી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મારી પાસે તશરીફ લાવ્યા અને ફરમાવ્યું કે, તને શું થયું ? શું તું હૈઝવાળી થઇ ગઈ ? મેં કહ્યું કે, હા ! આપે ફરમાવ્યું કે, આ એક એવી વસ્તુ છે, જેને અલ્લાહ તઆલાએ આદમની બેટીઓ પર લખી દીધી છે. તું ખાનએકા'બાના તવાફ સિવાય સઘળું જ અદા કર, જેને હજ્જ અદા કરનાર અદા કરે છે. અને ફરમાવે છે કે, હુઝૂરે પોતાની પુનિત પત્નીઓ તરફથી એક ગાય કુરબાન કરી.

**હદીસ :** (૩) સહીહ બુખારીમાં છે. હઝરત ઉરવહને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે હૈઝવાળી ઔરત મારી ખિદમત કરી શકે છે ? અને જનાબત વાળી સ્ત્રી મારી પાસે આવી શકે છે ? હઝરત ઉરવહે જવાબ આપ્યો : આ સઘળું મારા માટે આસાન છે. અને તેઓ સઘળાં મારી ખિદમત કરી શકે છે, અને તેના માટે કોઈને કાંઈ વાંધો નથી. અને ઉમ્મુલ મોમેનીન હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાએ ખબર આપી કે, તેઓ હૈઝની હાલતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કાંસકો કરતાં અને હુઝૂર એતેકાફમાં હતા. તેઓ પોતાનું પવિત્ર માથું તેમની નજીક કરી દેતા અને તેઓ પોતાના હુજરામાંજ હોતાં હતા.

**હદીસ :** (૪) સહીહ મુસ્લિમમાં ઉમ્મુલ મોમેનીન હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી જ ફરમાવે છે કે, હૈઝના સમયમાં હું પાણી પીતી પછી હુઝૂરને આપતી, તો જે જગ્યાએ મારૂં મોઢું (હોઠ) લાગ્યું હતું હુઝૂર ત્યાંજ મોઢું (હોઠ) મુકી, પાણી પીતા. અને હૈઝની હાલતમાં હું હાડકા ઉપરથી માંસ તોડીને ખાતી, પછી હુઝૂરને આપતી તો હુઝૂર પોતાનું પવિત્ર મુખ તે જગ્યાએ મુકતા જ્યાં મારૂં મુખ લાગ્યું હતું.

**હદીસ :** (૫) સહીહૈનમાં તેમનાથી રિવાયત છે કે, હું હૈઝમાં હોતી અને હુઝૂર મારા ખોળામાં તકીયો લગાવી કુર્આન પઢતા.

**હદીસ :** (૬) સહીહ મુસ્લિમમાં તેમનાથી જ રિવાયત છે કે, હઝરત આઇશા સિદ્દીકા રદીયલ્લાહો

અન્હા ફરમાવે છે હુઝૂરે મને ફરમાવ્યું કે, હાથ લાંબો કરીને મસ્જિદમાંથી મુસલ્લો ઉઠાવી આપો. મેં વિનંતી કરી કે. હું હૈઝવાળી છું. આપે ફરમાવ્યું કે, તારૂં હૈઝ તારા હાથમાં નથી.

**હદીસ :** (૭) સહીહૈનમાં હઝરત ઉમ્મુલ મોમેનીન મયમૂના રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે, ફરમાવે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એક ચાદરમાં નમાઝ પઢતા હતા, જેનો કેટલોક ભાગ મારા ઉપર હતો અને કેટલોક હુઝૂર ઉપર અને હું હૈઝમાં હતી.

**હદીસ :** (૮) તિરમિઝી તથા ઇબ્નેમાજા, હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહેવસલ્લમે ફરમાવ્યું : જે માણસ હૈઝવાળીથી અથવા સ્ત્રીના પાછળના સ્થળમાં ( સૃષ્ટિ વિરૂદ્ધ કર્મ ) સંભોગ કરે અથવા કાહિન ( જ્યોતિષી ) પાસે જાય તેણે કુફરાન ( નાશુક્રી ) કરી, તે ચીઝ ની જે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર ઉતારવામાં આવી.

**હદીસ :** (૯) રઝીનની રિવાયત છે કે, મઆઝ બિન જબલ રદીયલ્લાહો અન્હોએ અરજ કરી, યા રસૂલલ્લાહ મારી ઔરત જ્યારે હૈઝમાં હોય તો મારા માટે કયી વસ્તુ તેનાથી હલાલ છે ? આપે ફરમાવ્યું : તેહબન્દ ( નાફ ડુંડી )થી ઉપર અને તેનાથી પણ બચવું બહેતર છે.

**હદીસ :** (૧૦) અસહાબે સુનને અર્બએ (ચારે સુનનવાળાઓ), હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહેવસલ્લમે ફરમાવ્યું : જ્યારે કોઈ માણસ પોતાની પત્નીથી હૈઝની હાલતમાં સંભોગ કરે તો અડધો દીનાર સદકો કરે. તિરમિઝીની બીજી રિવાયત તેમનાથીજ એવી રીતે છે કે, આપે ફરમાવ્યું : જયારે લાલ લોહી હોય તો એક દીનાર અને જયારે પીળું રક્ત હોય તો અડધો દીનાર,

**હૈઝની હિકમત :** બાલિગ ( પુખ્ત વયની ) સ્ત્રી ના શરીરમાં સ્વભાવત જરૂરત કરતાં, થોડુંક વધારે લોહી પૈદા થાય છે કે, હમલ (ગર્ભ)ની હાલતમાં તે રક્ત બાળકના ખોરાકમાં કામ લાગે અને બાળકના દૂધ પીવાના સમયમાં એજ લોહી દૂધ બની જાય. અને જો એવું ન થાય તો હમલ અને દૂધ પીવાના સમયમાં તેના જીવ ઉપર આવી બને. એજ કારણ છે કે હમલ અને સ્તનપાનના આરંભમાં રક્ત આવતું નથી. અને જે ટાઈમમાં ન હમલ હોય ન દૂધ પીવડાવવું તે ટાઈમમાં તે લોહી જો બદનમાંથી ન નીકળે તો જાત જાતની બીમારીઓ થઈ જાય.

# હૈઝના (ઋતુસ્ત્રાવ)ના મસાઈલ :

**મસ્અલા :** (૪૨૧) બાલિગ (પુખ્તવયની) ઓરતની યોનિમાંથી જે લોહી આદત પ્રમાણે નીકળે છે અને બીમારી અથવા બાળકના જન્મને કારણે ન હોય તેને હૈઝ કહે છે અને બીમારીથી હોય તો ઇસ્તેહાઝા (લોહીવા) અને બાળક થયા પછી હોય તો નિફાસ કહે છે.

**મસ્અલા :** (૪૨૨) હૈઝની મુદત ઓછામાં ઓછી ત્રણ દિવસ ત્રણ રાતો અર્થાત પૂરા (૭૨) બોત્તર કલાક છે. એક મિનિટ પણ જો ઓછી હોય તો હૈઝ નથી, અને વધુમાં વધુ દસ દિવસ દસ રાતો છે.

**મસ્અલા :** (૪૨૩) ૭૨ કલાકથી થોડીક પણ (વાર) પહેલાં ખતમ થઈ જાય તો હૈઝ નથી બલ્કે તે ઇસ્તેહાઝા છે. હા, જો કિરણ ચમકયું હતું કે શરૂ થયું અને ત્રણ દિવસ ત્રણ રાત પૂરી થઈને

કિરણ ચમકવાના જ સમયે ખતમ થયું તો હૈઝ છે. જો કે દિવસ મોટો થવાના સમયમાં સૂર્યોદય નિત્ય પહેલો અને સૂર્યાસ્ત મોડો થતો રહેશે અને ટૂંકા દિવસો થવાના સમયમાં સૂર્યોદય મોડો અને સૂર્યાસ્ત વહેલો થતો રહેશે જેના કારણે તે ત્રણ રાત દિવસની માત્રા ૭૨ કલાક હોવું જરૂરી નથી. પરંતુ બરાબર સૂર્યોદયથી સૂર્યોદય અને સૂર્યાસ્તથી સૂર્યાસ્ત સુધી જરૂર એક દિવસ-રાત છે. આ સિવાય જો બીજા કોઈ સમયે શરૂ થયું તો એજ (૨૪) ચોવીસ કલાક પૂરાનો એક દિવસ-રાત ગણવામાં આવશે. દા. ત., આજે સવારે બરાબર નવ વાગે હૈઝ શરૂ થયું અને તે વખતે પૂરો પહોર દિવસ ચઢયો હતો, તો કાલે બરાબર નવ વાગે એક દિવસ-રાત થશે, જો કે હજુ પૂરો પહોર ભર દિવસ ન થયો. જયારે કે આજનો સૂર્યોદય કાલના સૂર્યોદયથી મોડો હોય અથવા પહોરભર કરતાં વધારે દિવસ ચઢી ગયો હોય જ્યારે કે આજનો સૂર્યોદય કાલના સૂર્યોદયથી પહેલાં હોય.

**મસ્અલા :** (૪૨૪) દસ રાત દિવસથી થોડુંક પણ વધારે લોહી આવ્યું, તો જો આ હૈઝ પ્રથમવાર આવ્યું છે, તો દસ દિવસ સુધી હૈઝ છે, પાછળનું ઇસ્તેહાઝા અને જો તેના પહેલાં હૈઝ આવી ગયાં છે અને આદત દસ દિવસ કરતાં ઓછાની હતી, તો આદત કરતાં જેટલું વધારે થયું તે ઇસ્તેહાઝા છે, તેને એમ સમજો કે તેને પાંચ દિવસની આદત હતી. હવે દસ દિવસ આવ્યું તો સઘળું હૈઝ છે અને બાર દિવસ આવ્યું તો પાંચ દિવસ હૈઝના છે બાકીના સાત દિવસ ઇસ્તેહાઝાના છે. અને સ્થિતિ નિયત ન હતી, બલ્કે કયારેક ચાર દિવસ અને કયારેક પાંચ દિવસ, તો પાછલી વખતે જેટલા દિવસ હતું એજ હવે પણ હૈઝના દિવસો છે. બાકીના ઇસ્તેહાઝાના છે.

**મસ્અલા :** (૪૨૫) એ જરૂરી નથી કે મુદ્દત દરમિયાન સતત લોહી વહેતું રહે તો જ હૈઝ હોય, બલ્કે જો અમુક અમુક સમયે પણ આવે તો પણ હૈઝ છે.

**મસ્અલા :** (૪૨૬) ઓછામાં ઓછા (૯) નવ વર્ષની વયથી હૈઝ શરૂ થશે અને હૈઝ આવવાનું અંતિમ વય (૫૫) પંચાવન વર્ષ છે. તે ઉંમરવાળી સ્ત્રીને આએસા અને આ ઉમરને 'સંને અયાસ' કહે છે.

**મસ્અલા :** (૪૨૭) નવ વર્ષના વયથી પહેલાં જે રક્ત આવે તે ઇસ્તેહાઝા છે. એવી જ રીતે પંચાવન (૫૫) વર્ષના વય પછી જે લોહી આવે. હા, પાછલી સ્થિતિમાં જો નિર્મળ લોહી આવે અથવા જેવું પહેલાં આવતું હતું એજ રંગનું આવ્યું તો હૈઝ છે.

**મસ્અલા :** (૪૨૮) હમલવાળી સ્ત્રીને જે લોહી આવ્યું તે ઇસ્તેહાઝા છે, એવી જ રીતે બાળક જન્મ વખતે જે લોહી આવ્યું અને અડધાં કરતાં વધારે બાળક બહાર આવ્યું નથી તે ઇસ્તેહાઝા છે.

**મસ્અલા :** (૪૨૯) બે હૈઝો દરમિયાન ઓછામાં ઓછા પૂરા પંદર દિવસનો ગાળો જરૂરી છે. એવી જ રીતે નિફાસ (સુવાવડના લોહી) તથા હૈઝ વચ્ચે પણ ૫દર દિવસનું અંતર હોવું જરૂરી છે. તો જો નિફાસ ખતમ થયા પછી પંદર દિવસ પૂરા થયા ન હતા કે લોહી આવ્યું તો તે ઇસ્તેહાઝા છે.

**મસ્અલા :** (૪૩૦) હૈઝ તે વખતથી ગણવામાં આવશે કે, લોહી બાહ્ય યોનિમાં આવી ગયું તો જો કોઈ કપડું મુકી દીધું છે જેના કારણે બાહ્ય યોનિમાં (લોહી) આવ્યું નહિ, અંદરના ભાગમાં જ રોકાએલું છે તો જ્યાં સુધી (અંદરથી) કપડું કાઢશે નહિ ત્યાં સુધી હૈઝવાળી ન ગણાશે. (તે હાલતમાં) નમાઝો પઢશે અને રોઝા રાખશે.

**મસ્અલા :** (૪૩૧) હૈઝના (૬) છ રંગ છે. (૧) કાળો (૨) લાલ (૩) લીલો (૪) પીળો (૫) મેલો અને (૬) ભૂરો, શ્વેત (સફેદ) રંગની રતુબત (તરી) હૈઝ નથી.

**મસ્અલા :** (૪૩૨) દસ (૧૦) દિવસની અંદર જો રતુબત (તરી)માં જરા પણ મેલાપણું છે તો તે હૈઝ છે અને દસ દિવસ-રાત પછી પણ મેલાપણું બાકી છે, તો આદતવાળી માટે જે દિવસો આદતના છે તે હૈઝ છે અને આદત પછીના જે દિવસો છે તે ઇસ્તેહાઝા છે. અને જો કાંઈ આદત નથી તો દસ દિવસ રાત સુધી હૈઝ છે બાકીના ઇસ્તેહાઝા છે.

**મસ્અલા :** (૪૩૩) ગુદ્દી (રૂ અથવા કપડાંનો ડૂચો) જયારે તર હતી તો તેમાં પીળાશ અથવા મેલાપણું હતું, સુકાઈ જવા પછી તે સફેદ થઈ ગઈ તો હૈઝની મુદ્દતમાં હૈઝ જ છે, અને જયારે દેખ્યું હતું ત્યારે સફેદ હતી અને સુકાઈને પીળી થઈ ગઈ તો તે હૈઝ નથી.

**મસ્અલા :** (૪૩૪) જે સ્ત્રીને પ્રથમવાર રક્ત આવ્યું અને તેનો સિલસિલો (ક્રમ) મહીનાઓ અથવા વર્ષો સુધી બરાબર ચાલુ રહ્યો કે વચ્ચે પંદર દિવસ માટે પણ રોકાયું નહી, તો જે દિવસથી લોહી આવવું શરૂ થયું તે દિવસથી દસ દિવસ સુધી હૈઝ છે અને વીસ (૨૦) દિવસ ઇસ્તેહાઝાના સમજવા અને જ્યાં સુધી લોહી ચાલુ રહે એ જ કાયદા પ્રમાણે વર્તે.

**મસ્અલા :** (૪૩૫) અને જો આનાથી પહેલાં હૈઝ આવી ગયું છે તો આનાથી પહેલાં જેટલા દિવસ હૈઝના હતા દરેક ત્રીસ દિવસમાં તેટલા દિવસમાં તેટલા દિવસ હૈઝના સમજવા, બાકીના જે દિવસો વધે તે ઇસ્તેહાઝાના છે.

**મસ્અલા :** (૪૩૬) જે સ્ત્રીને ઉમરભર લોહી આવ્યું જ નથી અથવા આવ્યું, પરંતુ ત્રણ દિવસ કરતાં ઓછું આવ્યું તો ઉંમર ભર તેણી પાક જ રહી અને જો એકવાર ત્રણ દિવસ-રાત લોહી આવ્યું પછી કયારેય ન આવ્યું તો તે કેવળ ત્રણ દિવસ-રાત હૈઝના છે. બાકી હમેશ માટે પાક છે.

**મસ્અલા :** (૪૩૭) જે સ્ત્રીને દસ દિવસ લોહી આવ્યું તે પછી વર્ષ ભર સુધી પાક રહી. પછી બરાબર લોહી વહેતું રહ્યું તો તે સમયમાં નમાઝ-રોઝા માટે દરેક મહીનામાં દસ દિવસ હૈઝના સમજે બાકીના વીસ દિવસ ઇસ્તેહાઝાના છે.

**મસ્અલા :** (૪૩૮) કોઈ સ્ત્રીને એકવાર હૈઝ આવ્યું તે પછી ઓછામા ઓછું પંદર દિવસ સુધી પાક રહી, પછી લોહી બરાબર ચાલુ રહ્યું અને એ યાદ નથી કે, પહેલાં કેટલા દિવસ હૈઝના હતા અને કેટલા દિવસ પાકીના, પરંતુ એટલું યાદ છે કે મહીનામાં એક જ વાર હૈઝ આવ્યું હતું તો આ વખતે જયારથી લોહી શરૂ થયું, ત્રણ દિવસ સુધી નમાઝ છોડી દે, પછી સાત દિવસ સુધી દરેક નમાઝ વખતે ગુસ્લ કરે અને નમાઝ પઢે અને આ દસે દિવસોમાં પતિ પાસે જાય નહી (સંભોગ કરે નહિ). પછી વીસ દિવસ સુધી દરેક નમાઝ વખતે તાજું વુઝૂ કરીને નમાઝ પઢે અને બીજા મહીનામાં ઓગણીસ દિવસ વઝૂ કરીને નમાઝ પઢે અને તે વીસ અથવા ઓગણીસ દિવસમાં પતિ તેણીની પાસે જઈ શકે છે (સોહબત કરી શકે છે). અને જો એ પણ યાદ ન હોય કે મહીનામાં એકવાર આવ્યું હતું કે બે વાર, તો આરંભના ત્રણ દિવસમાં નમાઝ ન પઢે પછી સાત દિવસ સુધી દરેક સમયમાં ગુસ્લ કરીને નમાઝ પઢે. પછી આઠ દિવસ સુધી દરેક સમયમાં વુઝૂ કરીને નમાઝ પઢે અને કેવળ આ આઠ દિવસોમાં પતિ તેની પાસે જઇ શકે છે (સોહબત કરી શકે છે) અને આ આઠ દિવસ પછી પણ ત્રણ દિવસ સુધી દરેક સમયમાં વુઝૂ કરીને નમાઝ પઢે, પછી સાત દિવસ સુધી ગુસ્લ કરીને (નમાઝ પઢે) અને તે પછી આઠ દિવસ સુધી વુઝૂ કરીને નમાઝ પઢે અને એજ સિલસિલો (ક્રમ) નિરંતર ચાલુ રાખે અને. જો તહારત (પાકી)ના દિવસ યાદ છે. દા. ત., પંદર દિવસ હતા અને બાકી કોઈ વાત યાદ નથી તો આરંભના ત્રણ દિવસ સુધી નમાઝ ન પઢે. પછી સાત દિવસ સુધી દરેક સમયે ગુસલ કરીને નમાઝ પઢે, તે પછી ફરી ત્રણ દિવસ બીજા વુઝૂ કરીને

નમાઝ પઢે, પછી ચૌદ (૧૪) દિવસ સુધી દરેક વખતે ગુસલ કરીને નમાઝ પઢે. પછી એક દિવસ દરેક વખતે વુઝૂ કરીને નમાઝ પઢે. પછી નિત્ય માટે જ્યાં સુધી લોહી આવતું રહે દરેક સમયે ગુસલ કરે અને જો હૈઝના દિવસો યાદ છે, દા. ત. ત્રણ દિવસ અને તહારતના દિવસો યાદ ન હોય તો શરૂથી ત્રણ દિવસોમાં નમાઝ છોડી દે, પછી અઢાર દિવસ સુધી દરેક સમયે વુઝૂ કરીને નમાઝ પઢે, જેમાં પ્રથમના પંદર તો ખાત્રીપૂર્વક તોહર (પાકીના) છે અને પાછલા ત્રણ દિવસ શંકાસ્પદ છે, પછી નિત્ય દરેક સમયે ગુસલ કરીને નમાઝ પઢે અને જો એ યાદ છે કે મહીનામાં એક જ વાર હૈઝ આવ્યું હતું અને તે ત્રણ દિવસ રહ્યું હતું પરંતુ એ યાદ નથી કે તે કયી તારીખ હતી, તો દરેક મહીનાના આરંભના ત્રણ દિવસોમાં વુઝૂ કરીને નમાઝ પઢે અને સત્તાવીસ દિવસ સુધી દરેક નમાઝના વખતે ગુસલ કરે, એવી જ રીતે ચાર દિવસ અથવા પાંચ દિવસ હૈઝના હોવું યાદ હોય તો તે ચાર અથવા પાંચ દિવસોમાં વુઝૂ કરે, બાકીના દિવસોમાં ગુસલ કરે, અને જો એ ખબર છે કે, મહીનાના અંતમાં હૈઝ આવતું હતું અને તારીખો ભૂલી ગઈ તો સત્તાવીસ (૨૭) દિવસ વુઝૂ કરીને નમાઝ પઢે અને ત્રણ દિવસ ન પઢે. મહીનો પૂરો થવાથી એકવાર ગુસલ કરી લે અને જો એ ખબર છે કે ૨૧ તારીખથી શરૂ થતું હતું અને એ યાદ નથી કે કેટલાં દિવસ આવતું હતું તો વીસમી પછી ત્રણ નમાઝ છોડી દે, તે પછી સાત દિવસ જે બાકી રહી ગયા તેમાં દરેક વખતે ગુસલ કરીને નમાઝ પઢે અને જો એ યાદ છે કે ફલાણી પાંચ તારીખોમાં ત્રણ દિવસ હૈઝ આવ્યું હતું. પરંતુ એ યાદ નથી કે તે પાંચમાં તે કયા કયા દિવસો છે તો પ્રથમ બે દિવસોમાં વુઝૂ કરીને નમાઝ પઢે અને વચ્ચેનો એક દિવસ છોડીદે અને તે પછી બે દિવસોમાં દરેક વખત ગુસલ કરીને નમાઝ પઢે અને ચાર દિવસોમાં ત્રણ દિવસ છે તો પહેલા દિવસે વુઝૂ કરીને પઢે અને ચોથા દિવસે દરેક સમયમાં ગુસલ કરે અને વચ્ચેના દિવસોમાં ન પઢે. અને જો ૭ દિવસોમાં ત્રણ દિવસ હોય તો પ્રથમના ત્રણ દિવસોમાં વુઝૂ કરીને પઢે. પાછલા ત્રણ દિવસોમાં દરેક સમયમાં ગુસલ કરીને પઢે અને જો સાત અથવા આઠ અથવા નવ અથવા દસ દિવસોમાં ત્રણ દિવસ છે તો પ્રથમના ત્રણ દિવસોમાં વુઝૂ અને બાકીના દિવસોમાં દરેક સમયે ગુસલ કરે. તાત્પર્ય એ કે જે દિવસોમાં હૈઝનું યકીન હોય અને બરાબર યાદ ન હોય કે તેમાં તે કયા દિવસો છે તો એ દેખવું જોઈએ કે તે દિવસો હૈઝના દિવસોથી બમણા છે કે બમણાથી ઓછા અથવા બમણાથી વધારે, જો બમણાથી ઓછા છે તો તેમાં જે દિવસો ખાત્રીવાળા હૈઝ હોવાના હોય તેમાં નમાઝ ન પઢે. અને જે દિવસોના હૈઝ હોવા ન હોવાની આશંકા હોય તે જો પ્રથમના હોય તો તેમાં વુઝૂ કરીને નમાઝ પઢે અને અંતના હોય તો દરેક સમયમાં ગુસલ કરીને નમાઝ પઢે. અને જો બમણા અથવા બમણા થી વધારે હોય તો હૈઝના દિવસોની બરાબર આરંભ ના દિવસોમાં વુઝૂ કરીને નમાઝ પઢે, પછી દરેક સમયમાં ગુસલ કરીને પઢે અને જો એ યાદ ન હોય કે કેટલા દિવસો હૈઝના હતા અને કેટલા દિવસો તહારતના, ન એ કે મહીનાની શરૂઆતના દસ દિવસોમાં હતું કે વચ્ચેના દસ દિવસોમાં કે પાછલા દસ દિવસોમાં તો મનમાં વિચાર કરે, જેની ખાત્રી થાય તેના ઉપર પાબંદી કરે અને જો કોઈ વાત પર મન જામતું નથી તો દરેક નમાઝ માટે ગુસલ કરે. અને ફર્ઝ, વાજિબ તથા સુન્નતે મોઅક્કદા પઢે. મુસ્તહબ અને નિફલ પઢે નહી. અને ફર્ઝ રોઝા રાખે, નિફલ રોઝા રાખે નહી. અને તે ઉપરાંત બીજી જેટલી વાતો હૈઝ વાળી ને જાઈઝ નથી તેણીને માટે પણ ના જાઈઝ છે. દા. ત. કુર્આન પઢવું અથવા તેને સ્પર્શ કરવું, મસ્જિદમાં જવું. તિલાવતનો સિજદો વિગેરે.

**મસ્અલા :** (૪૩૯) જે સ્ત્રીને પ્રથમ હૈઝના દિવસો યાદ ન હોય અથવા ન એ યાદ હોય કે કયી તારીખોમાં આવ્યું હતું હવે ત્રણ દિવસ અથવા વધારે લોહી આવીને બંધ થઈ ગયું, પછી તહારતના પંદર દિવસ પૂરા થયા ન હતા કે, ફરીથી લોહી ચાલુ થઈ ગયું અને નિત્ય માટે ચાલુ થઈ

ગયું તો તેનો એજ હુકમ છે, જેવું કે કોઈને પ્રથમ વાર લોહી આવ્યું અને નિત્ય માટે ચાલુ થઈ ગયું કે, દસ દિવસ હૈઝના ગણીને પછી વીસ દિવસ તહારત ના છે.

મસ્અલા : (૪૪૦) જેની એક આદત નિયુક્ત ન હોય, બલ્કે ક્યારેક છ દિવસ હૈઝના હોય અને ક્યારેક સાત દિવસ, હવે જે લોહી આવ્યું તે બંધ થતું જ નથી તો તેના માટે નમાઝ-રોઝા ના હુકમાં ઓછી મુદ્દત એટલે કે છ દિવસ હૈઝના ઠેરવામાં આવશે અને સાતમા દિવસે નહાઈને નમાઝ પઢે અને રોઝો રાખે. પરંતુ સાત દિવસ પૂરા થયા પછી ફરીથી નહાવાનો હુકમ છે અને સાતમા દિવસે જે ફર્ઝ રોઝો રાખ્યો છે તેની કઝા કરે અને ઇદ્દત પસાર થવા અથવા પતિ પાસે રહેવા વિષે વધારે મુદ્દત એટલે સાત દિવસ હૈઝના માનવામાં આવશે. અર્થાત સાતમા દિવસે તેણીથી સોહબત જાઈઝ નથી.

મસ્અલા : (૪૪૧) કોઈને એક બે દિવસ લોહી આવીને બંધ થઈ ગયું અને દસ દિવસ પૂરા ન થયા કે ફરીથી લોહી આવ્યું અને દસમા દિવસે બંધ થઈ ગયું તો આ દસે દિવસો હૈઝના છે, અને જો દસ દિવસ પછી પણ ચાલુ રહ્યું તો જો પહેલાની આદતની ખબર છે તો આદતના દિવસોમાં હૈઝ છે. બાકીના ઈસ્તેહાઝાના છે. નહી તો દસ દિવસ હૈઝના બાકીના દિવસો ઇસ્તેહાઝાના છે.

મસ્અલા : (૪૪૨) કોઈની ટેવ હતી કે ફલાણી તારીખે હૈઝ થાય છે હવે તેનાથી એક દિવસ અગાઉ લોહી આવીને બંધ થઈ ગયું. પછી દસ દિવસ સુધી આવ્યું નહી અને અગ્યારમા દિવસે ફરી આવી ગયું, તો લોહી નઆવવાના જે આ દસ દિવસો છે તેમાંથી પોતાની આદતના દિવસોની બરોબર હૈઝ ઠેરવે અને જો તારીખ તો નિશ્ચત હતી પરંતુ હૈઝ ના દિવસો નિશ્ચિત ન હતા તો લોહી ન આવવાના આ દસે દિવસો હૈઝના છે.

મસ્અલા : (૪૪૩) જે સ્ત્રીને ત્રણ દિવસથી ઓછું લોહી આવીને બંધ થઈ ગયું અને પંદર દિવસ પૂરા ન થયા કે ફરીથી આવી ગયું તો પ્રથમ વાર જ્યારથી લોહી આવવું શરૂ થયું છે, હૈઝ છે. હવે જો તેની કોઈ આદત છે તો આદત જેટલા હૈઝના દિવસો ગણીલે. નહી તો શરૂથી દસ દિવસ સુધી હૈઝ છે અને પાછલી વખતનું લોહી ઇસ્તેહાઝા છે.

મસ્અલા : (૪૪૪) કોઈને પુરા ત્રણ દિવસ-રાત લોહી આવીને બંધ થઈ ગયું અને તેની આદત તેનાથી વધારેની હતી, પછી ત્રણ દિવસ-રાત પછી સફેદ તરી આદતના દિવસો સુધી આવતી રહી, તો તેના માટે કેવળ એજ ત્રણ દિવસ-રાત હૈઝના છે. અને આદત બદલાઇ ગઇ.

મસ્અલા : (૪૪૫) ત્રણ દિવસ-રાત થી ઓછું લોહી આવ્યું પછી પંદર દિવસ સુધી પાક રહી. પછી ત્રણ દિવસ-રાતથી ઓછું આવ્યું તો ન પહેલી વખતનું હૈઝ છે ન આ પાછળવાળું હૈઝ છે, બલ્કે બંને ઇસ્તેહાઝા છે. ( ઈસ્તેહાઝા એટલે એક બીમારી : લોહીવા. )

## નિફાસનું બયાન :

નિફાસ કોને કહે છે, તે અમો આ પહેલાં વર્ણવી ગયા છીએ. ( બાળક પૈદા થયા પછી જે લોહી આવે છે, તેને ' નિફાસ ' કહે છે.—અનુ. )

મસ્અલા : (૪૪૬) નિફાસમાં કમી પ્રત્યે કોઈ મુદ્દત નિશ્ચિત નથી. અડધા કરતા વધારે બાળક

નીકળ્યા પછી એક પળ પણ લોહી આવ્યું તો તે નિફાસ છે. અને વધુમાં વધુ તેનો સમય ચાલીસ (૪૦) દિવસ-રાત છે. અને નિફાસની મુદ્દતની ગણત્રી તે વખતથી થશે કે, અડધા કરતાં વધારે બાળક બહાર નીકળી આવ્યું. અને આ વર્ણનમાં જ્યાં બાળક થવાનો શબ્દ આવશે તેનો અર્થ (બાળક) અડધા કરતા વધારે બહાર આવી જવું છે.

**મસ્અલા :** (૪૪૭) કોઈને ચાલીસ દિવસ કરતા વધારે લોહી આવ્યું તો જો તેણીને પ્રથમવાર બાળક પૈદા થયું છે અથવા એ યાદ નથી કે આનાથી પહેલાં બાળક પૈદા થવામાં કેટલા દિવસ લોહી આવ્યું હતું તો ચાલીસ દિવસ-રાત નિફાસ છે, બાકીના ઇસ્તેહાઝાના. અને જો પ્રથમની આદતની ખબર હોય, તો આદતના દિવસો સુધી નિફાસ છે અને જેટલા વધારે છે તે ઈસ્તેહાઝા છે. જેવું કે આદત ત્રીસ (૩૦) દિવસની હતી. આ વખતે પીસ્તાલીસ (૪૫) દિવસ આવ્યું તો ત્રીસ દિવસ નિફાસના છે અને પંદર દિવસ ઇસ્તેહાઝાના છે.

**મસ્અલા :** (૪૪૮) બાળક પૈદા થવાથી પહેલાં જે લોહી આવ્યું તે નિફાસ નથી, બલ્કે ઈસ્તેહાઝા છે, ભલે બાળક અડધું બહાર આવી ગયું હોય,

**મસ્અલા :** (૪૪૯) હમલ ( ગર્ભ ) પડી ગયું અને તેનો કોઈ અવયવ બની ગયો છે દા. ત. હાથ-પગ અથવા આંગળીઓ તો આ લોહી નિફાસનું છે. નહી તો જો ત્રણ દિવસ-રાત સુધી રહ્યું અને તેનાથી પહેલાં પંદર દિવસ પાક રહેવાનો સમય પસાર થઇ ગયો છે તો હૈઝ છે. અને જો ત્રણ દિવસ થી પહેલાંજ બંધ થઈ ગયું અથવા હજી પૂરા પંદર દિવસ તહારતના પસાર થયા નથી તો ઈસ્તેહાઝા છે.

**મસ્અલા ;** (૪૫૦) પેટમાંથી બાળક કાપીને કાઢવામાં આવ્યું તો તેના અડધાથી વધારે કાઢ્યા પછી નિફાસ છે.

**મસ્અલા ;** (૪૫૧) ગર્ભપાત થતા ( કસુવાવડ થતા ) પહેલાં થોડુંક લોહી આવ્યું, થોડુંક પાછળથી, તો પ્રથમવાળું ઇસ્તેહાઝા છે, પાછળનું નિફાસ છે. આ તે હાલતમાં છે જ્યારે કોઇ અવયવ બની ગયો હોય. નહી તો, પહેલાં વાળું જો હૈઝ હોઇ શકે છે તો હૈઝ છે. નહી તો ઈસ્તેહાઝા છે.

**મસ્અલા :** (૪૫૨) ગર્ભપાત થયો ( કસુવાવડ થઇ ) અને એ ખબર નથી કે કોઈ અવયવ બન્યો હતો કે નહી. ન એ યાદ છે કે ગર્ભ કેટલા દિવસનો હતો ( કે તેનાથી જ અવયવ બનવા ન બનવાની ખબર પડીજાત) અર્થાત એકસો વીસ (૧૨૦) દિવસ થઈ ગયા છે તો અવયવ બની જવું ઠેરવવામાં આવશે. ) અને ગર્ભપાત પછી નિત્ય માટે લોહી ચાલુ થઇ ગયું તો એજ હૈઝના હુકમમાં સમજો કે હૈઝની જે આદત હતી તેના વિતી ગયા પછી નહાઈને નમાઝ શરૂ કરીદો અને આદત ન હતી તો દસ દિવસ પછી. અને બાકી એજ અહકામ છે જે હૈઝના બયાનમાં બયાન થયા.

**મસ્અલા :** (૪૫૩) જે સ્ત્રીને બે બાળકો જોડકાં પૈદા થયાં અર્થાત બન્ને વચ્ચે છ મહિનાથી ઓછો સમય છે તો પ્રથમજ બાળક પૈદા થયા પછીથી નિફાસ સમજવામાં આવશે. જો બીજું ચાલીસ દિવસની અંદર પૈદા થયું અને લોહી આવ્યું તો પહેલાથી ચાલીસ દિવસ સુધી નિફાસ છે. પછી ઈસ્તેહાઝા છે અને જો ચાલીસ દિવસ પછી પૈદા થયું તો આ પાછલા પછી જે લોહી આવ્યું તે ઈસ્તેહાઝા છે, નિફાસ નથી. પરંતુ બીજાના પૈદા થયા પછી પણ નહાવાનો હુકમ આપવામાં આવશે.

**મસ્અલા :** (૪૫૪) જે સ્ત્રીને ત્રણ બાળકો પૈદા થયા કે પ્રથમ અને બીજામાં છ મહીનાથી ઓછું અંતર છે. એવીજ રીતે બીજા અને ત્રીજામાં જો કે પહેલા અને ત્રીજામાં છ મહીનાનું અંતર હોય તો પણ નિફાસ પહેલાથીજ છે. પછી જો ચાલીસ દિવસની અંદર આ બન્ને પણ પૈદા થઈ ગયા

તો પહેલાના પછીથી વધુમાં વધુ ચાલીસ દિવસ સુધી નિફાસ છે અને જો ચાલીસ દિવસ પછી છે તો તેના પછી જે લોહી આવશે તે ઈસ્તેહાઝા છે. પરંતુ તેના પછી પણ ગુસ્લનો હુકમ છે.

**મસ્અલા :** (૪૫૫) જો બનેમાં ૭ મહીના અથવા એથી વધારેનું અંતર છે તો બીજાના પછી પણ નિફાસ છે.

**મસ્અલા :** (૪૫૬) ચાલીસ દિવસની અંદર ક્યારેક લોહી આવ્યું ક્યારેક ન આવ્યું તો સઘળું નિફાસજ છે. ભલે પંદર દિવસનું અંતર થઇ જાય.

**મસ્અલા :** (૪૫૭) તેના રંગ વિષે એજ અહેકામ છે. જે હેઝમાં બ્યાન થયા.

# હૈઝ તથા નિફાસ વિષેના અહકામ :

**મસ્અલા :** (૪૫૮) હૈઝ તથા નિફાસવાળી સ્ત્રીએ કુર્આન મજીદ દેખીને અથવા મૌખિક પઢવું અને તેને અડકવું ભલેને તેની જીલ્દ અથવા ચોલી અથવા હાશિયાને હાથ અથવા આંગળીના ટેરવા અથવા બદનનો કોઈ ભાગ લાગે. આ સઘળું હરામ છે.

**મસ્અલા :** (૪૫૯) કાગળના ટુકડા ઉપર કોઇ સૂરહ અથવા આયત લખેલી હોય તો તેને પણ અડકવું હરામ છે.

**મસ્અલા :** (૪૬૦) જુઝદાન (ગિલાફ) માં કુર્આન મજીદ હોય તો તે જુઝદાનને અડકવામાં વાંધો નથી.

**મસ્અલા :** (૪૬૧) તે હાલતમાં કુરતા (ખમીશ) ના છેડા અથવા દુપટ્ટા (ઓઢણા) ના છેડાથી અથવા કોઈ એવા કપડાથી જેને પહેરેલા-ઓઢેલ છે, કુર્આન મજીદને સ્પર્શ કરવું હરામ છે. સારાંશ કે, આ હાલતમાં કુર્આન મજીદ તથા દીની કિતાબો પઢવા અને સ્પર્શ વિષે એજ સઘળા અહકામ છે જે તે વ્યકિત વિષે છે જેના પર નહાવું ફર્ઝ છે. જેનું વર્ણન ગુસલના પ્રકરણમાં આવી ગયું.

**મસ્અલા :** (૪૬૨) શિક્ષિકા ને (મુઅલ્લિમાને) હેઝ અથવા નિફાસ થયાં તો તે (કુર્આન શરીફના) એક એક વાકય શ્વાસ તોડી તોડીને પઢાવે અને હિજ્જે કરાવવામાં કાંઇ વાંધો નથી.

**મસ્અલા :** (૪૬૩) દુઆએ કુનૂત પઢવું આ હાલતમાં (હેઝો-નિફાસની હાલતમાં) મકરુહ છે. **અલ્લાહુમા ! ઈન્ના નસ્તઇનોકા (થી) બિલ કુફ્ફારે મુલ-હિકક.** સુધી દુઆએ કુનુત છે.

**મસ્અલા :** (૪૬૪) કુર્આન મજીદ સિવાય બીજા તમામ અઝકાર (ઝીક્રો) કલ્મા શરીફ-દુરુદ શરીફ વિગેરે પઢવું કરાહત વગર જાઇઝ બલ્કે મુસ્તહબ છે. અને આ ચીઝોને વુઝુ અથવા કુલ્લી કરીને પઢવું બેહતર છે. અને એમજ પઢી લીધું તો પણ વાંધો નથી. અને તેમને અડકવામાં વાંધો નથી.

**મસ્અલા :** (૪૬૫) એવી સ્ત્રીએ અઝાનનો જવાબ આપવું જાઇઝ છે.

**મસ્અલા :** (૪૬૬) એવી સ્ત્રીએ મસ્જિદમાં જવું હરામ છે.

**મસ્અલા :** (૪૬૭) જો ચોર અથવા હિંસક પ્રાણીથી ડરીને મસ્જિદમાં ચાલી ગઈ તો જાઈઝ છે. પરંતુ તેણીએ તયમ્મુમ કરી લેવું જોઇએ. એવીજ રીતે મસ્જિદમાં પાણી મુકેલું છે અથવા કુવો છે અને બીજે કોઇ સ્થળે પાણી મળતું નથી, તો તયમ્મુમ કરીને જવું જાઈઝ છે.

**મસ્અલા :** (૪૬૮) ઈદગાહમાં જવામાં વાંધો નથી. (હેઝો-નિફ્રાસની હાલતમાં)

**મસ્અલા :** (૪૬૯) હાથ લંબાવી કોઈ વસ્તુ મસ્જિદમાંથી લેવી જાઈઝ છે.

**મસ્અલા :** (૪૭૦) ખાનએ-કા'બાની અંદર જવું અને તેનો તવાફ ભલે મસ્જિદે હરામની બહારથી હોય તેણીઓ માટે હરામ છે.

**મસ્અલા :** (૪૭૧) એ હાલતમાં રોઝો રાખવું અને નમાઝ પઢવું હરામ છે.

**મસ્અલા :** (૪૭૨) તે દિવસોમાં નમાઝો માફ છે, તેની કઝા પણ નથી, અને રોઝાઓની કઝા બીજા દિવસોમાં કરી લેવું ફર્ઝ છે.

**મસ્અલા :** (૪૭૩) નમાઝનો અંતિમ સમય થઇ ગયો હોય અને હજુ સુધી નમાઝ પઢી નથી કે, હેઝ આવ્યું અથવા બાળક પૈદા થયું તો તે વખતની નમાઝ માફ થઈ ગઈ, જોકે એટલો તંગ સમય થઇ ગયો હોય કે, તે નમાઝની ગુંજાઈશ ન હોય.

**મસ્અલા :** (૪૭૪) નમાઝની હાલતમાં હૈઝ આવી ગયું અથવા બાળકનો જન્મ થયો તો તે નમાઝ માફ છે, અલબત્ત જો નિફ્લ નમાઝ હતી તો તેની કઝા વાજિબ છે.

**મસ્અલા :** (૪૭૫) નમાઝના સમયમાં વુઝૂ કરીને એટલીવાર સુધી ઝિક્રેઇલાહી, દુરૂદ શરીફ અને બીજા વઝાઈફ પઢી લો, કે જેટલી વાર સુધી નમાઝ પઢયા કરતી હતી, કે આદત ચાલુ રહે.

**મસ્અલા :** (૪૭૬) હૈઝવાળીને ત્રણ દિવસથી ઓછું લોહી આવીને બંધ થઈ ગયું તો રોઝા રાખે અને વુઝૂ કરીને નમાઝ પઢે, નહાવાની જરૂરત નથી. પછી તેના પછી જો પંદર દિવસની અંદર લોહી આવ્યું તો હવે નહાય અને આદતના દિવસો બાદ કરીને બાકીના દિવસોની કઝા પઢે, અને જેની કોઈ આદત નથી તે દસ દિવસ પછીની નમાઝો કઝા કરે. હા, જો આદતના દિવસો પછી અથવા બે આદતવાળીએ દસ દિવસ પછી ગુસલ કરી લીધું હતું તો તે દિવસોની નમાઝો થઈ ગઈ. કઝાની હાજત નથી, અને આદતના દિવસોથી પહેલાના રોઝાઓની કઝા કરે, અને પાછળના રોઝા દરેક હાલતમાં થઈ ગયા.

**મસ્અલા : :** (૪૭૭) જે સ્ત્રીને ત્રણ દિવસ-રાત પછી હૈઝ બંધ થઇ ગયું અને આદતના દિવસો હજુ પૂરા ન થયા અથવા નિફ્રાસનું લોહી આદત પૂરી થવાથી પહેલાં બંધ થઈ ગયું તો બંધ થવા પછી જ ગુસ્લ કરીને નમાઝ પઢવું શરૂ કરી દે. આદતના દિવસોનો ઈન્તેઝાર ન કરે.

**મસ્અલા :** (૪૭૮) આદતના દિવસોથી લોહી ઉપરવટ થઇ ગયું તો હૈઝમાં દસ દિવસ અને નિફ્રાસમાં ચાલીસ દિવસ સુધી ઈન્તેઝાર (પ્રતીક્ષા) કરે. જો આ મુદ્દતની અંદર બંધ થઈ ગયું તો તે વખતથી નહાઈ-ધોઇને નમાઝ પઢે. અને જો તે મુદ્દત પછી પણ ચાલુ રહ્યું તો નહાય અને આદત પછી બાકીના દિવસોની કઝા કરે.

**મસ્અલા :** (૪૭૯) હૈઝ અથવા નિફ્રાસ આદતના દિવસો પૂરા થતાં પહેલાં બંધ થઈ ગયું તો અંતિમ મુસ્તહબ સમય સુધી ઈન્તેઝાર કરીને નહાઇને નમાઝ પઢે અને જો આદતના દિવસો પુરા થઈ ગયા તો ઈન્તેઝારની જરૂર નથી.

**મસ્અલા :** (૪૮૦) હૈઝ પૂરા દસ દિવસ પર અને નિફ્રાસ પુરા ચાલીસ દિવસ પર ખતમ થયું અને નમાઝના સમયમાં જો એટલો પણ સમય બાકી હોય કે અલ્લાહો અકબરનો શબ્દ કહે, તો તે વખતની નમાઝ તેના ઉપર ફર્ઝ થઈ ગઈ. નહાઇને તેની કઝા પઢે. અને જો તેનાથી ઓછામાં બંધ થયું અને

એટલો સમય છે કે, જલ્દીથી નહાઇને અને કપડાં પહેરીને એકવાર **અલ્લાહો અકબર** કહી શકે છે, તો ફર્ઝ થઇ ગઈ, તેની કઝા કરે. નહી તો નહી.

**મસ્અલા :** (૪૮૧) જો પૂરા દસ દિવસે પાક થઈ અને એટલો સમય રાતનો બાકી નથી કે, એકવાર **અલ્લાહો અકબર** કહીલે, તો તે દિવસનો રોઝો તેના ઉપર વાજિબ છે. અને જો ઓછા સમયમાં પાક થઈ અને એટલો સમય છે કે 'સુબ્હસાદિક' થવાથી પહેલાં નહાઈને કપડાં પહેરી '**અલ્લા-હો અકબર**' કહી શકે છે, તો રોઝો ફર્ઝ છે. જો નહાઈ લે તો બહેતર છે. નહી તો વગર નહાયે નિય્યત કરીલે અને સવારે નહાઈ લે અને જો એટલો સમય પણ નથી તો તે દિવસનો રોઝો ફર્ઝ ન થયો, અલબત્ત રોઝાદારોની જેમ રહેવું વાજિબ છે, કોઈ એવી વાત જે રોઝાની વિરૂદ્ધ હોય દા.ત. ખાવું-પીવું હરામ છે.

**મસ્અલા :** (૪૮૨) રોઝાની હાલતમાં હૈઝ અથવા નિફાસ શરૂ થઈ ગયું તો તે રોઝો તુટી ગયો. તેની કઝા રાખે. જો રોઝો ફર્ઝ હતો તો કઝા ફર્ઝ છે અને જો નિફલ હતો તો તેની કઝા વાજિબ છે.

**મસ્અલા :** (૪૮૩) હૈઝ તથા નિફાસની હાલતમાં સિજ્દએ શુક્ર તથા સિજ્દએ તિલાવત હરામ છે. અને સિજ્દાની આયત સાંભળવાથી તેના ઉપર સિજ્દો વાજિબ નથી.

**મસ્અલા :** (૪૮૪) સુતી વખતે પાક હતી અને સવારે ઉઠી તો હૈઝની અસર જોઈ તો એજ વખતથી હૈઝનો હુકમ આપવામાં આવશે. ઈશાની નમાઝ પઢી ન હતી તો પાક થયા પછી તેની કઝા ફર્ઝ છે.

**મસ્અલા :** (૪૮૫) હૈઝવાળી સુઇ રહીને ઉઠી અને ગુદ્દી પર હૈઝનું કોઈ નિશાન નથી તો રાતથી જ પાક છે. નહાઇને ઈશાની કઝા પઢે.

**મસ્અલા :** (૪૮૬) હમબિસ્તરી અર્થાત સંભોગ તે (હૈઝની) હાલતમાં હરામ છે.

**મસ્અલા :** (૪૮૭) એવી હાલતમાં સંભોગ જાઈઝ સમજવું, કુફ્ર છે. અને હરામ સમજીને કર્યું તો સખત ગુનેહગાર થયો, તેના ઉપર તૌબા ફર્ઝ છે. અને આરંભના સમયે સંભોગ કર્યો તો એક દીનાર અને ખતમ થવાની નજીકમાં કર્યો તો અડધો દીનાર, ખૈરાત કરવું મુસ્તહબ છે.

**મસ્અલા :** (૪૮૮) આ હાલતમાં ડુંટીથી ઢીંચણ ( ઘુંટણ ) સુધી ઓરત ( પત્ની )ના બદનથી પુરૂષ ( પતિ ) નું પોતાના કોઇ અવયવથી સ્પર્શ કરવું જાઈઝ નથી, જ્યારે કે વચ્ચે કપડું વિગેરે ન હોય. ભલે શહવત ( વાસના ) થી હોય કે, વાસના વગર. અને જો વચ્ચે એવું અવરોધક હોય કે શરીરની ગરમી મહસૂસ થશે નહી, તો વાંધો નથી.

**મસ્અલા :** (૪૮૯) ડુંટીથી ઉપર અને ઢીંચણ ( ઘુટણ ) થી નીચે સ્પર્શવા અથવા કોઈ જાતનો લાભ મેળવવામાં કાંઈ વાંધો નથી. એવી જ રીતે બોસો-કિનાર ( ચુંબન કરવું, આલિંગન ) પણ જાઈઝ છે.

**મસ્અલા :** (૪૯૦) પોતાની સાથે ખવડાવવું અથવા એક સ્થળે સુઈ રહેવું જાઇઝ છે. બલ્કે તે કારણે સાથે ન સુઈ રહેવું મકરૂહ છે.

**મસ્અલા :** (૪૯૧) એ હાલતમાં ઓરત-( પોતાના ) પુરૂષના શરીરના દરેક ભાગને હાથ લગાવી શકે છે.

**મસ્અલા :** (૪૯૨) જો સાથે સુઈ રહેવામાં શહવતનો ગલબો અને પોતાને કાબુમાં ન રાખી

શકવાની સંભાવના હોય તો સાથે ન સુઈ રહે. અને જો તેનું ગુમાન ગાલિબ હોય તો સાથે સુઈ રહેવું ગુનોહ છે. ( આવી હાલતમાં અલગ સુએ-અનુ.)

**મસ્અલા :** (૪૯૩) પૂરા દસ દિવસ પર હૈઝ ખતમ થયું તો પાક થતાં જ તેનાથી સંભોગ જાઈઝ છે, ભલે હજુ સુધી ગુસ્લ ન કર્યું હોય, પરંતુ મુસતહબ એ છે કે તેણીના નહાયા પછી સંભોગ કરે.

**મસ્અલા** (૪૯૪) દસ દિવસથી ઓછામાં પાક થઇ તો જ્યાં સુધી ગુસ્લ ન કરી લે અથવા તે નમાઝનો સમય જેમાં પાક થઈ ગુજરી ન જાય ત્યાં સુધી સંભોગ જાઈઝ નથી. અને જો એટલો સમય ન હતો કે, તેમાં નહાઇને કપડાં પહેરી '**અલ્લાહો અકબર**' કહી શકે, તો તેના પછીનો સમય પસાર થઇ જાય અથવા ગુસ્લ કરીલે તો જાઈઝ છે. નહી તો, નહી.

**મસ્અલા :** (૪૯૫) આદતના દિવસો પુરા થવાથી પહેલાંજ જો લોહી બંધ થઈ ગયું તો ભલે ગુસ્લ કરી લે, પરંતુ જ્યાં સુધી કે, આદતના દિવસો પુરા ન થઇ જાય સંભોગ નાજાઇઝ છે. દા. ત. કોઈની આદત ૭ (૬) દિવસની હતી અને આ વખતે પાંચજ દિવસ હૈઝ આવ્યું તો તેને હુકમ છે કે નહાઈને નમાઝ શરૂ કરી દે, પરંતુ સંભોગ માટે એક દિવસ વધુ ઇન્તેઝાર કરવો વાજિબ છે.

**મસ્અલા :** (૪૯૬) હૈઝથી પાક થઇ અને પાણી મેળવવા શકિતમાન નથી કે, ગુસ્લ કરે અને ગુસ્લનું તયમ્મુમ કર્યું તો તેનાથી સોહબત જાઇઝ નથી, જ્યાં સુધી તે તયમ્મુમથી નમાઝ ન પઢી લે. નમાઝ પઢયા પછી જો કે પાણી પર પ્રભુત્વ મેળવી, ગુસ્લ ન કર્યું તો સોહબત જાઇઝ છે.

**નોટ :** આ બાબતોમાં નિફાસનાં એજ એહકામ છે જે હૈઝના છે.

**મસ્અલા :** (૪૯૭) નિફાસમાં ઓરતે પ્રસૂતિગૃહ થી નીકળવું જાઇઝ છે. તેને સાથે ખવડાવવું અથવા તેનું એઠું ખાવામાં વાંધો નથી. હિન્દુસ્તાનમાં કેટલા સ્થળોએ તેમના વાસણો સુદ્ધાં અલગ કરીદે છે, બલ્કે તે વાસણોને નાપાક જેવા સમજે તે હિન્દુઓ નો રિવાજ છે. એવા બેહૂદા ( વ્યર્થ ) રિવાજોથી બચવું જરૂરી છે. અકસર સ્ત્રીઓમાં એ રિવાજ છે કે, જ્યાં સુધી ચિલ્લો ( ૪૦ દિવસો )પૂરો ન થઇ જાય ભલેને નિફાસ ખતમ થઈ ગયું હોય, તો પણ ન નમાઝ પઢે ન પોતાને નમાઝના યોગ્ય સમજે. આ કેવળ જહાલત-અજ્ઞાનતા છે. જે વખતે નિફાસ ખતમ, એજ સમયથી નહાઈને નમાઝ શરૂ કરીદે. જો નહાવાથી બીમારીની સંપૂર્ણ આશંકા હોય તો તયમ્મુમ કરીલે. ( અને નમાઝ પઢે. )

**મસ્અલા :** (૪૯૮) બાળક હમણાં અડધા કરતાં વધારે બહાર નથી આવ્યું અને નમાઝનો સમય જઈ રહ્યો છે અને ગુમાન છે કે અડધા થી વધારે બહાર આવવાથી પહેલાં સમય પૂરો થઈ જશે તો તે વખતની નમાઝ જેવી રીતે પણ શકય હોય પઢીલે. અને કેયામ રૂકૂઅ-સુજુદ ન થઇ શકે તો ઈશારાથી પઢે. વુઝૂ ન કરી શકે તો તયમ્મુમથી પઢે. અને તેણીએ જો ન પઢી તો તે ગુનેહગાર થઇ. તૌબા કરે અને તહારત પછી કઝા પ્રઢે.

**હદીસ :** (૧) સહીહૈનમાં ઉમ્મુલ મોમેનીન હઝરત બીબી આઇશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે, ફાતેમા બિન્તે અબી હુબૈશ રદીયલ્લાહો અન્હાએ અરજકરી યા રસૂલલ્લાહ ! મને ઇસ્તેહાઝા આવે છે. અને મારાથી પાક રહેવાતું નથી. તો શું નમાઝ છોડી દઉં ? આપે ફરમાવ્યું : ના ! એ તો રગ ( નસ )નું લોહી છે, હૈઝ નથી. તો જ્યારે હૈઝના દિવસો આવે, ત્યારે નમાઝ છોડીદે અને જ્યારે પૂરા થઇ જાય તો લોહી ધોઈ નાંખ અને નમાઝ પઢ.

**હદીસ :** (૨) અબૂદાઉદ તથા નિસાઈની રિવાયતમાં ફાતેમા બિન્તે અબી હુબૈશ રદીયલ્લાહો અન્હાથી એમ રિવાયત છે કે, તેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, જ્યારે હૈઝનું લોહી હોય તો શ્યામ ( કાળુ ) હશે જેથી ઓળખી શકાશે. જ્યારે એ હોય નમાઝથી દૂર રહે અને જ્યારે બીજા પ્રકારનું હોય તો વુઝૂ કરી નમાઝ પઢ, કે તે નસનું લોહી છે.

**હદીસ :** (૩) ઈમામ માલિક તથા અબૂદાઉદ તથા દારેમીની રિવાયતમાં છે કે, એક સ્ત્રીને લોહી વહેતું રહેતું હતું તેના માટે ઉમ્મુલમોમેનીન ઉમ્મે સલ્મા રદીયલ્લાહો અન્હાએ હુઝૂરથી ફતવો પુછયો. આપે ફરમાવ્યું કે, આ બીમારી થી પહેલાં મહીનામાં જેટલા દિવસ-રાત હૈઝ આવતું હતું તેની ગણત્રી કરે, મહીનામાં તેમનાજ પ્રમાણમાં નમાઝ છોડીદે અને જયારે તે દિવસો પૂરા થઇ જાય તો ન્હાય અને લંગોટ બાંધીને નમાઝ પઢે.

**હદીસ :** (૪) : અબૂદાઉદ તથા તિરમિઝીની રિવાયત છે કે, હુઝૂરે ફરમાવ્યું : જે દિવસોમાં હૈઝ આવતું હતું તેમાં નમાઝો છોડી દે. પછી ન્હાય અને દરેક નમાઝ વખતે વુઝૂ કરે. અને રોઝા રાખે અને નમાઝ પઢે.

# ઈસ્તેહાઝાના અહકામ :

**મસ્અલા :** (૪૯૯) ઈસ્તેહાઝામાં ન નમાઝ માફ છે ન રોઝા. ન એવી સ્ત્રીથી સોહબત હરામ છે. (ઈસ્તેહાઝાની હાલતમાં નમાઝ રોઝા અદા કરવાં ફર્ઝ છે. તેવી સ્ત્રીથી સંભોગ કરવું જાઇઝ છે. અનુ)

**મસ્અલા :** (૫૦૦) ઈસ્તેહાઝા જો એટલી હદે પહોંચી ગયો હોય કે તેને એટલી મોહલત મળતી નથી કે વુઝૂ કરીને ફર્ઝ નમાઝ અદા કરી શકે તો નમાઝનો પૂરો એક સમય શરૂથી અંત સુધી તે હાલતમાં પસાર થઇ જવાથી તેણીને મઅઝૂર કહેવામાં આવશે. તે હાલતમાં એક વુઝૂથી તે સમયમાં જેટલી નમાઝો પઢવા ચાહે પઢે. લોહી આવવાથી તેણીનું વુઝૂ તુટશે નહી.

**મસ્અલા :** (૫૦૧) જો કપડું વિગેરે મુકી એટલીવાર સુધી લોહી રોકી શકે છે કે, વુઝૂ કરીને ફર્ઝ નમાઝ પઢીલે, તો ઉઝર ( કારણ ) સાબિત થશે નહી.

**મસ્અલા :** (૫૦૨) દરેક તે માણસ જેને કોઇ એવી બીમારી છે કે, એક સમય આખો એવો પસાર થઈ ગયો કે, વુઝૂ સાથે ફર્ઝ નમાઝ અદા ન કરી શકયો, તે મઅઝૂર છે. તેનો પણ એજ હુકમ છે કે, સમયમાં વુઝૂ કરી લે અને આખિર સમય સુધી તે વુઝૂથી જેટલી નમાઝો પઢવી હોય તે પઢીલે તે બીમારીથી તેનું વુઝૂ તુટતું નથી. દા. ત. પેશાબનાં કતરા ( ટીપાં )ની બીમારી અથવા ઝાડા આવવા અથવા વા સરકવું અથવા દુઃખતી ( આવેલી ) આંખથી પાણી ટપકવું અથવા ફોડલાં અથવા નાસૂરથી સતત તરી વહેવું અથવા કાન-ડુંટી-સ્તનથી પાણી નીકળવું કે, આ સઘળી બીમારીઓ વુઝૂ તોડનાર છે. તેમાં જયારે પુરો એક સમય એવો પસાર થઇ ગયો કે ગમે તેટલો પ્રયત્ન કર્યો પરંતુ તહારત-પાકી સાથે નમાઝ પઢી શકયો નહી, તો ઉઝર સાબિત થઈ ગયું.

**મસ્અલા :** (૫૦૩) જયારે ઉઝર સાબિત થઇ ગયું તો જયાં સુધી દરેક સમયમાં એક એક વાર પણ તે ચીઝ દેખાય તો મઅઝૂર જ ગણાશે. દા. ત. ઓરત ને એક સમયે તો ઈસ્તેહાઝાએ તહારતની મોહલત આપી નહી, હવે એટલો મોકો મળે છે કે, વુઝૂ કરીને નમાઝ પઢી લે, પરંતુ હજુ

પણ એકાદ વખત દરેક સમયમાં લોહી આવી જાય છે તો હજુ પણ મઅઝૂર છે. એવી જ રીતે સઘળી બીમારીઓમાં અને જ્યારે પૂરો સમય પસાર થઈ ગયો અને લોહી આવ્યું નહી, તો હવે મઅઝૂર રહી નહી. જ્યારે ફરી ક્યારેક પહેલા જેવી હાલત પૈદા થઈ જાય તો ફરી મઅઝૂર છે. તે પછી ફરી ફરી જો પૂરો સમય ખાલી ગયો તો ઉઝર જતો રહ્યો.

**મસ્અલા** (૫૦૪) નમાઝનો કેટલોક સમય એવી હાલતમાં પસાર થયો કે, ઉઝર ન હતું અને નમાઝ પઢી અને હવે પઢવાનો ઈરાદો કર્યો, તો ઈસ્તેહાઝા અથવા બીમારીથી વુઝૂ જતું રહે છે. મતલબ કે, આ બાકીનો સમય એવી જ રીતે પસાર થઈ ગયો અને એજ હાલતમાં નમાઝ પઢી લીધી તો હવે તે પછીનો સમય પણ પુરો જો એજ ઇસ્તેહાઝા અથવા બીમારીમાં પસાર થઈ ગયો તો તે પહેલી નમાઝ પણ થઇ ગઈ અને જો તે વખતે એટલો મોકો મળ્યો કે વુઝૂ કરીને ફર્ઝ પઢીલે તો પ્રથમની નમાઝ ફરીથી પઢે.

**મસ્અલા :** (૫૦૫) લોહી વહેતામાં વુઝૂ કર્યું અને વુઝૂ પછી લોહી બંધ થઈ ગયું અને એજ વુઝૂથી નમાઝ પઢી અને તેના પછી જો બીજો સમય આવ્યો તે પણ પુરો પસાર થઈ ગયો કે, લોહી ન આવ્યું તો પહેલી નમાઝનું પુનરાવર્તન કરે. એવી જ રીતે જો નમાઝમાં બંધ થયું અને તેના પછી બીજા સમયમાં બિલકુલ લોહી આવ્યું નહી તો પણ ફરીથી નમાઝ પઢે.

**મસ્અલા :** (૫૦૬) ફર્ઝ નમાઝનો સમય જવાથી મઅઝૂરનું વુઝૂ તુટી જાય છે. દા.ત. કોઈએ અસરના સમયે વુઝૂ કર્યું હતું તે સૂરજ ડુબતાં જ વુઝૂ જતું રહ્યું, અને જો કોઈએ સૂર્યોદય પછી વુઝૂ કર્યું, તો જ્યાં સુધી ઝોહરનો સમય પૂરો ન થાય વુઝૂ જશે નહી. કે હજુ સુધી કોઈ ફર્ઝ નમાઝનો સમય ગયો નથી.

**મસ્અલા** (૫૦૭) વુઝૂ કરતી વખતે તે ચીઝ દેખવામાં ન આવી જેના કારણે મઅઝૂર છે. અને વુઝૂ પછી પણ ન જણાઈ ત્યાં સુધી કે બાકીનો પુરો નમાઝનો સમય ખાલી ગયો, તો સમય જવાથી વુઝૂ તુટયું નથી. એમ જ જો વુઝૂથી પહેલાં જણાયું પરંતુ વુઝૂ પછી બાકીના સમયમાં ન જણાયું, ન તે પછી બીજા સમયમાં, તો સમય જવાથી વુઝૂ તુટશે નહી.

(**ખુલાસો :** આ હાલતમાં બે સંભાવનાઓ છે : **એક** એકે વુઝૂની અંદર પણ જણાઈ, પાછળથી બીજા પૂરા થતા સમય સુધી નહી, **બીજું** એકે વુઝૂની અંદર પણ ન જણાઈ કેવળ પહેલાં જણાઈ. પ્રથમ હાલતમાં તે વુઝૂ મઅઝૂરનું વુઝૂ હતું, પરંતુ જ્યારે કે તે પછી સંપૂર્ણત કપાઇ ગયું તો મઅઝૂર ન રહ્યો. તો મઅઝૂરનું વુઝૂ સમય પૂરા થતા પહેલાં ઝવાલને લીધે ઉઝર બાતિલ થઈ ગયું. સમય જવાથી શું તુટે ? અને બીજી હાલતમાં જાહેર છે કે, તે વુઝૂ ઇન્કેતાઅ પર છે. અને સમય ખતમ થવા સુધી વિછિન્નતા અપૂર્ણ રહી તો સમયના આગમનથી તુટશે નહી, જોકે બીજા સમયમાં વિચ્છિન્ન ન પણ થાય, બીજા સમય સુધીમાં વિચ્છિનતાનો ઉલ્લેખ એટલા માટે છે કે હુકમ બંને હાલતો ને લાગુ પડે—વિવેચક )

**મસ્અલા :** (૫૦૮) અને જો તે સમયમાં વુઝૂથી પહેલાં તે વસ્તુ જણાઈ અને વુઝૂ પછી પણ સમય દરમિયાન જણાઇ અથવા વુઝૂની અંદર જણાઈ અને વુઝૂ પછી તે સમયમાં ન જણાઇ, પરંતુ પાછળવાળામાં જણાઇ તો સમય ખતમ થવાથી વુઝૂ જતું રહેશે, જોકે તે હદસ ન જણાય.

**મસ્અલા :** (૫૦૯) મઅઝૂરનું વુઝૂ તે ચીઝથી જતું નથી જેના કારણે મઅઝૂર છે, હા ! જો કોઈ બીજી ચીઝ વુઝૂ તોડનાર જણાઈ તો વુઝૂ જતુ રહ્યું, દા.ત. જેને પેશાબના કતરાની બીમારી છે.

તો વાયુ સરકવાથી તેનું વુઝૂ જતું રહેશે. અને જેને વાયુ (હવા) નીકળવાની બીમારી છે તેને પેશાબના કતરાથી વુઝૂ જતું રહેશે.

**મસ્અલા :** (૫૧૦) મઅઝૂરે કોઈ હદસ પછી વુઝૂ કર્યું અને વુઝૂ કરતી વખતે તે ચીઝ નથી જેના કારણે મઅઝૂર છે, પછી વુઝૂ પછી તે ઉઝરવાળી વસ્તુ જણાઇ તો વુઝૂ જતું રહ્યું દા. ત. ઈસ્તેહાઝા (લોહીવા) વાળીએ જાજરૂ-પેશાબ પછી વુઝૂ કર્યું અને વુઝૂ કરતી વખતે લોહી બંધ હતું અને વુઝૂ પછી આવ્યું તો વુઝૂ તુટી ગયું, અને જો વુઝૂ કરતી વખતે તે ઉઝરવાળી ચીઝ પણ જણાતી હતી તો હવે વુઝૂની જરૂરત નથી.

**મસ્અલા :** (૫૧૧) મઅઝૂરના એક નસ્કોરામાંથી લોહી આવી રહ્યું હતું હવે વુઝૂ પછી બીજા નસ્કોરામાંથી (લોહી) આવ્યું તો વુઝૂ જતુ રહ્યું અથવા એક ઝખમ (ઘા) વહી રહ્યો હતો કે હવે બીજો વહયો, ત્યાં સુધી કે ચેચક (શીતળા)ના એક દાણામાંથી પાણી આવી રહ્યું હતું, હવે બીજા દાણામાંથી આવ્યું તો વુઝૂ તુટી ગયું.

**મસ્અલા :** (૫૧૨) જો કોઈ તરકીબ (યુક્તિ)થી ઉઝર જતું રહે અથવા તેમાં કમી થઈ જાય તો, તે તરકીબનું કરવું ફર્ઝ છે. દા.ત. ઉભા રહીને (નમાઝ) પઢવાથી લોહી વહે છે અને બેસીને પઢવાથી વહેતું નથી, તો બેસીને પઢવું ફર્ઝ છે.

**મસ્અલા :** (૫૧૩) મઅઝૂરને એવું ઉઝર છે જેના લીધે કપડાં નાપાક થઇ જાય છે, તો જો એક દિરહમથી વધારે નાપાક થઇ ગયું અને જાણે છે કે એટલો સમય છે કે તેને ધોઇને પાક કપડાંથી નમાઝ પઢી લઇશ તો ધોઈને નમાઝ પઢવું ફર્ઝ છે. અને જો જાણે છે કે, નમાઝ પઢતાં-પઢતાં ફરી એટલું જ નાપાક થઈ જશે તો ધોવું જરૂરી નથી તેનાથી જ પઢે, ભલે મુસલ્લો પણ ખરડાઈ જાય. કાંઇ વાંધો નથી અને જો દિરહમની બરાબર છે તો પ્રથમ હાલતમાં ધોવું વાજિબ અને દિરહમથી ઓછું છે તો સુન્નત અને બીજી હાલતમાં મુત્લક (સર્વથા) ન ધોવામાં કાંઇ વાંધો નથી.

**મસ્અલા :** (૫૧૪) ઈસ્તેહાઝાવાળી ( લોહીવાવાળી ) સ્ત્રી જો ગુસલ કરી ને ઝોહરની નમાઝ આખરી સમયમાં અને અસરની નમાઝ વુઝૂ કરીને અવ્વલ સમયમાં અને મગરીબની ગુસલ કરીને અંતિમ સમયમાં અને ઈશાની વુઝૂ કરીને અવ્વલ સમયમાં પઢે અને ફજરની પણ ગુસલ કરીને પઢે તો બહેતર છે. અને અજબ નથી કે, આ અદબ જે હદીસમાં ઇરશાદ થયો છે, તેની રિઆયતની બરકતથી તેની બીમારી ને પણ ફાયદો પહોંચે.

**મસ્અલા :** (૫૧૫) કોઈ ઝખમથી એવી રતુબત (તરી) નીકળે, કે તે વહે નહી, તો તેના કારણે વુઝૂ તુટશે નહી, અને તે મઅઝૂર ગણાશે નહી. અને તે તરી નાપાક નથી.

# નજાસતોનું બયાન :

( નાપાકીઓનું બયાન : )

**હદીસ :** (૧) સહીહ બુખારી તથા મુસ્લિમમાં હઝરત અસ્મા બિન્તે અબુબક રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે એક ઓરતે અરજ કરી : યા રસૂલલ્લાહ અમારા પૈકી જ્યારે કોઇના કપડાં ને હૈઝનું લોહી લાગી જાય તો શું કરે ? આપે ફરમાવ્યું : જ્યારે તમારામાંથી કોઇનું કપડું હૈઝના લોહીથી ખરડાઇ જાય તો તેને વખોડે, પછી પાણીથી ધુવે. ત્યારે તેમાં નમાઝ પઢે.

**હદીસ :** (૨) સહીહૈનમાં છે, ઉમ્મુલ મોમેનીન આઇશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હા ફરમાવે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કપડાંથી વીર્યને હું ધોતી, પછી હુઝૂર નમાઝ માટે તશરીફ લઈ જતા અને ધોવાનું ચિન્હ તેમાં હોતું.

**હદીસ :** (૩) સહીહ મુસ્લિમમાં જ હઝરત આઇશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હા ફરમાવે છે કે, હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કપડાંથી વીર્યને મસળી (ખુરચી) નાખતી, પછી હુઝૂર તેમાં નમાઝ પઢતા (વીર્ય ઘટ્ટ હોય તો મસળી દેવાથી ખંખેરાઇ જાય છે.—અનુ.)

**હદીસ :** (૪) સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. ચામડું જ્યારે પકવી લેવામાં આવે પાક થઈ જશે.

**હદીસ :** (૫) ઈમામ માલિક ઉમ્મુલ મોમેનીન હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હુકમ ફરમાવ્યો કે, મુરદારની ખાલો જ્યારે પકવવામાં આવે તો તેને કામમાં લેવામાં આવે.

**હદીસ :** (૬) ઈમામ અહમદ તથા અબૂ દાઉદ તથા નિસાઇએ રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દરિંદા (હિંસક પશુ) ની ખાલથી મનાઇ કરી.

**હદીસ :** (૭) બીજી રિવાયત છે કે, તેના પહેરવા અને તેના ઉપર બેસવાની મનાઇ ફરમાવી.

## નજાસતો વિષે અહકામ :

**નજાસત** (નાપાકી) ના બે પ્રકાર છે. એક તે જેનો હુકમ સખત છે. તેને **નજાસતે–ગલીઝા** કહે છે. બીજી તે જેનો હુકમ હલકો છે. તેને "નજાસતે–ખફીફા" કહે છે.

**મસ્અલા :** (૫૧૬) નજાસતે ગલીઝાનો હુકમ એ છે કે જો કપડાં અથવા બદનમાં એક દિરહમથી વધારે લાગી જાય તો તેનું પાક કરવું ફર્ઝ છે. પાક કર્યા વગર નમાઝ પઢી લીધી તો થશેજ નહી. અને ઈરાદાપૂર્વક પઢી તો ગુનાહ પણ થયો. અને હલકું સમજવાની નિય્યતથી છે, તો કુફ્ર થયું. અને જો દિરહમની બરાબર છે તો પાક કરવું વાજિબ છે. કે પાક કર્યા વગર નમાઝ પઢી તો મકરૂહે તહરીમી થઈ, એટલે કે એવી નમાઝનું પુનરાવર્તન વાજિબ છે. અને ઇરાદાપૂર્વક પઢી તો ગુનેહગાર પણ થયો. અને જો દિરહમથી ઓછું છે તો પાક કરવું સુન્નત છે કે, પાક કર્યા વગર નમાઝ થઈ ગઈ. પરંતુ સુન્નતના ખિલાફ થઈ અને તેનું પુનરાવર્તન બહેતર છે.

**મસ્અલા :** (૫૧૭) જો નજાસત ગાઢી (ઘટ્ટ) છે, દા. ત. જાજરૂ, લીદ, ગોબર તો દિરહમ બરાબર અથવા ઓછા અથવા વધારેનો અર્થ એ છે કે વજનમાં તેની બરાબર અથવા ઓછો–વધારે હોય, અને દિરહમનો વજન શરીઅતમાં આ સ્થળે સાડા ચાર માશા છે. અને ઝકાતમાં ત્રણ માશા ૧ ૧/૫ રતી છે. અને જો પાતળી હોય દા. ત. માણસનો પેશાબ અને શરાબ (દારૂ) તો દિરહમથી મુરાદ તેની લંબાઈ–પહોળાઈ છે અને શરીઅતે તેની માત્રા હથેળીની ઉંડાઈ બરાબર બતાવી છે. અર્થાત હથેળી ખુબ ફેલાવી સમતળ રાખો અને તેના ઉપર ધીમેથી એટલું પાણી નાંખો કે, તેનાથી વધારે પાણી રોકાઇ શકે નહી. હવે પાણીનો જેટલો ફેલાવ છે એટલો મોટો દિરહમ સમજવામાં આવે. અને તેની માત્રા લગભગ અહીંયા (ભારત) ના (કલદાર) રૂપીયાની બરાબર છે.

**મસ્અલા :** (૫૧૮) નાપાક તેલ કપડાં પર પડયું અને તે વખતે દિરહમ બરાબર ન હતું. પછી ફેલાઈને દિરહમ જેટલું થઇ ગયું તો તેમાં ઉલ્માઓનો મતભેદ છે અને બહેતર એ છે કે, હવે પાક કરવું વાજિબ થઈ ગયું.

**મસ્અલા :** (૫૧૯) નજાસતે-ખફીફા (હલકી નાપાકી) નો એ હુકમ છે કે, કપડાંના ભાગ અથવા બદનના જે અવયવમાં લાગી છે. જો તેની ચોથાઈથી ઓછી છે, (દા. ત.) દામનમાં લાગી છે, દામનની ચોથાઇથી ઓછી. બાંયમાં તેની ચોથાઈથી ઓછી. એવીજ રીતે હાથમાં હાથની ચોથાઈથી ઓછી છે, તો માફ છે. કારણ કે તેનાથી નમાઝ થઈ જશે અને જો પુરી ચોથાઈમાં હોય તો ધોયા વગર નમાઝ થશે નહી.

**મસ્અલા :** (૫૨૦) નજાસતે ખફીફા અને ગલીઝાના જે અલગ અલગ હુકમ બતાવવામાં આવ્યા. તે તે વખતે છે કે, શરીર અથવા કપડાંમાં લાગી જાય. અને જો પાતળી ચીઝ જેવું કે પાણી અથવા સુરકામાં પડે તો ભલે નજાસત ગલીઝ હોય કે ખફીફા, સઘળું નાપાક થઈ જશે. ભલેને એક ટીપુ પડે. જ્યાં સુધી કે તે પાતળી ચીઝ દહ દર દહ (૧૦ × ૧૦) ના હોય.

**મસ્અલા :** (૫૨૧) માણસના શરીરમાંથી જો એવી ચીઝ નીકળે કે તેનાથી ગુસલ અથવા વુઝુ વાજિબ થાય, તે નજાસતે ગલીઝા છે. દા. ત. પાખાનું-પેશાબ, વહેતું લોહી, પીપ, મોઢું ભરીને ઉલ્ટી, હેઝ તથા નિફાસ તથા ઈસ્તેહાઝાનું લોહી, મની (વીર્ય), મઝી (સહવત વખતે નીકળતો ચીકણો પદાર્થ.) તથા વદી.

**મસ્અલા :** (૫૨૨) શહીદે ફિકહી (અર્થાત તે શહીદ જેને ગુસલ અપવામાં આવતું નથી.) નું લોહી જ્યાં સુધી તેના શરીરથી જુદુ ન થાય ત્યાં સુધી પાક છે. (શહીદે ફિકહીનું બયાન આગળ "કિતાબુલ જનાઈઝ" બાબુશ્શહીદમાં આવશે.)

**મસ્અલા :** (૫૨૩) દુખતી આંખથી જે પાણી નીકળે, તે નજાસતે-ગલીઝા છે. એવીજ રીતે ડુંટી અથવા સ્તનથી પીડા સાથે પાણી નીકળે તે નજાસતે-ગલીઝા છે.

**મસ્અલા :** (૫૨૪) બલ્ગમી (કફવાળી) તરી જે નાક અથવા મોઢામાંથી નીકળે તે નાપાક નથી. ભલે પેટમાંથી ચઢે કે બીમારીના કારણે હોય.

**મસ્અલા :** (૫૨૫) દુધ પીતા (ધાવતા) બાળક (છોકરા-છોકરી) નો પેશાબ 'નજાસતે-ગલીઝા' છે. લોકોમાં જે મશહુર છે કે, દુધ પીતા બાળકોનો પેશાબ પાક છે, તે કેવળ ગલત છે.

**મસ્અલા :** (૫૨૬) સ્તનપાયી (સ્તનથી દુધ પીતા) બાળકે દુધ કાઢી નાંખ્યું. જો તે મોઢું ભરીને છે, તો નજાસતે ગલીઝા છે.

**મસ્અલા :** (૫૨૭) ખૂશ્કી (જમીન) ના દરેક જાનવરનું વહેતું લોહી, મુરદારનું માંસ અને ચરબી અર્થાત તે જાનવર જેમાં વહેતું લોહી હોય છે, જો શરઈ ઝુબ્હ વગર મરી જાય મુરદાર છે, ભલે ઝુબ્હ કરવામાં આવ્યું હોય. જેવું કે મજુસી (અગ્નિપૂજક) અથવા મુર્તિપૂજક અથવા મુરતદ (ઈસ્લામથી ફરીગએલ) નું ઝુબ્હ કરેલ ભલે તેણે હલાલ જાનવર જેવાકે બકરાં-ઘેટાં વિગેરેને ઝુબ્હ કર્યા હોય. તેનું માસ-ચામડું સઘળું નાપાક થઈ ગયું. અને જો હરામ જાનવર શરઈ ઝુબ્હથી ઝુબ્હ કરી લીધું તો તેનું માંસ પાક થઇ ગયું, જો કે તે ખાવું હરામ છે. ખિન્ઝીર (સુવ્વર) સિવાય. કારણ કે તે નજિસુલ અયન (સાક્ષાત નાપાક) છે. કોઈ રીતે પાક થઇ શકતું નથી. હરામ ચોપગાં જેવાં કે

કુતરં, સિંહ, લોમળી, બિલાડી, ઉંદર, ગધેડું, ખચ્ચર, હાથી, સુવ્વરનું જાજરૂ–પેશાબ અને ઘોડાની લીદ અને દરેક હલાલ ચોપગાંનું જાજરૂ જેવું કે ગાય, ભેંસનું ગોબર (છાણ) બકરી. ઉંટની લીંડીઓ અને જે પક્ષી કે ઉંચુ ન ઉડે તેની અઘાર જેવું કે મરઘી અને બતક, ભલે મોટી હોય કે નાંની અને દરેક પ્રકારનો શરાબ (દારૂ) અને નશો લાવનાર તાડી અને ખજુરનો રસ અને સર્પનું જાજરૂ–પેશાબ અને તે જંગલી સર્પ અને દેડકાનું માંસ જેમાં વહેતું લોહી હોય છે. ભલે ઝુબ્હ કરવામાં આવ્યા હોય. એવીજ રીતે તેમનું ચામડું ભલે પકવી લીધું હોય અને ખિન્ઝીર (સુવ્વર) નું માંસ અને હાડકું અને વાળ, ભલેને ઝુબ્હ કરેલ હોય. આ સઘળાં નજાસતે ગલીઝા છે.

**મસ્અલા :** (૫૨૮) છીપકલી (ગરોડી) અથવા કાચંડાનું લોહી નજાસ તે–ગલીઝા છે.

**મસ્અલા :** (૫૨૯) અંગુર (દ્રાક્ષ) નો શીરો કપડાં પર પડયો તો ભલે કેટલાએ દિવસ પસાર થઈ જાય, કપડું પાક છે.

**મસ્અલા :** (૫૩૦) હાથીની સૂંઢની તરી અને સિંહ–કુતરા, ચિત્તા અને બીજા હિંસક પશુઓ ચોપગાંઓની લાળ નજાસતે ગલીઝા છે.

**મસ્અલા :** (૫૩૧) જે જાનવરોનું માંસ હલાલ છે (દા. ત. ગાય–બળદ ભેંસ–બકરી–ઉંટ વિગેરે) તેમનો પેશાબ અને ઘોડાનો પેશાબ અને જે પક્ષીનું માંસ હરામ છે. ભલે શિકારી હોય કે નહી (દા. ત. કાગડો–ચીલ–બાઝ) તેની અઘાર નજાસતે ખફીફા છે.

**મસ્અલા :** (૫૩૨) ચમગાદળ (વાગોળ) ની અઘાર અને પેશાબ બંને પાક છે.

**મસ્અલા :** (૫૩૩) જે હલાલ પક્ષીઓ ઉંચે ઉડે છે, દા. ત. કબુતર–મેના–રાજહંસ વિગેરે. તેમની અઘાર પાક છે.

**મસ્અલા :** (૫૩૪) દરેક ચોપગાંના વાગોલનો એજ હુકમ છે, જે તેના જાજરૂનો છે.

**મસ્અલા :** (૫૩૫) દરેક જાનવરના પિત્તાનો એજ હુકમ છે જે તેના પેશાબનો છે. હરામ જાનવરોનો પિત્તો નજાસતે–ગલીઝા છે અને હલાલનો નજાસતે ખફીફા છે.

**મસ્અલા :** (૫૩૬) નજાસતે ગલીઝા જો નજાસતે ખફીફામાં ભળી જાય તો તમામ નજાસતે ગલીઝા છે.

**મસ્અલા :** (૫૩૭) માછલી અને પાણીના બીજા જાનવરો અને માંકડ–મચ્છરનું લોહી અને ખચ્ચર અને ગર્દભ (ગધેડા) ની લાળ અને પરસેવો પાક છે.

**મસ્અલા :** (૫૩૮) પેશાબનાં બહુજ બારીક છીંટા, સોયની અણી બરાબર ના શરીર અથવા કપડાં પર પડી જાય તો કપડું તથા બદન પાક રહેશે.

**મસ્અલા :** (૫૩૯) જે કપડાં પર પેશાબના એવાજ બારીક છાંટા પડી ગયા અને જો તે કપડું પાણીમાં પડી ગયું તો પાણી પણ નાપાક થશે નહી.

**મસ્અલા :** (૫૪૦) જે લોહી ઝખ્મથી વહયું ન હોય તે પાક છે.

**મસ્અલા :** (૫૪૧) માંસ–તિલ્લી–કલેજીમાં જે લોહી બાકી રહી ગયું, તે પાક છે. અને જો આ વસ્તુઓ વહેતા લોહીમાં ભળી જાય તો નાપાક છે. ધોયા વગર પાક થશે નહી.

**મસ્અલા :** (૫૪૨) જે બાળક મરેલુ પૈદા થયું, તેને ખોળામાં લઈને નમાઝ પઢી, ભલેને તેને ગુસ્લ આપી દીધુ હોય, નમાઝ થશે નહી. અને જો જીવંત પૈદા થઈને મરી ગયું અને નવડાવ્યા સિવાય

ખોળામાં લઈને નમાઝ પઢી તો પણ નમાઝ થશે નહી. હા, જો તેને ગુસ્લ આપી ખોળામાં લીધું હતું તો નમાઝ થઈ જશે. પરંતુ મુસ્તહબની વિરૂદ્ધ છે. આ અહકામ તે વખતે છે કે, મુસલમાનનું બાળક હોય. અને જો કાફિરનું મરેલું બાળક છે, તો કોઈ હાલતમાં નમાઝ થશે નહી. ગુસલ આપ્યું હોય કે, ન આપ્યું હોય.

**મસ્અલા** : (૫૪૩) જો નમાઝ પઢી અને ખિસ્સા વિગેરેમાં શીશી છે અને તેમાં પેશાબ અથવા લોહી અથવા શરાબ છે તો નમાઝ થશે નહી. અને ખિસ્સામાં ઈંડુ છે અને તેની ઝરદી લોહી થઈ ગઈ છે, તો નમાઝ થઈ જશે.

**મસ્અલા** : (૫૪૪) રૂ નું કપડું ઉધેડવામાં આવ્યું, અને તેની અંદરથી સુકાએલો ઉંદર મળ્યો, તો જો તેમાં છિદ્ર છે તો ત્રણ દિવસ-રાતની નમાઝોનું પુનરાવર્તન કરે અને છિદ્ર ન હોય તો, જેટલી નમાઝો તેનાથી પઢી હોય સૌનું પૂનરાવર્તન કરે.

**મસ્અલા** : (૫૪૫) કોઈ કપડાં અથવા બદન પર કેટલીક જગ્યાએ 'નજાસતે ગલીઝા' લાગી અને કોઈ જગ્યાએ દિરહમની બરાબર નથી, પરંતુ સરવાળો દિરહમ બરાબર છે તો દિરહમની બરાબર સમજવામાં આવશે. અને વધારે છે તો વધારે. નજાસત ખફીફામાં પણ મજમુઆ (સંયુક્ત) નોજ હુકમ આપવામાં આવશે.

**મસ્અલા** : (૫૪૬) હરામ જાનવરોનું દુધ નાપાક છે. અલબત ઘોડીનું દુધ પાક છે. પરંતુ પરંતુ ખાવું જાઈઝ નથી.

**મસ્અલા** : (૫૪૭) ઉંદરની લીંડી ઘઉંમાં દળાઈ ગઇ અથવા તેલમાં પડી ગઇ તો આટો અને તેલ પાક છે. હા, જો સ્વાદમાં તફાવત આવી જાય તો નાપાક છે. અને જો રોટીના અંદરથી નીકળી તો તેની આસપાસથી થોડીક રોટી તોડી નાંખો. બાકીની રોટીમાં કાંઈ વાંધો નથી.

**મસ્અલા** : (૫૪૮) રેશમના કીડા ( જીવડાં )ની અઘાર અને તેનું પાણી પાક છે.

**મસ્અલા** : (૫૪૯) નાપાક કપડાંમાં, પાક કપડું અથવા પાકમાં નાપાક કપડું તર થઈ ગયુ તો જો નાપાકી નો રંગ અથવા ગંધ તે પાક કપડાંમાં જાહેર થઈ નહી, તો તે નાપાક થયું નહી. નહી તો, તર થઈ જવાથી પણ નાપાક થઈ જશે. હા, જો પલળી જાય તો નાપાક થઈ જશે. અને આ એવી હાલતમાં છે કે, તે નાપાક કપડું પાણીથી તર થયું હોય. અને જો પેશાબ અથવા શરાબ (દારૂ) ની તરી તેમાં છે તો તે પાક કપડું તર થઈ જવાથી પણ નાપાક થઈ જશે. અને જો નાપાક કપડું સુકું હતું અને પાક તર હતું અને આ પાકની તરીથી તે નાપાક તર થઈ ગયું અને તે નાપાકને એટલી તરી પહોંચી કે તેનાથી છુટી પડીને તે પાક કપડાં ને લાગી તો આ નાપાક થઈ ગયું. નહી તો, પાક છે.

**મસ્અલા** : (૫૫૦) પલળેલા પગ નાપાક જમીન અથવા પાથરણા પર મુકયા તો નાપાક ન થશે. જો કે પગોની તરીનું તેના ઉપર ઘણું મહેસૂસ થાય. હા, જો તે જમીન અથવા પાથરણા ને એટલી તરી પહોંચી કે તેની તરી પગોને લાગી તો પગ નાપાક થઈ જશે.

**મસ્અલા** : (૫૫૧) ભિનાશવાળી નાપાક જમીન અથવા નાપાક પાથરણા પર સુકા પગ મુકે અને પગોમાં તરી આવી ગઈ તો પગ નાપાક થઈ ગયા. અને પ્રવાહી છે તો નાપાક થશે નહી.

**મસ્અલા** : (૫૫૨) જે સ્થળને ગોબર–છાણથી લીપ્યું અને તે સુકાઇ ગયું, તેના ઉપર ભિનાશ-વાળું કપડું મુકવાથી નાપાક થશે નહી. જ્યાં સુધીકે કપડાંની તરી તેને એટલી ન પહોંચે કે તેનાથી છુંટું પડી કપડાને લાગે.

**મસ્અલા** : (૫૫૩) નાપાક કપડું પહેરી અથવા નાપાક બિસ્તર ઉપર સુઈ રહ્યા અને તેને પરસેવો આવ્યો, જો પરસેવાથી તે નાપાક જગ્યા પલળી ગઈ, પછી તેનાથી શરીર તર થઈ ગયું તો (શરીર) નાપાક થઈ ગયું. નહી તો, નાપાક થશે નહીં.

**મસ્અલા** (૫૫૪) નાપાક ચીઝ ઉપર થઇને હવા પસાર થઇ અને તે બદન અથવા કપડાંને લાગી તો નાપાક થશે નહી.

**મસ્અલા** : (૫૫૫) મિંયાની (ખિસ્તક) તર હતી અને હવા નીકળી તો કપડું નાપાક થશે નહી.

**મસ્અલા** : (૫૫૬) નાપાક વસ્તુનો ધુંમાડો કપડાં અથવા શરીરને લાગે તો નાપાક નથી. એવીજ રીતે નાપાક ચીઝના બાળવાથી જે ભાપ્ય ઉઠે તેનાથી પણ નાપાક થશે નહી. ભલે તેનાથી સમસ્ત વસ્ત્ર પલળી જાય. હા, જો નાપાકીની અસર તેમાં જાહેર થાય તો નાપાક થઇ જશે.

**મસ્અલા** : (૫૫૭) ઉપલા (છાણા) નો ધુંવાડો રોટીમાં લાગ્યો તો રોટી નાપાક થશે નહી.

**મસ્અલા** : (૫૫૮) કોઈ નાપાક ચીઝ દહ દરદહ (૧૦ × ૧૦) પાણીમાં ફેંકી અને તે ફેંકવાના કારણે પાણીના છાંટા કપડાં પર પડયા તો કપડું નાપાક થશે નહી. હા, જો ખબર હોય કે આ છાંટા તે નાપાક વસ્તુના છે તો એ હાલતમાં નાપાક થઇ જશે.

**મસ્અલા** : (૫૫૯) પાખાના (જાજરૂ) ઉપરથી માંખીઓ ઉડીને કપડાં પર બેઠી તો કપડું નાપાક થશે નહી.

**મસ્અલા** : (૫૬૦) રસ્તાનો કીચડ જ્યાં સુધી તેના નાપાક હોવાની ખબર ન હોય, પાક છે. જો તે પગ અથવા કપડાંમાં લાગી ગયો અને ધોયા વગર નમાઝ પઢી લીધી તો નમાઝ થઈ ગઈ. પરંતુ ધોઈ લેવું બેહતર છે.

**મસ્અલા** : (૫૬૧) સડક ઉપર પાણી છાંટવામાં આવી રહ્યું હતું. તે વખતે જમીનથી છાંટા ઉડીને કપડાં પર પડયા તો કપડું નાપાક થયું નહી. પરંતુ ધોઇ લેવું બહેતર છે.

**મસ્અલા** : (૫૬૨) આદમીની ખાલ (ચામડી) જો કે નખ બરાબર હોય તે થોડા પાણી (અર્થાત દહ દરદહથી ઓછા) માં પડી જાય તો તે પાણી નાપાક થઈ ગયું. અને ખુદ નખ પડી જાય તો નાપાક નથી.

**મસ્અલા** : (૫૬૨) જાજરૂ–પેશાબ પછી ઢેલાઓથી ઈસ્તન્જો કરી લીધો. પછી તે સ્થળેથી પરસેવો નીકળી કપડાં અથવા બદનમાં લાગ્યો તો બદન અને કપડું નાપાક થશે નહી.

**મસ્અલા** : (૫૬૪) પાક માટીમાં નાપાક પાણી મેળવ્યું તો તે માટી નાપાક થઇ ગઈ.

**મસ્અલા** : (૫૬૫) માટીમાં નાપાક ભૂસુ મેળવ્યું જો તે થોડું હોય તો સર્વથા પાક છે અને જો વધારે હોય તો જ્યાં સુધી સુકાઈ જાય નહી, (ત્યાં સુધી) નાપાક છે.

**મસ્અલા** : (૫૬૬) કુતરું, બદન અથવા કપડાંને અડી જાય તો જો કે તેનું શરીર તર હોય તો પણ બદન અને કપડું પાક છે. હા, જો તેના શરીર ઉપર નાપાકી લાગેલી હોય, તો બીજી વાત છે. અથવા તેની લાળ લાગે તો નાપાક કરી નાંખશે.

**મસ્અલા :** (૫૬૭) કુતરા વિગેરે કોઈ એવા જાનવરે જેની લાળ નાપાક છે, આટા (લોટ) માં મોઢું નાંખ્યું તો જો ગુંદેલો હતો તો જ્યાં તેનું મોઢું પડયું તેટલા ભાગને જુદો કરી દો બાકીનો આટો પાક છે. અને જો આટો સુકો હતો તો જેટલો તર થઈ ગયો તે ફેંકી દો.

**મસ્અલા :** (૫૬૮) ઉપયુક્ત (વાપરેલું) પાણી પાક છે, નવસારનું પાણી પાક છે.

**મસ્અલા :** (૫૬૯) સુવ્વર સિવાયના સઘળાં જાનવરોના તે હાડકાં જેના ઉપર મુરદારની ચીકાસ લાગેલી ન હોય, અને વાળ અને દાંત પાક છે.

**મસ્અલા :** (૫૭૦) સ્ત્રીની યોનિમાંથી જે રતુબત (તરી) નીકળે તે પાક છે. કપડાં અથવા શરીરમાં લાગે તો ધોવું કાંઈ જરૂરી નથી. હા, ધોઈ લેવું બહેતર છે.

**મસ્અલા :** (૫૭૧) જે માંસ સડી ગયું, અને તેમાં દુર્ગંધ આવી ગઇ, તેનું ખાવું હરામ છે. જો કે તે નાપાક નથી.

## નાપાક ચીઝોને પાક કરવાની રીત :

જે ચીઝો એવી છે કે તે પોતે નાપાક છે. (જેને નાપાકી અને નજાસત કહીએ છીએ) દા. ત. શરાબ અથવા ગંદકી એવી વસ્તુઓ જ્યાં સુધી પોતાના અસલ સ્વરૂપને છોડીને કાંઇ બીજું ન બની જાય, ત્યાં સુધી પાક થઇ શકતી નથી. શરાબ જ્યાં સુધી શરાબ છે, નાપાક જ રહેશે. અને સિરકો થઈ જાય તો પાક છે.

**મસ્અલા :** (૫૭૨) જે વાસણમાં દારૂ હતો અને સિરકો થઈ ગયો તો તે વાસણ પણ અંદરથી એટલું પાક થઈ ગયું, જ્યાં સુધી તે વખતે સિરકો છે, જો ઉપર શરાબના છાંટા પડયા હતા તો તે શરાબનો સિરકો થવાથી પાક થશે નહીં. એવી જ રીતે જો શરાબ (દારૂ) દાખલા તરીકે મોઢીયા સુધી ભરેલ હતો પછી થોડોક વેરાઈ ગયો કે, વાસણ થોડું ખાલી થઇ ગયું, તે પછી સિરકો થઈ ગયો તો તે ઉપરનો ભાગ જે પહેલાં નાપાક થઈ ગયો હતો, હવે પાક થશે નહી. જો સિરકો તેમાંથી ઠાલવવામાં આવશે તો તે સિરકો પણ નાપાક થઇ જશે. હા, જો પળી વિગેરેથી કાઢવામાં આવે તો પાક છે. અને ડુંગરી-લસણ શરાબમાં પડી ગયા હતા તે સિરકો થઇ જવા પછી પાક થઇ ગયા.

**મસ્અલા :** (૫૭૩) શરાબ (દારૂ)માં ઉંદર પડીને ફુલીને ફાટી ગયો તો સિરકો થયા પછી પણ પાક થશે નહી. અને જો ફુલ્યો-ફાટયો ન હતો તો જો સિરકો થવાથી પહેલાં કાઢીને ફેંકી દીધો અથવા તે પછી સિરકો થયો તો પાક છે. અને જો સિરકો થવા પછી કાઢીને ફેંકયો તો સિરકો પણ નાપાક છે.

**મસ્અલા :** (૫૭૪) શરાબમાં પેશાબનું ટીપું પડી ગયું અથવા કુતરાએ મોઢું નાંખ્યું અથવા નાપાક સિરકો મેળવી દીધો તો સિરકો થયા પછી પણ હરામ તથા નાપાક છે.

**મસ્અલા :** (૫૭૫) શરાબ ખરીદવો મંગાવવો-ઉપાડવો અથવા રાખવો હરામ છે. જો કે, સિરકો કરવાની નિય્યતથી હોય તો પણ હરામ છે.

**મસ્અલા :** (૫૭૬) નાપાક જાનવર નિમક (મીઠા)ની ખાંણમાં પડીને નિમક થઇ ગયું તો તે નિમક પાક તથા હલાલ છે.

**મસ્અલા** : (૫૭૭) ઉપલા (છાણાં)ની રાખ પાક છે. અને જો રાખ થવાથી પહેલાં હોલવાઈ ગયું તો નાપાક છે.

**મસ્અલા** : (૫૭૮) જે ચીઝો સ્વયં નાપાક નથી બલ્કે કોઈ નાપાકી લાગવાથી નાપાક થઈ ગઈ, તેના પાક કરવાના વિવિધ તરીકાઓ (રીતો) છે, પાણી અને દરેક પાતળી વહેવાવાળી ચીઝથી (જેનાથી નાપાકી દુર થઈ જાય) ધોઈને, નાપાક ચીઝને પાક કરી શકો છો. દા.ત. સિરકો અને ગુલાબ જળ કે, તેનાથી નાપાકી દૂર કરી શકીએ છીએ. તો બદન અથવા કપડું તેનાથી ધોઈને પાક કરી શકીએ છીએ.

**ફાએદો** : જરૂરત વગર ગુલાબ જળ અને સિરકા વિગેરેથી પાક કરવું નાજાઈઝ છે. કારણ કે તે ફુઝૂલ ખર્ચ છે.

**મસ્અલા** : (૫૭૯) ઉપયુક્ત પાણી અને આ થી ધોવાથી પાક થઈ જશે.

**મસ્અલા** : (૫૮૦) થૂંકથી જો નાપાકી દૂર થઈ જાય તો પાક થઈ જશે. દા.ત. બાળકે સ્તન પાન કરી, સ્તન ઉપર ઉલ્ટી કરી. પછી વારંવાર દૂધ પીધું, ત્યાં સુધી કે તેની અસર જતી રહી, તો પાક થઈ ગયું. અને દારૂડીયાના મોઢાનો મસ્અલો આગળ આવી ગયો છે.

**મસ્અલા** : (૫૮૧) દૂધ અને સેરવા અને તેલથી ધોવાથી, પાક થશે નહી. કારણ કે તેમનાથી નજાસત દૂર થશે નહી.

**મસ્અલા** : (૫૮૨) નજાસત (નાપાકી) જો દળદાર હોય (દા.ત. જાજરૂ, ગોબર, લોહી વિગેરે.) તો ધોવામાં ગણત્રીની કોઇ શરત નથી. બલ્કે તેને દૂર કરવું (વખોડવું) જરૂરી છે. જો એક વાર ધોવાથી દૂર થઈ જાય તો એક જ વખત ધોવાથી પાક થઇ જશે અને જો ચાર-પાંચ (૪-૫) વખત ધોવાથી દૂર થાય તો ચાર-પાંચ વખત ધોવું પડશે. હા, જો ત્રણ વારથી ઓછામાં નાપાકી દૂર થઇ જાય, તો ત્રણવાર પુરૂં કરી લેવું મુસ્તહબ છે.

**મસ્અલા** : (૫૮૩) જો નાપાકી દૂર થઈ ગઇ, પરંતુ તેની થોડીક અસર રંગ અથવા ગંધ બાકી છે, તો તેને પણ નષ્ટ કરવું લાઝિમ છે. હા, જો તેની અસર દુશવારીથી જાય તો અસર દૂર કરવાની જરૂર નથી. ત્રણ વાર ધોઈ લીધું પાક થઇ ગયું, સાબૂ અથવા ખટાશ અથવા ગરમ પાણીથી ધોવાની જરૂરત નથી.

**મસ્અલા** : (૫૮૪) કપડાં અથવા હાથમાં નાપાક રંગ લાગ્યો અથવા નાપાક મહેંદી લગાડી તો એટલા વખત ધુવો કે સાફ પાણી પડવા લાગે. તો પાક થઈ જશે. ભલે પછી કપડાં અથવા હાથ પર રંગ બાકી હોય.

**મસ્અલા** : (૫૮૫) ઝાફરાન (કેસર) અથવા રંગ, કપડા રંગવા માટે ઘોળ્યો હતો, તેમાં કોઈ બાળકે પેશાબ કરી દીધો, અથવા બીજી કોઈ નાપાકી પડી ગઈ, તેનાથી જો કપડું રંગી લીધું, તો ત્રણ વાર ધોઈ લેવાથી, પાક થઇ જશે.

**મસ્અલા** : (૫૮૬) ગુદવું એટલે સોય ભોંકીને તની અંદર સુરમો ભરી દે છે, તો જો એટલું લોહી નીકળ્યું કે વહેવા લાયક હતું, તો જાહેર છે કે, તે લોહી નાપાક થઈ ગયું. અને સુરમાને જે તેના પર નાખવામાં આવ્યો, તે પણ નાપક થઈ ગયો. પછી તે જગ્યાને ધોઈ નાખે, તો પાક થઇ જશે. અગરચે નાપાક સુરમાનો રંગ પણ બાકી છે. એવી જ રીતે ઘા પર રાખોડી ભરી દીધી, પછી ધોઈ નાખી, પાક થઈ ગયું (ભલે) રંગ બાકી હોય.

**મસ્અલા :** (૫૮૭) કપડા અથવા બદનમાં નાપાક તેલ ચોંટયું હતું તો ત્રણ વખત ધોવાથી પાક થઇ જશે. ભલે તેલની ચિકાશ મોજૂદ હોય, એવાતની જરૂરત નથી કે, સાબુ અથવા ગરમ પાણીથી ધુવે. પરંતુ જો મુરદારની ચરબી લાગી હતી તો જ્યાં સુધી તેની ચિકાશ જાય નહી ત્યાં સુધી પાક થશે નહી.

**મસ્અલા :** (૫૮૮) જો નાપાકી રકીક (પાતળી-પ્રવાહી) હોય તો ત્રણ વખત ધોવા અને ત્રણે-વાર જોરથી નીચોડવાથી પાક થઇ જશે. અને તાકાતથી નિચોડવાનો અર્થ એ છે કે, જે માણસો પોતાની શક્તિભર એવી રીતે નિચોડે કે, જો ફરીથી નિચોડે તો તેમાંથી કોઈ ટીપું ટપકે નહી. જો કપડાંનો ખ્યાલ કરીને સારી રીતે નિચોવ્યું નહી તો પાક થશે નહી.

**મસ્અલા :** (૫૮૯) જો ધોવાવાળાએ સારી રીતે નિચોવી લીધું, પરંતુ હજુ એવું છે કે, જો કોઈ બીજો માણસ કે જે તાકતમાં તેનાથી વધારે છે, નિચોડે તો બે એક ટીપાં ટપકી શકે છે, તો તેના હકમાં પાક છે અને બીજાના હકમાં નાપક છે. આ બીજાની તાકતની ગણના નથી. હા, જો(બીજો) ધોતો અને તે પહેલો એ પ્રમાણે નિચોડતો તો પાક થાત નહી.

**મસ્અલા :** (૫૯૦) પ્રથમ અને બીજી વાર નિચોવવા પછી હાથ પાક કરી લેવું બહેતર છે. અને ત્રીજી વાર નિચોવવાથી કપડું પણ પાક થઇ ગયું અને હાથ પણ, અને જો કપડામાં એટલી તરી રહી ગઇ હોય કે, નિચોવવાથી એકાદ બુંદ ટપકશે તો કપડું અને હાથ બને નાપાક છે.

**મસ્અલા :** (૫૯૧) પ્રથમ અથવા બીજી વાર હાથ પાક કર્યો નથી અને તેની તરીથી કપડાનો પાક ભાગ પલળી ગયો તો તેપણ નાપાક થઇ ગયો. પછી જો પહેલીવારના નિચોવવા પછી પલળ્યો છે તો તેને બે વાર ધોવું જોઇએ અને બીજી વખત નિચોવવા પછી હાથની તરીથી પલળ્યું છે તો એક વખત ધોવામાં આવે. એવી જ રીતે જો તે કપડાથી જે એક વખત ધોઈને નિચોવી લેવામાં આવ્યું છે, કોઇ પાક કપડું પલળી જાય તો તે ફરીથી ધોવામાં આવે અને જો બીજી વખત નિચોવવા પછી તેનાથી તે પાક કપડું પલળે તો એક વખત ધોવાથી પાક થઈ જશે.

**મસ્અલા :** (૫૯૨) કપડાને ત્રણ વખત ધોઈને દરેક વખત સારી રીતે નિચોવી લીધું છે કે હવે નિચોવવાથી પાણી ટપકશે નહી. પછી તેને લટકાવી દીધું અને તેમાંથી પાણી ટપક્યું તો આ પાણી પાક છે અને જો સારી રીતે નિચોવ્યું ન હતું તો આ પાણી નાપાક છે.

**મસ્અલા :** (૫૯૩) દૂધ પીતા બાળક-બાળકીનો એક જ હુકમ છે. કે તેમનો પેશાબ કપડા અથવા બદનમાં લાગ્યો છે તો ત્રણવાર ધોવું અને નિચોવવું પડશે.

**મસ્અલા :** (૫૯૪) જે ચીઝ નિચોવવા યોગ્ય નથી (જેવું કે ચટાઇ, વાસણ વિગેરે) તેને ધોઇને રહેવા દો કે પાણી ટપકવું બંધ થઈ જાય, એવી જ રીતે બે વખત વધારે ધુવો, ત્રીજી વખત જ્યારે પાણી ટપકવું બંધ થઈ ગયું, તે ચીઝ પાક થઇ ગઇ. તેને દરેક વખત પછી સુકવવું જરૂરી નથી. એવી જ રીતે જે કપડું પોતાની નાજુકીના લીધે નિચોવવા યોગ્ય નથી તેને પણ એવી જ રીતે પાક કરવામાં આવે.

**મસ્અલા :** (૫૯૫) જો એવી ચીઝ હોય કે તેમાં નાપાકી શોષાઇ નહી, દા. ત. ચીનીના વાસણ અથવા માટીનું જુનું ઉપયોગાએલું ચિકણું વાસણ અથવા લોઢા-તાંબા-પિતળ વગેરે ધાતુઓની ચીઝો, તો તેમને કેવળ ત્રણ વખત ધોઈ લેવું પુરતું છે, તેની પણ જરૂરત નથી કે તેને એટલી વાર સુધી રહેવાદો કે પાણી ટપકવું બંધ થઈ જાય

**મસ્અલા :** (૫૯૬) નાપાક વાસણને માટીથી માંજી લેવું સારું છે.

મસ્અલા : (૫૯૭) પકવેલું ચામડું નાપાક થઈ ગયું તો જો તેને નિચોવી શકો છો તો નિચોવીલો. નહીં તો ત્રણ વખત ધોઈ લો. અને દરેક વખત એટલીવાર સુધી રહેવાદો કે પાણી ટપકવું બંધ થઈ જાય.

મસ્અલા : (૫૯૮) દરી(જાજમ) અથવા ટાટ અથવા કોઈ નાપાક કપડું વહેતા પાણીમાં રાત ભર પડયું રહેવાદો તો પાક થઈ જશે. અને સાચું તો એ છે કે જેટલી વારમાં એ ગુમાન ગાલિબ થઈ જાય કે પાણી નાપાકીને વહાવી લઈ ગયું, તો પાક થઈ ગયું, કે વહેતા પાણીથી પાક કરવામાં નિચોવવું શરત નથી.

મસ્અલા : (૫૯૯) કપડાનો કોઈ ભાગ નાપાક થઈ ગયો અને એ યાદ નથી કે તે કયી જગ્યા છે તો બહેતર એ છે કે પુરૂંજ ધોઇ નાખો ( એટલે કે જ્યારે એ બિલકુલ ખબર ન હોય કે કયા ભાગમાં નાપાકી લાગી છે અને જોખબર છે કે દા.ત. બાંય અથવા કલી નાપાક થઈ ગઇ, પરંતુ એ ખબર નથી કે બાંય અથવા કલી નો કયો ભાગ છે તો બાંય અથવા કલીનું ધોવું જ પુરા કપડાને ધોવું છે. ) અને જો અંદાઝાથી વિચારીને તેનો કોઇ ભાગ ધોઈ લો તો પણ પાક થઈ જશે. અને જો વિચાર્યા વગર કોઈ ટુકડો ધોઈ લીધો તો પણ પાક છે. પરંતુ આ સ્થિતીમાં જો કેટલીક નમાઝો પઢવા પછી ખબર પડે કે નાપાક ભાગ ધોવામાં આવ્યો નથી, તો ફરીથી ધુવે અને નમાઝોનું પુનરાવર્તન કરે. અને જો વિચારીને ધોઈ લીધું હતું અને પાછળથી ભૂલ સમજાઈ તો હવે ધોઇલે અને નમાઝોના પુનરાવર્તનની જરૂર નથી.

મસ્અલા : (૬૦૦) એ જરૂરી નથી કે એકદમ ત્રણે વાર ધુવે બલ્કે જો વિભિન્ન સમયો બલ્કે વિભિન્ન દિવસોમાં આ સંખ્યા પૂરી કરી તો પણ પાક થઈ જશે.

મસ્અલા : (૬૦૧) લોખંડની ચીઝ દા. ત. છરી, ચાકુ, તલવાર વિગેરે જેમાં ન રંગ હોય ન ચિત્રણ, નાપાક થઇ જાય તો સારી રીતે લુછી નાખવાથી પાક થઈ જશે. અને આ હાલતમાં નજાસત ના દળદાર અથવા પાતળા હોવામાં કોઇ ફરક નથી. લોખંડ, ચાંદી, સોના, પિતળ, ગિલેટ, અને દરેક પ્રકારની ધાતુઓ (વસ્તુઓ) લુછી નાંખવાથી પાક થઇ જાય છે. હા, પણ તેમાં નકશી ન હોય અને જો નકશી હોય અથવા લોખંડમાં કાટ હોય તો ધોવું જરૂરી છે, લુછવાથી પાક થશે નહીં.

મસ્અલા : (૬૦૨) કાચની સઘળી વસ્તુઓ અને ચીનીના વાસણો અથવા માટીના ચીકણાં વાસણ અથવા પોલીસ કરેલી લાકડી, મતલબકે તે સઘળી વસ્તુઓ જેમાં છિદ્રો ન હોય, કપડાં અથવા પાંદડાથી એટલા પ્રમાણમાં લુછી લેવામાં આવે કે, અસર બિલકુલ જતી રહે તો, પાક થઈ જાય છે.

મસ્અલા : (૬૦૩) વીર્ય કપડામાં લાગીને સુકાઈ ગયું તો કેવળ મસળીને ખંખેરવા અને સાફ કરવાથી કપડું પાક થઇ જશે, ભલે મસળ્યા પછી તેની થોડીક અસર કપડામાં બાકી રહી જાય, આ મસઅલામાં સ્ત્રી–પુરૂષ અને માનવી તથા પશુ તથા તંદુરસ્ત તથા પ્રમેહનો રોગી સઘળાના વિર્યનો એક જ હુકમ છે.

મસ્અલા : (૬૦૪) શરીરમાં જો વીર્ય લાગી જાય તો પણ એવી જ રીતે પાક થઈ જશે.

મસ્અલા : (૬૦૫) પેશાબ કરીને પાણીથી કે ઢેફાથી તહારત ન કરી અને વીર્ય તે સ્થળે પસાર થયું જ્યાં પેશાબ લાગેલો (ચોંટેલો) છે, તો તે મસળવાથી પાક થશે નહીં. બલ્કે ધોવું જરૂરી છે, અને જો તહારત કરી લીધી હતી અથવા વીર્ય ઉછળીને નીકળ્યું કે તે નાપાકીના સ્થળ પર પસાર ન થયું તો મસળવાથી પાક થઈ જશે.

મસ્અલા : (૬૦૬) જે વસ્ત્રને મસળીને પાક કરી લીધું જો તે પાણીથી પલળી જાય તો નાપાક થશે નહી.

મસ્અલા : (૬૦૭) જો વીર્ય વસ્ત્રમાં લાગ્યું છે અને હજુ સુધી તર છે તો ધોવાથી પાક થશે. મસળવું કાફી નથી.

મસ્અલા : (૬૦૮) મોઝા અથવા બુટમાં દળદાર નાપાકી લાગી હ. ત. જાજરૂ-ગોબર-વીર્ય તો જો કે તે નાપાકી તર હોય તો પણ ખુરચવા અને રગડવાથી પાક થઈ જશે.

મસ્અલા : (૬૦૯) અને જો પેશાબ જેવી કોઈ પાતળી નાપાકી લાગી હોય અને તેના ઉપર માટી અથવા રાખોડી અથવા રેતી વિગેરે નાંખીને રગડી નાંખો તો પણ પાક થઈ જશે. અને તે નાપાકી સુકાઇ ગઈ ત્યાં સુધી જો એવું ન કર્યું તો હવે ધોયા વગર પાક થશે નહી.

મસ્અલા : (૬૧૦) નાપાક જમીન જો સુકાઈ જાય અને નાપાકીની અસર એટલે કે રંગ તથા દુર્ગંધ જતી રહે તો પાક થઈ જશે. ભલે તે હવાથી સુકાઇ હોઈ કે તડકાથી કે આગથી. પરંતુ તેનાથી તયમ્મુમ કરવું જાઈઝ નથી, તેના ઉપર નમાઝ પઢી શકો છો.

મસ્અલા : (૬૧૧) જે કુવામાં નાપાક પાણી હોય પછી તે કુવો સુકાઇ જાય તો પાક થઇ ગયો.

મસ્અલા : (૬૧૨) વૃક્ષ અને ઘાસ અને દીવાલ અને એવી ઇંટ જે જમીનમાં જડેલી હોય, આ સૌ સુકાઇ જવાથી પાક થઇ ગયા અને જો ઇંટ જડેલી ન હોય તો સુકાઈ જવાથી પાક થશે નહી. બલ્કે ધોવું જરૂરી છે. એવી જ રીતે વૃક્ષ અથવા ઘાસ સુકાવા પહેલાં કાપીલો તો તાહારત માટે ધોવું જરૂરી છે.

મસ્અલા : (૬૧૩) જો પથ્થર એવો હોય કે, જમીનથી જુદો થઈ શકે નહીં તો સુકાવાથી પાક છે. નહી તો ધોવાની જરૂરત છે.

મસ્અલા : (૬૧૪) ચક્કીનો પથ્થર સુકાવાથી પાક થઇ જશે.

મસ્અલા : (૬૧૫) કાંકરી જે જમીનની ઉપર છે, સુકાવાથી પાક થશે નહી અને જે જમીનમાં મળેલી છે, જમીનના હુકમમાં છે.

મસ્અલા : (૬૧૬) જે વસ્તુ જમીનથી ચોંટેલી હતી અને નાપાક થઇ ગઈ, પછી સુકાઈ જવા પછી અલગ કરવામાં આવી તો હવે પણ પાક જ છે.

મસ્અલા : (૬૧૭) નાપાક માટીથી વાસણ બનાવ્યા તો જ્યાં સુધી કાચા છે. નાપાક છે, પકવ્યા પછી પાક થઈ ગયા.

મસ્અલા ; (૬૧૮) તન્દુર અથવા તવા ઉપર નાપાક પાણીનો છાંટો નાંખ્યો અને આંચથી તેની તરી (ભીનાશ) જતી રહી, હવે જે રોટી પકાવવામાં આવી પાક છે.

મસ્અલા : (૬૧૯) ઉપલા (છાણા) સળગાવી ખાણું પકવવું જાઇઝ છે.

મસ્અલા : (૬૨૦) જે વસ્તુ સુકાવા અથવા રગડવાથી પાક થઈ ગઈ, તે પછી પલળી ગઈ તો નાપાક થશે નહી

મસ્અલા : (૬૨૧) સુવ્વર સિવાય દરેક જાનવર હલાલ હોય કે હરામ, જ્યારે કે ઝુબ્હના કાબિલ હોય અને બિસ્મિલ્લાહ કહીને ઝુબહ કરવામાં આવ્યું તો તેનું માંસ અને ખાલ પાક છે, કે નમાઝી પાસે

જો તે માંસ છે અથવા તેના ચામડા પર નમાઝ પઢી તો નમાઝ થઈ જશે, પરંતુ હરામ જાનવર ઝુબ્હ કરવાથી હલાલ થશે નહી, હરામ જ રહેશે.

મસ્અલા : (૬૨૨) સુઅર સિવાય દરેક મુરદાર જાનવરની ખાલ સુકવવાથી પાક થઈ જાય છે, ભલે તેને ખારા–નમક વિગેરે. કોઈ દવાથી પકવ્યું હોય અથવા કેવળ તડકામાં અથવા હવામાં સુકવી લીધું હોય અને તેની તમામ તરી ફના થઈને દુર્ગંધ જતી રહી હોય, બંને હાલતોમાં પાક થઈ જશે. તેના ઉપર નમાઝ પઢવું દુરસ્ત છે.

મસ્અલા : (૬૨૩) હિંસક પ્રાણીનું ચામડું જો કે પકવી લીધું હોય તો પણ તેના ઉપર બેસવું અથવા નમાઝ પઢવી જોઈએ નહી કે મિઝાજમાં સખ્તી અને ઘમંડ પેદા થાય છે. બકરી અને ઘેટાના ચામડા પર બેસવા અને પહેરવાથી મિઝાજમાં નરમી અને વિનમ્રતા પેદા થાય છે. કુતરાનું ચામડું જો કે પકવી લેવામાં આવ્યું હોય અથવા તે ઝુબ્હ કરી લેવામાં આવ્યું હોય તો પણ ઉપયોગમાં લેવું જોઈએ નહી. કે તે બાબત ઈમામોના મતભેદ અને અવામ (જનતા)ની નફરતથી બચવું ઉચિત છે.

મસ્અલા : (૬૨૪) રૂ નો જો એટલો ભાગ નાપાક છે કે જે પિંજવાથી તેટલો ભાગ ઉડી જવાનું સહીહ ગુમાન છે, તો પિંજવાથી પાક થઈ જશે.

મસ્અલા : (૬૨૫) અનાજ જ્યારે પગોમાં હોય અને તેને મસળવા ટાંણે બળદોએ તેના ઉપર પેશાબ કર્યો તો જો કેટલાક ભાગીદારોમાં વહેંચાયું અથવા તેમાંથી મજુરી આપવામાં આવી અથવા ખૈરાત કરવામાં આવ્યું તો સઘળું પાક થઈ ગયું. અને જો તમામ વસ્તુ મોજુદ છે તો નાપાક છે. જો તેમાંથી તેટલા પ્રમાણમાં જેમાં સંભાવના થઈ શકે છે તેનાથી વધારે નાપાક હશે નહી, તેને ધોઇને પાક કરીલો તો સઘળું પાક થઈ જશે.

મસ્અલા : (૬૨૬) રાંગ ( એક નરમ ધાતુ ) સીસુ પીગળાવવાથી પાક થઈ જાય છે.

મસ્અલા (૬૨૭) થીજેલા ઘી માં ઉંદર પડીને મરી ગયો તો ઉંદરની આસપાસથી ઘી કાઢી નાંખો, બાકીનું પાક છે, ખાઈ શકો છે. અને જો પાતળું છે તો સઘળું નાપાક થઈ ગયું, તેનું ખાવું જાઇઝ નથી. અલબત્ત તે કામમાં લઈ શકો જેમાં નાપાકીનો ઉપયોગ નિષેધ નહોય. તેલનો પણ એજ હુકમ છે.

મસ્અલા : (૬૨૮) મધ નાપાક થઈ જાય તો તેને પાક કરવાની રીત એ છે કે તેના કરતાં વધારે તેમાં પાણી નાંખી એટલું ઉકાળો કે એટલું હતું એટલું જ થઈ જાય આવી રીતે ત્રણ વખત કરો. પાક થઈ જશે.

મસ્અલા : (૬૨૯) નાપાક તેલ પાક કરવાની રીત એ છે કે એટલું જ પાણી તેમાં ઉમેરી ખૂબ હલાવો, પછી ઉપરથી તેલ કાઢી લો અને પાણી ફેંકીદો, એવી રીતે ત્રણ વાર કરો અથવા તે વાસણમાં નીચે છિદ્ર કરી દો કે પાણી વહી જાય અને તેલ રહી જાય, આવી રીતે પણ ત્રણ વખતમાં પાક થઇ જશે. અથવા એમ કરો કે એટલું જ પાણી નાંખી તે તેલને ઉકાળો, ત્યાં સુધી કે પાણી બળી જાય અને તેલ રહી જાય, એવી રીતે ત્રણ વખત કરવાથી પાક થઈ જશે. અને એમ પણ કે પાક તેલ અથવા પાણી બીજા વાસણમાં રાખી તે નાપાક અને તે પાક બંનેની ધાર મેળવી ઉંચાઈથી રેડો, પરંતુ તેમાં એ ખ્યાલ જરૂર રાખો કે નાપાકની ધાર તેની ધારથી કદી પણ જુદી ન થાય, નતે વાસણમાં કોઇ ટીપું નાપાકનું પહેલાંથી પહોંચ્યું હોય ન બાદમાં. નહી તો ફરી નાપાક થઈ જશે. વહેતી આમ વસ્તુઓ વિગેરેને પાક કરવાના પણ એ જ તરીકા છે. અને જો થીજેલું ઘી હોય તો તેને પીગળાવી એ જ રીતો પૈકી કોઈ રીતથી પાક કરો. અને એક રીત તે ચીઝોને પાક કરવાની એ પણ છે કે

પરનાળાની નીચે કોઈ વાસણ મુકો અને છત ઉપરથી એજ જાતની પાક ચીઝ અથવા પાણીની સાથે એવી રીતે મેળવીને વહાવો કે પરનાલા (નીંભણ)થી બંને ધારો એક થઇને પડે તો સઘળું પાક થઇ જશે. એજ જાતી અથવા પાણીથી ઉકાળીલો પાક થઈ જશે.

**મસ્અલા :** (૬૩૦) જાનમાઝ (નમાઝની જગ્યા) માં હાથ-પગ, પેશાની અને નાક મુકવાની જગ્યાનું નમાઝ પઢવામાં પાક હોવું જરૂરી છે. બાકીની જગ્યા જો નાપાક હોય તો નમાઝમાં વાંધો નથી. હા, નમાઝમાં નાપાકીની નિકટતાથી બચવું જોઇએ.

**મસ્અલા :** (૬૩૧) કોઈ કપડાંમાં નાપાકી ચોંટી અને તે નાપાકી એ બાજુએ જ રહી ગઈ, બીજી બાજુએ તેણે અસર કરી નહી, તો તેને પલટાવી બીજી તરફ જે બાજુએ નાપાકી ચોંટી નથી, તે બાજુએ નમાઝ પઢી શકતા નથી, ભલે કેટલુંએ જાડું હોય. પરંતુ જ્યારે કે તે નાપાકી સિજદાના સ્થાનથી અલગ હોય.

**મસ્અલા :** (૬૩૨) જો કપડું બેવડું (બે પડનું) હોય, જો એક પડ તેનુ નાપાક થઈ જાય તો જો બંને મેળવી સિવી લીધા હોય તો બીજા પડ ઉપર નમાઝ જાઈઝ નથી. અને જો સિવેલા ન હોય તો જાઇઝ છે.

**મસ્અલા :** (૬૩૩) લાકડાનું પાટીયું એક બાજુએથી નાપક થઇ ગયું તો જો એટલું જાડું છે કે જાડાઈમાં ચિરી શકાય તો પલટાવી તેના ઉપર નમાઝ પઢી શકો છે. નહીતો, નહી.

**મસ્અલા :** (૬૩૪) જે જમીન ગોબરથી લીપવામાં આવી, ભલે સુકાઇ ગઇ હોય તેના ઉપર નમાઝ જાઈઝ નથી. હા, જો તે સુકાઈ ગઈ અને તેના ઉપર કોઈ જાડું કપડું બિછાવી લીધું તો તે કપડા ઉપર નમાઝ પઢી શકો છો. જો કે કપડામાં તરી હોય, પરંતુ એટલી તરી ન હોય કે જમીન પલળીને તેને તરકરીદે, કે આ હાલતમાં તે કપડું નાપાક થઇ જશે અને નમાઝ થશે નહી

**મસ્અલા :** (૬૩૫) આંખોમાં નાપાક સુરમા અથવા કાજલ લગાવ્યું અને ફેલાઇ ગયું તો ધોવું વાજિબ છે અને જો આંખોની અંદરજ હોય, બહાર લાગ્યું ન હોય તો માફ છે.

**મસ્અલા :** (૬૩૬) કોઈ બીજા મુસલમાનના વસ્ત્રમાં નાપાકી લાગેલી જોઈ અને ખાત્રી છે કે તેને જાણકારી કરશે તો પાક કરી લેશે તો ખબર કરવું વાજિબ છે.

**મસ્અલા :** (૬૩૭) ફાસિકોના ઉપયોગેલા વસ્ત્રો, જેનું નાપાક હોવું ખબર ન હોય, પાક સમજવામાં આવશે. પરંતુ બેનમાઝીના લેંઘા વિગેરેમાં સાવધાની એછે કે બિસ્તક પાક કરી લેવામાં આવે, કે બહુધા બેનમાઝી પેશાબ કરીને એમજ લેંઘો બાંધી લે છે. અને કુફ્ફારના તે કપડાંને પાક કરી લેવામાં તો બહુજ ખ્યાલ કરવો જોઇએ.

## ઇસ્તનજાનું બયાન

અલ્લાહ અઝ્ઝવજલ્લ ફરમાવે છે : **ફીહે રિજાલુંય યોહિબ્બૂન અંય-યત્તહહરૂ વલ્લાહો યોહિબ્બુલ-મુત્તહહેરીન** (તે મસ્જિદ એટલે મસ્જિદે કુબા શરીફમાં એવા લોકો છે જે પાક હોવાને પસંદ કરે છે. અને અલ્લાહ દોસ્ત રાખે છે પાક થવાવાળાઓને.)

**હદીસ :** (૧) સુનન ઇબ્ને માજામાં હઝરત અબૂ ઐયુબ તથા હઝરત જાબિર તથા હઝરત અનસ રદીયલ્લાહો અન્હુમથી રિવાયત છે કે, જ્યારે આ આયતેકરીમા નાઝિલ થઈ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, : અય અન્સારના ગિરોહ ! અલ્લાહ તઆલાએ તહારત વિષે તમારી પ્રશંસા કરી, તો બતાવો કે તમારી તહારત શું છે? તેમણે અરજ કરી કે, નમાઝ માટે અમો વુઝુ કરીએ છીએ. અને જનાબત ( સંભોગ ) થી ગુસ્લ કરીએ છીએ, અને પાણીથી ઈસ્તીનજો કરીએ છીએ. આપે ફરમાવ્યું તો તે એજ છે, તેને આવશ્યક ઠેરવી લો.

**હદીસ :** (૨) અબૂદાઉદ તથા ઇબ્નેમાજા હઝરત ઝૈદ બિન અરકમ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, કે આ પાખાના જિન અને શયતાનોના ઉપસ્થિત રહેવાના સ્થળ છે. તો જ્યારે કોઈ જાજરૂ ( સંડાસ ) માં જાય તો આ પઢીલે : **અઊઝો બિલ્લાહે મિનલ્-ખુબ્સે વલ્-ખબાઈસ.**

**હદીસ :** (૩) સહીહૈનમાં આ દુઆ આવી રીતે આવી છે

**" અલ્લાહુમ્મ ઈન્નીઅઊઝો બેકામિનલ્ ખુબ્સે વલ્-ખબાઈસ. "**

**( અય અલ્લાહ હું તારીપનાહ માંગું છું પલીદી અને શયતાનથી. )**

**હદીસ :** (૪) તિરમિઝીની રિવાયત, હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી એમ છે કે, જિનની આંખો અને આદમજાતના સતર ( ગુપ્તાંગ ) મા પડદો એ છે કે જ્યારે સંડાસ જાય તો 'બિસ્મિલ્લાહ' કહીલે.

**હદીસ :** (૫) તિરમિઝી તથા ઇબ્નેમાજા તથા દારેમી ઉમ્મુલમોઅમેનીન હઝરત આઇશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે સંડાસથી બહાર આવતા તો એમ ફરમાતા : ગુફરાનકા. ( અલ્લાહથી મગફેરતનો સવાલ કરું છું )

**હદીસ :** (૬) ઇબ્નેમાજાની રિવાયત, હઝરત અનસ રદીયલ્લાહો અન્હોથી એમ છે કે આપ જ્યારે સંડાસથી બહાર પધારતા તો એમ ફરમાવતા : **અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી અઝહબ અન્નીલ્-અઝા વ આફાની.** ( હમ્દ છે અલ્લાહ માટે, જેણે તકલીફ-પીડાની ચીઝ મારાથી દૂર કરી દીધી અને મને આફયત ( શાન્તિ ) આપી.)

**હદીસ :** (૭) "હિસ્ન હસીન"માં છે કે એમ ફરમાવતા **અલહમ્દોલિલ્લાહિલ્લઝી અખરજ મિન બતની મા યદુર્રોની વ અબ્કા ફીહે માયન્ફઓની.** ( હમ્દ છે અલ્લાહ માટે. જેણે મારા પેટમાંથી તે વસ્તુ કાઢી નાંખી, જે મને કષ્ટ આપતી અને તે ચીઝ બાકી રાખી જે મને લાભ આપશે )

**હદીસ :** (૮) અનેક કિતાબોમાં બહુધા સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે જ્યારે સંડાસમાં જાવ તો કિબ્લાહ તરફ ન મોઢું કરો ન પીઠ. અને ઇન્દ્રીને જમણા હાથથી સ્પર્શ કરવા અને (જમણા હાથથી) ઈસ્તીનજો કરવા માટે મનાઈ કરી.

**હદીસ :** (૯) અબૂદાઉદ તથાતિરમિઝી તથા નિસાઈ, હઝરત અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે સંડાસ જતા તો વીંટી ઉતારીલેતા કે તેમાં નામ મુબારક કોતરેલું હતું.

**હદીસ :** (૧૦) અબૂદાઉદ તથા તિરમિઝીએતેમનાથી જ રિવાયત કરી કે આપ જ્યારે મળ-મુત્રનો ઇરાદો કરતા તો જ્યાં સુધી જમીનની નિકટનાપહોંચતા, વસ્ત્ર ઉઠાવતા નહી.

**હદીસ :** (૧૧) અબૂદાઉદ હઝરત જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂર જયારે જાજરૂ માટે જતા તો એટલા દૂર જતા કે કોઇ દેખે નહી.

**હદીસ :** (૧૨) હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ રદીયલ્લાહો અન્હોથી તિરમિઝી તથા નિસાઈએ રિવાયત કરી કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : ગોબર (છાંણ) અને હાડકાંથી ઈસ્તનજો કરો નહી, કે તે તમારા ભાઈઓ જિનનો ખોરાક છે. અને અબૂદાઉદની એક રિવાયતમાં કોલસાથી પણ મનાઈ ફરમાવી.

**હદીસ :** (૧૩) અબૂદાઉદ તથા તિરમિઝી તથા નિસાઈ હઝરત અબ્દુલ્લાહ બિન મુગફ્ફલ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : કોઇ ગુસલખાનામાં પેશાબ કરે નહી. કે પછી તેમાં નહાય અથવા વુઝૂ કરે કે અકસર વસવસા તેનાથી જ થાય છે.

**હદીસ :** (૧૪) અબૂદાઉદ તથા નિસાઈ હઝરત અબ્દુલ્લાહ બિન સરજસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂરે સુરાખ ( છિદ્ર ) માં પેશાબ કરવાની મનાઈ કરી છે.

**હદીસ :** (૧૫) અબૂદાઉદ તથા ઈબ્નેમાજા, હઝરત મઆઝ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. કે હુઝૂરે ફરમાવ્યું : ત્રણ વસ્તુઓ જે લાનતના કારણ રૂપ છે, તેનાથી બચો (૧) ઘાટ ઉપર (૨) રસ્તાની વચ્ચે અને (૩) વૃક્ષના છાંયડામાં પેશાબ કરવો, ( આનાથી બચો )

**હદીસ :** (૧૬) ઈમામ અહમદ તથા તિરમિઝી તથા નિસાઈ, ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઇશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે. કે જે માણસ તમને એ કહેકે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉભા રહીને પેશાબ કરતા હતા, તો તમે તેને સાચો ન સમજો, હુઝૂર બેસીને જ પેશાબ કરતા હતા.

**હદીસ :** (૧૭) ઈમામ અહમદ તથા અબૂદાઉદ તથા ઈબ્નેમાજા, હઝરત અબૂસઇદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : બે માનવીઓ જાજરૂ જાય અને ગુપ્તાંગ ખોલીને વાતો કરે, તો અલ્લાહ તેમના ઉપર ગઝબ ( પ્રકોપ ) ફરમાવે છે.

**હદીસ** (૧૮) ; સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે, કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બે કબ્રો પાસેથી પસાર થયા તો ફરમાવ્યું કે આ બંન્નેને અઝાબ થઈ રહયો છે. અને તે કોઇ મોટી વાત માટે (કે જેમાં બચવું દુશ્વાર હોય) અઝાબમાં પડેલા નથી, તેઓ પૈકી એક પેશાબના છાંટાઓથી બચતો ન હતો. અને બીજો ચાડીયો (ચૂગલખોર) હતો. હુઝુરે ખજુરની એક તર (લીલી) ડાળી લઇને તેના બે ભાગ કર્યા અને દરેક કબર ઉપર એક એક ટુકડો રોપી દીધો. સહાબાઓએ અર્ઝ કરી, યા રસુલલ્લાહ આમ કેમ કર્યું ? આપે ફરમાવ્યું એ આશા ઉપર કે જયાં સુધી સુકાય નહી, તેમના ઉપર અઝાબમાં કમી થાય.

**નોટ :** આ હદીસથી જાણી શકાય છે કે કબ્રો ઉપર ફૂલ નાંખવું જાઈઝ છે. કે તે પણ અઝાબમાં કમીના કારણરૂપ છે કે જયાં સુધી સુકાય નહી. તદઉપરાંત તેમની તસ્બીહથી મૈયતનું દિલ પ્રસન્ન થાય છે.

# ઈસ્તિનજા વિષેના મસાઈલ :

**મસ્અલા :** (૬૩૮) જ્યારે જાજરૂ-પેશાબ માટે જાવ તો મુસ્તહબ છે કે, સંડાસથી બહાર આ દુઆ પઢીલે, **'અલ્લાહુમ્મ ! ઇન્ની અઊઝો બેકા મિનલ ખુબ્સે વલ-ખબાઈસે.'** પછી ડાબો પગ પહેલાં દાખલ કરે અને નીકળતી વખતે પહેલાં જમણો પગ બહાર કાઢે અને નીકળીને આ દુઆ પઢે : **'ગુફ્રાનકા અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી અઝહબ અન્ની માયુઝીની વ અમ્સક અલૈય મા યન્ફઓની.'**

**મસ્અલા :** (૬૩૯) ઝાડો-પેશાબ કરતી વખતે અથવા તહારત કરવામાં કિબ્લા તરફ પીઠ કરવી નહી અને મુખ પણ કરવું નહી અને આ હુકમ આમ છે. ભલે મકાનની અંદર હોય કે મેદાનમાં. અને ભૂલથી કિબ્લા પ્રત્યે મુખ અથવા પીઠ કરીને બેસી ગયા તો યાદ આવતાંજ તત્કાળ દિશા બદલી નાંખો. તેમાં આશા છે કે તુરતજ તેના માટે મગફેરત ફરમાવી દેવામાં આવે.

**મસ્અલા :** (૬૪૦) બાળકને ઝાડા-પેશાબ માટે બેસાડનાર માટે તે વાત મકરૂહ છે કે તે બાળકનું મુખ કિબ્લા તરફ હોય. આવી રીતે બેસાડનાર ગુનેહગાર થશે.

**મસ્અલા :** (૬૪૧) ઝાડો-પેશાબ કરતી વખતે સૂરજ અને ચંદ્ર તરફ ન મુખ હોય, ન પીઠ, એવીજ રીતે હવાની દિશામાં પેશાબ કરવું મના છે.

**મસ્અલા :** (૬૪૨) કુવા અથવા હોજ અથવા ઝરણાના કિનારે અથવા પાણીમાં, ભલે વહેતું પાણી હોય, અથવા ઘાટ પર અથવા ફળદાર વૃક્ષની નીચે અથવા તે ખેતરમાં જેમાં ખેતી મોજુદ હોય અથવા છાયડાંમાં જ્યાં લોકો ઉઠતા-બેસતા હોય અથવા મસ્જિદ અને ઈદગાહની બાજુમાં અથવા કબ્રસ્તાન અથવા માર્ગમાં અથવા જે સ્થળે પશુ બાંધેલા હોય, આ સઘળા સ્થળોએ ઝાડો-પેશાબ કરવું મકરૂહ છે. એવીજ રીતે જે સ્થળે વુઝુ અથવા ગુસ્લ કરવામાં આવતું હોય ત્યાં પેશાબ કરવું મકરૂહ છે.

**મસ્અલા :** (૬૪૩) પોતે નીચાણમાં બેસવું અને પેશાબની ધાર ઉંચી જગ્યાએ પડે તે મના છે.

**મસ્અલા :** (૬૪૪) એવી કઠણ જમીન પર જેનાથી પેશાબના છાંટા ઉડીને આવે, પેશાબ કરવું મના છે. એવી જગ્યાને ખોતરીને નરમ કરી લેવું અથવા ખાડો ખોદી પેશાબ કરે.

**મસ્અલા :** (૬૪૫) ઉભા થઈને અથવા સુઈ રહીને અથવા નગ્ન થઈને પેશાબ કરવું મકરૂહ છે. તદઉપરાંત ઉઘાડા માથે ઝાડો-પેશાબ કરવું અથવા પોતાની સાથે એવી વસ્તુ લઈ જવું મના છે જેના પર કોઈ દુઆ અથવા અલ્લાહ તથા રસૂલ અથવા કોઈ બુઝુર્ગનું નામ લખેલું હોય. એવીજ રીતે વાતચીત કરવું પણ મકરૂહ છે.

**મસ્અલા :** (૬૪૬) જ્યાં સુધી બેઠકની નિકટ ન પહોંચો બદનથી કપડું હટાવો નહી. અને જરૂરત કરતાં વધારે શરીર ઉઘાડવું નહી. પછી બંને પગ પહોળા કરીને ડાબા પગ પર જોર દઈને બેસો. અને કોઇ દીની વાત ઉપર વિચાર કરો નહી કે તે મહરૂમીના કારણરૂપ છે. અને છીંક અથવા સલામ અથવા અઝાનનો જવાબ જીભથી આપે નહી. અને જો છીંકે તો જીભથી અલહમ્દુલિલ્લાહ કહેવું નહી. દિલમાં કહી લે. અને જરૂરત વગર પોતાના ગુપ્તાંગ પ્રત્યે નજર ન કરો. અને ન તે નાપાકી (મળ) ને દેખો જે શરીરમાંથી નીકળી છે. અને બહુ વાર સુધી બેસી રહો નહી. કે તેનાથી બવાસીર

(હરસ-મસા) થવાની આશંકા છે. અને પેશાબમાં થુંકવું નહી કે નાક છણકવું નહી. જરૂરત વગર ખુંખારા પણ ખાવા નહીં. વારંવાર આમતેમ દેખવું નહી. કામ વગર શરીરને સ્પર્શ કરવો નહી, ન આસમાન તરફ દ્રષ્ટિ કરો. બલ્કે શરમપૂર્વક માથું નમાવી રાખો. જ્યારે ફારેગ થઈ જાવ તો પુરૂષ ડાબા હાથથી પોતાના અવયવને જડ તરફથી છેડા તરફ ખેંચે કે જે ટીંપા રોકાએલા છે, નીકળી જાય. પછી ઢેલાઓથી સાફ કરીને ઉભો થઇ જાય અને સીધા ઊભા થવાથી પહેલાં શરીર ઢાંકી લે. જ્યારે કતરા (ટીપાં) આવવા બંધ થઇ જાય તો કોઈ બીજા સ્થળે તહારત (પાકી) માટે બેસે. અને પ્રથમ ત્રણ ત્રણ વાર બંને હાથ ધોઈ લે અને ગુસલખાનામાં આ દુઆ પઢીને જાય : **'બિસ્મીલ્લાહિલ અઝીમે વ બેહમ્દેહિ વલ્હમ્દો લિલ્લાહે અલા દીનિલ ઈસ્લામે, અલ્લાહુમ્મજઅલ્ની મિનત્તવ્વાબીન વજઅલ્ની મિનલ મુતતહહેરીનલ્લઝી લાખૌફુન અલૈહિમ વલા હુમ યહઝનૂન.** પછી જમણા હાથથી પાણી વહાવો અને ડાબા હાથથી ધુવો અને પાણીનો લોટો ઉંચો રાખો કે તેમાં છાંટા ન પડે અને પ્રથમ પેશાબની જગ્યા ધુવો પછી ઝાડાની જગ્યા. અને તહારત વખતે ઝાડાનું સ્થાન શ્વાસનું જોર નીચે તરફ કરી ઢીલું રાખો અને બહુ સારી રીતે ધુવો કે ધોયા પછી હાથમાં દુર્ગંધ બાકી રહી જાય નહી. પછી કોઈ પાક કપડાથી હાથ લુછી નાંખો અને જો કપડું પાસે ન હોય તો વારંવાર હાથ મસળી લો કે નામ માત્રની તરી-ભિનાશ રહી જાય. અને જો વસવસા આવતા હોય તો મીયાંની પર પાણીનો છંટકાર કરી લો. પછી તે જગ્યાએથી બહાર આવીને આ દુઆ પઢો : **"અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી જઅલલ-માઅ તહુરન વલ-ઈસ્લામ નુરંવ્વ કાએદંવ્વ દલીલન ઇલલ્લાહે વ ઈલા જન્નાતિન્નઇમે. અલ્લાહુમ્મ હસ્સિન ફર્જી વતહહીર કલ્બી વ મહહીસ ઝોનુબી."**

મસ્અલા : (૬૪૭) આગળ અથવા પાછળથી જ્યારે નજાસત (નાપાકી)નીકળે તો ઢેલાઓથી ઈસ્તનજો કરવું સુન્નત છે. અને જો કેવળ પાણીથી જ તહારત (પાકી) કરી લીધી તો પણ જાઈઝ છે. પરંતુ મુસ્તહબ એ છે કે ઢેલા લેવા પછી પાણીથી તહારત કરીલે.

મસ્અલા (૬૪૮) આગળ અને પાછળથી પેશાબ-પાખાના સિવાય કોઈ બીજી નાપાકી દા. ત. લોહી, પીપ વિગેરે નીકળે અથવા તે ખારિજ જગ્યાએથી નાપાકી ચોંટી જાય તો પણ ઢેલાથી સાફ કરી લેવાથી તહારત થઈ જશે. જ્યારે કે તે સ્થાનથી બહાર ન હોય. પરંતુ ધોઇ લેવું મુસ્તહબ છે.

મસ્અલા : (૬૪૯) ઢેલાઓની કોઈ સંખ્યા નક્કી નથી. બલ્કે જેટલાથી સફાઈ થઈ જાય. જો એકથી સફાઈ થઇ ગઈ, સુન્નત અદા થઈ ગઈ. જો ત્રણ ઢેલાલે અને સફાઈ થઇ નહી તો સુન્નત અદા થઇ નહી. અલબત મુસ્તહબ એ છે કે એકી સંખ્યા હોય અને ઓછામાં ઓછા ત્રણ હોય, જો એક અથવા બેથી સફાઇ થઈ ગઇ તો ત્રણની ગણત્રી પુરી કરીલો અને જો ચારથી સફાઈ થાય તો એક બીજો લઈ લો કે એકી સંખ્યા થઈ જાય.

મસ્અલા : (૬૫૦) ઢેલાઓથી તહારત (શુદ્ધતા) તે વખતે થશે કે નાપાકી થી નિકાલના આસપાસની જગ્યા એક દિરમ કરતાં વધારે ખરડાઇ ન હોય, જો દિરમ કરતાં વધારે ખરડાઈ જાય તો ધોવું ફરજ છે. પરંતુ ઢેલા લેવું ત્યારે પણ સુન્નત હશે.

મસ્અલા : (૬૫૧) કાંકરા-પત્થર-ફાટેલું કપડું આ સૌ ઢેલાના હુકમમાં છે. તેનાથી પણ સાફ કરી લેવું કરાહત વગર જાઇઝ છે. દીવાલથી પણ ઈસ્તીનજો સુકવી શકાય છે. પરંતુ શરત એ છે કે તે બીજાની દીવાલ ન હોય. જો બીજાની માલિકી હોય અથવા વકફ હોય તો તેનાથી ઇસ્તનજો કરવું મકરૂહ છે. અને કરી લીધો તો તહારત થઇ જશે. જો મકાન ભાડેથી લીધેલું હોય તેની દીવાલથી ઈસ્તનજો સુકવી શકો છો.

**મસ્અલા :** (૬૫૨) પારકી દીવાલમાંથી ઈસ્તનજા માટે ઢેલા લેવા જાઇઝ નથી. ભલે તે મકાન ભાડે રાખેલું હોય.

**મસ્અલા :** (૬૫૩) હાડકાં અને ખાણા અને ગોબર અને પાકી ઈટ અને ઠીકરા અને કાચ-કોલસા અને જાનવર ના ચારાથી અને એવી ચીઝથી કે જેની કાંઈ કીમત હોય. ભલે એકાદ પૈસો જ હોય, આ ચીઝોથી ઈસ્તનજો કરવું મકરૂહ છે.

**મસ્અલા :** (૬૫૪) કાગળથી ઈસ્તનજો કરવું મના છે. ભલે તેના ઉપર કાંઈ લખેલું ન હોય, અથવા અબૂ જહલ જેવા કાફિરનું નામ લખેલું હોય.

**મસ્અલા :** (૬૫૫) જમણા હાથથી ઇસ્તનજો કરવું મકરૂહ છે. જો કોઇનો ડાબો હાથ બેકાર થઈ ગયો હોય તો તેના માટે ડાબા હાથથી જાઇઝ છે.

**મસ્અલા :** (૬૫૬) ઇન્દ્રીને જમણા હાથથી સ્પર્શ કરવું અથવા જમણા હાથમાં ઢેલો લઇને તેના પર પસાર કરવું મકરૂહ છે.

**મસ્અલા** (૬૫૭) જે ઢેલાથી એક વાર ઇસ્તનજો કરી લીધો તેને બીજીવાર ઉપયોગમાં લેવું મકરૂહ છે. પરંતુ તેની બીજી બાજુ સાફ હોય તો તેનાથી કરી શકાય છે

**મસ્અલા :** (૬૫૮) પાખાના પછી પુરૂષ માટે ઢેલાઓના ઉપયોગ કરવાનો મુસ્તહબ તરીકો એ છે કે ગરમીની મોસમમાં પ્રથમ ઢેલો આગળથી પાછળની તરફ લઈ જવો અને બીજો પાછળથી આગળની તરફ અને ત્રીજો આગળથી પાછળ તરફ અને શિયાળામાં પ્રથમ પાછળથી આગળ અને બીજો આગળથી પાછળ અને ત્રીજો પાછળથી આગળ તરફ લઈ જવો.

**મસ્અલા :** (૬૫૯) ઓરત દરેક ઋતુમાં એવી જ રીતે ઢેલાલે, જેવી રીતે પુરૂષો ગરમીની મોસમમાં ઢેલાલે છે.

**મસ્અલા :** (૬૬૦) પાક ઢેલા જમણી બાજુ રાખવા અને કામમાં લીધા પછી ડાબી તરફ નાખી દેવા. જે બાજુએ નાપાકી લાગેલી હોય તે ભાગ નીચે રહે તેવી રીતે ઢેલા નાખવા મુસ્તહબ છે.

**મસ્અલા :** (૬૬૧) પેશાબ પછી જેને એ આશંકા છે કે કોઈ કતરો બાકી રહી ગયો અથવા ફરી આવશે, તેના માટે ઈસ્તિબ્રા (એટલે-પેશાબ કરવા પછી એવું કામ કરવું કે જો કતરો અટકયો હોય તો પડી જાય) વાજિબ છે. ઇસ્તિબ્રા ટહેલવાથી થાય છે. અથવા જમીન પર જોરથી પગ મારવાથી અથવા જમણા પગને ડાબા પર અને ડાબાને જમણા પર રાખીને જોર કરવા અથવા ઉંચાઇથી નીચે ઉતરવા અથવા નીચેથી ઉંચે ચઢવા અથવા ખોંખારાથી અથવા જમણા પાસે સુઇ રહેવાથી થાય છે. અને ઇસ્તિબરા ત્યાં સુધી કરે કે મનને સંતોષ થઇ જાય, કેટલાક ઉલ્માએ ટહેલવાની માત્રા ચાલીસ કદમ રાખી છે, પરંતુ ખરૂં એ છે કે જેટલામાં સંતોષ થઈ જાય. અને આ ઈસ્તિબરાનો હુકમ પુરૂષો માટે જ છે. ઓરત ફારેગ થયા પછી થોડીવાર વિરામ કરીને તહારત કરીલે.

**મસ્અલા :** (૬૬૨) પાખાના પછી પાણીથી ઈસ્તનજાનો મુસ્તહબ તરીકો એ છે પહોળા થઈને બેસે અને ધીમે ધીમે પાણી નાંખે અને આંગળીઓના પેટથી ધુવે, આંગળીઓના છેડા લાગે અને પ્રથમ વચ્ચેની આંગળી ઉંચી રાખે, પછી તે જે તેની નિકટ છે. તે પછી ટચલી આંગળી ઉંચી રાખે અને બહુ અતિશયોક્તિ સાથે ધુવે, ત્રણ આંગળીઓ કરતાં વધારેથી તહારત કરવું મકરૂહ છે. અને ધીમે ધીમે મસળે ત્યાં સુધી કે ચિકાશ જતી રહે.

**મસ્અલા :** (૧૬૩) હથેળીથી ધોવાથી પણ તહારત-શુદ્ધતા થઈ જશે.

**મસ્અલા :** (૧૬૪) સ્ત્રી હથેળીથી ધુવે અને પુરૂષની સરખામણીમાં વધારે વિસ્તૃતતાથી બેસે.

**મસ્અલા :** (૧૬૫) તહારત પછી હાથ પાક થઈ ગયા, પરંતુ ફરીથી ધોઈ લેવા, બલ્કે માટી લગાવી ધોવું મુસ્તહબ છે.

**મસ્અલા :** (૧૬૬) ગરમીઓની સરખામણીમાં શિયાળામાં ધોવામાં વધારે અતિશયોક્તિ કરો. અને જો શિયાળામાં ગરમ પાણીથી તહારત કરો તો તેટલા પ્રમાણમાં અતિશયોક્તિ કરો, જેટલી ગરમીઓમાં. પરંતુ ગરમ પાણીથી તહારત કરવામાં એટલો સવાબ નથી જેટલો ઠંડા પાણીથી સવાબ છે. અને (તેમાં) બીમારીની પણ સંભાવના છે.

**મસ્અલા :** (૧૬૭) રોઝાના દિવસોમાં ન વધારે ફેલાઈને બેસે ન અતિશયોક્તિ કરે.

**મસ્અલા :** (૧૬૮) પુરૂષ લુલો હોય તો તેની પત્ની ઈસ્તનજો કરાવી દે. અને સ્ત્રી એવી હોય તો તેનો પતિ. અને જો પત્ની ન હોય અથવા સ્ત્રી નો પતિ ન હોય તો કોઈ બીજા સગા, બેટા-બેટી, ભાઈ-બહેન થી ઈસ્તનજો કરાવી શકતા નથી, આ સ્થિતિમાં માફ છે.

**મસ્અલા :** (૧૬૯) ઝમઝમ શરીફથી ઈસ્તનજો પાક કરવું મકરૂહ છે, અને ઢેલો ન લીધો હોય તો નાજાઈઝ છે.

**મસ્અલા :** (૧૭૦) વુઝૂના વધેલા પાણીથી તહારત કરવું ખિલાફે ઉલા છે.

**મસ્અલા :** (૧૭૧) તહારતના વધેલા પાણીથી વુઝૂ કરી શકાય છે. કેટલાક લોકો તેને ફેંકી દે છે, તેવું ન કરવું જોઈએ. તે ઈસરાફ (વ્યર્થ)માં ગણાશે.

**કદ તમ્મ બેહમ્દીલ્લાહે સુબ્હાનહુ વતઆલા હાઝલ જુઝઓ, ફીમસાઈલિત્તહારતે વલહુલ-હમ્દો વઅવ્વલન વ આખરેન વ બાતેનન વ ઝાહેરન. કમા યોહિબ્બો રબ્બોના વ યર્દા વ હોવ બે કુલ્લે શૈઈન અલીમ વલાહૌલા વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ-અલીયીલ-અઝીમ. વ સલ્લલ્લાહો અલા ખૈરે ખલ્કેહિ સૈયેદેના વ મૌલાના મુહમ્મદિન વ આલેહિ વસહબેહિ વબ્નેહિ વઝુર્રિય્યતેહિ વ ઉલમાએ મિલ્લતેહિ વ ઓલિયાએ ઉમ્મતેહિ, અજમઈન. વલહમ્દો લિલ્લાહે રબ્બિલ-આલમીન. વ અનલ્-ફકીરુલ્-મુફતકેરે ઈલલ્લાહિલ-ગનીયે, અબ્દુલ્-ઉલા 'અમજદ અલી' અલ-આઝમી, ગોફેરલહુ વલે વાલેદૈહે.**

( આમીન. )

આઝમી—રઝવી

૧૩૦૯ હિ. સ.

મુહમ્મદ અમજદઅલી.

—: તમ્મત—બિલ્—ખૈર :—